વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૦મું
મે - ૨૦૧૫
અંક : ૪૪૪

મંગલ મંદિર ● મે-૨૦૧૫ ● ૧
(કુલ પાના : ૯૪)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



ગ્રેટ વોલ
ઓફ ચાઈના

તંત્રી મંડળ :
અશોક મહેતા - મુખ્ય તંત્રી
મનુભાઈ શાહ
દિનેશચંદ્ર મહેતા

મુખ્ય કાર્યાલય :-
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુફીમવાલા)
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org



'નવનીત'નાં શ્રેષ્ઠ સૌંદર્યલક્ષી પ્રકાશનો
BEAUTY RECIPES
Urvashi Dave
ગુજરાતી આવૃત્તિ
આ પ્રકાશનો અંગ્રેજી, હિન્દી અને મરાઠી ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે.
HAIRSTYLE STUDIO
Urvashi Dave
ગુજરાતી આવૃત્તિ
MAKE-UP ALBUM
Richa Dave
ગુજરાતી આવૃત્તિ
'નવનીત'નાં 'નામાવલી'નાં મોહક પ્રકાશનો
આ પ્રકાશનો અંગ્રેજી, હિન્દી અને મરાઠી ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે.
મોહક બાળ નામાવલી (અર્થસહિત)
યશ રાય
નવનીત બાળ નામાવલી
CHOICE OF Baby Names
ગુજરાતી - ENGLISH
'નવનીત'નાં 'વાનગી' ઉપર શ્રેષ્ઠ પ્રકાશનો
✤ અનેરી વાનગીઓ
✤ અનેરી શાકભાજીઓ
✤ અનેરી લો કૅલરી વાનગીઓ
✤ અનેરી ચાઈનીઝ એન્ડ મેક્સિકન
✤ અનેરી પનીર વાનગીઓ
✤ અનેરી ઈઝી ટુ કુક ફોર ટીનએજર્સ
✤ અનેરી જૈન વાનગીઓ
✤ વન્ડરફૂલ ડેઝર્ટ
✤ વન્ડરફૂલ માઈક્રોવેવ વાનગીઓ
આપના શહેરના બધા બુકસેલર્સને ત્યાં મળે જ છે અથવા મંગાવી આપશે.
(આ બધાં પ્રકાશનો અંગ્રેજી, હિન્દી તથા મરાઠી ભાષાઓમાં પણ મળે છે.)
NAVNEET
Knowledge is wealth
NAVNEET EDUCATION LIMITED
Correspondence Address : Navneet House, Gurukul Road, Memnagar, Ahmedabad – 380 052. India
Phone : (079) 6630 5000, 6630 5001, 2745 1000 • Fax : (079) 6630 5011, 2748 8000
email : navneet.ahd@navneet.com • Website : www.navneet.com

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

## Deep Industries Limited

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

## Deep Industries Limited

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001:2000 by BVQi UKAS QUALITY MANAGEMENT
AN ISO 9001 - 2000 COMPANY

# તમારા પરિવાર માટે આ પુસ્તકો વસાવવાનું ચૂકશો નહિ !

## ડગલે ને પગલે ઉપયોગી સાહિત્ય

| | | |
|---|---|---|
| દીકરો વહાલનું આસમાન | નીલમ દોશી | 280 |
| દીકરી મારી દોસ્ત | નીલમ દોશી | 250 |
| સેલિબ્રિટિ સાથે સંવાદ | આનંદ ઠાકર | 150 |
| ગુણવંત શાહ સાથે વાચનયાત્રા | મહેન્દ્ર મેઘાણી | 20 |
| જવાહરલાલ નહેરુ સાથે વાચનયાત્રા | મહેન્દ્ર મેઘાણી | 20 |
| અરધી સદીની વાચનયાત્રા-3 | મહેન્દ્ર મેઘાણી | 250 |
| અરધી સદીની વાચનયાત્રા-4 | મહેન્દ્ર મેઘાણી | 250 |

## લેખસંગ્રહો

| | | |
|---|---|---|
| યૂ-ટર્ન | રોહિત શાહ | 100 |
| માણસ હોવાનો મને વહેમ | ડૉ. કેશુભાઈ દેસાઈ | 200 |
| અખંડ દીવાનાં અજવાળાં | ડૉ. કાંતિ ગોર | 180 |
| વૃદ્ધાવસ્થામાં જીવનસાફલ્ય | ડૉ. ભાનુ એન. કાપડિયા | 160 |
| જ્યાં પગ મૂકું ત્યાં તીરથ | પ્રતાપભાઈ ત્રિવેદી | 130 |
| સુખ તમારી પ્રતીક્ષા કરે છે | આચાર્ય વાત્સલદીપ | 30 |
| જીવનમાં મેળવો સફળતા 100% | શ્રી ચંદ્રપ્રભ, અનુ. હીરેન્દ્ર લાડ | 120 |
| ઉપહાર | વિકાસ ઘનશ્યામ નાયક | 125 |
| કથાકળશ | વિકાસ ઘનશ્યામ નાયક | 125 |
| સ્પર્શ | વિકાસ ઘનશ્યામ નાયક | 125 |
| વિચારોની રખડપટ્ટી | હરેશ ધોળકિયા | 125 |

## કિશોરસાહિત્ય

**'સચિત્ર પ્રવૃત્તિમય-આનંદ પ્રેરક વિજ્ઞાન' શ્રેણી** (પુ. 10)
અનુ. પ્રતીતિ તેજસ શાહ 500
1. હવા, 2. રાસાયણિક દ્રવ્યો અને ભૌતિક પદાર્થો, 3. વિદ્યુત,
4. ગુરુત્વાકર્ષણ અને ચુંબકત્વ, 5. ગરમી (ઉષ્ણતા), 6. પ્રકાશ,
7. છોડ, 8. જ્ઞાનેન્દ્રિયો, 9. અવાજ, 10. પાણી

| | | |
|---|---|---|
| સકળ તીરથ જેના તનમાં રે...આપણા સંતો (પુ. 6) | રજની વ્યાસ | 600 |
| જેમણે જગતને અજવાળ્યું : વિશ્વના વિજ્ઞાનીઓ (પુ. 8) | રજની વ્યાસ | 800 |
| દૃષ્ટાંતકથાઓ | નાનાભાઈ ભટ્ટ | 110 |
| ધર્માત્માઓનાં ચરિત્રો | ગિજુભાઈ | 100 |
| કિશોર ચરિતમાળા પુ. 5 | અશોક હર્ષ | 550 |

## બાળસાહિત્ય

| | | |
|---|---|---|
| વિશ્વના ક્રિકેટ ખેલાડીઓ (પુ. 20) | જગદીશ શાહ, જયવંત પંડ્યા | 300 |
| વિશ્વના મહાન ચિત્રકારો (પુ. 20) | વિવિધ ચિત્રકારો-લેખકો | 300 |
| સોનેરી રાજહંસ | રવજીભાઈ કાચા | 80 |
| પંડિત સસ્સારામનાં પરાક્રમો (ભા. 1થી 5) | યશવંત મહેતા | 300 |
| ઉદ્યમપ્રેરણાની કથાઓ | યશવંત મહેતા | 200 |
| લાંબી પૂંછડીનો વટ | ગિરા પિનાકીન ભટ્ટ | 70 |
| ડ્રાઉં ડ્રાઉં દાબેલી પાઉં | ગિરા પિનાકીન ભટ્ટ | 70 |
| મંકોડાનો સાફો | ગિરા પિનાકીન ભટ્ટ | 90 |
| હાફછી... ધાફછી ને મજા...મજા | ગિરા પિનાકીન ભટ્ટ | 75 |
| મીઠુભાઈની મીઠી વાતો | શ્રદ્ધા એ. ત્રિવેદી | 50 |
| અકબર-બીરબલ શ્રેણી (ગુજરાતી-અંગ્રેજી) પુ. 6 | શ્રદ્ધા એ. ત્રિવેદી | 250 |
| હયા, સુમેધા, કશ્વી | યોસેફ મેકવાન | 60 |
| સમજણની વારતા | ભાવેશ પંડ્યા | 50 |
| વારતા રે વારતા | ભાવેશ પંડ્યા | 75 |
| દાદાનો ડંગોરો | ભાવેશ પંડ્યા | 50 |
| બાલગીતો અને જોડકણાં | સંપા. જયંતભાઈ શુક્લ | 50 |
| કીડી-કુંજર કરે કમાલ | અંજના ભગવતી | 120 |
| Miracles of Nature | Anjana Bhagavati | 120 |
| The Valiant Heroes (vol. 1 to 8) | R. S. Nayak | 600 |

## વાર્તાસંગ્રહો

| | | |
|---|---|---|
| ખંડિયેર | રમેશ ર. દવે | 110 |
| આઇ એમ શ્યૉર | નીલમ દોશી | 125 |
| કાળી પરજ | ઇલા આરબ મહેતા | 150 |
| જિંદગીના ધબકાર | ડૉ. હર્ષદ કામદાર | 180 |
| રસધારની વાર્તાઓ | ઝવેરચંદ મેઘાણી | 180 |
| સૌરાષ્ટ્રની રસધાર (સંકલિત) | ઝવેરચંદ મેઘાણી | 300 |
| ધૂમકેતુનાં વાર્તારત્નો | ધૂમકેતુ | 150 |
| ધૂમકેતુની શ્રેષ્ઠ વાર્તાઓ | ધૂમકેતુ | 150 |
| આવાગમન | વિજય શાસ્ત્રી | 100 |
| અણહિલપુરની લોકકથાઓ | હરજી પ્રજાપતિ | 100 |

## યોગ વિષયક સાહિત્ય

| | | |
|---|---|---|
| મહર્ષિ પતંજલિનાં યોગસૂત્રો | સંપા. રમેશચંદ્ર ટી. જાદવ | 600 |
| યોગ અને આરોગ્ય | સ્વામી અધ્યાત્માનંદ | 200 |
| શિક્ષણ અને યોગ | શ્રી ભાણદેવ | 60 |
| યૌગિક શોધનકર્મ | શ્રી ભાણદેવ | 100 |
| સંપૂર્ણ પ્રાણાયામ | શ્રી ભાણદેવ | 300 |
| અંતરંગ યોગ | શ્રી ભાણદેવ | 150 |
| અધ્યાત્મરહસ્ય | શ્રી ભાણદેવ | 135 |
| યૌગિક બંધ અને મુદ્રા | શ્રી ભાણદેવ | 110 |
| યોગ અને વ્યક્તિત્વવિકાસ | પંકજ ભટ્ટ | 100 |
| યોગશિક્ષણમાં શરીરરચના અને ક્રિયાવિજ્ઞાન | ડૉ. હર્ષદ ભટ્ટ | 150 |

## આરોગ્ય વિષયક સાહિત્ય

| | | |
|---|---|---|
| કેન્સર મટી શકે છે | ડૉ. ચિરાગ એ. શાહ | 400 |
| ફિટનેસ ફન્ડામેન્ટલ | ડૉ. મુકુંદ મહેતા | 225 |
| હેલ્થ ટિટબિટ્સ | ડૉ. મુકુન્દ મહેતા | 225 |

**ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં**
**ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો-રૂમ**

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 001
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

**સંસ્કાર સાહિત્યમંદિર**
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કૉલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસૅન્ટર પાસે,
સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર,
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઈમેલ : gurjarprakashan@gmail.com



COOKWELL HEALTH CARE PRODUCT
COOKWELL®
Masala Grinder
Cum
Mini Flour Mill
PATENTED BY GOVT. OF INDIA
Instagrind
QUALITY CONTROL ORDER 1981.89.93
HOUSE HOLD ELECTRICAL APPLIANCES MAH/10/009/0694
GOVERNMENT OF MAHARASHTRA
100% Pure Copper
25/29 Gaze Wire Motor Universal
Heavy Duty Dynamically Balance
COOKWELL®
COOKING SYSTEM
100% Cooking & Safety
Upto 50%
Less Power Consumption
COOKWELL
Microbiologically Tested
PURIFICATION PROCESS
FILTRON™
100% Safe Water
High Performance Mineral Water System
Big 17 Ltrs. CAPACITY
TESTED By
MADE IN INDIA
APPROVED BY GOVT. OF INDIA
NANO Ceramic Candle
Silica Sand
Silver Activated Carbon
Activated Alumina Balls
Zeolite
Mineral Sand
Mineral Stone
COOKWELL®
Manufactured by :
CookWell Domestic Appliances,
Plot 213, Shelar Compound, Subhash Nagar,
Nahur (W), Mumbai-400078. Customer Care : 022-25666711
Email : info@cookwellindia.com Website : www.cookwellindia.com
ડિલર્સ ડિસ્ટ્રીબ્યુટર્સ આવકાર્ય



નવું વર્ષ કચ્છ અને બૃહદ્ કચ્છની જનતાને
મંગલમયી બની રહે એ જ અભ્યર્થના....



# જીવદયાપ્રેમીઓ
# દાનવીર દાતાઓ

## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મૂંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા કતલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામકતલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો,
લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.

**શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન**

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

**કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.**

ભજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘરવા)

**સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)**

**: મુંબઈ ઓફિસ :**

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬

છેલ્લા ૩૯ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**જાણવા જેવું, સુડોકુ અને શબ્દ રમત**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ www.kutchijainahd.org ઉપરાંત 'અસાંજો કચ્છ'ની વેબસાઈટ www.asanjokutch.com પર વાંચી શકાય છે.**

# અનુક્રમણિકા

*લેખક પાના નં.*

**તંત્રી લેખ :**

- નર્મદાના નીરના વધામણા ........ **અશોક મહેતા** ...... ૯
- આતુરતાનો અંત
  'મંગલ મંદિર' શ્રેષ્ઠ લેખ - વાર્તા / શ્રેષ્ઠ આંજો કાગર
  વર્ષ ૨૦૧૪-૨૦૧૫ની જાહેરાત ........ ૧૩
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૧૩

**લેખ વિભાગ**

## સંસ્થા / વ્યક્તિ વિશેષ

- ઑપન હાર્ટ સર્જરી વગર દેશમાં પ્રથમ પ્રોસીજર
  હાઈરિસ્ક પેશન્ટના હૃદયમાં વાલ્વ પ્રત્યારોપણ કરતા
  સીમ્સ હોસ્પિટલના ડૉ. ધીરેન શાહ અને ડૉક્ટર્સ ટીમ........ **કિરણ ચાંપાનેરી 'સેતુ'**..... ૧૫
  **ફ્રીલાન્સ પત્રકાર**

## સાયન્સ ટેક્નોલોજી

- મેમરી કાર્ડના આકાર અને પ્રકાર........ **એન. એમ. ગોલીબાર** .... ૧૮

## સરદાર સરોવર નર્મદા નિગમ

- કચ્છમાં નર્મદા નદીના સિંચાઈના જળના અવતરણનો
  આંખે દેખ્યો અહેવાલ........ **અશોક મહેતા** .... ૧૯

## વિચાર વિમર્શ

- ભૂતકાળ ભૂલીને વાસ્તવિક બનીએ ........ **ડૉ. યાસીન દલાલ** .... ૨૧
- જે ધર્મ સમય સાથે કદમ મિલાવી શકતો નથી
  તે ધર્મ કાળક્રમે ઘસાઈ જાય છે ........ **ચંદ્રહાસ ત્રિવેદી** .... ૨૩

## શિક્ષણ જગત

- શિક્ષકો આટલું વિચારે...! ........ **દિનેશ પાંચાલ, જર્નાલિસ્ટ** .... ૨૪

## પ્રજાતંત્ર

- ગંગાજળથી વોડકા ........ **ડૉ. ગિરીશ વીછીવોરા** .... ૨૬
- સરકારી કર્મીઓનું હિત સાચવતો સ્તુત્ય નિર્ણય ........ **શશીકાંત ઠક્કર, એડવોકેટ** .... ૨૮

## વાર્તા

- તમારા નહીં, આપણા પુત્રો ........ **બલવીરસિંહ જાડેજા** .... ૨૯

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ०७૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી મણિલાલ કુંવરજી ગોસર
ઘર : ०७૯-૨૬૭૫ ૨૧૨૨ મો. ૯૪૨૭૫ ૫૧૮૭૭

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ०११४०

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦


**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ०७૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ०૨૨.
ફોન : ०७૯-૨૫૪૬૧૨૭૦

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## તંદુરસ્તી


- શિશુની પ્રકૃતિ (Temperament) – (૧)............ **ડૉ. મણિલાલ ગડા,** મનોચિકિત્સક ..... ૩૩
  **ડૉ. દિપ્તી શાહ (ગડા),** મનોચિકિત્સક તથા બાળમનોચિકિત્સક
- વંધ્યત્વની સારવાર અને અગમચેતીનાં પગલાં ................................ **ડૉ. રમણ પટેલ** .... ૩૫
- લોહીનું દબાણ ................................................................. **મુકુંદ મહેતા** .... ૩૬


## સમાજની ક્ષિતિજો


- નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૧૪
  માતા તથા સંતાનનો સંબંધ ........................................... **સ્વામી શ્રી સચ્ચિદાનંદજી** .... ૩૭
- વાગડ પંથકના સુવઈ ગામમાં,
  દેવદૂત સમાન બેલડીનો નિવાસ........................... **અશોક મહેતા, કિશોર મહેશ્વરી** .... ૪૧


## કચ્છ


- કચ્છને પીવાના પાણીમાં રાહત .................................................**અશોક મહેતા** .... ૪૫
- ગાંધી યુગે ભારત : સ્વાતંત્ર્ય સંગ્રામના સંદર્ભમાં – **આલેખક : કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી**
  કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ : ૧૯૨૧- ૧૯૪૮ (પ્રકરણ-૨)........ **સંપાદક : હરેશ ચ. ધોળકિયા** ..... ૪૬
- મહાગુજરાતનું આંદોલન અને કચ્છ ..................................................**હરેશ ધોળકિયા** .... ૪૮


## પ્રકીર્ણ


- દિલનું દર્પણ – રોજનીશીની સાખે : (૪)................................. **માવજી કે. સાવલા** .... ૫૧


## પ્રસંગ વિશેષ


- સુખી નિરામય જીવન માટે આહારવિહાર મનોવ્યાપારમાં
  સંતુલન સાધીએ .......................................................... **કિરણ ચાંપાનેરી 'સેતુ'**. ..... ૫૩
  **ફ્રીલાન્સ પત્રકાર**


## હળવાશની ક્ષણોમાં


- બાલુડેં જ્યું ગાલિયું ................................... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** .... ૫૪


## નિયમિત વિભાગો


- આંજો કાગર........................................................................................... ૫૫
- અન્ય સંસ્થાઓના સમાચાર ....................................................................... ૫૭
- સાર સમાચાર........................................................ **સંકલન : શાંતિલાલ સંઘવી** .... ૬૧
- જાણવા જેવું ........................................................ **સંકલન : રજનીકાંત પારેખ** .... ૬૨
- *Nano Nine* શબ્દ રમત-૧૦૫ ................................. **સંકલન : રજનીકાંત પારેખ** .... ૬૩
- *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૬૧)................. **સંકલન : રજનીકાંત પારેખ** .... ૬૫
- 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ....................................................... ૬૬
- વલોવતન ...................................................... **સંકલન : દિનેશ આર. મહેતા** .... ૬૭
- સમાજ દર્પણ ........................................................................................... ૭૩
- સંસ્થા સમાચાર ....................................................................................... ૭૫
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ........................................ ૮૩
- ઊડતી નજરે ............................................................................................ ૮૫
- વાર્ષિક ઊડતી નજરે (વર્ષ ૨૦૧૪-૨૦૧૫)........................................................ ૮૬



Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## નર્મદાના નીરના વધામણા

*– અશોક મહેતા*

શનિવાર, તા. ૧૮-૪-૨૦૧૫ના રોજ વિધિવત્ રીતે સિંચાઈ માટેના નર્મદાના નીરનું કચ્છમાં આગમન થયું. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રાપર તાલુકાના નાના હમીરપર ગામની નજદીકના પમ્પિંગ સ્ટેશન પર ચાંપ દબાવી નર્મદા નદીના નીર કચ્છ બ્રાંચ કેનાલ મારફત વહાવવાના શરૂ કર્યા. જેસડા સુધીની કેનાલ તૈયાર હોવાના કારણે આ નીર ત્યાં સુધી પહોંચ્યા. કચ્છની સરહદથી ૬૨ કિ.મી. સુધી કચ્છના ભૂ-ભાગની અંદર આ નીર વહાવવાની વિધિવત્ શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ તેનાથી આજુબાજુના ડેમો ભરાવવાના આયોજનો વિચારાયેલ છે. આ પાણી કચ્છના વાગડ વિસ્તારના ખેતરો સુધી પહોંચાડી તેનાથી પાકો લેવાની શરૂઆત કરવામાં આવશે.

**આ ઘટનાને કચ્છ માટે ૨૧મી સદીની કદાચ સૌથી મોટી અને અગત્યની ઘટના તરીકે ઓળખી શકાશે. આ ઘટના કદાચ કચ્છના કેટલાક ભાગનો છેલ્લા ૨૦૦ વર્ષનો ઇતિહાસ પલટી નાખશે. કચ્છ માટે આ દિવસો હરખના કહેવાશે. આવતા દિવસોમાં કચ્છની કાયાપલટમાં આ નીર અગત્યનો ભાગ ભજવી શકશે. વાગડના રાપર વિસ્તારમાં તો ઘેર ઘેર "નંદ ભયો" જેવો માહોલ છવાઈ રહ્યો છે. આવતીકાલે કચ્છના બીજા વિસ્તારમાં પણ આ જ પરિસ્થિતિ ઉત્પન્ન થવાની છે.**

કચ્છ માટે આ ઘટના સદીની અગત્યની ઘટના તરીકે કેમ ગણી શકાય, તે તેના ઇતિહાસના પાછળના ભાગમાં જવાથી ખ્યાલ આવી શકશે.

ઇ.સ.ની બારમી સદી સુધી અત્યારે જ્યાં મોટું રણ આવેલ છે ત્યાં સિંધુ, સરસ્વતી, જેલમ, બિયાસ અને સતલજ નદીઓના પાણી ઠલવાતા અને ત્યાંથી આ જળ ખંભાતના અખાતમાં જઈ સમાઈ જતા હતા. આ પ્રદેશ સપ્તસિંધુનો પ્રદેશ કહેવાતો. ધોળાવીરાની સંસ્કૃતિ અહીં જ પાંગરેલ હતી. સામે કાંઠે ઝિંઝુવાડા બંદરનો વિકાસ થયેલ હતો. આ પાણીના કારણે સમગ્ર કચ્છનો પ્રદેશ લીલોછમ રહેતો હતો. બન્નીમાં ઘાસ પુષ્કળ ઊગી નીકળતું હતું. એ પ્રદેશ એ સમયે ઘાસિયા પ્રદેશ તરીકે ઓળખાતો હતો. લખપત તાલુકામાં પણ ચોખાનો પાક સવિશેષપણે ઉતરતો હતો. અને તેથી જ "કચ્છડો બારેમાસ"ની કહેવત પ્રચલિત બનેલ હતી.

બારમી સદીના ભયાનક ધરતીકંપે સિંધુ વગેરે નદીના વહેણ બદલી નાખ્યા. સિંધુ નદી પશ્ચિમ તરફ ૩૦૦ કિ.મી. ખસી ગઈ. તેની એકમાત્ર શાખા કચ્છની પશ્ચિમે કોરી ક્રીકમાંથી પસાર થવા લાગી. આ એક શાખાના કારણે લખપત, અબડાસા અને ઉત્તરે આવેલ રણ વિસ્તાર હજુ લીલો રહેવા પામ્યો. તે સિવાય સરસ્વતી નદી લુપ્ત થઈ ગઈ. અન્ય નદીઓ પણ પશ્ચિમ તરફ ખસી ગઈ. લખપત - અબડાસા સિવાયનો સપ્તસિંધુનો સમગ્ર પ્રદેશ સૂકો પટ થઈ ગયો.

ઇ.સ. ૧૭૬૩માં સિંધના ગુલામશા ક્લોરાએ કચ્છ પર ચડાઈ કરી. ઝારાના યુધ્ધમાં તેનો વિજય થયા બાદ સિંધ પાછા ફરીને પાણીની જે શાખા કચ્છ તરફ આવતી હતી, તેને આડો બંધ બાંધીને મોટાભાગનું પાણી કચ્છમાં આવતા રોકી લીધું.

ત્યારબાદ તા. ૧૬-૬-૧૮૧૯ના થયેલ ગોઝારા ભૂકંપના કારણે પશ્ચિમ - ઉત્તરના (વાયવ્ય ખૂણાના) વિસ્તારની જમીનનો કેટલોક ભાગ ૧૫૦ કિ.મી.ની પટ્ટીમાં એકદમ ઊંચકાઈ ગયો. આ ઊંચા થયેલા ભાગને અલ્લાનો બંધ કહેવાયો. પરિણામ સ્વરૂપે સિંધુ નદીની એ શાખાનું પાણી જે કચ્છ તરફની કોરી ક્રીક મારફત આવતું હતું તે તદ્દન બંધ થઈ ગયું. સદાને માટે કચ્છ એક દુષ્કાળગ્રસ્ત વિસ્તાર બની ગયો. કુદરત દ્વારા કચ્છ પ્રદેશ પર પડેલ આ એક જબરદસ્ત થપાટ હતી. સન ૧૨૦૦થી ૧૮૦૦ના અંદાજિત ૬૦૦ વર્ષના ઇતિહાસના ગાળામાં કચ્છ ક્યાંથી ક્યાં જઈને ઊભું રહ્યું. એક લીલાછમ પ્રદેશમાંથી સૂકો પટ પ્રદેશ બની ગયું!

કચ્છ એ સિંધુ નદીનો રાઈપેરિયન પ્રદેશ કહેવાતો હોવા છતાં ભારત સરકાર ભાગલા બાદની પાકિસ્તાન સાથેની વાટાઘાટોમાં કચ્છના હિતો જાળવી શકેલ નથી, એ કચ્છ માટે અત્યંત દુઃખદાયક બીના ગણાય. ભારત સરકારે પાકિસ્તાન સાથે કરેલ સમજુતીના આધારે પશ્ચિમની ત્રણ નદી – સિંધુ, જેલમ અને ચીનાબ ના પાણી સંપૂર્ણપણે પાકિસ્તાને વાપરવાના અને પૂર્વની ત્રણ નદી – રાવી, બિયાસ અને સતલજ ના પાણી સંપૂર્ણપણે ભારતે વાપરવાનું નક્કી કરવામાં આવ્યું. આ સમજુતીના કારણે કચ્છ એ સિંધુ નદીના તટપ્રદેશનો પટ કહેવાતો હોવા છતાં કચ્છને સંપૂર્ણપણે એ લાભોથી વંચિત રાખવામાં આવ્યું.

*કારકિર્દીના વળાંકે વધુ વિકલ્પો ખુલ્લા રાખો.*

ત્યારબાદ રાજસ્થાન કેનાલના પાણી કચ્છ સુધી લાવવાની વાતો ચાલતી રહી પરંતુ તે પણ આજ દિન સુધી નાકામિયાબ રહેવા પામેલ હકીકત બની રહી.

હવે કચ્છનો આધાર માત્ર નર્મદા નદીના પાણી પર રહેલ હતો. કચ્છના સૂકા તટ પ્રદેશ માટે એ એકમાત્ર જીવંત આશા હતી. પરંતુ ૧૯૭૯ના જળપંચના ચુકાદા બાદ કચ્છને માત્ર ૦.૨ એમ.એ.એફ. પાણી ફાળવવામાં આવ્યું, કે જે માત્ર ૯૫,૦૦૦ એકર જમીનમાં સિંચાઈ થઈ શકે તેટલા પાણી હતા. જ્યારે એ સમયે કચ્છનો ખેતી માટેનો વિસ્તાર ઓછામાં ઓછા ૪૦ લાખ એકરનો હતો.

સમગ્ર હકીકત કચ્છ માટે ગેરલાભ સમાન હતી. આ પ્રશ્ને અન્યાયની લાગણી કચ્છભરમાં પ્રવર્તી રહેલ હતી. એ સમયે કચ્છ જળ સંકટ નિવારણ સમિતિ મેદાનમાં આવી. કર્નલ જીલુભા જાડેજા, શ્રી કેશવજી દેઢિયા, જુસબ સમા વગેરે મેદાનમાં આવ્યા અને ગુજરાત સરકાર સામે લડતના સરસંધાન માંડ્યા. પરંતુ માત્ર વધુ પાણીની માંગના બદલે વાત ગ્રેવિટી કેનાલ તરફ ફંટાઈ ગઈ કે જે નર્મદા નિગમના એન્જિનિયરોના હિસાબે ક્ષતિગ્રસ્ત રજૂઆત હતી અને ગુજરાત સરકાર કદાપિ તેનો સ્વીકાર કરી શકી નહીં. વધુ પાણી ફાળવવા માટે જળ સંકટ નિવારણ સમિતિ, પ્રથમ હાઈકોર્ટમાં ગઈ અને ત્યારબાદ સુપ્રીમમાં ગઈ. તાત્કાલિક પરિણામો મેળવ્યા વગર તે ત્યાંથી પણ પાછી પડી. હા, સમગ્ર કચ્છની આ લડતના પરિણામે એક ફાયદો થયો. શરૂમાં કચ્છને જે ૦.૨ એમ.એ.એફ. પાણી ફાળવવામાં આવેલ હતા તેમાં મહી તટના પાણીનો ગુજરાત સરકાર દ્વારા વધારો કરી, કચ્છને ૦.૫ એમ.એ.એફ. પાણી ફાળવાયા કે જે કચ્છની ૨,૮૫,૦૦૦ એકર જેટલી જમીનમાં સિંચાઈ કરવા માટે વાપરી શકાશે અને આજે પણ તે નિર્ણય અનુસાર પાણી ફાળવવામાં આવી રહેલ છે.

નર્મદા મેઈન કેનાલની ૩૮ બ્રાંચમાંથી ૩૭ બ્રાંચ કેનાલના કામોનો આરંભ એક તરફ નિર્વિઘ્નપણે અમલમાં મૂકવામાં આવી રહેલ હતો, જ્યારે અન્ય તરફ કચ્છ પ્રદેશની જોરદાર લડતના કારણે અને પ્રવાહી પરિસ્થિતિના કારણે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો શરૂ કરવા નર્મદા નિગમના કોઈ પણ અધ્યક્ષ તૈયાર ન હતા. આ કામો શરૂ કરવામાં જેટલું મોડું થાય તેટલું કચ્છ માટે નુકસાનકર્તા હતું. એ સમયે વર્ષ ૨૦૦૨માં શ્રી સુરેશચંદ્ર મહેતાએ આ પ્રશ્નના ઊંડાણમાં ઉતરી તારવણ કાઢવાનું શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને સૂચન કર્યું. સમાજ, પ્રશ્નના ઊંડાણમાં ઉતર્યું. તેણે નિગમના અધિકારીશ્રીઓ સાથે મીટિંગના દોર ગોઠવ્યા. અન્ય તરફ કચ્છ જળ સંકટ નિવારણ સમિતિના કાર્યકર્તાઓ સાથે, કચ્છના વિવિધ વિભાગના જાહેર કાર્યકરો સાથે અને મુંબઈના કચ્છી માંધાતાઓ સાથે પ્રશ્નની ઊંડાણપૂર્વક ચર્ચા કરી. સમાજ એ તારવણ પર પહોંચ્યો કે અગર કચ્છ બ્રાંચ કેનાલના કામો તાત્કાલિક શરૂ કરાવવામાં નહીં આવે તો કદાચ હંમેશને માટે કચ્છે નર્મદા નદીના પાણીથી વંચિત રહેવું પડશે. વર્ષ ૨૦૦૫થી આ પ્રશ્ન કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે હકારાત્મક અભિગમ દ્વારા સંભાળી લીધો અને નિગમના અધિકારીશ્રીઓ સાથે સતત મીટિંગ કરી, તેઓને ભરોસો અપાવી, વર્ષ ૨૦૦૬માં કચ્છ બ્રાંચ કેનાલના ટેન્ડરો બહાર પડાવ્યા અને તેના કામો પણ શરૂ કરાવવામાં આવ્યા. જ્યારે સમગ્ર કચ્છ, કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો શરૂ ના થઈ શકે તેવી લડત લઈને બેઠું હતું ત્યારે માત્ર અને માત્ર શરૂમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે અને વર્ષ ૨૦૦૫થી કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે હકારાત્મક અભિગમ દાખવી, આ કામો શરૂ કરાવવા પર દબાણ કર્યું. ભવિષ્યમાં ઇતિહાસે કચ્છ માટેની સદીની આ મોટી ઘટનામાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અને કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના હકારાત્મક અભિગમની નોંધ લેવાની જ રહેશે. પરિણામ સ્વરૂપે કચ્છ આજે આ દિવસ જોવા પામેલ છે.

આગળ જતાં વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીની ગુજરાત સરકારશ્રી દ્વારા કચ્છને ફાળવ્યાની જાહેરાત કરવામાં આવી. નિયમિત ૦.૫ એમ.એ.એફ. પાણી અને વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીથી કચ્છની ૧૦થી ૧૨ લાખ એકર જમીનમાં સિંચાઈથી ખેતી થઈ શકશે, જ્યારે કચ્છમાં અત્યારે ૫૦ લાખ એકરથી પણ વધુ જમીનમાં ખેતી થતી હોવાથી બાકીની જમીન પર વરસાદના આધારે જ ખેતી થઈ શકશે. અગર ડ્રીપ ઈરીગેશનની પધ્ધતિ અમલમાં મૂકવામાં આવે તો અઢી ઘણા વધુ વિસ્તારમાં ખેતી થઈ શકે. અગર આ હકીકતને અમલમાં મૂકી શકાય તો કચ્છ માટે વધુ ઉજળા દિવસો આવી શકશે.

**ઉપરોક્ત બધા જ પ્રકારની આંટીઘૂંટીઓમાંથી બહાર આવીને હવે કચ્છમાં નર્મદા નદીના પાણી વહેતા થયા છે. અને તેથી જ તા. ૧૮-૪-૨૦૧૫ની ઘટના કચ્છના ઇતિહાસમાં એક વિરલ ઘટના બની રહેશે. તે આ સદીની વિરલ ઘટના તરીકે ખ્યાતિ પામશે. ઇ.સ. ૧૮૧૯થી ઇ.સ. ૨૦૧૫ સુધીના ૨૦૦ વર્ષના ઇતિહાસમાં કચ્છે જે યાતનાભર્યા દિવસો વિતાવ્યા છે તેમાં કદાચ હવે આપણને રાહત મળી શકશે.**

*બુધ્ધિશાળી વ્યક્તિ અવસરની રાહ જોતી નથી પરંતુ તે અવસર ઊભો કરે છે.*

આનંદના દિવસોની લહેરખી ઉતર્યા બાદ આપણે શાંત ચિત્તે વિચારવું પડશે. હજુ તો માત્ર મેઈન કેનાલમાં પાણી વહાવવાની શરૂઆત થયેલ છે. હજુ પણ બીજા અંદાજિત ૨૦૦ કિ.મી.નું અંતર કાપીને માંડવીના મોડકુવા સુધી આ પાણી પહોંચતા બીજા બે વર્ષ નીકળી જશે. અન્ય તરફ શાખા, પ્રશાખા, વિશાખા વગેરેના અમલીકરણ બાદ કચ્છના ખેતરો સુધી પાણી પહોંચતા કરવા કદાચ બીજા ત્રણ વર્ષ નીકળી જશે. પરંતુ તે માટે આજની કચ્છની નેતાગીરીએ એકદમ સજાગ રહેવું પડશે. એક તરફ શ્રી મૂકેશભાઈ ઝવેરી અને અન્ય તરફ શ્રી તારાચંદભાઈ છેડા તથા શ્રી પંકજભાઈ મહેતા ખૂબ જ હકારાત્મક અને સક્રિય અભિગમથી આ પ્રશ્ને આગળ વધી રહેલ છે એ કોઈ પણ કચ્છીને ધરપત આપે તેવી હકીકત છે. કચ્છના અન્ય નેતાશ્રીઓ પણ તેમની સાથે જોડાયેલ છે. હાલના આ નેતાશ્રીઓ કચ્છના પ્રશ્ને પૂરતા સજાગ રહેશે તેવી ધરપત કચ્છના લોકોના હૈયે વસેલી જ છે.

ગુજરાતભરના નર્મદા નદીના કમાન્ડ વિસ્તારમાં જ્યાં ઉદ્યોગો સ્થાપવામાં આવ્યા છે, તે વિસ્તારના ફાજલ બનેલ પાણી કચ્છને ફાળવવામાં આવે તેવા પ્રયાસો આજના કચ્છના નેતાશ્રીઓએ કરવાના બાકી રહે છે. હકારાત્મક અને વાટાઘાટોના માહોલથી આ હકીકતને કચ્છની તરફેણમાં ફેરવી શકાય તેમ છે.

એ જ રીતે વધારાના પાણીના કાર્યો ત્વરીતપણે શરૂ કરાવવા અતિશય જરૂરી છે. કચ્છના આજના નેતાશ્રીઓ આ પ્રશ્ને પૂરતા સજાગ છે અને જ્યાં લગી માહિતી મળેલ છે ત્યાં લગી તેઓના આ બાબતે પણ પ્રયાસો ચાલુ છે.

ઉપરોક્ત અલગ અલગ રીતે વિચારવામાં આવેલ કદાચ બધા જ પ્રકારના પાણી કચ્છને ખેતી માટે પ્રાપ્ત થઈ શકે તો તે પાણી પણ કચ્છની ખેતી માટે ઓછા પડે તે દીવા જેવી સ્પષ્ટ હકીકત છે. તેથી અત્યારે વિવિધ બારમાસી નદીઓને ઈન્ટરલિંક કેનાલથી સાંકળવાની જે વિચારણા ચાલે છે તેના પર પણ દૃષ્ટિ રાખવી જરૂરી છે. ભવિષ્યમાં ગંગા, જમના, બ્રહ્મપુત્રા વગેરે નદીઓને ઈન્ટરલિંક કેનાલથી જોડવામાં આવે અને એ પાણી કેનાલો દ્વારા જરૂરિયાતવાળા પ્રદેશમાં પહોંચાડવામાં આવે તો તેવા સંજોગોમાં કચ્છને અગ્રતાક્રમે મૂકાવવું જરૂરી છે. કચ્છની જનતાને વિશ્વાસ છે કે અત્યારની કચ્છની રાજકીય નેતાગીરી આ પ્રશ્નના ઊંડાણમાં ઉતરવા પૂરતી સક્ષમ છે અને આ પ્રશ્ને પણ કચ્છને અગ્રતાક્રમ અપાવી શકશે.

*સમગ્ર હકીકતનું તારવણ નીચે મુજબ કાઢી શકાય :*

★ **નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી કચ્છમાં પહોંચ્યા એ કદાચ ૨૧મી સદીની વિરલ ઘટના બની રહેશે.**

★ **૧૮૧૯થી ૨૦૧૫ સુધીના અંદાજિત ૨૦૦ વર્ષના યાતનાના દિવસો બાદ હવે કદાચ કચ્છમાં સુખી થવાના દિવસો આવી શકશે.**

★ **એક તરફ કચ્છ બ્રાંચ કેનાલના પાણીને માંડવીના મોડકુવા સુધી પહોંચાડવાના અને અન્ય તરફ શાખા, પ્રશાખા વગેરે પ્રકારની કેનાલોના કાર્યો પૂરા કરાવડાવી કચ્છના ખેતરોમાં પાણી પહોંચાડવાની વિગતો આવતા દિવસોમાં અગ્રતાક્રમે લેવી પડશે.**

★ **સમગ્ર ગુજરાતના નર્મદાના કમાન્ડ વિસ્તારમાં ઉદ્યોગો સ્થપાવાના કારણે તે વિસ્તારના ફાજલ પડેલ પાણી કચ્છને ફાળવવામાં આવે તેવા પ્રયાસો આદરવાના રહેશે.**

★ **વધારાના પાણીના કાર્યો જળસિંચાઈ વિભાગ દ્વારા શક્ય ત્વરાએ ચાલુ કરાવવામાં આવે અને તે અગાઉ તેના ખર્ચના અંદાજની કચ્છના બજેટમાં ફાળવણી કરવામાં આવે તે જોવું જરૂરી બની રહેશે.**

★ **ડ્રીપ ઈરિગેશન પધ્ધતિનો અમલ કરી શકાય તો કચ્છને ફાળવાયેલ પાણીથી અઢી ગણા વિસ્તારમાં ખેતી કરી શકાય.**

★ **ગંગા, જમના, બ્રહ્મપુત્રા જેવી બારમાસી નદીઓને ઇન્ટરલિંકથી જોડવામાં આવે અને તેના પાણી કેનાલો દ્વારા જરૂરિયાતવાળા વિસ્તારને ફાળવવામાં આવે તેવા પ્રયાસો આદરી, આ યોજનામાં કચ્છને ફાયદો થાય તેવા પ્રયાસો આદરવા જોઈએ.**

સમગ્ર કચ્છની જાગૃત પ્રજાએ ઉપરોક્ત હકીકતની નોંધ લઈ, પોતાના સ્થળેથી યોગ્ય પગલા લેવા કમર કસી શકશે તો તેનાથી સરવાળે સમગ્ર કચ્છને જ ફાયદો થવાનો છે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

*વાણી સંયમનો પહેલો નિયમ છે કે વગર કારણે અને વધુ પડતું બોલવું નહિ.*

॥ શુભ ॥ ॥ અનંત ચોવીસી જિન નમો ॥ ॥ લાભ ॥



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

૩-૪-૨૧૫/એ, આર.કે. કોમ્પ્લેક્સ, બેંક ઓફ ઈન્ડિયાની ઉપર, કાચીગુડા, હૈદ્રાબાદ-૫૦૦ ૦૨૭.
ફોન : (૦૪૦) ૬૬૩૬૨૫૪૫, ૨૭૫૬૨૫૪૫
**સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા (મો. ૯૨૪૬૫૩૨૫૪૫) • પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર.**

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂા. ૫૦/- માત્ર. સાથે સાથે દર મહિનાના ત્રીજા રવિવારે શ્રી મેડચલ તીર્થ યાત્રાનું આયોજન થાય છે. જેનો નકરો વ્યક્તિ દીઠ રૂા. ૫૦/- માત્ર છે તથા બસના લાભાર્થીનો નકરો રૂા. ૫૧૦૦/- છે. અનુકૂળતાએ નવગ્રહ મંદિરનું પણ આયોજન થશે. જેની વખતો વખત જાહેરાત કરવામાં આવશે. ઓગસ્ટ ૧૫ તથા ૧૬, ૨૦૧૫ના આયોજીત શ્રી પેદતુમ્બલમ તીર્થ યાત્રાનો પણ લાભ લેવા હાર્દિક નિમંત્રણ છે.

## "પાલીતાણા, ગીરનાર, કચ્છ પંચતીર્થ યાત્રા"

પાલીતાણા, ગીરનાર, કચ્છ પંચતીર્થ યાત્રાનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જેમાં કલીકુંડ, તગડી, અયોધ્યા, પાલીતાણા, ડેમ, અજારા, સોમનાથ પાટણ, સોમનાથ જ્યોતિર્લિંગ, જુનાગઢ, ભદ્રેશ્વર, વાંકી, બહુંતેર જિનાલય, દેઢિયા, સુથરી, કોઠારા, જખૌ, નલીયા, તેરા, શંખેશ્વર, મહેસાણા, મહુડી, બીજાપુર – આવા અનેક તીર્થ ક્ષેત્રની સ્પર્શના કરાવવામાં આવશે. જેના માટે નકરો રૂા. ૧૩,૦૦૦/- રાખવામાં આવેલ છે. શુભ પ્રસ્થાન માગશર સુદ-૧, શુક્રવાર તા. ૧૧ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ સિકંદ્રાબાદથી રહેશે તથા માગશર સુદ-૧૨, મંગળવાર, તા. ૨૨ ડિસેમ્બર, ૨૦૧૫ના સિકંદ્રાબાદ પાછા ફરશું. નામો લખાવવાની છેલ્લી તારીખ અષાઢ સુદ પૂનમ, શુક્રવાર, તા. ૩૧ જુલાઈ, ૨૦૧૫ રાખવામાં આવેલ છે. છેલ્લી તારીખની રાહ ન જોતાં તુરત જ નામ નોંધાવવા વિનંતી. જેથી વ્યવસ્થા જાળવવામાં સુગમતા રહે.

યાત્રામાં જોડાઈ તીર્થ યાત્રાનો લાભ ન લઈ શકનાર ભાવિકોને વિનંતી છે કે પોતા તરફથી યાત્રાળુ સ્પોન્સર કરી વધારેથી વધારે ભાવિકોને યાત્રાનો લાભ અપાવશોજી. યાત્રા સ્પોન્સર માટે નકરો રૂા. ૧૧,૧૧૧/- રાખવામાં આવેલ છે. આપશ્રીને કોઈ પણ બહાને યાત્રાના મહત્ત્વનો ભાગ બનવા વિવિધ યોજનાઓનું પણ આયોજન કરવામાં આવેલ છે.

| | | | | |
|---|---|---|---|---|
| ★ મુખ્ય સંઘપતિ દાતાનો નકરો | : | રૂા. | ૫,૫૫,૫૫૫/- | |
| ★ આધારસ્તંભ દાતાનો નકરો | : | રૂા. | ૧,૧૧,૧૧૧/- | |
| ★ યાત્રા દરમ્યાન બપોરનું સ્વામિવાત્સલ્ય | : | રૂા. | ૩૧,૦૦૦/- | (૧૨ દિવસ) |
| ★ યાત્રા દરમ્યાન સાંજનું ચૌવિહાર | : | રૂા. | ૨૧,૦૦૦/ | (૧૨ દિવસ) |
| ★ યાત્રા દરમ્યાન સવારની નવકારશી | : | રૂા. | ૧૧,૦૦૦/- | (૧૨ દિવસ) |

યાત્રાની અદ્વિતીય સફળતા માટે આજથી જ નવકાર મહામંત્રનો અખંડ જાપ શરૂ કરશોજી.

સર્વ સાધારણ ફંડની વૃધ્ધિ માટે રૂા. ૧૧૧૧/-નું સંકલ્પ અનુદાન પણ લઈ આપના પરિવારનો શુભ પ્રસંગ ઉજવી શકો છો અથવા આપના પ્રિય વ્યક્તિની યાદગીરી રૂપે આ સંકલ્પ અનુદાન પત્ર લઈ પુણ્યાર્જન કરી શકો છો. સંકલ્પ અનુદાનની રકમ ફિક્સ ડિપોઝીટમાં રાખી એના વ્યાજમાંથી સર્વ સાધારણ નિભાવ ખર્ચ કરવામાં આવે છે. જીવદયા, ગરીબ ભોજન, ધાર્મિક પાઠશાળાઓને પ્રોત્સાહન – એવા અનેક સત્કૃત્યના પુણ્યના ભાગીદાર થવા સુંદર તક જતી કરતા નહીં.

★ **"VISION 2020"** : સાલ ૨૦૨૦ સુધી શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘનું અત્યાધુનિક ભવન ઊભું થશે. જેમાં ભોજનશાળા, પાઠશાળા, વાંચનાલય, ઉપાશ્રય એવી અનેક પ્રવૃત્તિઓ પૂરજોશમાં ચાલુ થશે. આપનું યોગદાન આ સપનું સાકાર કરવા મદદરૂપ થશે.

**• કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય •**

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા**

**(ગામ મોટા લાયજા - કચ્છ, હાલ મુંબઈ.)**

**હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભૂપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જય જિનેન્દ્ર.**

# આતુરતાનો અંત....

## "મંગલ મંદિર" શ્રેષ્ઠ લેખ - વાર્તા / આંજો કાગર : વર્ષ ૨૦૧૪-૨૦૧૫ની જાહેરાત

*'મંગલ મંદિર' વર્ષ ૨૦૧૪-૨૦૧૫ (એપ્રિલ ૨૦૧૪થી માર્ચ ૨૦૧૫) દરમ્યાનના અંકોમાં પ્રસિધ્ધ થયેલી લેખન સામગ્રીઓમાંથી શ્રેષ્ઠ લેખ / વાર્તા (પ્રથમ-૩) અને શ્રેષ્ઠ આંજો કાગર (પ્રથમ-૩)ની પસંદગી કરવા નીચે મુજબ એક નિર્ણાયક સમિતિની રચના કરવામાં આવી હતી.*

| | | |
|---|---|---|
| **૧.** | **શ્રી ભીમજીભાઈ નાકરાણી - કન્વીનર** | તંત્રીશ્રી 'સરદાર જ્યોત', મંત્રીશ્રી 'મેગેઝિન ક્લબ' તથા મેને. ટ્રસ્ટી/પ્રમુખ - લોકસેવા ટ્રસ્ટ |
| **૨.** | **શ્રી શામજીભાઈ પટેલ - સભ્ય** | તંત્રીશ્રી 'પાટીદાર સંદેશ', સભ્યશ્રી 'મેગેઝિન ક્લબ' |
| **૩.** | **શ્રી કિરણ ચાંપાનેરી 'સેતુ' - સભ્ય** | ફ્રીલાન્સ પત્રકાર તેમજ 'સહકાર' અને 'ગ્રામ સ્વરાજ' મેગેઝિનોના સંપાદન કાર્ય સાથે સંકળાયેલા છે. ઉપરાંત સભ્યશ્રી 'મેગેઝિન ક્લબ.' |

'મંગલ મંદિર' માટે આ વિકટ કામગીરી નિર્ણાયક સમિતિએ ખૂબ જ પરિશ્રમ કરીને તેમજ પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપીને કરી આપેલ છે. તે માટે સમિતિના કન્વીનરશ્રી તથા તેમના બંને સભ્યશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

ઉપરોક્ત સમિતિનો નિર્ણય અત્રે રજૂ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

*— તંત્રીમંડળ, 'મંગલ મંદિર'*

### લેખ / વાર્તા / અન્ય લેખન વિભાગ

| ક્રમ | લેખનું શિર્ષક | અંક - સંદર્ભ | લેખક |
|---|---|---|---|
| ૧. | મનુષ્ય જીવનનું ગંગાજળ | જૂન-૨૦૧૪ | ડૉ. ઊર્મિલા શાહ, અમદાવાદ |
| ૨. | જૈનો અને રાષ્ટ્રીય લઘુમતીનો દરજ્જો | નવેમ્બર-૨૦૧૪ | શ્રી રાજન ડી. મોરબિયા, ભુજ |
| ૩. | મૌ સમ કૌન કુટીર ખલખામી | માર્ચ-૨૦૧૫ | શ્રી લીલાધર ગડા, ભોજાય |

### 'આંજો કાગર' વિભાગ

| | | | |
|---|---|---|---|
| ૧. | મુઠી ઊંચેરો | ઓગસ્ટ-૨૦૧૪ | શ્રી મયૂર ચંદ્રકાંત દેઢિયા, મુંબઈ |
| ૨. | ધર્માંતરનું ભૂત કે તૂત? | ફેબ્રુઆરી-૨૦૧૫ | શ્રીમતી અલકા અરવિંદ સંઘવી, અમદાવાદ |
| ૩. | 'મંગલ મંદિર' સંભારણા વિશેષાંક-૩ | ડિસેમ્બર-૨૦૧૪ | શ્રી ચિત્રસેન આર. શાહ, ગાંધીનગર |

*નિર્ણાયકોએ જણાવ્યું છે કે, જેની તુલના કરવાનું વિકટ હોય છે તેવી ઉચ્ચ કક્ષાની લેખન સામગ્રીઓમાંથી શ્રેષ્ઠની પસંદગીના ભાગરૂપે અમારા નિર્ણયો છે. ઉત્તમ કક્ષાની લેખન સામગ્રીઓથી ભરપૂર 'મંગલ મંદિર'એ તેની શ્રેષ્ઠ પ્રણાલિકા જાળવી રાખી છે, તે માટે અનેક શુભેચ્છા.* ■

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● બુધવાર, તા. ૩-૬-૨૦૧૫ સાંજના ૪.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વયસ્ક સમિતિ | મેજિક શો, વીડિયો ક્લીપ અને વિવિધ રમત ગમત. |

*સજ્જનોની મહાનતા તેમના અંતકરણમાં હોય છે, લોકોની પ્રશંસામાં નહિ.*

**TITLE COVER.... PICTURE STORY**

## GREAT WALL OF CHINA

The Great Wall of China is a series of fortifications made of stone, brick, tamped earth, wood and other materials, generally built along on east-to-west line across the historical northern borders of China in part to protect the Chinese Empire or its prototypical states against intrusions by various nomadic groups or military incursions by various warlike peoples or forces. Several walls were being built as early as the 7th Century BC; these, later joined together and made bigger and stronger, are now collectively referred to as the Great Wall. Especially famous is the wall built between 220-206 BC by the first Emperor of China, Qin Shi Huang. Little of that wall remains. Since then, the Great Wall has on and off been rebuilt, maintained and enhanced; the majority of the existing wall are from the Ming Dynasty.

Other purposes of the Great Wall have included border controls, allowing the imposition of duties on goods transported along the Silk Road, regulation or encouragement of trade and the control of immigration and emigration. Furthermore, the defensive characteristics of the Great Wall were enhanced by the construction of watch towers, troop barracks, garrison stations, signaling capabilities through the means of smoke or fire, and the fact that the path of the Great Wall also served as a transportation corridor.

The main Great Wall line stretches from Shanhaiguan in the East, to Lop Lake in the west, along an arc that roughly delineates the southern edge of Inner Mongolia. A comprehensive archaeological survey, using advanced technologies, has concluded that the Ming walls measure 8,850 Km. (5,500 mile). This is made up of 6,259 km (3,889 mile) sections of actual wall, 359 km (223 mile) of trenches and 2,232 km (1,387 mile) of natural defensive barriers such as hills and rivers. Another archaeological survey found that the entire wall with all of its branches measure out to be 21,196 km (13,171 mile).

## પ.પૂ. મહામુનિવર દેવરત્નસાગરજી મ.સા.કે ભાવભરી શ્રધ્ધાંજલિ



**જન્મ : તા. ૬-૧-૧૯૬૦**
**મુલુંડ, મુંબઈ.**
**સંસારી નામ : દીપકભાઈ**
**ગામ : કોડાય (કચ્છ)**
**માતા-પિતા : ઝવેરબાઈ કલ્યાણજી સાવલા**
**દીક્ષા : સંવત ૨૦૩૯ (થાણા)**
**કાળધર્મ : જેઠ સુદ-૨, સંવત ૨૦૭૦.**
**તા. ૩૦-૫-૨૦૧૪ (મુંબઈ)**
**સંયમ યાત્રા : ૩૨ વર્ષ**
**આવરદા : ૫૪ વર્ષ**

અચલગચ્છ જે ઈતિહાસ મેં નાં કઢ્યાં, મુનિવર દેવરત્નસાગર
પ્રખર પ્રભાવી પ્રવચનકાર ને કેવર પણ ધર્મલાર્યા ઉજાગર (૧)

પાલિતાણામેં બાળ નવ્વાણું ને ગિરનાર મેં કરાંયાં નવ્વાણું યાત્રા
છ'રી પાલિત સંઘ કઢી, કરાંયાં માડુએં કે વડી જાત્રા-સુજાત્રા. (૨)

પ્રતિષ્ઠાંઉં કરાંયાં ને ડેરાંયાં દીક્ષાંઉ, ને ક્યાં જિન શાસનજા કૈ કમ
વડીંયું-વડીંયું શિબિરું ભરે, પ્રવચન ડૈ ક્યાં માનસ પરિવર્તન. (૩)

આંજે વેંધે અચલગચ્છને જૈને કે, ન પુરાજે એળી જભરજસ્ત પૈ ખોટ
કોય ન મિટાય શગધો, અસાંજે ધિલકે લગેલી ઘેરી ચોટ. (૪)

શક્તિશાળી આંજી અમૃતવાણીસેં, ક્યોં કઈ આત્માએં જો ઉધ્ધાર,
તડેં ઈશ્વર પણ કરેવારો જ આય, આંજે આત્માજો ઉધ્ધાર. (૫)

દેહાંત પોય પણ પ્રેરણા ડીંધી રોંધી, આંજી અમર સ્મૃતિ
પુણ્યબળે નિશ્ચિત આય, જે થીંધી આંજી ઉચ્ચ ગતિ. (૬)

*- રશ્મિન્ ખોના - મુંબઈ*

***પ્રાર્થયિતા : દિનેશ લાલજી અજાણી (કોઠારા - મુલુંડ)***

સંસ્થા / વ્યક્તિ વિશેષ

# ઑપન હાર્ટ સર્જરી વગર દેશમાં પ્રથમ પ્રોસીજર હાઈ રિસ્ક પેશન્ટના હૃદયમાં વાલ્વ પ્રત્યારોપણ કરતાં સીમ્સ હોસ્પિટલના ડૉ. ધીરેન શાહ અને ડૉક્ટર્સ ટીમ

● કિરણ ચાંપાનેરી 'સેતુ' - ફ્રીલાન્સ પત્રકાર ●

*વિપરીત જીવનશૈલી અને ખાનપાનને કારણે માનવીનું સ્વાસ્થ્ય કથળતું જાય છે. આજે હાર્ટ ઍટેક - હૃદયરોગ અને ડાયાબિટીસ રોગનું પ્રમાણ વધતું જાય છે. જો કે વિજ્ઞાન અને ટેકનોલોજી સંશોધનની દેનના કારણે રોગની સારવાર - ઉપચાર સરળ અને સુલભ થતા જાય છે. હૃદયરોગ સારવારની વિવિધ ટેકનોલોજી શોધાતી રહી છે. જેનો લાભ માનવ સુખાકારીમાં કરવામાં આવે છે. એપ્રિલ-૨૦૧૫માં અમદાવાદની સીમ્સ હોસ્પિટલમાં હાર્ટ સર્જરી ક્ષેત્રે ભારત દેશમાં પ્રથમ પ્રોસીજર ગણાય તેવી નોંધનીય ઘટના બની. ઑપન હાર્ટ સર્જરી વગર જ હૃદયમાં વાલ્વનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું. હૃદય અને ફેફસાં અત્યંત નબળાં, કિડની પર સોજો, શરીરની મોટાભાગની મુખ્ય નસોમાં બ્લોકેજ, શ્વાસ લેવાની તકલીફવાળા ૮૨ વર્ષની ઉંમરના દર્દીનાં હૃદયની મહાધમની દ્વારા એન્જિયોપ્લાસ્ટી પ્રોસીજરથી દર્દીનું હૃદય ધબકતું રાખીને ટ્રાન્સ કેથેટર ઍઑર્ટિક વાલ્વ રીપ્લેસમેન્ટથી વાલ્વનું પ્રત્યારોપણ કરીને દર્દીને નવજીવન આપ્યું! દેશનું આ પ્રથમ સફળ પ્રત્યારોપણ સીમ્સના ડાયરેક્ટર અને કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહ અને તેમની ડૉક્ટર્સ ટીમે કર્યું.*

*હૃદયરોગ અને તેની સારવાર સંબંધી આ નવી ટેકનોલોજી તથા અન્ય હૃદયરોગ સારવાર - ઉપચાર અંગે ડૉ. ધીરેનભાઈ શાહ સાથેની વાતો સમાજના દરેક વ્યક્તિને ઘણી ઉપયોગી નીવડશે....*

***પ્રશ્ન** : હૃદયરોગ ઉપચારની વિગત જણાવશો?*

***ડૉ. ધીરેન શાહ** :* માનવ શરીરમાં હૃદય ધબકતું રહીને જીવનને ચેતનવંતુ રાખે છે. આમ તો દરેક અવયવની અગત્યતા અવગણી શકાય નહીં. તેમાં હૃદયની કામગીરી મહત્ત્વની છે. હૃદયરોગની સારવાર એકાદ સૈકા પહેલાં ખૂબ જોખમી હતી. વિજ્ઞાન અને ટેકનોલોજી સંશોધને હૃદયરોગની સારવારને હવે તો ખૂબ સરળ અને કોઈપણ જાતના જોખમ વગરની બનાવી દીધી છે!

હૃદયરોગમાં નિદાન બાદ દવાઓ, એન્જિયોપ્લાસ્ટી અને ઑપન હાર્ટ સર્જરી દ્વારા સારવાર અપાય છે. જેમ જેમ ટેકનોલોજી અને સંશોધનો થતા રહે છે તેમ ઑપન હાર્ટ સર્જરીમાં જોખમનું પ્રમાણ ઘટતું જાય છે. **૧૯૫૦માં ઓપન હાર્ટ સર્જરીમાં ૨૦૦ ટકાનું જોખમ હતું.** જો બાળકને ઑપન હાર્ટ સર્જરી કરવી હોય તો બાળકના હૃદયને ચાલુ રાખવા તેની માતાની ધમની સાથે જોડી ક્રોસ સરક્યુલેશન પધ્ધતિથી સર્જરી થતી. જેમાં બાળક અને માતાના જીવનું જોખમ રહેતું. જયારે **આજે વિજ્ઞાન - ટેકનોલોજી સંશોધનના સમન્વયના પરિણામે જોખમનું પ્રમાણ માત્ર ૧ ટકાનું જ રહે છે.**

***પ્રશ્ન** : હૃદયરોગ સારવારની પધ્ધતિઓ અંગે વાત કરશો?*

***ડૉ. ધીરેન શાહ** :* ઑપન હાર્ટ સર્જરીમાં હાર્ટ લંગ મશીન ઘણું ઉપયોગી પુરવાર થયું છે. (હાર્ટ લંગ મશીનની શોધ ૧૯૫૪માં થઈ હતી.) સર્જરી દરમ્યાન હૃદયને બંધ કરવું પડે છે ત્યારે શરીરમાં રક્તપ્રવાહ જળવાઈ રહે તે માટે હૃદય અને ફેફસાના કામની જવાબદારી હાર્ટ - લંગ મશીન સંભાળે છે. હૃદયને બંધ કરવું પડે છે ત્યારે શરીરમાં રક્ત પ્રવાહ જળવાઈ રહે તે માટે હૃદય અને ફેફસાના કામની જવાબદારી હાર્ટ - લંગ મશીન સંભાળે છે. હૃદયના ધબકારા રોકાઈ જાય છે. જેથી સર્જન સ્થિર હૃદય પર બાયપાસ પ્રોસીજર કરી શકે છે. ટેકનોલોજી આગળ વધતાં હવે ધબકતા હૃદય ઉપર સર્જરી થાય છે. એને ઑફ પંપ અથવા બીટિંગ હાર્ટ સર્જરી કહેવાય છે. તેમાં હાર્ટ લંગ મશીન વપરાતું નથી. સર્જન ઉચ્ચ નિયંત્રિત ઓપરેટિંગ વાતાવરણમાં હૃદયના અમુક ભાગને સ્થિર રાખવા અને બંધ ધમનીના બાયપાસ માટે આધુનિક ઓપરેટીંગ સાધનો વાપરે છે. આ દરમ્યાન બાકીનું હૃદય કામ કરે છે અને શરીરને લોહી પહોંચાડે છે.

***પ્રશ્ન** : મિનિમલી ઈન્ટેન્સિવ કાર્ડિયાક સર્જરી શું છે?*

***ડૉ. ધીરેન શાહ** :* **દસ પંદર વર્ષ પહેલાં ઓપન હાર્ટ સર્જરી માટે ૧૫થી ૨૦ દિવસ હોસ્પિટલમાં રહેવું પડતું.** આ પ્રકારના ઑપરેશનો મોટેભાગે મુંબઈ, ચેન્નાઈ અથવા દિલ્હીની હોસ્પિટલોમાં થતાં. એટલે એકાદ મહિનાની તૈયારી કરીને જવું પડતું... ઘણાં તો સારવાર લેવા જતાં પહેલાં પોતાનું વસિયતનામું કરીને પણ જતા!... જયારે **આજે તો ઓપરેશન થયા પછી ૩-૪ દિવસમાં**

*સત્ય મશાલ છે જે ધુમ્મસને વિખેરી નાખવાને બદલે તેની વચ્ચે પણ ઝળહળ્યા કરે છે.*

**તો ઘરે જઈ શકાય છે. આ સર્જરીમાં પરંપરાગત સર્જરીના ૧૦થી ૧૨ ઇંચના ચીરાને બદલે ૩થી ૪ ઇંચનો ચીરો કરવામાં આવે છે.** જેનાથી ચેપનું જોખમ ઓછું રહે છે. ઓછો રક્તસ્રાવ થાય છે. પીડા અને તણાવ ઓછા, હોસ્પિટલમાં ૩ થી ૫ દિવસનું રોકાણ અને ઝડપથી રિકવરી આવે છે. આમ સંશોધનના પરિણામે ઑપરેશનનો કાપો નાનો થતો ગયો અને ઘણી બધી સર્જરી હૃદય બંધ કર્યા વગર કરવામાં આવે છે.

***પ્રશ્ન : હૃદયરોગની સારવારમાં હાઈબ્રિડ પ્રક્રિયા શું છે?***

***ડો. ધીરેન શાહ : કાર્ડિયાક સર્જન અને કાર્ડિયોલોજિસ્ટની કાર્યકુશળતાનો સમન્વય કરીને કેથેટર બૅઝ ટેકનિકની શોધ થઈ તે હાઈબ્રિડ પ્રક્રિયા. આ ટેકનિકનો ઉપયોગ કરીને દર્દીમાં થાપાને ભાગેથી ફિમોરલ અથવા ખભામાં આવેલી છ જેટલી કોઈપણ આર્ટરીમાંથી થતી હોય છે. દર્દીની આ છ આર્ટરીમાં બ્લોકેજ હોવાથી હૃદયની બિલકુલ ઉપરના ભાગેથી મહાધમની (ઍઓટા)માં હોલ કરીને તેમાં કેથેટર પસાર કરી બલુન ફુલાવીને ઍઓર્ટિક વાલ્વનું પ્રત્યારોપણ કરવામાં આવે છે. જેને ટ્રાન્સ (ઍઓર્ટિક ટ્રાન્સ) કેથેટર ઍઓર્ટિક વાલ્વ રીપ્લેસમેન્ટ કહે છે. આ રીતે તાજેતરમાં તા. ૮-૪-૨૦૧૫ના રોજ સીમ્સ હોસ્પિટલમાં સફળતાપૂર્વક દેશની પ્રથમ પ્રોસીજર કરવામાં આવી.***

હૃદયરોગ સારવારની નોંધનીય આ દેશની પ્રથમ પ્રોસીજર સીમ્સ હોસ્પિટલમાં કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહ, કાર્ડિયોલોજિસ્ટ ડૉ. મિલન ચગ, એનેસ્થેટીસ્ટ ડૉ. હીરેન ધોળકિયા અને ડૉ. ચિંતન શેઠની ટીમ દ્વારા સંપન્ન થયેલ. આ પ્રકારની સારવારથી દર્દી ત્રણ-ચાર દિવસમાં ઘરે જઈ શકે છે. પણ દસેક વર્ષ પછી સવારે દર્દી હોસ્પિટલમાં દાખલ થાય અને સાંજે ઘરે જાય તેવા પ્રકારે વિજ્ઞાનની શોધનો સમન્વય કરવાની નેમ છે! આને 'ડે કેર' સર્જરી કહેવાય.

***પ્રશ્ન : વાલ્વ શેમાંથી બને છે? વાલ્વ પ્રત્યારોપણની વિગતે વાત કરશો?***

***ડો. ધીરેન શાહ :*** હૃદયમાં નબળા પડતા કે સાંકડા પડેલા વાલ્વની જગ્યાએ ધાતુ અને ચામડીનાં બનેલ વાલ્વ પ્રત્યારોપણ કરવામાં આવે છે. **સને ૧૯૬૨માં સૌપ્રથમ વાર ધાતુનો વાલ્વ શોધાયો. ત્યારબાદ ૧૯૬૫માં ચામડીનો અને ૧૯૬૯માં ચામડીના વાલ્વમાં સુધારો થયો.** ૨૦૦૧માં પ્રાણીઓમાં તેનો પ્રયોગ થયેલો. સને ૨૦૦૪માં પ્રથમવાર યુરોપમાં મનુષ્યમાં કૉર વાલ્વ નંખાયો. તે પછી ૨૦૦૬માં યુરોપમાં અને ૨૦૧૧માં અમેરિકામાં આ વાલ્વને માન્યતા મળી. તા. ૮-૪-૨૦૧૫ના રોજ ભારતમાં સૌપ્રથમ સીમ્સ હોસ્પિટલમાં ટ્રાન્સ ઍઓર્ટિક TAVR પ્રોસીજર કરવામાં આવેલ છે. આ પ્રક્રિયામાં વાલ્વ યુરોપથી મંગાવવો પડે છે. ભારત સરકારના આરોગ્ય મંત્રાલયના DCGI વિભાગની મંજૂરી મેળવવી પડે છે. વાલ્વની કિંમત રૂા. ૧૬/- લાખ ઉપરાંત રૂા. ૪/- લાખ હોસ્પિટલ તથા તેની સંલગ્ન પ્રક્રિયાનો ખર્ચ મળી કુલ રૂા. ૨૦/- લાખનો ખર્ચ થાય છે.



**ડો. ધીરેન શાહ**

દેશની પ્રથમ પ્રોસીજર - ટ્રાન્સ ઍઓર્ટિક ટ્રાન્સ કેથેટર ઍઓર્ટિક વાલ્વ રીપ્લેસમેન્ટ કરનાર કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહનું મૂળ વતન કચ્છ. તા. ૭-૬-૧૯૭૪માં કચ્છના ગાંધીધામ ગામમાં જન્મ. માતા વિમળાબેન અને પિતા શાંતિલાલ શાહ. ડૉ. ધીરેન શાહના જીવનસાથી એટલે હેતલબેન. તેઓશ્રી આર્કિટેક્ટની પદવી ધરાવે છે. તેઓ પોતાના પતિશ્રી, પરિવાર અને ઘરની કામગીરીમાં હંમેશાં કાર્યરત રહે છે. બેંક ઓફ ઈન્ડિયામાં પિતાશ્રીની નોકરીને કારણે બદલીઓ થતી રહેતી. તેથી પ્રાથમિક અને હાઈસ્કૂલનો અભ્યાસ ગાંધીધામ, ભુજ, ગાંધીનગરમાં થયો. અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજમાંથી એમ.બી.બી.એસ. અને એમ.એસ. થયા. હાર્ટ સર્જરીની ડૉક્ટરેટ ડિગ્રી - MCH દિલ્હી યુનિવર્સિટીમાંથી ૨૦૦૨માં પ્રાપ્ત કરી. વિયેતનામમાં હોચીનમિન સિટીની ઍલેન કાર્પેન્ટર ફાઉન્ડેશન હોસ્પિટલના ડૉ. એલેન કાર્પેન્ટર અને ડૉ. ફાનના માર્ગદર્શન હેઠળ મિટ્રલ વાલ્વ રિપેરની તાલીમ લીધી. જર્મનીમાં લૈપઝિંગની હાર્ટ સેન્ટરમાંથી ડૉ. મોરના નેતૃત્વમાં મિનિમલી ઈન્વેસિવમાં ફેલોશિપનો કોર્સ પૂર્ણ કર્યો. અમેરિકામાં મિયામીમાં MICS ની ફેલોશિપ કરી.

ડૉ. ધીરેનભાઈએ કાર્ડિયાક સર્જનની કામગીરીનો પ્રારંભ અમદાવાદની સ્ટર્લિંગ હોસ્પિટલથી કર્યો. તેમણે તથા અન્ય સાત કાર્ડિયોલોજિસ્ટ ડૉક્ટરોએ ભેગા મળી અમદાવાદમાં ૨૦૧૦માં કેર ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીસ (સીમ્સ)ની સ્થાપના કરી. સીમ્સના તેઓ સ્થાપક ડાયરેક્ટર છે. આધુનિક ટેકનોલોજીનો સુભગ સમન્વય સાધીને દર્દીઓને કાળજીસભર સેવા આપવી અને તે પણ નીતિમત્તાને પાયામાં રાખીને સારવાર આપવાનું સીમ્સનું ધ્યેય રહ્યું છે! નબળા હૃદયની દરેક પ્રકારની ટ્રીટમેન્ટ સીમ્સમાં ઉપલબ્ધ છે અને **એકાદ વર્ષમાં હાર્ટ પ્રત્યારોપણનો પ્રારંભ પણ શક્ય થશે.**

*સંકલ્પવાન માણસ નિષ્ફળ જાય તો પણ હતાશ થતો નથી.*

ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર – પશ્ચિમ ભારતમાં MICSના પ્રણેતા ડૉ. ધીરેન શાહ છે. ભારતમાં નાની ઉંમરના બાળકોની બાયપાસ સર્જરીના લગભગ આઠ કેસ થયા છે. **તેમાં તેમણે આઠ વર્ષની બાળકીની બાયપાસ સર્જરી કરેલ છે. સને ૨૦૧૨માં તજાકિસ્તાનના હાર્ટ ફેલ્યોર દર્દીનું હૃદય પાંચ ગણું પહોળું થયેલ, તેને પ્લાસ્ટિક સર્જરી કરી હૃદયને મૂળ સ્થિતિમાં લાવ્યા હતા. તેઓએ અત્યાર સુધીમાં ૭૦૦૦ જેટલા ઓપન હાર્ટ સર્જરીના કેસ સફળતાપૂર્વક પાર પાડેલ છે.** મહિને ૧૦૦ ઑપન હાર્ટ સર્જરી કરે છે. ટીમમાં હવે છ હાર્ટ સર્જન છે.

દિન પ્રતિદિન હૃદયની બીમારી વધતી જાય છે. તેની સાથે હાર્ટ ફેલ્યોરની સંખ્યાનું પ્રમાણ વધી રહ્યું છે. આ બધા હાઈ રીસ્ક કેસો ગણાય. પણ સીમ્સ હોસ્પિટલે હાઈ રીસ્ક કેસોની ટ્રીટમેન્ટમાં વૈશ્વિક સ્તરે નામના પ્રાપ્ત કરી છે. એટલે નબળા હૃદય કે હૃદયની બીમારી સાથે કષ્ટમય જીવન જીવવા કરતાં તેનો ઈલાજ કરાવી સારું સુખ - શાંતિમય જીવન કેમ ન જીવીએ?!

*આલેખન અને ઈન્ટરવ્યૂ લેનાર : કિરણ ચાંપાનેરી 'સેતુ'*
*મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

# સેવા એ જ સાધના છે.....

જીવો ત્યાં સુધી સેવા કરો.... સેવા ન ભૂલો...

સેવા એ જ સાધના છે... સેવા સીધી પણ થાય અને અલગ રીતે પણ થાય... એટલે કે રસોઈ બનાવીને પણ કોઈને જમાડાય અને અનાજ આપીને કે તૈયાર ભોજન ખવડાવીને પણ ભૂખ ભાંગી શકાય. સીધા ભણાવી શકાય અથવા ભણવાની ફી પણ આપી શકાય કે પુસ્તકો આપીને પણ ભણવામાં મદદ થઈ શકે...

સેવાના અનેક પ્રકાર છે.

સાધુના પગ દબાવીને પણ સેવા થાય કે તેમને કોઈ મદદ કરીને પણ સેવા થાય. ગરીબને પૈસા આપીને પણ સેવા કરી શકાય, મદદ થઈ શકે. તો ગરીબને અનાજ આપી શકાય, વસ્ત્ર પણ આપી શકાય.

દર્દીને ડોક્ટર પાસે લઈ જઈને પણ સેવા થાય કે દવા લાવી આપીને કે પૈસા આપીને પણ મદદ થઈ શકે.

તમારું દિલ સેવાનું હોય તે મહત્ત્વનું છે.

સેવાની ભાવના મહત્ત્વની છે. પછી તમારી શક્તિ કેટલી છે તે જોવાનું છે.

જીવનમાં સેવા તો દરેકે કરવી જ જોઈએ. જીવન આપને મળ્યું છે તે જ બહુ મોટી વાત છે. તો પછી આ જીવનને સાર્થક બનાવવું જ રહ્યું. તેને સાર્થક અને સફળ બનાવવા માટે સેવા જરૂરી છે. પછી તમારા વડીલોની સેવા કરો કે ગરીબોની કરો... સમાજની કરો કે દેશની કરો... દર્દીઓની સહાય કરો કે બાળકોની કરો... પ્રાણીઓની કરો... ટૂંકમાં સેવા ઘણી રીતે થઈ શકે છે.

જીવદયા અને માનવતા જ શ્રેષ્ઠ ધર્મો છે. આ ધર્મોને ન ભૂલો.

પ્રાણીમાત્રમાં જીવ છે.... જીવ પ્રત્યે દયા રાખવી જોઈએ... અહિંસા એ જ પરમો ધર્મ છે... માનવતા પણ સૌથી મોટો ધર્મ છે... દરિદ્ર નારાયણને ભગવાન કહ્યા છે... ગરીબો પ્રત્યે દયા રાખો, એમને મદદ કરો. સહાયભૂત થાઓ અને કલ્યાણકારી કાર્યો કરો...

જો કે સેવા કરવા તમારે ઘર છોડવાની કે સંસારનો ત્યાગ કરવાની કોઈ જરૂર નથી. આ માત્ર દંભ જ છે.

સેવા કરવાનું કામ એટલે સાધુ થવું તેમ કહેવું યોગ્ય નથી. સંસારમાં રહીને ઘરના બીજા કામોની વચ્ચે થોડો સમય સેવા માટે ફાળવી શકાય. સેવા ક્ષેત્ર બહુ વિશાળ છે અને તમે તેને કોઈ પણ સ્વરૂપમાં મેળવી શકો છો. માત્ર તમારી ભાવના હોવી જોઈએ. વિશેષમાં સેવા કરવાની અભિરૂચિ કેળવવી જોઈએ.

સેવાને જીવનના બીજા રંગોની સાથે જ અપનાવો. જીવન અનેક રંગોનું બનેલું છે, જેમાંનો એક રંગ સેવા ક્ષેત્રનો પણ છે.

સરકારી નોકરીને સેવા પણ કહે છે. એટલે જ સેવા માટે વેતન પણ છે અને તેનો ભંગ કરવા માટે કડક કાયદા અને શિક્ષાની જોગવાઈઓ પણ છે.

રાજકીય ક્ષેત્રને પણ ઘણા સેવા ક્ષેત્ર તરીકે ઓળખે છે. જોકે આજે આમાં જેટલા મેવા છે તેટલા ક્યાંય નથી. રાજકારણનું ક્ષેત્ર આજે એશોઆરામ અને ધનદોલત આપતું ગણાય છે. એ સેવા બીજાની લે છે. સેવા પણ હવે કેરિયર બની રહી છે – રાજનીતિની જેમ.

**આપણે ત્યાં સેવા અવેતન ગણાતી આવી છે. જ્યારે પશ્ચિમના દેશોમાં સેવાનો વ્યાપ સવેતન ગણાય છે.** હવે આપણે ત્યાં પણ અનેક કોર્સિસ અને ડિગ્રીઓ શરૂ થયા છે અને તેના કારણે જોબ મળી શકે છે. એટલે કે સવેતન સેવા બનવા માંડી છે.

સેવા ખરેખર તો તમારા આનંદ માટે છે, શાંતિ માટે છે, આત્મ કલ્યાણાર્થે છે.

આ રીતે રોજ નહિ તો અઠવાડિયે થોડા કલાક કે મહિનામાં એક બે દિવસ પણ સેવા માટે ફાળવવા તમારા પોતાના જ હિતમાં છે. વડીલોની સેવા કરો. દુઃખી ગરીબ લોકો કે બાળકોની સેવા કરો.

તમારી આસપાસના વિસ્તારમાં સફાઈ કરો કે જાગૃતિનો પ્રયાસ કરો.

યાદ રાખો, માનવતા એ સૌથી મોટો ધર્મ છે.

*ચૌલા કુરુવા - અમદાવાદ (મો. ૯૯૧૩૦ ૧૨૧૨૦)*
*E-mail : chaulakuruwa@gmail.com*

*અનુભવ એટલે જેના ઉપર બાંધકામ કરવાનું છે એવો પાયો.*

સાયન્સ ટેકનોલોજી

# મેમરી કાર્ડના આકાર અને પ્રકાર

• એન. એમ. ગોલીબાર •

આજકાલ મોબાઈલ હોય, કેમેરા હોય, મ્યુઝિક પ્લેયર હોય, વીડિયો ગેમ્સ હોય – બધામાં મેમરી કાર્ડ મહત્ત્વનું અંગ બની ગયું છે. ડિજિટલ કન્ટેન્ટને સ્ટોર કરનારા મેમરી કાર્ડ વિશે થોડું વિગતે સમજીશું તો મજા આવશે.

મેમરી કાર્ડ એ એક ઈલેક્ટ્રોનિક ડિવાઈસ છે. ફ્લેશ મેમરી કાર્ડ કે સોલીડ સ્ટેટ ફ્લેશ મેમરી ડેટા સ્ટોરેજ જેવા નામથી ઓળખાતા મેમરી કાર્ડમાં ડિજિટલ કન્ટેન્ટને સંગ્રહ કરવામાં આવે છે. એમાં સ્ટોર કરવામાં આવેલ ડિજિટલ માહિતીને ડિલીટ પણ કરી શકાય છે, એમાં ફેરફાર પણ કરી શકાય છે. કમ્પ્યુટર, લેપટોપથી કનેક્ટ થનારી પેન ડ્રાઈવ અને મેમરી કાર્ડ આકાર અને પ્રકારમાં અલગ હોય છે. અને જે ડિવાઈસમાં એનો ઉપયોગ થાય છે એમાં મેમરી કાર્ડ એક ચોક્કસ જગ્યાએ ફીટ થઈ જાય છે. જે જગ્યાને મેમરી સ્લોટ કહેવામાં આવે છે. ટેકનિકની દુનિયામાં મેમરી કાર્ડને Non Volatile SD Card કહેવામાં આવે છે. SD કાર્ડનો અર્થ થાય છે Secure Digital અને Non Volatile. જેનો અર્થ થાય છે કે એને પોતાની મેમરી - યાદશક્તિ માટે કોઈ બહારના ઉર્જા સ્રોતની જરૂર નથી.

સામાન્ય રીતે ત્રણ જાતના મેમરી કાર્ડ હોય છે : SD, SDHC અને SDYC.

પહેલા આપણે SD કાર્ડની વાત કરીએ.

આ મેમરી કાર્ડને ફર્સ્ટ જનરેશન માનવામાં આવે છે. આ મેમરી કાર્ડની જાડાઈ સામાન્ય રીતે ૨.૧ મિલીમીટર હોય છે અને એમાં વધારેમાં વધારે 2 GB સુધી સ્ટોરેજ થઈ શકે છે. આ કાર્ડમાં પણ ત્રણ પ્રકારના સ્લોટ હોય છે. એક તો મૂળ SD કાર્ડ જેને તમે બનેલા ખાંચામાં ફીટ કરી દો છો. બીજા બે નાના આકારના હોય છે. એકને mi માં SD અને બીજું MICROSD કહેવાય છે. એક એડેપ્ટરની મદદથી બંનેને આપેલા ખાંચા - સ્લોટમાં ફીટ કરી શકાય છે. સામાન્ય રીતે SD કાર્ડનો ઉપયોગ પર્સનલ કોમ્પ્યુટર્સ, વીડિયો કેમેરા, ડિજિટલ કેમેરા અને એવા જ મોટા આકારના ઈલેક્ટ્રોનિક ડીવાઈસમાં કરવામાં આવે છે જ્યારે mimiSD, microSD મોબાઈલ અને ટેબ્લેટ જેવા નાના ડીવાઈસમાં ઉપયોગ કરાય છે.

★ **SDHC :** આ સેકન્ડ જનરેશન કાર્ડ છે જે ૨૦૦૬માં આવ્યા, જે SDHC કહેવાયા. SDHC કાર્ડનો અર્થ થાય Secure Digital High Capacity કાર્ડ. આકારમાં તો એ SD કાર્ડ જેવા જ હોય છે પણ એમની સ્ટોરેજ ક્ષમતા 4GB થી લઈ 32GB સુધીની હોય છે. નાના આકારના કાર્ડને મિની SD કે માઈક્રો SD કહેવાય છે.

★ **SDYC :** મેમરી કાર્ડ થર્ડ જનરેશન ૨૦૦૯માં આવી જેને SDYC કહેવામાં આવ્યા. SDYC નો અર્થ Secure Digital Extended Capacity છે. એની ક્ષમતા 48GB થી લઈ 2TB હોય છે. જો કે હાલ 128GB સુધીના કાર્ડ જ વ્યવહારિક અમલમાં આવ્યા છે. એનો નાનો આકાર ફક્ત micro SD છે. જો કે હવે એ UHS - Ultra High Speedbus અને SDIO - Secure Digital Input-Output નામના બીજા બે સ્વરૂપમાં પણ હાજર છે. UHS અને UHS3 ફોરમેટવાળા મેમરી કાર્ડ આવી ગયા છે, જેનો ઉપયોગ પ્રોફેશનલ લોકો કરે છે.

## • મેમરી કાર્ડની સ્પીડ :

મેમરી કાર્ડમાં સ્પીડ એક મુખ્ય ફીચર છે. મેમરી કાર્ડ કેટલી ઝડપથી જાણકારી ભેગી કરે છે એના પરથી મેમરી કાર્ડની સ્પીડ નક્કી થાય છે. મેમરી કાર્ડમાં કેટલી સ્પીડ છે એક ફોટો જેવી ડિજિટલ વસ્તુને કેવી રીતે સ્ટોર કરે છે અથવા ડિલીટ કરે છે એના પરથી નક્કી થાય છે. ઘણી વખત તમે જોયું હશે કે કેમેરો કોઈ ફોટાને સ્ટોરેજ કરતી વખતે વધુ સમય લે છે અથવા બિઝીનો સંકેત આપે અથવા વીડિયો જોતા વચ્ચે વચ્ચે અટકી જાય છે. મેમરી કાર્ડવાળું દરેક ડીવાઈસ એક ખાસ સ્પીડવાળા કાર્ડ માટે બન્યું હોય છે. એટલે એમાં ઓછી સ્પીડવાળું મેમરી કાર્ડ લગાવશે તો એ ધાર્યું પરિણામ નહિ આપે, પરફોર્મન્સ નહિં મળે. મોટાભાગના લોકો આ વાત પર ધ્યાન નથી આપતા. લોકો જે ડિવાઈસ 16GB સુધીના મેમરી કાર્ડ માટે બન્યું છે એમાં 8GB અને 10GB નું કાર્ડ નંખાવી દે છે પણ સ્પીડ પર ધ્યાન નથી આપતા. તો હવે પછી જ્યારે પણ તમે કોઈ કેમેરાથી ફોટો પાડો અને એને સ્ટોર કરવામાં વધુ સમય લાગે અથવા કેમકોર્ડર કોઈ વીડિયોગ્રાફી કરતી વખતે બરાબર કામ ન કરે તો સહુથી પહેલા એ ચેક કરી લો કે મેમરીકાર્ડની સ્પીડ ડિવાઈસના હિસાબે બરાબર છે કે નહિ. મેમરી કાર્ડમાં Class 2 માં સૌથી ધીમી અને Class 10 સૌથી વધુ સ્પીડ આવે છે. જો તમારા કેમેરાની કેપેસિટી Class-4 મેમરી કાર્ડની છે તો Class-4 નું મેમરી કાર્ડ ઉપયોગમાં લેવું સમજદારી છે. એનાથી વધું સ્પીડવાળું કાર્ડ કોઈ મતલબ વગરનું છે કારણ કે કેમેરા વધુ સ્પીડવાળા કાર્ડની કેપેસિટીનો સદુપયોગ નહીં કરી શકે. ધ્યાન આપવા જેવી વાત એ છે કે એક જ સ્ટોરેજ કેપેસિટી જેમ કે 16GB કાર્ડની સ્પીડ જેટલી વધતી જશે એટલી કાર્ડની કિંમત પણ વધતી જશે.

પણ હવે તમને સવાલ થશે કે કાર્ડની સ્પીડ જાણવી કેવી રીતે? એવું બની શકે કે કાર્ડ પર MB/સેકન્ડમાં સ્પીડ લખેલી હોય. જો એવું નથી તો તમે કાર્ડની સ્પીડ કાર્ડ પર બનેલા નિશાન પરથી કરી શકો છો. કાર્ડ


**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૫ ઉપર)**

*આપણે જેમ વધુ જાણતા થઈએ છીએ તેમ તેમ આપણને આપણા અજ્ઞાનનું વધુને વધુ જ્ઞાન થતું જાય છે.*

સરદાર સરોવર નર્મદા નિગમ

# કચ્છમાં નર્મદા નદીના સિંચાઈના જળના અવતરણનો આંખે દેખ્યો અહેવાલ

• અશોક મહેતા •



*રાપર તાલુકાનાં નાના હમીરપર પાસેના પમ્પિંગ સ્ટેશન ખાતે નર્મદા જળની પૂજા કરતાં ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને કેનાલમાં ખળખળ વહેતાં નીરને વધાવતા ગ્રામજનો.*

## • ટેકનિકલ માહિતી :

નર્મદા નદીની મુખ્ય કેનાલમાંથી સાંકળ ૩૮૫.૮૧ કિ.મી. પરથી એટલે કે બનાસકાંઠાના કાંકરેજ તાલુકાના સલીમગઢ ગામથી કચ્છ બ્રાંચ કેનાલ શરૂ થાય છે. કચ્છ બ્રાંચ કેનાલને અહીં સાંકળ ૦૦ ગણવામાં આવે છે. કચ્છ બ્રાંચ કેનાલની સલીમગઢથી માંડવી સુધીની લંબાઈ ૩૫૭.૧૮૫ કિ.મી. નિર્ધારિત કરેલ છે.

આ કેનાલ ૮૨.૩ કિ.મી. સુધી ઉત્તર ગુજરાતના બનાસકાંઠા તથા પાટણ જિલ્લામાંથી પસાર થાય છે. ૮૨.૩ કિ.મી.થી કચ્છનો પ્રદેશ શરૂ થાય છે. ત્યાંથી ૮૪ કિ.મી.થી રણ પ્રદેશ શરૂ થાય છે અને ૯૪ કિ.મી. પર રણપ્રદેશ પૂરું થતાં તે કચ્છની તળભૂમિમાં દાખલ થાય છે.

આ કેનાલની સાંકળ ૧૦૦.૯૭ કિ.મી. પર રાપર તાલુકાના મંજુવાસ પાસે પ્રથમ પમ્પિંગ સ્ટેશન આવે છે અને સાંકળ ૧૧૧.૭૫ કિ.મી. પર રાપર તાલુકાના નાની હમીરપર ગામ પાસે બીજું પમ્પિંગ સ્ટેશન આવે છે. નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલની સાંકળ ૧૪૪.૦૦ કિ.મી. સુધી એટલે કે રાપર તાલુકાના જેસડા ગામ સુધી કામ પૂર્ણ કરી દેવામાં આવેલ છે.

## • નર્મદાના નીરનું લોકાર્પણ :

ગત તા. ૧૮-૪-૨૦૧૫ના રોજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા સાંકળ ૧૧૧.૭૫ કિ.મી.ના પમ્પિંગ સ્ટેશન પર ચાંપ દબાવી નર્મદાના નીરનું કચ્છમાં લોકાર્પણ કરવામાં આવ્યું. આ નીરને ઉપસ્થિત વિશાળ જન મેદનીએ ખૂબ જ હર્ષોલ્લાસ વચ્ચે વધાવી લીધા. ત્યારબાદ આ નીર જેસડા સુધી એટલે કે સાંકળ ૧૪૪ કિ.મી. સુધી વહાવવાના શરૂ થયા.

## • શ્રી કચ્છી સમાજ - અમદાવાદ :

શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું એક પ્રતિનિધિ મંડળ કચ્છના આ હર્ષોલ્લાસમાં ભાગ લેવા ફતેહગઢ ખાતેના કાર્યક્રમમાં સમયસર ઉપસ્થિત રહેવા પહોંચી ગયેલ હતું. આ પ્રતિનિધિ મંડળમાં શ્રી અશોક મહેતા, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર તથા શ્રી ચીમનભાઈ પલણનો સમાવેશ થયેલ હતો.

## • કાર્યક્રમનો શુભારંભ :

બરાબર સવારના ૧૦ વાગે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, રાજ્યમંત્રી શ્રી તારાચંદભાઈ છેડા, કચ્છ જિલ્લા ભાજપના પ્રમુખ શ્રી પંકજભાઈ મહેતા, કચ્છના સાંસદ શ્રી વિનોદભાઈ

*જે છે, એ સંજોગોમાંથી સારામાં સારો લાભ મેળવી લેવાની શક્તિને સંતોષ કહે છે.*

ચાવડા, ધારાસભ્યશ્રીઓ નીમાબેન આચાર્ય, વાસણભાઈ આહીર, રમેશભાઈ મહેશ્વરી, કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ત્રિકમભાઈ છાંગા, નર્મદા નિગમના ડાયરેક્ટર શ્રી મૂકેશભાઈ ઝવેરી તથા અધ્યક્ષ શ્રી એસ.એસ. રાઠોર, પૂર્વસાંસદ શ્રી પુષ્પદાનભાઈ ગઢવી તથા પૂનમબેન જાટ, ઉદ્યોગપતિ શ્રી દામજીભાઈ એંકરવાલા વગેરે પધારેલ હતા અને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ હતી.

સૌપ્રથમ સરસ્વતી કન્યા વિદ્યાલયની બાળાઓના પ્રાર્થના ગીત અને ત્યારબાદ રીટા આહીરના નમામિ દેવી નર્મદેના સ્તુતિ ગીત બાદ કાર્યક્રમની શરૂઆતમાં નિગમે તૈયાર કરેલ નર્મદા કેનાલ વિશેની ડોક્યુમેન્ટરી બતાવવામાં આવેલ હતી. મુખ્ય કેનાલમાંથી ટોટલ ૩૮ બ્રાંચ કેનાલના આયોજન પૈકી ૩૭ બ્રાંચ કેનાલોના કાર્ય પૂર્ણ કરી દેવામાં આવેલ છે અને બાકી રહેતી કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો ચાલુ છે તેવું આ ડોક્યુમેન્ટરીમાં બતાવવામાં આવેલ. કચ્છ બ્રાંચ કેનાલ કચ્છમાં દાખલ થયા પછી ત્રણ પમ્પિંગ સ્ટેશન – મંજુવાસ, નાની હમીરપર અને ભચાઉ – આવે છે કે જેની ટોટલ કિંમત રૂા. ૫૮૨ કરોડ થાય છે. કચ્છ બ્રાંચ કેનાલના કારણે કચ્છના ૭ તાલુકાના ૧૮૨ ગામમાં ૨,૮૫,૦૦૦ એકર જમીન પર સિંચાઈના નિયમિત પાણી પહોંચાડવામાં આવશે અને તેના થકી કચ્છના ૮૮૬ ગામ તથા ૮ શહેરને પીવાના પાણી પહોંચાડી શકાશે.

- **પ્રવચનો :**

સરદાર સરોવર નર્મદા નિગમના અધ્યક્ષ તથા મેનેજિંગ ડાયરેક્ટર શ્રી એસ.એસ. રાઠોરે જણાવેલ કે અનેક પડકારો પછી અને સતતપણે કાર્યશીલ રહ્યા બાદ જ આ પાણી કચ્છ સુધી પહોંચાડી શકાયા છે. પડકારોની વાત કરીએ તો જરૂરિયાત મુજબ સાયફન, ઍક્વાડક્ટ, અલગ અલગ પ્રકારના સ્ટ્રક્ચર્સ વગેરેની ડિઝાઈન કરી તેનો સફળતાપૂર્વક પાણી વહાવવામાં ઉપયોગ કરવામાં આવેલ છે. ૧૪૪ કિ.મી. સુધીના કામો પૂરા થઈ ગયેલ છે. સાંકળ ૧૪૪થી ૧૬૭ સુધીના ૨૩ કિ.મી.માં ડેઝર્ટ વાઈલ્ડ લાઈફ સેન્ક્ચ્યુઅરી આવે છે કે જેની સુપ્રીમ કોર્ટની પરમિશન બાકી છે. એ સિવાય સાંકળ ૩૫૮ સુધીના રૂા. ૨૧૦૦ કરોડના કામો તેજ ગતિથી ચાલુ રાખવામાં આવેલ છે.

કચ્છ જિલ્લા ભાજપના પ્રમુખ શ્રી પંકજભાઈ મહેતાએ જણાવેલ કે કચ્છ માટે આઝાદી પછીની આ સદીની મોટામાં મોટી ઘટના આજે બનવા પામેલ છે. સિંધુ નદીના પાણી કચ્છમાં આવતા બંધ થયા પછી નર્મદાના પાણીના લોકાર્પણથી દરેક કચ્છીના હૃદયમાં હેલી ઉપજેલ છે. ચાર વર્ષ અગાઉ એટલે કે તા. ૨-૪-૨૦૧૧ના તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલ ખાત મુહૂર્તના શુભ પરિણામો આજે આપણે જોઈ રહેલ છીએ.

રાજ્યમંત્રી શ્રી તારાચંદભાઈ છેડાએ જણાવેલ કે મુખ્ય મંત્રીશ્રીએ જે વચન આપેલ, તેને આજે તેઓએ પાળી બતાવેલ છે. તેથી તેઓને માત્ર અભિનંદન ન આપતા હું તેમને સેલ્યુટ કરું છું.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પોતાના પ્રવચનની શરૂઆતમાં 'નર્મદે સર્વદે'નો જયઘોષ કરાવેલ. તેઓશ્રીએ જણાવેલ કે કચ્છનું ભૂતળ ઊંચું હોવાથી ગ્રેવિટીથી પાણી ન આપી શકાયું તેનું દુઃખ છે. પરંતુ ટેકનોલોજીની દેનના ઉપયોગથી - લિફ્ટ એન્ડ ફૉલની પધ્ધતિથી – કચ્છનું સ્વપ્ન સાકાર થઈ શકેલ છે તે બદલ ગર્વની લાગણી વ્યક્ત કરેલ હતી. તેઓએ સદ્ગત ધીરુભાઈ શાહ તથા સદ્ગત વાઘજીભાઈ પટેલને યાદ કરીને તેમને શ્રધ્ધાંજલિ અર્પણ કરેલ હતી. નર્મદા કેનાલના કામો સફળતાપૂર્વક પાર પાડવા તેઓશ્રીએ નર્મદા નિગમના એન્જિનિયર્સ તથા વીજ કંપનીના અધિકારીઓનો ખૂબ જ આભાર માનેલ હતો. કેનાલના કામ માટે પોતાની જમીન અર્પણ કરનાર ખેડૂતોનો પણ આભાર માનેલ હતો. વિશેષમાં તેઓશ્રીએ જણાવેલ કે કેટલાક ખેડૂતોએ તો આ ઉમદા કાર્ય માટે કોઈ પણ પ્રકારની રકમ લીધા વગર વિનામૂલ્યે પોતાની જમીન સરકારશ્રીને અર્પણ કરેલ છે, ત્યારે તેઓની ભાવનાથી ગદ્ગદિત થઈ જવાય છે. તેમણે જણાવેલ કે થોડા દિવસ અગાઉ જ તેઓએ ઢાંકીથી માળિયા વગેરે પીવાના પાણીની ત્રણ પાઈપ લાઈનનું રૂા. ૨૫૦૦/- કરોડના ખર્ચે તૈયાર કરાવી તેનું લોકાર્પણ કરેલ છે. તેથી કચ્છને એક તરફ પીવાના પાણી અને હવે સિંચાઈના પાણી નિયમિત મળતા રહેશે તેનો આનંદ વ્યક્ત કરેલ હતો. તેઓએ જમીન સુધારણા બીલ, ધરતીકંપ સમયે ધોરણ-૧૦/૧૨ના વિદ્યાર્થીઓની પરીક્ષા તથા ગામડામાં ઘરે ઘરે ટોઈલેટની યોજના વિષે પણ વિગતવાર રજૂઆત કરેલ હતી. ૪૫ મિનિટના પ્રવચનમાં તેઓશ્રીએ જણાવેલ હતું કે તેઓ આજે દયાપર ખાતે રૂા. ૨૦૦ કરોડના ખર્ચે પાણી પુરવઠાની યોજનાનું ખાતમુહૂર્ત કરવાના છે કે જેના કારણે લખપત - અબડાસાના વિસ્તારની જનતાને પીવાનું પાણી નિયમિતપણે પહોંચાડી શકાશે.

અંતમાં આભારવિધિ નર્મદા નિગમના ડાયરેક્ટર શ્રી મૂકેશભાઈ ઝવેરીએ કરેલ હતી. ■

*કુદરતનું કામ જેટલું કષ્ટરહિત અને સરળ દેખાય છે,*
*એવું જ કામ શિક્ષણનું પણ થવું જોઈએ.*
*જેવી રીતે માછલી તરતાં શીખે,*
*પંખીઓ ઊડતાં શીખે,*
*અને પશુઓ દોડતા શીખે,*
*એવી રીતે*
***બાળકોએ વિદ્યા શીખવી જોઈએ / બાળકોને વિદ્યા શીખવવી જોઈએ.***

સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....
MRL GROUP
**MRL CLEARING AND FORWARDING PVT. LTD.**
(CHA No. 11/374)
13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com
**Clearing, Forwarding & Shipping Agents**

વિચાર વિમર્શ

# ભૂતકાળને ભૂલીને વાસ્તવિક બનીએ

• ડૉ. યાસીન દલાલ •

વાત વાતમાં આપણે આપણી પરંપરાઓ, આપણા ભવ્ય ભૂતકાળ, આપણા રીતરિવાજોની દુહાઈ દઈએ છીએ. એ પછી પશ્ચિમની અને દુનિયાના બીજા ભાગોની સંસ્કૃતિ અને પરંપરાઓ તો જાણે ઊતરતી કક્ષાની હોય એમ એની ટીકા શરૂ કરીએ છીએ. ધીમે ધીમે આપણે તદ્દન નીચી કક્ષાએ આવીને સામાન્ય સમજમાં પણ ન ઊતરે એવી દલીલો કરીએ છીએ અને આપણી માન્યતાઓને યોગ્ય ઠેરવવા માટે વિકૃત તર્કશાસ્ત્રનો આશ્રય લઈએ છીએ.

રાજકીય વ્યવસ્થા તરીકે આપણે ભલે લોકશાહી અપનાવી, પણ આપણી પરના ભૂતકાળની પરંપરાઓના વળગણને લીધે આપણે ઉપરથી લોકશાહી વ્યવસ્થાનો અંચળો ઓઢીને અંદરથી તો પ્રાચીન રાજાશાહી, સામંતશાહી અને વંશપરંપરાગત વ્યવસ્થાને જ પોષીએ છીએ. પરિણામે રાજકારણથી માંડીને સિનેમા સુધીનાં ક્ષેત્રોમાં ગાદીવારસો જોવા મળે છે અને બે-ત્રણ કુટુંબો જ જાણે શાસન કરતાં જોવા મળે છે. ધાર્મિક મઠાધીશો પણ પોતાની ઉંમર થવા લાગે ત્યારે પુત્ર પુત્રીઓને વારસદાર તરીકે તૈયાર કરવા માંડે છે. લોકશાહી મૂલ્યોની વાત આવે ત્યારે આપણે ડરી જઈએ છીએ કેમ કે આપણા દિમાગ પર તો પેલાં જરીપુરાણાં મૂલ્યો જ છવાયેલાં રહે છે.

આપણે ભૂલી જઈએ છીએ કે દુનિયામાં ક્રાંતિ અને પરિવર્તન વ્યક્તિઓ લાવી છે. કોઈ ટોળું કે પરંપરાથી લદાયેલો સમૂહ પરિવર્તન લાવી શકતું નથી. ગેલેલિયો અને કોપરનિક્સે જ્યારે પોતાની વ્યક્તિગત પ્રતિભાથી બ્રહ્માંડનાં રહસ્યો ખોલવા માંડ્યાં ત્યારે કટ્ટર ધાર્મિકતામાં રાચતા સમાજે તો એમને શિક્ષા કરી હતી અને પરિવર્તન રોકવાની કોશિશ કરી હતી. માર્ક્સ, એન્જલ, સાર્ત્ર, ફ્રોઈડ હોય કે રજનીશ હોય, વ્યક્તિગત પ્રતિભાના આવિષ્કારે જ પરંપરાઓના કવચને ભેદ્યું છે.

મારા ઘરમાં ઈલેક્ટ્રિક પંખો હાજર હોય, છતાં હું જૂના જમાનાનો હાથનો વીંઝણો હાથમાં પકડીને બેસી રહું ખરો? કોલસાની સગડીથી ત્રાંસી ગયેલી ગૃહિણીઓ ગેસનો ચૂલો મેળવવા માટે પડાપડી કરતી હોય છે. એક જમાનામાં ડોશીઓ ઘરમાં જ પથ્થરની ઘંટી ફેરવતી અને દળણું દળતી એ દૃશ્ય હવે ગયું. હવે નવા જમાનાની ઓટોમેટિક ઘરઘંટી આવી ગઈ છે અને મરચાંની ચટણી કરવા માટે મિક્સર-ગ્રાઈન્ડર રસોડામાં તૈયાર જ હોય છે. જેમ જીવનના રોજબરોજનાં કામ માટે આપણે આધુનિક ટેકનોલોજી અપનાવી લીધી એમ જ રોજબરોજનાં વૈચારિક વ્યવહારમાં આપણે આધુનિક બની શકતા નથી. પરિણામે એક વિરાટ વિરોધાભાસમાં આપણે અટવાયા કરીએ છીએ. બ્યુટી પાર્લરમાં જઈને અત્યંત આધુનિક શૈલીના વાળ કપાવતી અને આધુનિક ફેશનનાં કપડાં પહેરતી યુવતીઓ મનની કોઈ ઈચ્છા પૂરી કરવા માટે એક ટાણાં કરે ત્યારે આ જબ્બર વિરોધાભાસનું એક નવું જ પરિણામ સામે આવે છે.

આપણી સ્થિતિ કોઈ નિકટના સ્વજનના મૃત્યુના આઘાતમાં એ હજી જીવે જ છે, એમ માનીને સતત એના ભણકારા સાંભળ્યા કરતા માણસ જેવી છે. આવી વ્યક્તિને દિવસ-રાત સ્વસ્થતામાં અને સપનામાં પેલી વ્યક્તિનું જ ભૂત દેખાયા કરે છે. વારંવાર એનો અવાજ સાંભળીને એ ઝબકી જાય છે. પણ એ વાસ્તવમાં ભ્રમ હોય છે. આવા માણસને ફરીથી સ્વસ્થ બનાવવા માટે મનોચિકિત્સક પાસે લઈ જવો પડે છે. સામૂહિક રીતે આપણે સૌ આવા મનોરોગી બની ગયા છીએ. સતત આપણને આપણી પ્રાચીનતા, આપણી પરંપરા અને આપણી જરીપુરાણી આસ્થાના ભણકારા સંભળાયા કરે છે. આ રુગ્ણ મનોદશામાં આપણે વર્તમાન સાથે કોઈ સંધાન સાધી શકતા નથી અને પ્રાચીન મૂલ્યોના વળગણની માયાજાળમાં જ ફસાયેલા રહીએ છીએ. આનું એક મોટું ઉદાહરણ ટેલીવિઝન જેવા માધ્યમનો આપણે ઘણી વાર જે ઉપયોગ કરીએ છીએ તેનું છે. ટેલીવિઝન પોતે જ આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો જબરદસ્ત આવિષ્કાર છે અને છતાં, આપણે વિજ્ઞાનના આ અતિ આધુનિક માધ્યમ ઉપર જ જરીપુરાણી દંતકથાઓ અને ધડ માથા વિનાની ધાર્મિક ચમત્કાર કથાઓ પ્રસારિત કરીએ છીએ! વિજ્ઞાનની શોધખોળનો સ્વાર્થી રાજકારણીઓ અણુબોમ્બ બનાવવામાં દુરુપયોગ કરે ત્યારે આપણે એના પર તૂટી પડીએ છીએ, પણ અણુબોમ્બથી ખતરનાક એવા આ વૈચારિક દુરુપયોગ પ્રત્યે ચૂપ રહીએ છીએ. હવે વિજ્ઞાને બ્રહ્માંડનાં અનેક રહસ્યો ખોલી નાખ્યાં અને બતાવ્યું છે કે બ્રહ્માંડમાં હજારો, લાખો ગ્રહો, ઉપગ્રહો, તારા છે. પંચાંગમાં જે જ્યોતિષનાં પુસ્તકોમાં નથી દર્શાવ્યા એવાં કેટલાયે નવા ગ્રહો અને નક્ષત્રોની શોધ થઈ ચૂકી છે અને હજી ચાલી રહી છે. અને છતાં આપણે ટેલિવિઝન જેવા ઈલેક્ટ્રોનિક માધ્યમ ઉપર પણ ગ્રહોના ફળાદેશ જાણવા માટે આતુર બની જઈએ છીએ. પરિણામે, આપણે ટેકનોલોજીના ઉપયોગમાં આધુનિક પણ આંતરિક વિચારધારામાં એના એ જ જરીપુરાણા રહીએ છીએ. **"જૂતા હૈ જાપાની, પર દિલ હૈ હિન્દુસ્તાની" જેવો જ ઘાટ થાય છે.**

દંતકથાને સત્ય કથન સાથે નિસબત હોતી નથી અને આપણને દંતકથાઓના ઘેનમાં મસ્ત રહેવાની ટેવ પડી ગઈ છે. હજી લાખો લોકો એમ માને છે કે આપણા દેશમાં જૂના જમાનામાં પણ વિમાનો અને રોકેટો

*જેને પોતાનામાં વિશ્વાસ છે તે જ બીજાનો વિશ્વસનીય બની શકે છે.*

હતાં! આનો આધાર શો? એમ પૂછીએ ત્યારે થોડી અગડમ બગડમ દલીલો આવે અને સાથે એવી દલીલ આવે કે ઘણા પર્વતોમાં એવી ગુફાઓ છે જેમાં મોટાં વિમાનો રહી શકે! પણ, ધડમાથા વિનાની દલીલો કરતા આ લોકો મૂળ વાત ભૂલી જાય. એમને આપણે પૂછીએ કે એ બધાં વિમાનો, રોકેટો ક્યાં ગયાં? તો જવાબ મળે કે એ તો સંસ્કૃતિઓનો વિનાશ થાય છે એમાં આ વિમાનો પણ નાશ પામ્યાં! (સાથે, મોહેં જો દડો જેવા ખંડેરો મળી આવ્યાં એનો પણ ઉલ્લેખ કરે). પણ આ ભોળા લોકોને કોણ સમજાવે કે ભાઈ, ચીજવસ્તુનો નાશ થાય પણ ટેકનોલોજીનો નાશ ન થાય. ઘડીભરને માટે માની લઈએ કે પૃથ્વી પરથી બધા ટેલીવિઝન સેટ નાશ પામે અથવા આકાશમાં ફરતા બધા કૃત્રિમ ઉપગ્રહો સળગી જાય તો શું થાય? માણસ તરત નવા ટેલીવિઝન સેટ અને નવા ઉપગ્રહો બનાવી લે. કેમ કે આપણી પાસે એ બનાવવાની ફોર્મ્યુલા અને ટેકનોલોજી તો હાજર જ છે! ગમે તેવી કુદરતી આપત્તિઓ આવે અને કોઈ શહેર કે દેશ આખો નાશ પામે તો પણ જ્ઞાન, વિજ્ઞાન કે ટેકનોલોજી નાશ પામે નહીં. જો સદીઓથી વેદો, ઉપનિષદો અને ધર્મગ્રંથો ટક્યા તો વિમાન અને રોકેટો કેમ ન ટક્યાં! પણ દંતકથાઓ અને જરીપુરાણા ગ્રંથોના સમૂહ કેફમાં રાચવાનો એક મોટો ગેરલાભ જ આ છે. એક માણસ વિચારે એમ જ બધા માણસો વિચારવા માંડે છે. કોઈ સ્વતંત્ર બુદ્ધિ દોડાવે જ નહીં. આવી ‘સામૂહિક ગેરસમજ’ હવે તો આપણી પ્રગતિની આડેનો એક મોટો પથ્થર બની ગઈ છે. આધુનિકતાનાં પરિબળો સાથે આપણે કામ જ ન પાડી શકીએ, એવી સ્થિતિ સર્જાઈ છે. પોતાના ભૂતકાળના વારસાનો બોજ માથે ઊંચકીને ફરતી રહેતી પ્રજા એ બોજથી જ એટલી થાકી ગઈ હોય છે કે એનામાં નવું કશું જાણવાની કે સમજવાની હોંશ જ રહેતી નથી. અને દંતકથાઓ તથા પુરાણકથાઓ તો વંશવારસાની, રાજા મહારાજાની, એમના રાજ્ય અભિષેકની, એમની રાણીઓની, એમની લડાઈઓની અને આંતરિક ખટપટોની જ વાતો કરશે. આવી કથાઓથી ટેવાયેલી પ્રજા આધુનિક લોકશાહીમાં ચૂંટાઈને આવતા નેતાને પણ કોઈ દેવી અવતાર કે મહારાજ તરીકે જ જુએ છે! પરિણામે એ નેતા પણ પોતાનાં પુત્ર-પુત્રીને સત્તાનો વારસો સોંપી દે ત્યારે આ પ્રજાને એમાં કોઈ નવાઈ લાગતી નથી! એને એમ નથી થતું કે આ તો લોકશાહી રસમની જ વિરુદ્ધ છે. પરિણામે આપણી લોકશાહી પણ રાજાશાહી અને ધર્મશાહીનું કઢંગું મિશ્રણ બનીને રહી ગઈ છે.

કહેવાનો આશય એ નથી કે ઈતિહાસ અને ભૂતકાળના વારસાને સાવ જ ભૂલી જવો કે ફેંકી દેવો. ઈતિહાસ એ મનુષ્યની ઉત્ક્રાંતિનો ઈતિહાસ છે અને ભૂતકાળમાંથી શીખતો રાખતો જ માણસ વર્તમાન અવસ્થાએ પહોંચ્યો છે. પણ, ભૂતકાળનાં જે મૂલ્યો કે રીતિઓ દેખીતી રીતે જ આજના માપદંડથી નિરર્થક જણાતાં હોય કે પ્રગતિ માટે બાધક લાગતાં હોય કે વૈચારિક રીતે જેમાં જડતા જ દેખાતી હોય એવાં મૂલ્યોને પણ બળપૂર્વક વળગી રહેવામાં કોઈ શાણપણ નથી. આજનું આખું જનજીવન અને એની કાર્યશૈલી જ બદલાઈ ગયાં છે. સુપરસોનિક વિમાનના જમાનામાં કોઈ માણસ બળદગાડામાં બેસીને અમદાવાદથી મુંબઈનો પ્રવાસ કરવાનું પસંદ કરે નહીં. એમ મનોવિજ્ઞાન અને મનોવલણોના નવા નિયમો અને માણસની વર્તણૂકને સમજાવતું આખું શાસ્ત્ર સામે હોય ત્યારે પણ આપણે જરીપુરાણા ચમત્કારો, મેલી વિદ્યા કે, મંત્રતંત્રમાં વિશ્વાસ રાખીએ ત્યારે એક મોટો વિરોધાભાસ સર્જાય છે.

બધી કળાઓ પણ દંતકથાનું અર્થઘટન કરવાનો જ પ્રયત્ન કરે છે. અને એ પ્રક્રિયામાં સંખ્યાબંધ દંતકથાઓને નકારવી પડે છે. પ્રાચીન ગ્રંથોમાં બહુપત્નીત્વ કે બહુપતિત્વનો મહિમા ગાવામાં આવ્યો હોય, પણ આજના વિશ્વનાં મૂલ્યો સાથે એનો કોઈ મેળ જ ખાતો ન હોય તો એ દંતકથાને ઉપસારતા રહેવામાં કોઈ શાણપણ રહેતું નથી. બલકે, આજના સમાજને પણ એ બે ડગલાં પાછળ ધકેલવામાં જ મદદ કરે. સમયની જરૂરિયાતો મુજબ પ્રાચીન ગ્રંથો કે કક્ષાઓ કે કળાઓનું નવું અર્થઘટન કરવું જ પડે. અલબત્ત, માનવીય સંબંધોના તાણાવાણાં અને પાયાનાં મૂલ્યોને જાળવવાં જ જોઈએ, પણ એ સંબંધોમાં પણ ભેદભાવ ઉત્પન્ન કરતી અને મનુષ્યના ગૌરવને હણી લેતી પ્રાચીન માન્યતાઓ અને પૂર્વગ્રહોમાંથી છુટકારો મેળવવો જ પડે. આપણા દેશમાં લગભગ દરેક જ્ઞાતિ બીજી જ્ઞાતિના સભ્યો માટે જાત જાતના પૂર્વગ્રહોમાં રાચે છે એની પાછળ ભૂતકાળ માટેનું આપણું આ વળગણ જ કામ કરે છે. સમૂહ કે જૂથ ઉપર આધારિત અને એમની વચ્ચે સરસાઈ મેળવવાની કાતિલ સ્પર્ધામાં રાચતી સમાજ વ્યવસ્થાને સ્થાને વ્યક્તિગત ગુણવત્તાને માન્ય રાખતી અને સહિષ્ણુતા તથા સહઅસ્તિત્વનો પુરસ્કાર કરતી સમાજરચના જ મનુષ્યનો સાચા અર્થમાં વિકાસ કરી શકે.

*સૌજન્ય પબ્લિકેશન્સ*
*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

**એક્ટીવ - પેસિવ**

**માત્ર અંગ્રેજીમાં એક્ટીવ વોઈસ અને પેસિવ વોઈસ હોય એવું નથી. હિંદીમાં પણ હોય છે! જુઓ....**

**પત્ની : સોને કી ચેન કબ દોગે?**

**પતિ : ચેન સે સોને કબ દોગી?**

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

# જે ધર્મ સમય સાથે કદમ મિલાવી શકતો નથી તે ધર્મ કાળક્રમે ઘસાઈ જાય છે

● ચંદ્રહાસ ત્રિવેદી ●

સંજોગોવશાત્ એક રાજવીએ તેના રાજ્યમાં આવેલા એક નાના ગામના દેવસ્થાનની યાત્રાએ જઈને ત્યાં બિરાજેલા માતાજીને નૈવેદ્ય ધરાવવાની બાધા રાખી. યોગાનુંયોગ રાજાની બાધા ફળી એટલે તેણે તદ્દન આછી વસતિવાળા એ ગામડાની મુલાકાતે જઈને બાધા પૂરી કરવાની તૈયારી કરી. તે પ્રમાણેના વાર - તારીખ નક્કી થઈ ગયા. રાજ્યના અધિકારીઓએ રાજાને કંઈ અગવડ ન પડે તે રીતની બધી વ્યવસ્થા કરી પ્રવાસની ગોઠવણ કરી.

પ્રવાસનું નક્કી થતું હતું ત્યારે રાજાએ તે અધિકારીઓને કહ્યું કે એ ગામ રાજ્યની સરહદે આવેલું છે. હું ત્યાં ક્યારેય ગયો નથી. આજે જ્યારે ત્યાં જવાનું જ થયું છે ત્યારે મારી ઈચ્છા છે કે તે ગામના લોકોને મળીને થોડીક વાતચીત કરું. ગામના લોકો પછાત અને અભણ હતા. આ પહેલાં રાજ્યનો કોઈ મોટો અમલદાર ત્યાં ગયેલો નહિ એટલે અધિકારીઓમાંથી એક બે જણ આગળથી ગામની મુલાકાત લેવા ગયા અને ગામલોકોને રાજાની મુલાકાત વિશે માહિતગાર કર્યા અને રાજા કંઈ પૂછે તો કેમ બોલવું, કેમ વર્તવું તે વિશે સમજાવ્યું.

ગામલોકોએ કહ્યું, 'અમને રાજાસાહેબ સાથે વાત કરતા આવડે નહિ. અમારા ગામમાં થોડુંક ભણેલો એક માણસ છે. તેને જ તમે બધું સમજાવો. તે અમારા સૌના વતી રાજા સાથે બોલશે અને અમે તો રાજાનો જય જયકાર કરી તેમનું સન્માન કરીને બેસશું અને રાજાસાહેબ જે કહેશે તે સાંભળ્યા કરીશું.'

અધિકારીને ગામલોકોની વાત ઠીક લાગી. એટલે તેમણે ગામલોકોએ આગળ કરેલા માણસને બધી વાત સમજાવી, રાજા જ્યારે કોઈ નવા સ્થળે જાય ત્યારે તે ગામલોકોને જે પ્રશ્નો સામાન્ય રીતે પૂછતા હતા તેના ઉત્તરો અધિકારીઓએ પેલા માણસને ગોખાવ્યા - જેથી કંઈ ભૂલ પડે નહિ અને પ્રસંગ સચવાઈ જાય. સામાન્ય રીતે રાજા એક જ ક્રમમાં પ્રશ્નો પૂછતા હતા. તેમનો પહેલો પ્રશ્ન રહેતો : 'તમે શું કરો છો?' તેમનો બીજો પ્રશ્ન હોય, 'તમને કેટલાં વર્ષ થયા?' અને છેલ્લે રાજા પૂછે, 'તમે કેટલા સમયથી અહીં કામ કરો છો?' ગામલોકોના પ્રતિનિધિએ આ ત્રણેય પ્રશ્નોના ઉત્તરો ગોખી નાખ્યા અને વાત સમજી લીધી.

બીજી બાજુ અધિકારીઓએ રાજાને સમજાવ્યું કે આ ગામના લોકો અભણ છે. રાજ્યના ઉપરી અમલદાર સાથે કેમ વર્તવું તેની તેમને ખબર નથી. તેથી તમે હંમેશની જેમ તેમની સાથે સામાન્ય વાત કરજો. બાકી તેમની પરિસ્થિતિ વિશેની બધી વિગતો અમે મેળવી લઈશું. તમે હંમેશાં પૂછો તે પ્રશ્નો પૂછજો, જેનો ગામલોકોનો પ્રતિનિધિ ઉત્તર આપશે. તેઓ તમારું સન્માન કરશે. આમ તમને પ્રજાને મળ્યાનો આનંદ થશે અને ગામલોકોને પણ સારું લાગશે.

નિર્ધારિત સમયે - દિવસે રાજા ગામમાં આવ્યા. માતાજીના મંદિરે જઈને બાધા પૂરી કરીને ગામના ચોતરે ગામલોકોને મળવા માટે આવ્યા. ગામલોકોએ તેમનો જય જયકાર કર્યો અને લોકોએ તેમના પ્રતિનિધિને આગળ કર્યો. રાજાએ તેને પૂછ્યું, 'તમે શું કરો છો?'

પેલાએ ઉત્તર આપ્યો, 'પૂજારી છું.'

રાજાએ પછી જે પ્રશ્ન કર્યો તે બીજાને બદલે ત્રીજો હતો. રાજાએ પૂછ્યું, 'કેટલા સમયથી આ કામ કરો છો?'

પેલા માણસે કહ્યું, 'સિત્તેર વર્ષથી.'

પેલો માણસ યુવાન હતો. તેથી રાજાને નવાઈ લાગી. એટલે તેમણે બીજો પ્રશ્ન પૂછ્યો, 'તમારી ઉંમર કેટલી?'

પેલા માણસે કહ્યું, 'ત્રીસ વર્ષ.'

ગામલોકોના પ્રતિનિધિનો આ ઉત્તર સાંભળતા રાજા ગુસ્સે થઈ ગયો. તે જોઈને પેલાએ રાજાને પગે પડતા કહ્યું, 'મને જેમ ગોખાવેલું તેમ મેં ઉત્તર આપ્યા છે. ભૂલ થઈ હોય તો માફ કરજો.' અધિકારીઓએ વાતને વાળી લીધી અને ગામલોકો વિખરાઈ ગયા.

આજે આપણા ધર્મોની પરિસ્થિતિ કંઈક આવી જ છે. બધું રટ્યું - રટાવ્યું, જેનો વર્તમાન સાથે મેળ ઓછો. **આપણા ધર્મસ્થાનોમાં એના એ જ પ્રશ્નો અને એના એ જ ચીલાચાલુ ઉત્તરો. પછી નવી પેઢી ધર્મથી વિમુખ થતી જાય તેમાં શું નવાઈ?** આગળના ધર્માચાર્યોએ જે વાતો કરી હતી તે સમય બદલાઈ ગયો. સ્થળ બદલાઈ ગયા અને **વૈજ્ઞાનિક શોધોને કારણે તેના સંદર્ભો બદલાઈ ગયા. અરે! જીવનના મૂલ્યો બદલાઈ ગયા.** તો પણ હજુ આપણે પુરાણી કુંચીઓથી વર્તમાન જીવનની સમસ્યાઓ સુલઝાવવા માગીએ છીએ. તેથી આપણા ધર્મનો આપણી સાથે ઝાઝો મેળ મળતો નથી.

ભલે સત્ય બદલાતું ન હોય પણ જ્યારે જીવનના સંદર્ભો બદલાઈ જાય ત્યારે તેને નવી રીતે વિચારવાની જરૂર પડે છે. જે ધર્મ સમય સાથે કદમ મિલાવી શકતો નથી, તે ધર્મ કાળક્રમે ઘસાતો જાય છે. **વર્તમાન સમસ્યાઓ સાથે તાલમેલ સાધીને જે ધર્મ સમાધાન આપી શકે, તે ધર્મ જ ટકી શકે છે અને લોકોમાં સ્વીકાર્ય બની રહે છે.** યુગે યુગે ધર્મને નવા સંદર્ભોમાં રજૂ કરવા માટે તો ભગવાન અવતાર ધારણ કરે છે એ વાત સમજવા જેવી છે.

*'સુહાસ', ૬૪, જૈન નગર,*
*પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.*

*દુ:ખમાં કોઈની જરૂર નથી, પણ સુખને પૂરું માણવું હોય તો તમારી સાથે કોઈ ભાગીદાર હોવો જોઈએ.*

શિક્ષણ જગત

# શિક્ષકો આટલું વિચારે....!

• દિનેશ પાંચાલ - જર્નાલિસ્ટ •

નવસારીના શિક્ષણ જગતમાં ધ્રુવતારક જેવું અવિચળ સ્થાન પ્રાપ્ત કરી જનાર મદ્રેસા સ્કૂલના માજી આચાર્ય સ્વ. શ્રી સોરાબજી વાડિયાએ વિદ્યાર્થીઓને એક સુંદર સંદેશ આપ્યો હતો. તેમણે કહ્યું હતું : 'પૈસાથી તમે ટ્યુશનો મેળવી શકશો પરંતુ જ્યાં સુધી તમે પોતે મહેનત નહીં કરશો ત્યાં સુધી પરીક્ષામાં ઉત્તમ સિદ્ધિ મેળવી શકશો નહીં!' આ સંદેશો ફક્ત વિદ્યાર્થીઓએ જ નહીં માણસ માત્રએ જીવનમાં ઉતારવા જેવો છે. પ્રત્યેક માણસ સંસારના પરીક્ષા કેન્દ્રનો એક પરીક્ષાર્થી છે. આપણે સૌ જીવનની પરીક્ષા આપી રહ્યા છીએ. આપણા હાથમાં સંસારની અનેક અટપટી સમસ્યાઓનું પ્રશ્નપત્ર છે અને આપણું આયુષ્ય એ પ્રશ્નપત્રની અવધિ છે. જીવનની પરીક્ષામાં દર ત્રીજો પ્રશ્ન અઘરો કૂટપ્રશ્ન હોય છે. બચુભાઈ કહે છે, **'મુશ્કેલી એ છે કે એ પ્રશ્નપત્ર કદી ફૂટી જતું નથી. સમસ્યાઓની આગોતરી જાણ થતી નથી એટલે દરેકે પોતાની કોઠાસુઝથી એ પ્રશ્નો ઉકેલવાના રહે છે.'**

શ્રી વાડિયા સાહેબની નિષ્ઠા જોયા પછી કહેવાનું મન થાય છે કે શિક્ષક માત્ર શાળાનો પગારદાર કર્મચારી નથી. તે જીવતી મૂર્તિઓનો શિલ્પી છે. એની સામે બેઠેલો વિદ્યાર્થી માટીના લોચા જેવો હોય છે. શિક્ષકે તેમાંથી સુંદર મૂર્તિ ઘડવાની હોય છે. એકવીસમી સદીમાં શિક્ષણનો વ્યાપ વધ્યો છે, અભ્યાસક્રમો બદલાયા છે, સમાજ બદલાયો છે, મૂલ્યો બદલાયા છે. બધું જ બદલાયું છે પણ એક બાબત બદલાઈ નથી અને તે છે સમાજના ઘડતરમાં શિક્ષકનું મહત્ત્વ. જગતનો કોઈ સમાજ પોતાના ઘડતરમાં શિક્ષકોના માહાત્મ્યને અવગણી શકે એમ નથી. છેક દ્રોણગુરુથી માંડી સોરાબજી વાડિયા સુધીની ગુરુ પરંપરામાં હંમેશાં ગુરુનું મહત્ત્વ વધતું રહ્યું છે. દ્રોણગુરુએ એકલવ્યનો અંગૂઠો કાપી લઈ ગુરુના પદને લજવ્યું હતું. (પણ સોરાબજી વાડિયા એક વિદ્યાર્થીને ભણતરનું મહત્ત્વ સમજાવવા પોતે ઘરના છાપરે ચઢ્યા હતા)

શિક્ષણની આપણે શી વ્યાખ્યા કરીએ છીએ? સામાન્ય રીતે શિક્ષણ એટલે થોડીક યુનિવર્સિટીઓ, થોડાક અભ્યાસક્રમો અને ડિગ્રીના થોડા ફરફરિયાં...પણ એ બધાં કોઠાઓ પાસ કર્યા પછી શિક્ષણ પાસેથી સમાજને કેવા માણસો પ્રાપ્ત થાય છે તે વિશેષ ચિંતનમૂલ્ય મુદ્દો છે. **આજના શિક્ષણ પાસેથી સમાજને અબ્દુલ કલામ જેવા રત્નોની અપેક્ષા છે - અબુ સાલેમની નહીં!** આપણે પાંચ પંદર ગાંધીજી ભલે ના પકવી શકીએ પણ એકાદ બે મહાદેવભાઈ દેસાઈ તો સમાજને જરૂર મળવા જોઈએ. એક નાનકડી ઘટના યાદ આવે છે. બેંકમાં નોકરી ચાલુ હતી ત્યારે એકવાર અમારે ટ્રેનીંગ માટે બરોડા જવાનું થયું હતું. ત્યાં લારી પર ચા વેચતો એક છોકરો મોટેથી ગીત ગાતો હતો. ગીતના શબ્દો ચોક્કસ યાદ નથી પણ તેનો ભાવાર્થ કંઈક એવો થતો હતો : 'મારા હાથની ચા એકવાર પીશો તો તમારા ઘરની ચા ભૂલી જશો!' અમે એને પૂછ્યું, 'તને ગીતો ગાવાનું બહુ ગમે છે?' એણે કહ્યું, 'ગીત ગાવાથી થોડા વધારે ઘરાકો આવે તો મારા શેઠને ફાયદો થાય.' અમે પૂછ્યું, 'વધારે ગ્રાહકો આવે એમાં તને શું મળે...તારું તો કામ વધે!'

એણે કહ્યું, 'મને તો કાંઈ ના મળે પણ મને જે રોજી આપે છે તેનું ભલુ થાય તો મારું પણ ભલુ થાય ને? ભગવાન મને પણ ભવિષ્યમાં આવી લારી ખોલવાના આશીર્વાદ આપશે!' અમને એ છોકરાની વફાદારી સ્પર્શી ગઈ. સમાજનો પ્રત્યેક માણસ આવો પોઝિટીવ એટિટ્યુડ રાખે તો સમાજનું ચિત્ર જરૂર સુધરી શકે.

નેપોલિયને કહેલું, 'દરિયા વચ્ચે જન્મ લેનારે ચાલવા કરતાં તરવાનું પહેલાં શીખી લેવું પડતું હોય છે.' સમાજ વચ્ચે જીવનારને પણ ઈતિહાસ, ભૂગોળ અને ગણિતનું જ્ઞાન થોડું ઓછું હશે તો ચાલશે પણ સમાજમાં કેમ જીવવું તેની સમજ હોવી જોઈએ. આપણું દુર્ભાગ્ય એ છે કે આપણા શિક્ષણનો અભ્યાસક્રમ આદર્શ નાગરિક કે ઉત્તમ ઈન્સાનનો અભ્યાસક્રમ નથી બની શકતો. આપણને શીખવવામાં જુદું આવે છે અને જીવવામાં જુદું આવે છે. આજનો વિદ્યાર્થી જીવલેણ ગતિએ હોન્ડા દોડાવે છે, શિક્ષકોની ઠેકડી ઉડાવે છે. પરીક્ષામાં ચોરી કરતાં પકડાયેલો વિદ્યાર્થી છોભીલો પડી જવાને બદલે શિક્ષકને બહાર જોઈ લેવાની ધમકી આપે છે. ઘરે માબાપ શીખામણના બે બોલ કહે તો તેમનું ય અપમાન કરે છે. ચાર વિદ્યાર્થી એકમેકને ખભે હાથ મૂકી, અડધો રોડ રોકીને સાઈકલ ચલાવે છે. શાળામાં શિક્ષકો તેમને પેસિફિક મહાસાગરના પાઠો શીખવે છે, ટ્રાફિકના પાઠો કોઈ શીખવતું નથી. ગણિત અને ભૂમિતિ શીખવાય છે પણ જીવનની પરિમિતિ શીખવવામાં આવતી નથી. શિક્ષકો કહે છે, 'જીવનની વાતો શીખવવાનું અમારા અભ્યાસક્રમમાં આવતું નથી. અમે એવા પાઠો શીખવવા બેસીએ તો અમારો અભ્યાસક્રમ ક્યારે પૂરો કરીએ?' આજે શાળાઓમાં શું ભણાવાય છે તેની માહિતી નથી, પણ વિદ્યાર્થીઓ સમાજમાં જે રીતે વર્તે છે તે જોતાં શિક્ષણ વિશે નિરાશા ઉપજે છે. શિક્ષણ હવે કોયડાલક્ષી બની ગયું છે. કોયડાઓના જવાબો ગાઈડોમાંથી મળી શકે છે પણ જીવનના જવાબો શિક્ષણમાંથી જડતા નથી. એ કારણે બને છે એવું કે સમગ્ર શૈક્ષણિક કારકિર્દી દરમિયાન તેજસ્વી રહેલો વિદ્યાર્થી જીવનની પરીક્ષામાં ડિસ્ટીંક્શન સાથે નાપાસ થાય છે. જે શિક્ષણ જીવનવિમુખ હોય તે વ્યવહારમાં ઝાઝું ઉપયોગી નીવડતું નથી.

*સ્વતંત્રતાને ચાહનારા બહુ ઓછા હોય છે, મોટાભાગના તો સ્વચ્છંદતાને ચાહનારા હોય છે.*

એક પ્રશ્ન હંમેશાં સતાવે છે. સરકાર શિક્ષણ પાછળ લાખો રૂપિયા ખર્ચે છે ત્યારે એ શિક્ષણ કેવળ ડિગ્રી કે નોકરીલક્ષી શા માટે બની રહેવું જોઈએ? બી.એ, બી.કોમ. કે બી.એસ.સી. થયા પછી પણ માણસ માટે એક સારા માણસ બનવાનું બાકી રહી જાય એવું શા માટે હોય છે? માણસને સજ્જન બનાવવાનું કામ શિક્ષણ નહીં કરશે તો એ જવાબદારી આપણે બીજા કોને સોંપીશું? શું આપણી સમાજ વ્યવસ્થામાં ક્યાંય એવા શિબિરો કે ટ્યુશન ક્લાસો ચાલે છે ખરા, જે માણસને ઉત્તમ નાગરિક બનાવવાની ટ્રેનીંગ આપતા હોય? શાળા કોલેજોમાંથી નીકળેલો પ્રત્યેક માણસ ગાંધી, સરદાર કે સુભાષચંદ્ર બોઝ બની રહેવો જોઈએ એવી અપેક્ષા ન રાખીએ પણ બીજું કાંઈ નહીં, એક સારો નાગરિક તો જરૂર બનવો જોઈએ. આજની હરણફાળ શૈક્ષણિક પ્રગતિ પછી પણ કંઈક ખૂટતું લાગે છે. એક વિદ્યાર્થી સો પુસ્તકો વાંચે છે, સ્પર્ધામાં ઈનામ જીતી જાય છે, પરીક્ષામાં પંચાણુ ટકા લાવે છે, થોડા મેડલો પણ એને મળે છે. પછી જ્યાં ખરેખર એ ચાલવો જોઈએ ત્યાં નથી ચાલતો. જીવનની પરીક્ષામાં માંડ એ પોઈન્ટ પર પાસ થાય છે. તે બેફામ વાહન હંકારે છે, હાથ બતાવ્યા વિના બીજી સાઈડે વળી જાય છે, શોર્ટ કટ માટે રોંગ સાઈડે ઘુસી જતાં તે અચકાતો નથી. પકડાયા પછી પોલીસો સાથે પણ દાદાગીરી કરે છે. માબાપ સાથે ઉધ્ધતાઈથી વર્તે છે. તે ખોટો છે એવું સાબિત થયા પછી પણ પોતાની જીદને વળગી રહે છે. તેનું આવું સ્વરૂપ જોઈએ ત્યારે સમજાય છે કે શિક્ષણે હજી ઘણું ઘણું કરવાનું બાકી રહે છે.

વાડિયા સાહેબના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી સાંભળ્યું છે. કોઈ વિદ્યાર્થી જમણી બાજુથી સ્કૂલનો દાદર ચઢતો હોય તો તેને બોલાવીને વાડિયા સાહેબ સમજાવતા, ‘દીકરા, તારે ડાબી બાજુએ ચઢવાનું હોય. જે ઉતરતો હોય તેને માટે જમણી બાજુ હોય છે!’ કલ્પના કરો શાળામાંથી જ એવી ટ્રાફિક સેન્સ શીખેલો વિદ્યાર્થી રોડ પર કદી રોંગ સાઈડે વાહન હંકારશે ખરો?

કંઈક એવું સમજાય છે કે યુવાનોને પાઠ્ય પુસ્તકોના શિક્ષણની સાથે થોડી જીવાતા જીવનની વાતો પણ શીખવવી જોઈએ. શિક્ષકોની ખરી કામગીરી ત્યાંથી શરૂ થાય છે. શિક્ષકમિત્રોએ પેલા ચાવાળા છોકરાની જેમ સમાજના ફાયદાને પોતાનો ફાયદો ગણવો જોઈએ. એ છોકરાને ગીત ગાવા માટે વધારાનો પગાર મળતો ન હતો. શિક્ષકમિત્રો પોતાના વિદ્યાર્થીને અભ્યાસક્રમ સિવાયની અન્ય જીવનલક્ષી વાતો શીખવશે તો તેમને પણ વધારે પગાર મળવાનો નથી. પણ નરી આંખે ન દેખાય એવી એક પવિત્ર ફરજ અદા થશે અને તે છે સમાજના ઘડતરની ફરજ! મંદિર બંધાતું હોય અને કોઈ શ્રદ્ધાળુ તેના ચણતરમાં એકાદ ઈંટ પોતાના હાથે ગોઠવે ત્યારે તેને જે આનંદ થાય તેવી તૃપ્તિ શિક્ષકોને થશે. શિક્ષકમિત્રો આ દિશામાં એકાદ ડગલું ય ભરશે તો લખ્યું લેખે લાગશે.

વર્ષો પૂર્વે બનેલી એક ઘટના જોઈએ. નવમાં ધોરણના એક વિદ્યાર્થીને ભણવાનો કંટાળો આવતાં તેણે શાળાએ જવાનું બંધ કરી દીધું. વાડિયા સાહેબને આની જાણ થઈ એટલે તેઓ ખુદ તેમના ઘરે ગયા. માબાપે ફરિયાદ કરી છોકરો ભણવાની ના પાડે છે. અત્યારે તે પતંગ ચગાવવા છાપરા પર ચઢ્યો છે. વાડિયા સાહેબ પોતે છાપરે ચઢ્યા. છોકરો તેમને જોઈ ઝંખવાઈ ગયો. વાડિયા સાહેબે ગુસ્સે થયા વિના તેને પંદર મિનિટ શાંતિથી સમજાવ્યો. અને કહ્યું : ‘દીકરા, તું કાલે સ્કૂલે આવજે, હું તારી વાટ જોઈશ!’ બીજે દિવસે છોકરો સ્કૂલે ગયો અને ત્યારબાદ એટલું ભણ્યો કે આજે તે શીપિંગ કંપનીમાં બહુ મોટા હોદ્દા પર છે. તે કહે છે : ‘વાડિયા સાહેબ ના હોત તો હું આજે કોઈ સાધારણ મિલમજૂર હોત! એમણે મને છાપરેથી ઉતારી શીપિંગ કંપનીમાં પહોંચાડ્યો!’ યાદ રહે, વાડિયા સાહેબને આવી નિષ્ઠા દાખવવા બદલ પગાર સિવાય એક પાઈ વધારે મળતી ન હતી. આજના શિક્ષકોએ એ વાતની નોંધ લેવી જોઈએ. સારી નોકરી મળી છે તો દર મિનિટે, ‘મને એમાંથી શું મળશે?’ તે વિચારવાને બદલે સમાજને એનાથી આટલો ફાયદો થશે તે વિચારવું જોઈએ.

*સી/૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર, નવસારી - ૩૯૬ ૪૪૫.*
*મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

## મેમરી કાર્ડના આકાર અને પ્રકાર

**(અનુસંધાન : પાના નં.-૧૮ ઉપરથી ચાલુ)**

૫ર એક અડધા ગોળમાં 2 લખેલું હોય તો એનો અર્થ થાય Class-2. જેનાથી ઓછામાં ઓછી 2 MB/સેકન્ડની સ્પીડ મળશે. આ રીતે ૪, ૬, ૧૦નો અર્થ ક્લાસ-૪, ક્લાસ-૬, ક્લાસ-૧૦ છે. જેનાથી ઓછામાં ઓછી ૪, ૬ અને ૧૦ MB/ સેકન્ડની સ્પીડ મળશે. U જેવા નિશાનની અંદર ૧ કે ૩ લખેલું હોય તો ઓછામાં ઓછી દર સેકન્ડે ૧૦ અને ૩૦ MB ની સ્પીડ મળશે.

ઘણી વખત આપણે ભૂલથી મેમરી કાર્ડમાંથી ગીત, ફોટા કે ડેટાને ડિલીટ કરી દઈએ છીએ. ભૂલનો અહેસાસ થાય ત્યાં સુધી તો ઘણું બધું હાથમાંથી નીકળી ચૂક્યું હોય છે. ઘણી વખત મેમરી કાર્ડ સાથે છેડછાડ ન થવી જોઈએ એવો ખ્યાલ પણ આવે છે. આ બધી મુસીબતથી બચવા ઘણા સોફ્ટવેર છે જે કોઈ કોડ કે પાસવર્ડ દ્વારા મેમરી કાર્ડના ડેટાને સીક્યોર્ડ કરી દે છે. કેટલાક કમાન્ડથી પણ આ કામ કરી શકાય છે. ભૂલથી ડેટા ડિલીટ થઈ જવાથી બચવાનો એક સહેલો રસ્તો છે. મેમરી કાર્ડના છેડે એક નાનકડો ટુકડો રહે છે જેને Lock લખેલું હોય એ તરફ ખસકાવી દેવાથી એ કાર્ડમાં ડેટા ન તો ઍડ કરી શકાય છે કે ન તો ડેટાને ડિલીટ કરી શકાય છે. કાર્ડને Unlock કર્યા પછી જ એટલે કે કાર્ડના નાનકડા ટુકડાને Lock પરથી જૈસે થે પરિસ્થિતિમાં લાવતા એમાંથી ડેટા ઍડ કે ડિલીટ કરી શકાય છે.

મેમરી કાર્ડ ઘણી વખત બગડી જાય છે તો આપણે ટેન્શનમાં આવી જઈએ છીએ કે શું કરવું. પણ નો ટેન્શન! હવે SD કાર્ડ માટે SD Card Recovery Tool જેવા ઘણાં સોફ્ટવેર છે. મેમરી કાર્ડમાંથી જો કોઈ ડેટા ડિલીટ થઈ જાય તો એને રીકવર કરવા Undelete 360, Recava જેવા ઘણાં સોફ્ટવેર છે. જુદા જુદા પ્રયોગ અને ટ્રીક માટે Memory Card Tools અને Memory Card Managerનો ઉપયોગ કરી શકાય છે. ■

*શરીર માટે જેમ અન્ન અનિવાર્ય છે, તેમ આત્મા માટે પ્રાર્થના અનિવાર્ય છે.*

પ્રજાતંત્ર

# ગંગાજળથી વોડકા

• ડૉ. ગિરીશ વીછીવોરા •

આઝાદી મળી ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭. ભારતના ટુકડા થયા ત્રણ – ભારત અને એના શિરે બેઠેલા પશ્ચિમ અને પૂર્વ પાકિસ્તાન, જે પાછળથી બાંગ્લાદેશ થયું. સહેજે ઉત્સાહ અનેરો હતો. પ્રજાના આઝાદીના કોડ પૂરા થયા હતા. સર્વત્ર આનંદ મંગળ ને હવે તો થોડા જ સમયમાં રામરાજ્ય આવશે એવી સૌને ગળા સુધી ખાતરી હતી. પશ્ચિમ પાકિસ્તાનથી હિંદુઓની ભારતમાં હિજરત અને ભારતમાંથી મુસલમાનોની પાકિસ્તાનમાં રવાનગી ભારતીય ઉપખંડનું સૌથી ખરાબ દૃશ્ય બની રહ્યું. લાખો હિંદુ - મુસલમાનોની કતલ થઈ. માલ મિલ્કતની નુકસાનીની વાત મૂકો. પંજાબ અને સિંધમાં હિંદુઓ જ વ્યવસ્થિત હતા. ઘણા મોટા જમીનદાર હતા. મુસલમાનોનો મોટા વર્ગ એમને ત્યાં નોકરી કરનાર સેવક હતા. ઘડીના છઠ્ઠા ભાગમાં બધું ઉલટસુલટ થઈ ગયું. ભારતના ભાગલાથી જેમને સહન કરવાનું થયું છે તે આજ ત્રીજી પેઢી પણ ભૂલી નથી.

અંગ્રેજો યુનિયન જેક ઉતારી વિલાયત લઈ જતાં પાછળ મૂકેલું ભારત વ્યવસ્થિત વહીવટ ધરાવનાર, કાયદાનું સંપૂર્ણ પાલન કરનાર, આધુનિક સેવાઓથી સજ્જ ગણરાજ્ય હતું. વહીવટીતંત્રમાં મુલકી અધિકારીઓ જે બધા બ્રાઉન સાહેબના આઈ.સી.એસ. ઓફિસર હતા, રેલવે લગભગ આખા દેશમાં ફેલાયેલી, દેશ આખાને એક કરતી દુનિયાની અજાયબી સમી હતી. સંદેશા વ્યવહારમાં ખાસ કરીને ટપાલ, તાર, ટેલિફોન વગેરેમાં આપણે બહુધા અન્ય પશ્ચિમી દુનિયાથી બહુ પાછળ નો'તા. રાજ વહીવટ કેન્દ્ર સરકાર અને પ્રાદેશિક સરકારોમાં ઉત્તમ પ્રકારનું હતું. એમણે સ્થાપેલ વિશ્વ વિદ્યાલયો, કેળવણીના કેન્દ્ર સમા બની દુનિયામાં નામ રોશન કર્યું હતું. ન્યાય વ્યવસ્થા ઉત્તમ અને નિરપેક્ષ હતી. અદના ગરીબ આદમીને, એને કોર્ટમાં ન્યાય મળશે તેની ખાતરી હતી. સૈન્યના વરિષ્ઠ અધિકારીઓમાં ગોરા વધુ હતા, બાકીના બધા ભારતીય. લશ્કર શિસ્તબધ્ધ હતું. એણે બે વિશ્વ વિગ્રહોમાં ભાગ લઈ નામ રોશન કર્યું હતું. ભારતનું અજબગજબનું એકીકરણ કરવાની શરૂઆત થઈ ચૂકી હતી. રાજ્યોમાં વહીવટ ઉત્તમ પ્રકારનો હતો. અત્યારે બધી બાબતોમાં પાછળ રહી ગયેલું બિહાર ત્યારે સૌથી વધુ વ્યવસ્થિત રીતે ચાલતા રાજતંત્રની બડાઈ મારતું હતું. પટણા ઉત્તમ વિદ્યા કેન્દ્ર હતું. ત્યાંની બહાઉદ્દીન લાઈબ્રેરી જગવિખ્યાત હતી.

પ્રજા ગરીબ હતી, બેહાલ હતી. ઉપલો વર્ગ સુખી હતો. ખેડૂતો અંગ્રેજી રાજયના કે રિયાસતોના બહુધા દુઃખી હતા. અવારનવાર દુકાળ અને ઉપજે ખાસ કરીને રજવાડામાં, તેનો ત્રીજો - ચોથો ભાગ રાજ લઈ જતું. ઉદ્યોગો સ્થપાઈ ચૂક્યા હતા. મુંબઈ - અમદાવાદનો મિલ ઉદ્યોગ જગત સાથે હરીફાઈ કરતો. અન્ય ઉદ્યોગો હતા. વધારે બંગાળ, બિહારમાં હતા. કારણ પ્રથમ કલકત્તા ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું પાટનગર હતું.

આઝાદી પછી જેને ચમત્કાર કહી શકાય એવો કોઈ બનાવ બન્યો હોય તો દેશી રાજયોનું ભારત ગણરાજ્યમાં વિલીનીકરણ. અંગ્રેજો જતી વખતે સર્વ રિયાસતોને સ્વતંત્રતા બક્ષતા ગયા હતા. ઘણાના મોંમાં પાણી પણ છૂટ્યું હતું. છતાં બે બાબતે અસહાય હતા. એકાદ રાજ્ય જૂનાગઢને દરિયા કિનારો મળ્યો હતો. તો નિઝામ બહુ જોરાવર રાજ્ય હતું. ભાવનગર રાજ્યના રાજવી ક્રિષ્ણકુમાર સિંહજીએ પહેલ કરી સામેથી પોતાનું રાજય ભારતને સોંપી દીધું. સહેજે એના પડઘા અન્ય પર પડે જ. વધારામાં દેશી રાજયોની પ્રજા સાગમટે ભારતીય ગણતંત્રમાં જોડાવા તલપાપડ હતી. એણે ભારતની આઝાદીની લડાઈમાં ભાગ પણ લીધો હતો. રાજાશાહીની ધુંસરી હવે તેઓ ચલાવી લે તે અશક્ય હતું. ભારત સરકારના પહેલા ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલે ખરેખર અદ્‌ભુત કામ કરી બતાવ્યું. એમને બે-ત્રણ બહુ જ બાહોશ અને કાબેલ સનદી અધિકારીઓ મળી ગયા. એટલે બહુધા સમજાવટ, ક્યાંક થોડી ધાકધમકી આપી સૌને વીલિન કર્યા. જુનાગઢના નવાબે અરબી સમુદ્રમાં તરી પાકિસ્તાનમાં ગછંતિ કરી તો હૈદ્રાબાદને લશ્કરી બળ વાપરી ઝુકાવ્યું. સૌથી મોડું કાશ્મીર ભળ્યું. મહારાજા હરિસિંહે મોડું કર્યું. કારણ અંગ્રેજોએ કાશ્મીરને સ્વતંત્ર રાજ્ય બનાવવાનું ગાજર ધર્યું હતું. એટલે જે ખટપટ ઉપડી, લડાઈ થઈ, પ્રશ્ન આંતરરાષ્ટ્રીય બન્યો ને હજી પણ વણઉકેલાયેલો રહ્યો છે.

સ્વાતંત્ર્યના બીજા જ વર્ષે ભારતને પાકિસ્તાન સામે લડવું પડ્યું હતું. કાશ્મીરને હડપ કરવાની મેલી મુરાદ બર ન આવી. જે સૈન્ય એક વર્ષ પહેલાં એક જ હતું. અધિકારીઓ એકમેકને ઓળખતા હતા, મિત્રો પણ હતા, તેમને સામસામે લડવું પડ્યું. વિધિની એ વક્રતા છે.

૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ના દિવસે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની હત્યા થઈ. આઝાદીને માંડ છ મહિના થયા હતા. દેશ આખો દિગ્મુઢ થઈ ગયો. શોકનું વાતાવરણ ભારતની બહાર પણ ફેલાયું. બીજી રીતે જોઈએ તો ગાંધીજી નસીબદાર. નહિં તો એમને એમના અનુયાયીઓની સત્તા માટેની નાગી દોડ જોવાનું દુર્ભાગ્ય મળ્યું હોત.

બ્રિટીશરોએ છોડેલું રાજતંત્ર એટલા મજબૂત પાયા પર હતું કે એ લોકો ગયાને બીજે જ દિવસથી એના કાંગરા ખરવા લાગ્યા. છતાં એને સંપૂર્ણ ભસ્મીભૂત થતાં દસેક વર્ષ નીકળી ગયા. આઝાદીના એ પ્રથમ દસ વર્ષ આઝાદીનો સુવર્ણકાળ કહી શકાય. કોંગ્રેસીઓમાં ઘણા પ્રામાણિક,

*ઈશ્વર કેવળ ભક્તિમાર્ગ પર મળે છે અને પ્રેમ એનો દરવાજો છે.*

ભણેલા અને કુનેહબાજ હતા. પ્રજાનું હિત તેમને હૈયે હતું. ઘણી પાયાની યોજનાઓ - પંચવર્ષીય યોજનાના નેજા હેઠળ શરૂ થઈ. જેની દૂરગામી સારી અસરો પાછળથી જણાઈ. નેતાઓમાં પરિપક્વતા ઓછી હતી. લશ્કરના વડા રિટાયર થયા તો જામનગરના મહારાજા જામ સાહેબને લશ્કરના વડા થવાની ઑફર કરી. એમણે એ નકારી કાઢી ને શિસ્ત મુજબ સૌથી સિનિયર જનરલ કરિઅપ્પાને લશ્કરના વડા બનાવવામાં આવ્યા. ઘણી સારી વાતો બની. મુંબઈમાં દિનકરરાવ પુરવઠા પ્રધાન હતા. તેમણે ન્યુઝીલેન્ડના સહયોગથી આરે દૂધ કેન્દ્ર સ્થાપ્યું. થોડા વર્ષ બધું બરાબર ચાલ્યું. પાછળથી બધું ફના થઈ ગયું. ભારતમાં ભણતરનું પ્રમાણ વધ્યું. ગરીબાઈ ઓછી જરૂર થઈ. હરિયાળી ક્રાંતિ, શ્વેત ક્રાંતિ ડૉ. વરગીસ કુરિયનની, સ્વાસ્થ્ય સેવાઓમાં સુધારો ફળ સ્વરૂપ ભારતની સરેરાશ વય બહુ ઓછી હતી તે લગભગ ૫૦-૫૫ વર્ષ થઈ. ભાભા અણુમથક બહુ વહેલું સ્થપાયું. અણુશક્તિ ને રોકેટ ક્ષેત્રે - પ્રક્ષેપણ ક્ષેત્રે ભારતનું સ્થાન અદ્વિતીય છે. વેપારધંધા વધ્યા. ઔદ્યોગિકરણે હરણફાળ ભરી. ૧૯૯૧થી ઉદાર નીતિનો અમલ થતાં ભારતીય અર્થતંત્રની દુનિયામાં ગણના થવા લાગી. પ્રગતિ હર ક્ષેત્રે થઈ છે, નેત્રદીપક પણ છે. ક્યારેય એમ ન કહી શકાય કે ભારતે પ્રગતિ નથી કરી, પણ ભારત પાસે જે શક્તિ છે એનો વિનિયોગ બરાબર થઈ શક્યો હોત તો ભારત અત્યારે છે તે કરતાં ક્યાંનું ક્યાં નીકળી જાત.

મોટા નેતાઓની સત્તા માટેની અંદરોઅંદર લડાઈ ધીમે ધીમે વકરતી ગઈ, નીચલા સ્તરે પહોંચી. પછી તો થોડાક જ વર્ષમાં વિનિપાત સંપૂર્ણ થઈ ગયો. ICSને બદલે IAS સનદી સર્વિસ શરૂ થઈ. ICS અડીખમ હતા. કાયદાને જળોની જેમ વળગી રહેતા. શરૂઆતમાં IAS પણ એવા જ હતા. ધીમે ધીમે ધોવાણ થતું ચાલ્યું. પછી તો ધૂમકેતુએ કહ્યું છે તેમ ‘પડે છે ત્યારે બધું પડે છે’ તેમ થયું.

ભારતની નીતિ બંધિયાર હતી. આયાત - નિકાસના લાઈસન્સ અપાતા, કહોને લાઈસન્સ - પરમીટ રાજ હતું. જેની પાસે લાઈસન્સ હોય તે કંઈ ન કરે, ફક્ત હર મહિને લાઈસન્સ બ્લેકમાં વેચી મારે તો પણ રાજાશાહીમાં રહી શકો એવું બધા કરતા. હરામનું એકવાર પેટમાં ગયું પછી એ વ્યક્તિ માણસ મટી જાય છે. જીવન મૂલ્યોનું ધોવાણ જીવનના હર ક્ષેત્રમાં થતું રહ્યું. શરૂઆતમાં દુકાળો પડતા ત્યારે સરકારી કામો નીકળતા. સરકારી નોકરોને બોનસ મળી જતું. કોઈ દાદ - ફરિયાદ નહિ. લાંચ રુશવત ચલણી શબ્દ બની ગયો. સરકારી નોકરીના પ્રીમિયમ બોલાવા લાગ્યા. પોલીસની ભરતીમાં બધું લોલેલોલ. એનું સ્તર અને શિસ્ત નીચે ગયા. હવે તો જીવનનું કોઈ ક્ષેત્ર એવું નથી જ્યાં તળિયું ન દેખાયું હોય. શિક્ષણ ક્ષેત્ર — જે એક જમાનામાં પવિત્ર મનાતું તે હવે એક ધંધો થઈ ગયું છે. કેટકેટલા રાજકારણીઓ ‘શિક્ષણકાર’ બની સેવાના નેજા હેઠળ માલમલીદો ખાઈ અલમસ્ત થઈ ગયા છે. ભારતને ભાભા ને વિક્રમ સારાભાઈ જેવા અજોડ વૈજ્ઞાનિકો મળ્યા. બહુ પ્રગતિ થઈ. હવે ત્યાં પણ ભ્રષ્ટાચાર ફૂલ્યોફાલ્યો છે.

ખરું પતન - ઉગ્ર પતન રાજકર્તાઓમાં થયું. પહેલાં સગાવાદ ને ઓળખાણથી બધું શરૂ થયું. ભારત સંપૂર્ણ લોકશાહી ધરાવતું ગણરાજ્ય બન્યું ૧૯૫૨માં. નહેરુને આખી દુનિયા દેખાતી હતી. દીવા નીચેનું અંધારું નો'તું દેખાતું. પુખ્ત મતાધિકાર માટે આપણો દેશ, ન લાયક હતો, ન તૈયાર. દુનિયામાં સૌથી મોટી લોકશાહી અમે ધરાવીએ છીએ તે ગાઈ વગાડી કહેવા લોકશાહી આવી. હજારો વર્ષથી ગુલામી ભોગવનાર રાંક, ગરીબ, નિરક્ષર પ્રજા. લોકશાહી એટલે શું એ પહેલાં શીખવાડવું જોઈતું હતું. એની કડાકૂટમાં ન પડતાં લોકશાહીનો ડંકો વગાડી દીધો. ફળ સ્વરૂપ લોકશાહી ઢબે ૧૯૫૨માં પહેલી ચૂંટણી થઈ ત્યારની વાત કરવી ઠીક રહેશે. કોંગ્રેસનું રાજ, કોંગ્રેસનો ધ્વજ ને રાષ્ટ્રધ્વજમાં નામનો ફરક. ચૂંટણીમાં મતદાન કેન્દ્રમાં દરેક ઉમેદવારની મત પેટી. જેટલા ઉમેદવાર એટલી પેટી. ઉપર નામ અને પ્રતીક - નિશાની. મતપત્રક નાની કાપલી મળે. તે પણ રાષ્ટ્રધ્વજ જેવી જ ત્રિરંગી. એ કાપલી મતપત્રક તો તમને ગમતા ઉમેદવારની પેટીમાં નાખી શકો. હું જ્યારે મતદાન કરવા ગયો ત્યારે સેંકડો મતપત્રકો જમીન પર વેરવિખેર થયેલાં પડ્યાં હતાં. મુંબઈ જેવા અગ્રણી શહેરમાં લોકો ભગવાનને જેમ ફૂલ ધરાવે તેમ મતપત્રક પેટી પર મૂકતા હતા, અંદર નો'તા નાખતા. થઈ શકે એટલા ભેગા કરી મારા ઉમેદવારની પેટીમાં નાખી મેં મતદાન કર્યું.

ચૂંટણી આવે કે ઉમેદવારોની પસંદગી થાય. શરૂઆતમાં ઠીક હતું. પછી તો રીતસર ભાવ બોલાય. મારા એક ઓળખીતા, સહી કરવા જેટલું ભણતર ને દુકાનમાં કામ કરનારને ધારાસભ્ય થવાનો અભરખો જાગ્યો. પૈસા પહોંચાડી દીધા. ટિકિટ મળી. ચૂંટાઈ પણ આવ્યા. બિચારા ધારાસભામાં જઈ શું કરે? પાછળથી ચૂંટણીમાં ગુંડા તત્ત્વો ભળ્યા. પૈસાથી બધું ખરીદાતું હતું. સમય એવો આવ્યો બહુધા બધા - થોડાક અપવાદ છોડીને — ગુનેગારના દાખલાબાજ હતા. એ લોકો શું કરે! ઊંધું ચત્તું કરી મિલ્કત જમાવે. બીજાને અપાવે ને પૈસા બનાવે. રાજતંત્ર ગુનેગારોનો અડ્ડો બની ગયું.

૧૯૯૧ પછી નીતિ બદલાઈ. ઉદાર વ્યાપારી નીતિને કારણે ભારતને ઘણો ફાયદો થયો. આબાદી આવી. પ્રજા સુખી થઈ. પણ સૌથી વધુ સુખી થયા રાજકારણીઓ. દરેક પાસે હજારો કરોડની જાયદાદ હોવી એ સામાન્ય વાત થઈ ગઈ. હવે રુશવતખોરીનો નાશ કરવા થોડા બહાર પડ્યા છે. તેઓ એવા છે જેમના હાથ ખરડાયેલા જ છે.

આવા મોટા દેશનું નીતિમત્તાનું ધોરણ સાવ તળિયે બેઠું છે. સમ ખાવા પૂરતો કોઈ નેતા આ બધી બદીઓથી પર નથી. સુધારણા કરવી હોય તો પાયાથી કામ કરવું પડે. આ બધા નેતાઓ નાનાથી મોટા સર્વનો નાશ કરવો જોઈએ. નાશ એટલે મારી ન નાખવા પણ બધાને કાયદાકીય રીતે જિંદગીભરની જેલ મળી જવી જોઈએ. અંકુશિત લોકશાહી - પુખ્ત મતાધિકારી નહીં - ધોરણે રાજતંત્ર સ્થપાય, લોકોમાં પ્રજાતંત્રની ખરી જાગૃતિ અને ભાવના ઊભી કરી, અજ્ઞાન દૂર કરી, બંધારણમાં

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૧ ઉપર)**

*મુસીબતોમાં મનોબળ જાળવો, હતાશા હટાવો.*

# સરકારી કર્મીઓનું હિત સાચવતો સ્તુત્ય નિર્ણય

• શશીકાંત ઠક્કર, એડવોકેટ •

ગુજરાત સરકારે તા. ૩-૩-૨૦૧૫ના ઠરાવથી એક ખૂબજ સરાહનીય અને સ્તુત્ય નિર્ણય લીધો છે. ગુજરાતમાં સન ૨૦૦૧ માં આવેલા ભયાનક ધરતીકંપ પછી સરકારે તા. ૪-૪-૨૦૦૧ના ઠરાવ દ્વારા રાજ્ય સેવા અને પંચાયત સેવાના બદલીપાત્ર નોકરોને રહેણાંકના મકાન બાંધવા વિના હરાજીએ સરકારી પડતર જમીન ફાળવવા વિગતવાર નીતિ નિયમો નક્કી કરેલા હતા. આ નિયમોમાં એવી જોગવાઈ કરાઈ હતી કે, જ્યારે આ જમીન પર બનાવેલા મકાન ખાસ કારણોસર વેચાણ કરવાની જરૂર ઊભી થાય ત્યારે કબજા પ્રમાણપત્રની તારીખથી ભોગવટો કરાયેલ સમયગાળાના સ્લેબ મુજબ બજાર કિંમતની નક્કી કરાયેલ ટકાવારી મુજબનું પ્રીમિયમ ભરેથી વેચાણ મંજૂરી આપવામાં આવશે. આ ઠરાવમાં આ જોગવાઈ માત્ર ૨૦૦૧ પછી જેમને પ્લોટ આપવામાં આવે તે પૂરતી મર્યાદિત રહેશે તેવી કોઈ જોગવાઈ ન હતી, તેમ છતાં તેનું અર્થઘટન એવું કરાયું કે, આ ઠરાવથી અગાઉ જેમને આવી જમીન અપાઈ હોય, તેમના કિસ્સામાં ગમે તેટલા વર્ષ થયા હોય તો પણ આ લાભ આપી ન શકાય. આ બાબત સમ ન્યાયના તમામ ધોરણોથી વિરુદ્ધ હતી. આથી વખતોવખત જુદા જુદા ક્ષેત્રોમાંથી આ અંગે સરકારને છેલ્લા દસ વર્ષથી રજૂઆતો કરવામાં આવી હતી.

આના પરિણામે સરકારે તા. ૩-૩-૨૦૧૫ ના ઠરાવથી આ વિસંગતતા દૂર કરવાનો ખૂબજ સરાહનીય નિર્ણય લીધો છે. તે મુજબ સન ૨૦૦૧ અગાઉ પણ રહેણાંક માટે નોકરિયાતોને ફાળવેલ સરકારી જમીન/પ્લોટ બાંધકામ સહિત વેચાણ કરવા માટે તા. ૪-૪-૨૦૦૧ ના ઠરાવ મુજબ પ્રીમિયમ વસૂલ કરવા નિર્ણય લીધો છે. આ નિર્ણય મુજબ વેચાણ સમયે જમીનની બજાર કિંમતની રકમમાંથી કર્મચારીએ ભરેલી મૂળ કબજા કિંમતની રકમ બાદ કરી તફાવતની રકમની નીચે મુજબની ટકાવારી પ્રમાણે પ્રીમિયમ વસૂલ કરવાનું રહેશે.

| | |
|---|---|
| *૧૦ વર્ષનો સમયગાળો થયો હોય તો* | *૧૦૦ ટકા* |
| *૧૦ વર્ષ પછી અને ૧૫ વર્ષ સુધી હોય તો* | *૭૫ ટકા* |
| *૧૫ વર્ષ પછી અને ૨૦ વર્ષ સુધી* | *૫૦ ટકા* |
| *૨૦ વર્ષ પછી અને ૨૫ વર્ષ સુધી* | *૨૫ ટકા* |
| *૨૫ વર્ષ પછી* | *શૂન્ય.* |

આમ જેમને જમીન ફાળવ્યા બાદ ભોગવટો કરવાના ૨૫ વર્ષ પૂરા થઈ ગયા હોય તેમને વિના પ્રીમિયમે વેચાણ કરવાની મંજૂરી મળી શકશે. જેમને દસ વર્ષ પણ ન થયા હોય તેમના માટે તેમણે ભરેલી બજાર કિંમત ઉપર વાર્ષિક દસ ટકાનું સાદું વ્યાજ બાદ કરીને થતી રકમ બજાર કિંમતમાંથી બાદ કરી તે મુજબના ૧૦૦ ટકા પ્રીમિયમ ભરવાપાત્ર બનશે.

સરકારે લીધેલો આ નિર્ણય આર્થિક તંગીથી પીડાતા અને અથવા અન્ય કૌટુંબિક જવાબદારીઓ પૂરી કરવા મથતા અગર માત્ર પેન્શનની આવક પર નભતા કર્મચારીઓની આર્થિક મુશ્કેલીઓ નિવારવામાં ખૂબ મદદરૂપ બનશે તેમાં કોઈ શંકા નથી.

અત્રે એક સૂચન કરવા પાત્ર છે કે, પ્રીમિયમ ભરવા છતાં પણ ક્યા ખાસ કારણોસર મકાન વેચવાની જરૂર પડે છે તેના આધાર પુરાવા રજૂ કરવાની જોગવાઈ ચાલુ રહે છે. કર્મચારીના સંજોગો વ્યક્તિગત હોય છે અને તેની ખરાઈ કરવા માટે કોઈ આધારભૂત પુરાવા હોતા નથી. આથી આ બાબત મંજૂરી આપનાર સત્તાવાળા માટે વિવેકાધીન બાબત બને છે અને આ બાબત એક તરફ કર્મચારીને પરેશાનીરૂપ બને છે અને બીજી તરફ આ મંજૂરીનું પ્રકરણ નીચેથી ઉપર સુધી પહોંચાડીને હુકમ મેળવવામાં કેટલાય તબક્કે ભ્રષ્ટાચાર થતો હોય છે. આ પરિસ્થિતિ નિવારવા સરકારે જેમ ખેતીની નવી શરતની જમીન ખેતી હેતુ માટે ૧૫ વર્ષના સળંગ કબજા ભોગવટા બાદ આપોઆપ જૂની શરતની બને છે તેવી જોગવાઈ કરી છે. તેવા જ પ્રકારની જોગવાઈ આ કિસ્સામાં પણ કરવી જોઈએ. ભોગવટાની સમય મર્યાદા મુજબ પ્રીમિયમ કલેક્ટર નક્કી કરી આપે છે અને તે રકમ ભરાય એટલે આપોઆપ વેચાણ મંજૂરી મળેલી ગણાય અને ૨૫ વર્ષ થઈ ગયા હોય તો આપોઆપ વેચાણપાત્ર ગણાય તેવી ઉદાર જોગવાઈ કરવી જરૂરી છે. જેથી બંને તરફની પરેશાની દૂર થઈ શકે.

બીજી એક અગત્યની બાબત એ છે કે, પ્રીમિયમની રકમ નક્કી કરવા માટેના પાયા તરીકે વેચાણ સમયે જમીનની બજાર કિંમત ગણવાની છે. બજાર કિંમત નક્કી કરવાની પ્રક્રિયા લાંબી અને બિનઆધારભૂત તથા માત્ર કિંમત નક્કી કરનારાઓની મુનસફી પર મહદ્અંશે આધારિત હોય છે. સરકાર અન્ય ઘણી બાબતોમાં બજાર કિંમતના બદલે જંત્રી કિંમત અપનાવે છે અને જંત્રી સરકારી તંત્ર જ નક્કી કરે છે. એટલે આ ઠરાવમાં પણ બજાર કિંમતના બદલે જંત્રી કિંમતના ધોરણે પ્રીમિયમ નક્કી કરવાની જોગવાઈ કરવામાં આવે તો સુગમતા થશે અને વહીવટી પ્રક્રિયા ટૂંકાવી શકાશે.

ત્રીજી બાબત એ છે કે, સન ૨૦૦૧ અગાઉ મકાન વેચાણ કરવા માટેની મંજૂરી મેળવવાની પ્રક્રિયા ખૂબજ અટપટી અને પરેશાનીરૂપ હતી. આથી ઘણા કિસ્સાઓમાં જ્યારે પ્લોટધારકને આર્થિક સંકડામણ ઊભી થઈ હોય ત્યારે તેમણે વિના મંજૂરીએ છૂપા વેચાણ પણ કરેલા હોય છે. આવા વેચાણો

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૧ ઉપર)**

*લાલચુ માણસ બીજાની સાથે ખુદનેય નુકસાન કરે છે.*

વાર્તા

# તમારા નહીં, હવે આપણા પુત્રો

• બલવીરસિંહ જાડેજા •

"રાજેશભાઈ, અવનીબેન, લ્યો, આ અમારા ઘરની ચાવી." કનુભાઈ અને રંજનાબેન સામેના બંગલાવાળાને ઘરની ચાવી આપતા બોલ્યા કે, "ઘરની બીજી ચાવી પણ કલ્પેશ અને ગીરા ઘરમાં જ ભૂલી ગયા છે અને 'સત્સંગ'માં જતા રહ્યા છે – ત્રણ દિવસ માટે. અમે હવે નાના દીકરા મલ્હારના ઘરે જઈએ છીએ." અને દર છ - છ મહિને, મોટા - નાના દીકરાના ઘરે વારાફરતી, બંને વડીલોએ, પોતાના કપડાની નાની બે બેગ અને બે થેલાઓ લઈ લીધા અને બોલાવેલી રીક્ષામાં પ્રયાણ કર્યું.

'સત્સંગ'માંથી ત્રીજા દિવસે પાછા ફરેલા કલ્પેશ અને ગીરાને પાડોશી અવનીબેને ઘરની ચાવી સોંપી ત્યારે ગીરાને મનમાં થયું, "હાશ! છ મહિના આ ફર્નીચરોથી નિરાંત હવે!"

ચાર-પાંચ દિવસ પછી મલ્હારની પત્ની રીનાએ જેઠાણીને ફોન કર્યો "ગીરા દીદી, મારા મમ્મી-પપ્પા મારા ઘરે આવ્યા છે. એટલે બા-બાપુજી સાથે વાત કરાવોને!"

"હેં.... બા બાપુજી તો ક્યારના, ૩૧ તારીખે, તારે ત્યાં જ આવ્યા છે ને? અમે તો સત્સંગમાં ગયા હતા, ત્યારે જ સામેવાળાને ઘરની ચાવી આપીને નીકળી ગયા હતા!"

"શું વાત કરો છો દીદી? અહીં તો નથી આવ્યા!..."

"તો ગયા ક્યાં?" રીનાને પણ નવાઈ લાગી. તેણે તાત્કાલિક પતિ મલ્હારને મોબાઈલ કરી જણાવ્યું.

ગીરાએ પતિ કલ્પેશને જાણ કરી.

ક્યાં ગયા બા - બાપુજી?

સગાવહાલા, મિત્રો સૌને પૂછ્યું. કોઈને કશી ખબર નથી. અડધા દિવસની દોડધામ પછી પોલીસ સ્ટેશનમાં ફોટો આપી જાણ કરી. પરંતુ એક મહિના સુધી પણ કાંઈ સમાચાર ન મળતાં શહેરના બે-ત્રાણ અખબારોમાં ફોટા સાથે જાહેરાત આપી કે, "ગૂમ થયેલા માતા-પિતાની ભાળ કે માહિતી આપનારને ઈનામ આપવામાં આવશે."

પોલીસ અને પુત્રોએ પોતાની રીતે, શંકા-કુશંકા કરીને, ખાનગી કે સરકારી હોસ્પિટલ અને દવાખાનાઓમાં પણ શોધખોળ કરી. બધે ફરી વળ્યા પણ પરિણામ શૂન્ય. 'ગમે તેમ તો પણ મા-બાપ હતા ને?" સમાજ શું કહેશે એ બીક પણ ખરી જ ને.

"વિશાળ વડલો" ઘરડાઘરના સંચાલક ગુણવંતભાઈએ, કનુભાઈને ઓફિસમાં બોલાવી, અખબારમાં આપેલી જાહેરાત બતાવી. "લ્યો હવે તો અમારે કાયદાની રીતે તમારા પુત્રો કે પોલીસમાં જાણ કરવી પડશે ને! કનુભાઈ ક્યાં સુધી તમે બંને અહીં છો તે છુપાવી શકાશે?"

"ભલે તમે તમારા ખાનગી ફોનથી તમને અમારી માહિતી અને ઈનામની રકમ લઈને માહિતી આપો. જે રકમ સંસ્થાને મળશે તે લાભ તો થશે" કહીને કનુભાઈએ મજાક કરી.

"મજાકની વાત નથી પણ દીકરાઓને - સમાજને, દીકરાઓના ઘર હોવા છતાં કેમ અહીં રહેવા આવ્યા? તમને દીકરાઓએ જાકારો તો આપ્યો નથી? તમે 'અમારું કોઈ નથી. એકલવાયું જીવન જીવતા હતા.' જણાવીને તમે છેલ્લા એક વરસથી અહીં આવવા વિનંતીઓ કરતા હતા, એટલે ટ્રસ્ટી મંડળે અહીં તમને સજોડે પ્રવેશ આપ્યો. હવે સાચું કારણ કે તમારે એક નહીં બે દીકરાઓ છે, તે ખબર પડતાં તમારે અહીં આવવાની જરૂર કેમ પડી? તેનો ખુલાસો તમારે ટ્રસ્ટીઓને આપવો પડશે સમજયા કનુભાઈ?"

"કાંઈ વાંધો નહીં, ગુણવંતભાઈ. મારી પાસે એનો જવાબ છે, જે હું આપ સૌ ટ્રસ્ટીઓને જણાવીશ."

ગુણવંતભાઈએ, છાપાની જાહેરાતના અનુસંધાને કનુભાઈના પુત્ર કલ્પેશને ફોન કરી જણાવ્યું કે તમારા બા-બાપુજી અહીં "વિશાલ વડલો" ઘરડાઘરમાં છે અને ઈનામની રકમ અહીં જમા કરાવો પછી જ તમારી મુલાકાત કરાવી શકીશું" કહી હસતા હસતા જાણ કરી "સાથે સાથે આવતા રવિવારે સવારે દસ વાગે તમારા બા-બાપુજી અને ટ્રસ્ટીઓને મળવા આવજો."

બંને પુત્રો અને પુત્રવધુઓ તો વિચારમાં પડી ગયા. "કેમ બા-બાપુજી પોતાના સંતાનોનું ઘર છોડી ઘરડાઘરમાં જઈ વસ્યા? શું તકલીફ હતી એમને અહીં?"

રવિવારે "વિશાલ વડલો"માં ટ્રસ્ટીઓની હાજરીમાં, બહારગામ રહેતી એકની એક બહેનને પણ બોલાવી લીધી. મનમાં રોષ અને નારાજગી સાથે, સજોડે કનુભાઈ - રંજનાબહેનને મળવા આવ્યા.

"અમે તમને કોઈ તકલીફ આપી કે ફરિયાદની તક આપી, કે તમે અમને બેઆબરૂ કરીને અહીં આવી ગયા?" મોટા પુત્ર કલ્પેશે, ગુસ્સાથી પ્રશ્ન કર્યો.

"તમને કોઈ તકલીફ કે સમસ્યા હતી તો અમને જાણ તો કરવી હતી, બા!" રોષપૂર્વક નાની વહુ રીનાએ બધા વચ્ચે પ્રશ્ન કર્યો.

કનુભાઈએ રંજનાબેનની સામે જોઈ, બોલવાની મૂક સંમતિ મેળવી, વાત શરૂ કરી.

"સૌ પ્રથમ તો હું વિશાલ-વડલોના ટ્રસ્ટી મંડળને વિનંતી કરૂં છું કે મારી વાત સાંભળે, કે અમે 'અમારું કોઈ નથી, કહી અહીં આવવા એક વરસથી પ્રયત્ન કરી,

*એક કલાક ભક્તિ, ત્રેવીસ કલાક અવળાં કામો – એથી શું વળે?*

એકાદ મહિના પહેલાં પ્રવેશ મેળવ્યો. હું જે રજુઆત કરું, પછી ટ્રસ્ટી મંડળ નક્કી કરે કે મેં ખોટું કર્યું કે સાચું?''

''રહી વાત કલ્પેશ અને રીનાના પ્રશ્નોની! એ બાબતે એટલું જ કહેવાનું કે અમે છ-છ મહિના તમારી સાથે ઘણા વરસોથી, કદાચ આઠ કે નવ વરસથી રહીએ છીએ. પણે કદી મને કે તમારી બાને પૂછ્યું છે કે, તમને કોઈ તકલીફ છે? તમારે કોઈ વસ્તુની જરૂરિયાત છે? તમે અમારી સાથે ખપ પૂરતી વાત સિવાય, નિરાંતે બેસીને, અમારી તરફ આત્મીયતાની લાગણી બતાવી છે? અને કદાચ અમે તમને સામેથી કહ્યું હોત તો તમારી પાસે, તમારી ચારેય જણા પાસે સાંભળવાનો સમય કે નિરાંત હતી?''

''વડીલો,'' ટ્રસ્ટી મંડળના સભ્યો તરફ જોઈને, આજીવન શિક્ષક રહી, નિવૃત્ત થયેલા કનુભાઈએ વાત માંડી. ''આ બંને પુત્રો એક કેન્દ્ર સરકાર અને એક રાજ્ય સરકારના અધિકારી, સારા પગારદાર હોવા છતાં, શરૂઆતમાં બધા સાથે હતા ત્યારે મેં, મારી બચત અને ખેતીની આવકમાંથી એક ફ્લેટ લીધો અને અહીં સ્થાયી થયા. બંનેના લગ્ન પછી ફ્લેટ નાનો પડતા, બીજો નજીકમાં જ આવો ફ્લેટ લીધો. તેમાં પણ મેં મારાથી બનતી બધી જ સહાય કરી. વરસોથી, વર્ષ માટેના અનાજ, કઠોળ, કરિયાણું વગેરે કુટુંબ માટે ખરીદી કરતો આવ્યો છું અને હજી પણ બંનેને ત્યાં છ-છ મહિના રહીએ છીએ એટલે પહેલા કરતાં વધુ ખર્ચ થાય છે છતાં મારા પેન્શન અને ખેતીની આવકમાંથી વરસ માટે બધી વસ્તુઓ ભરતો રહું છું. પહેલેથી ઘરના દરેક સભ્યના જન્મ દિવસે રૂા. ૧૦૦૦/- રોકડા, ગીફ્ટ કે ઈનામના પ્રતીક રૂપે આપવાની પ્રથા મેં પાડી હતી, તે હજી સુધી દરેક સભ્યના જન્મ દિવસે આપીને નિભાવું છું. હવે તો બંનેએ, બંને ફ્લેટ વેચીને, લોન લઈ, સ્વતંત્ર બંગલા બનાવ્યા છે. બંને દીકરાના બંને સંતાનો મોટા થઈ ગયા પછી સૌને પોતાની દુનિયા અમારાથી અલગ થઈ ગઈ છે. સંતાનો પોતાની રીતે, મોજમજા કરે છે. કલ્પેશ અને તેની પત્ની ગીરા સત્સંગ, શેર બજાર, રાજકારણમાં રસ વગેરે જેવી પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહે છે. નાનો મલ્હાર અને એની પત્ની રીના એના ગ્રુપમાં, હરવા-ફરવા, કિટી પાર્ટીઓ, યોગ અને રીનાના મમ્મી-પપ્પા શહેરમાં જ હોવાથી તેમને હળવા-મળવા કે એમની સાથે સમય પસાર કરે છે. ઉલટાનું બેંકનું કામ, પોસ્ટ ઓફિસનું કે શેરબજારને લગતું, શેર ભરવાના કે ડીમેટ એકાઉન્ટનું કામ ''બાપુજી તમે તો ફ્રી જ છો ને, તમારો સમય પસાર થઈ જાય'' એમ સમજીને બંને દીકરાઓ આવા કામ મને સોંપે છે. ગમે ત્યાં મિત્રો કે ગ્રુપ સાથે કે હોટેલ, રેસ્ટોરન્ટમાં કે કોઈ ઉજવણીમાં જાય ત્યારે પૂછતા પણ નથી કે કહેતા પણ નથી કે તમે આવો કે આવશો? જોકે ઉંમર થતા અમે સાદું ભોજન જ લઈએ છીએ, એટલે જવાનો પ્રશ્ન જ નથી પરંતુ પૂછવાની તસ્દી પણ કોઈએ કદી લીધી નથી. ઉલટાનું તેઓ બહાર જાય ત્યારે અમારા બંને માટે સાદું ભોજન એની બાએ જ બનાવવું પડે છે. ઉપરાંત, બંને વહુઓ, બા આટલું કરી નાખજોને હું બહાર જાઉં છું, કહી, વાસણ ગોઠવવા કે કપડાને ગળી કરવી વગેરે જેવા કામ પણ એની બાએ જ કરવા પડે છે.

બસ વાંચો, દેવ દર્શન કરો, સગાવહાલા કે વ્યવહારમાં તમે જાઓ, બસમાં ધક્કા ખાવ કે બસની રાહમાં તડકો છાંયો કે ટાઢ વરસાદમાં ઊભા રહો કે રીક્ષા કરીને જાઓ, પણ બંને પાસે ગાડી હોવા છતાં ''ચાલો હું મૂકી જાઉં કે ચાલો આપણે ગાડીમાં જઈએ'' નથી અમારે કોઈ ગ્રુપ કે સરખી ઉંમરનાની કંપની. બસ મશીનની જેમ, છ મહિના અહીં ને છ મહિના ત્યાં. વડીલોપાર્જિત અહીંથી માંડ એકસો કિલોમીટર દૂર, મારી અને મારા નાના ભાઈની સહિયારી, બિનપિયત જમીન છે, જે ભાગેથી ખેડવા આપતાં આવ્યા છીએ. સારું વરસ હોય ત્યારે કપાસ, ચણા કે એરંડા, જુવારની આવક સારી થાય છે. વરસમાં પાંચ-છ વાર હું અને મારો ભાઈ, જે બીજા શહેરમાં રહે છે તે બંને ભેગા થઈને જઈએ છીએ ત્યાં હાથે રોટલા ટીપી લઈએ કે કોઈના ઓશિયાળા થઈને જમવાનું બનાવડાવી લઈએ પણ બંને દીકરાઓમાંથી, ભવિષ્યના વારસદાર હોવા છતાં, જેનું અમેં મેં અને એમની માતાની હયાતી પછી, જમીન એમને મળે તે રીતે વિલ પણ કરેલું છું છતાં કોઇ દિવસ અમારી સાથે આંટો મારવા કે જોવા કે આપણા ખેતર ક્યાં અને કેટલા છે કે સુધારો-વધારો થયો છે કે કરવો છે, તેની કદી પૃચ્છા પણ નથી કરતા. હવે આપ સૌ જ કહો કે અમારા આવા પુત્રો હોવા છતાં, નહીં બરાબર જ કહેવાય કે નહીં?''

મારા એક અંગત જૂના મિત્ર, જે ત્રણ-ચાર વરસથી વિધુર થયા પછી, સંતાનો પરદેશ સ્થાયી થયા હોઈ અહીં છે, શ્રી મનસુખભાઈ. હું જ્યારે જ્યારે તેમને મળું કે હૈયું હળવું કરવા વાત કરતો ત્યારે જ તેમણે અહીં સજોડે, કોઈ નથી જણાવી, અહીં આવી જવા ભલામણ કરેલી. અમે લગભગ એક મહિનાથી અહીં છીએ પણ જાણે વરસોથી વિશાલ વડલોમાં રહેતા હોઈએ અને સૌની સાથે પરિચયમાં હોઈએ એવા અને એટલા આત્મીય થઈ ગયા છીએ. વળી દિવસ કેવી રીતે પસાર થઈ જાય છે અને રાત્રે એક ઊંઘે સવાર થઈ જાય છે એ ખબર પણ પડતી નથી. સૌની સાથે સમવયસ્ક હોઈ, ધરમ-ધ્યાન, ભજન કીર્તન, વાંચન, ટી.વી. સમાચાર, ક્યારેક સાંજે અંતાક્ષરી, જૂના ગીતો, ગરબા કે બહેનો લગ્ન ગીતો પણ ગાય વગેરે જેવી પ્રવૃત્તિ તેમજ મારા જેવા જન્મજાત શિક્ષકને કુદરતી બક્ષિસ કે પૌરાણિક વાર્તાઓ, મનસુખભાઈ જેવા લોક વાર્તાના જાણકારી લોકવાર્તાઓ કરે, કોઈ રમુજી ટુચકા કહે, તેમજ સાદું અને સાત્ત્વિક ભોજન, હળવો વ્યાયામ કે યોગ, સંગીત વગેરે જેવી પ્રવૃત્તિથી અમે તો જાણે નવું જીવન અને અમારી ઉંમરને પણ ભૂલી ગયા છીએ.

હવે તમે જ નક્કી કરો કે અમારે અહીં રહેવું જોઈએ, કે પરાણે જીવન પસાર કરવા અને જીવવા ખાતર જીવવા પુત્રો સાથે રહેવું

*જાત મહેનતથી કરેલું કાર્ય હંમેશાં આપણને સંતોષ આપે છે.*

જોઈએ? કહીને નટુભાઈએ વાત પૂરી કરી.

બંને દીકરાઓ, પુત્રવધૂઓ અને બહારગામથી આવેલી દીકરી બધાની આંખો પશ્ચાતાપના આંસુથી છલકાતી હતી. અને દરેકના મોઢાના હાવભાવ બતાવતા હતા કે પોતે ગુનેગાર છે. પણ... પણ કલ્પેશે, ભાઈ મલ્હાર અને બંનેની પત્નીઓ સામે જોઈ ઈશારો કર્યો. સૌ માતા-પિતાને પગમાં પડી, ટ્રસ્ટીઓને હાથ જોડી, ચુપચાપ કાંઈ પણ બોલ્યા વિના વિદાય થઈ ગયા.

પણ આ વિદાય તો નવા આગમનની શરૂઆત હતી.

થોડા દિવસ પછી આવતી નટુભાઈ અને રંજનાબેનની લગ્નતિથિની તો કોઈને શું નટુભાઈ અને રંજનાબેનને પણ યાદ નહોતી. હજી તો વિશાલ વડલોના વડીલો ચા-પાણીથી માંડ પરવાર્યા ત્યાં તો સવાર-સવારમાં બે ટ્રકો અને મલ્હાર - કલ્પેશની બંને કાર, વિશાલ વડલાના કમ્પાઉન્ડમાં આવી પહોંચી. બંને કારમાં કુટુંબના સભ્યો અને સગાવહાલા, એક ટ્રકમાં બેન્ડવાળા અને તેમના સંગીતના સાધનો, બીજી ટ્રકમાં રસોઈના સાધનો, રસોઈ સામગ્રી, મીઠાઈ, ફરસાણના ડબ્બાઓ, મહારાજ અને તેમના રસોઈયાઓ, રમતગમતના સાધનો, જે વડીલો રમી શકે તેવી સામગ્રી, ફૂલહાર વગેરે ફક્ત સંચાલક ગુણવંતભાઈને ખાનગી રીતે જાણ કરેલી કે આજે સંસ્થામાં જમવાનું બનાવવાનું નથી જેનો તેમણે આદેશ આપેલો.

સૌના આશ્ચર્ય વચ્ચે બધું ગોઠવાઈ ગયા પછી નટુભાઈ અને રંજનાબેનનું ફૂલહારથી સ્વાગત, અભિવાદન અને લગ્નતિથિની જાહેરાત. પછી કલ્પેશે જાહેર કર્યું કે 'વડીલો, અમે અમારી થયેલી ભૂલ માટે શરમિંદા તો છીએ પણ ભૂલ સુધારવાની તક નહીં જતી કરવા પ્રતિબધ્ધ પણ છીએ. અમારે અમારા મા-બાપને લઈ પણ જવા નથી. અહીં એ વધારે સુખી અને આનંદમાં છે. અમે હવે નિયમિત આવતા રહીશું અને ફક્ત અમે એમના જ નહીં પણ આપ સૌના સંતાનો બની રહેવા માગીએ છીએ. એટલે હવે દરેક વડીલોના આવા પ્રસંગે, જન્મ દિવસ કે લગ્નતિથિ કે કોઈપણ ઉજવણી માટે આવતા રહીશું."

પછી તો સવારથી સાંજ સુધી વિશાલ-વડલો આનંદમય પ્રવૃત્તિ અને હર્ષના આંસુઓથી તરબોળ થતો રહ્યો.

હવે દર મહિના કે વરસમાં છથી સાત વાર કે ઘણીવાર કલ્પેશ અને મલ્હાર, સહકુટુંબ, કોઈવાર મિત્રો સાથે આવતા રહે છે. બધા વડીલોના આત્મીય બની, પશ્ચાતાપરૂપે એકથી વધારે મા-બાપ પામ્યાની લાગણી અનુભવી રહ્યા છે. એટલે તો સૌ વડીલો, વિશાલ વડલોમાં રહેતા હરકોઈના મોંએથી, આવા આનંદના પ્રસંગોની ચર્ચા નીકળે એટલે કનુભાઈ અને રંજનાબેનને કહે છે, "તમારી નહીં આપણા સુપુત્રો" — કહીને મલકાતા મલકાતા આનંદ કરતા રહે છે.

*૧૨, ઘર આંગણ ફ્લેટ્સ,*
*'ચાઈલ્ડ કેર' પાછળ,*
*વિજય ચાર રસ્તા પાસે,*
*નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

---

## ગંગાજળથી વોડકા

**(અનુસંધાન : પાના નં.-૨૭ ઉપરથી ચાલુ)**

સુધારા વધારા કરી, પચાસ વર્ષ એમ જ ચલાવવું જોઈએ. પચાસ વર્ષ પછી કદાચ લોકશાહી સ્થાપી શકાય. એ આ લખવા જેટલું સહેલું નથી. આટલા વિરાટ દેશમાં, જ્યાં હર રાજયના હાકેમો પોતાને ભારતના પ્રધાનમંત્રીની હોડમાં ઊભેલા સમજે છે ત્યાં દેશ આખાનું એકીકરણ કરવું, પ્રજામાં દેશભાવના જગાવવી, દેશની ખરી ઉન્નતિ અને પ્રગતિ કરી, દુનિયામાં એને અવ્વલ નંબરનું રાષ્ટ્ર બનાવવું અત્યારે અશક્ય જરૂર લાગે છે, છતાં ચમત્કારો આજે પણ થાય છે. કોઈ ચમત્કાર થશે જ. યાદ રહે, દુનિયા આખીનો ઈતિહાસ કહે છે કે એને અણી સમયે કોઈ તારણહાર મળ્યો જ છે.

*૫૦/૪, રામસદન,*
*બ્રાહ્મણવાડા, ક્રોસ રોડ,*
*માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯.*
*મો. ૦૯૮૭૦૪૦૬૧૭૭*

## સરકારી કર્મીઓનું હિત સાચવતો સ્તુત્ય નિર્ણય

**(અનુસંધાન : પાના નં.-૨૮ ઉપરથી ચાલુ)**

પાછળ મોટાભાગે નફાનો હેતુ હોતો નથી, પરંતુ પ્લોટધારકના સંજોગો કારણભૂત હોય છે. આવા કિસ્સાઓ સમગ્ર ગુજરાતમાં સંખ્યાબંધ હોવાની સંભાવના છે. આવા કિસ્સાઓમાં શરતભંગની કાર્યવાહી કરવી એ બંને તરફની પરેશાની અને સમય તથા શક્તિનો વ્યય કરનારી બને છે તે સૌનો અનુભવ છે. આથી આવા કિસ્સાઓમાં ઉપરોક્ત ગણતરી મુજબ થતા પ્રીમિયમની રકમના સવા ગણા એટલે ૧૨૫ ટકા વસૂલ લઈ છેલ્લો ભોગવટો કરનારને આવા પ્લોટો નિયમિત કરી આપવા જોઈએ.

- **સહકારી મંડળીઓને અપાયેલ જમીન :**

ગુજરાતમાં સંખ્યાબંધ સહકારી મંડળીઓ દ્વારા સરકાર પાસેથી વિના હરાજીએ જમીન મેળવી મકાનો બાંધવામાં આવ્યા છે. આ પૈકી જે મંડળીઓને જે - તે વખતના બજાર ભાવ વસૂલી સરકારી જમીન આપવામાં આવી હોય તેમને પણ ઉપરોક્ત ઠરાવ મુજબનો લાભ આપવો જોઈએ. જે મંડળીઓને બજાર કિંમતમાં પણ રાહત આપી જમીન અપાઈ હોય, તેમના કિસ્સામાં વેચાણ નિયંત્રણ રહે તે વાજબી છે, પરંતુ જ્યાં બજારભાવે જમીન અપાઈ હોય ત્યાં મંડળીના સભ્યને મકાન વેચવું હોય તો મંડળીની પરવાનગી પછી પણ સરકારી મંજૂરી મેળવવા ચોર્યાસીના ચક્કરમાં ફસાવું પડે છે. સરકારે આ બાબત પણ યોગ્ય વિચારણા કરવી જોઈએ.

*(લેખકશ્રી કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના ઉપપ્રમુખ છે.)*

*'જલિયાણ',*
*જૂના બસ સ્ટેન્ડ પાસે, જૂનાવાસ,*
*માધાપર, તા. ભુજ, કચ્છ-૩૭૦ ૦૨૦.*
*મો. ૯૮૨૫૪ ૫૩૯૫૧*

---

*અશક્ય એ કોઈ હકીકત નથી, પણ માત્ર એક મત છે.*

Return to The Nature....

Ananya ....THE HEALTHY LIVING....

ડાયાબિટીસ, બી.પી., મોટાપો, સંધિવા, થાઈરોઈડ, કબજીયાત, પાચનતંત્રના રોગો, સ્ત્રી રોગો, ડિપ્રેશન, માનસિક રોગો, હાર્ટ પ્રોબ્લેમ, એસીડિટી જેવા દરેક રોગોમાં નેચરોપેથી દ્વારા સારવાર....

**ઉપલબ્ધ સારવાર :**

- વોટર થેરાપી
- એક્યુપ્રેશર
- બસ્તી
- ડાયટ
- કાઉન્સેલિંગ
- મસાજ
- શિરોધારા
- રેકી
- યોગ





| Body Service Programme | Weight Loss Programme | Relaxation Programme |
|---|---|---|
| 1999/- | 5999/- | 5999/- |

**હેલ્થ કેર પ્રોડક્ટ્સ મળશે**

અળસી, સ્ટીવિયા, ઘઉંના જ્વારા, નેચરલ પાવર, અમૃતધારા વગેરે....

**Health @ Home :** Shop Health Products online
**www.ananyagroups.com**

**DR. RAGHAV PUJARA**

2, Ravi Pushp Appartment, 1st Floor, Near Navneet House,
B/h. UCO Bank, Gurukul Road, Memnagar, Ahmedabad.
**+91 99044 69844, 93779 01594 • E-mail : doctor@ananyagroups.com**
**10.30 a.m. to 7.30 p.m.**

તંદુરસ્તી

# શિશુની પ્રકૃતિ (Temperament) – (૧)

• ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) •

## • કેસ સ્ટડી :

૩૭ વર્ષના રૂષભે એની પત્ની અંકિતા (નામ બદલ્યા છે) જોડે અમારા ક્લિનિકમાં આવીને જણાવ્યું કે ડોક્ટર સાહેબ, અમને બે દીકરાઓ છે. બંનેની વર્તણૂક અલગ અલગ છે. ઘરનું વાતાવરણ તથા ઉછેર એક જ પ્રકારનો છે છતાં બંનેની વર્તણૂક અલગ અલગ શા માટે? શું બે માંથી એકને કોઈ બીમારી છે? શું સારવારની જરૂરત છે? અત્યારથી સારવાર - કાઉન્સેલિંગ કરીએ જેથી ભવિષ્યમાં જીવનમાં આવનારી દરેક પરિસ્થિતિનો યોગ્ય રીતે સામનો કરી શકે.

ઊંડાણમાં વર્તણૂક વિષે જાણકારી મેળવી. જે નીચે મુજબ છે.

બંને બાળકોની પ્રસુતિ નોર્મલ થયેલ. ગર્ભાવસ્થા દરમ્યાન પણ અંકિતાને કોઈ પણ તકલીફ ન હતી.

આઠ વર્ષના હર્ષનો સ્વભાવ શાંત છે. પોતાના કાર્યો (જમવાનું, તૈયાર થવાનું, કપડાં પહેરવાનું, શાળા માટેનું દફતર તૈયાર કરવાનું વગેરે) પોતાની રીતે વ્યવસ્થિતપણે કરી લે છે. મમ્મી પર આધાર રાખતો નથી. મમ્મીને એની ચિંતા નથી. રાત્રે એક વખત સૂઈ જાય તો સવારે જ સીધો ઊઠે છે. અઢી વર્ષની ઉંમરથી રાત્રે પથારીમાં પેશાબ કરતો ન હતો (toilet trained). નવા આંગતુક જોડે જલ્દીથી હળીભળી જાય છે. મિત્રો જોડે હળીભળી જાય છે તથા જવાબદારી લઈ કાર્યો કરવામાં ઉત્સુક રહે છે. મિત્રોનું વર્તુળ પણ મોટું છે.

પાંચ વર્ષનો મિહિર સ્વભાવે ચંચળ છે. પોતાના કાર્યો માટે મમ્મી પર આધાર રાખે છે. મમ્મી જમાડે તો વ્યવસ્થિત જમી લે છે. પોતાની રીતે જમવા માટે ગલ્લા તલ્લા કરે છે. પોતાની રીતે જમતી વખતે ઓછું જમે છે એવી મમ્મીની ફરિયાદ છે. મિહિર મુડી/મિજાજ છે. જલ્દીથી ચીડાઈ જાય છે. નવા આગંતુક જોડે જલ્દીથી ભળતો નથી. એક વખત ભળી જાય તો પછી વાંધો આવતો નથી. મિત્રો જોડે પણ નાની નાની બાબતોમાં ઝઘડો કરી બેસે છે. કામની કોઈ જવાબદારી લેતો નથી. 'ઘરમાં નાનો છે' એમ સમજી ઘરની વ્યક્તિઓ એને કામની જવાબદારી સોંપતા નથી.

મમ્મીને મિહિરની સતત ચિંતા રહે છે. અંકિતા મિહિરને મૂકીને બહારગામ જતી નથી. એક વખત ઈમરજન્સીમાં જવાનું હતું ત્યારે મિહિરને સાથે લઈ ગઈ હતી પરંતુ હર્ષને મુંબઈ જ મૂકી ગઈ હતી.

## • નિદાન :

બંને દીકરાઓની પ્રકૃતિ અલગ અલગ છે. આ કોઈ બીમારી નથી.

## • સારવાર :

બાળકોની વ્યક્તિગત પ્રકૃતિ પ્રમાણે માતા-પિતા તથા વડીલોએ પોતાની પ્રતિક્રિયામાં યોગ્ય ફેરફાર કરવા જરૂરી છે. અન્ય બાળક (ભાઈ કે બહેન) જોડે સરખામણી ન કરવી જોઈએ.

બાળકોના માનસિક ઉછેર બાબત રૂષભ તથા અંકિતા જોડે કાઉન્સેલિંગ કર્યું. મિહિરને પોતાના કાર્યો ઉંમર પ્રમાણે જાતે કરી લેવા માટે પ્રોત્સાહિત (motivate) કર્યા. મિહિરના કાર્યો મમ્મીએ કરવાનું બંધ કર્યું. એક વખત મમ્મીને પાંચેક દિવસ માટે ઓચિંતુ બહારગામ જવાનું થયું ત્યારે મિહિરને સાથે લઈ જવાને બદલે ઘરે જ મૂકી ગઈ. મિહિરે એ વખતે પોતાના કાર્યો જાતે કરી લીધા. મમ્મીની મિહિર વિષેની ચિંતા દૂર થઈ.

## • પ્રકૃતિ એટલે શું?

પ્રકૃતિની વ્યાખ્યા આપતા મનોચિકિત્સક થોમસ અને ચેસ (૧૯૭૭) જણાવે છે કે પ્રકૃતિ એટલે બાહ્ય વર્તણૂક.

પ્રકૃતિ એટલે શિશુ કેવા પ્રકારની વર્તણૂક કરે છે તથા નવી પરિસ્થિતિમાં તેમજ જુદી પરિસ્થિતિમાં કયા પ્રકારના પ્રતિભાવ તથા પ્રતિક્રિયા બતાડે છે.

મનોચિકિત્સક થોમસ અને ચેસે વર્તણૂકના ત્રણ ઘટકો વર્ણવ્યા છે :

(૧) વર્તણૂક કેવી છે, કયા પ્રકારની છે એ પ્રકૃતિ છે ("how" of behaviour)

(૨) વર્તણૂક કેટલી છે કેટલી સારી રીતે થયેલ છે એ ક્ષમતા (ability) છે ("What" and "how well" of behaviour)

(૩) વર્તણૂક કયા હેતુથી કરેલ છે, ઉદ્દેશ શું છે એ પ્રેરણા (motivation) છે ("Why" a person does what he is doing)

### (અ) અનુવાંશિકતા :

શિશુની પ્રકૃતિ (temperament) અનુવાંશિક છે. પ્રકૃતિ (વર્તણૂક) જીન્સ તથા ક્રોમોઝોમ પર આધાર રાખે છે. ખાસ કરીને મગજના તથા મનના અવયવોની રચના તથા કાર્યશક્તિ પર શિશુની પ્રકૃતિ આધાર રાખે છે. અલગ અલગ શિશુમાં અનુવાંશિકતા અલગ અલગ હોય છે એટલે પ્રકૃતિ પણ અલગ હોય છે. બે ભાઈઓ તથા ભાઈ અને બહેનની પ્રકૃતિ પણ અલગ હોય છે એ આપણે સૌ જાણીએ છીએ. આનું વૈજ્ઞાનિક કારણ કે દરેક શિશુમાં અલગ અલગ જીન્સ હોય છે. ડી.એન.એ. અલગ હોય છે એટલે પ્રકૃતિ પણ અલગ હોય છે. ૨૩ ક્રોમોઝોમ્સ પિતાના શુક્રકણથી (Sperm) તથા બીજા ૨૩ ક્રોમોઝોમ્સ માતાના બીજથી (ovum) આવે છે. આમ ૪૬ ક્રોમોઝોમ્સથી અનુવાંશિકતા થાય છે.

(બ) પ્રકૃતિમાં ફરક શરૂઆતથી જોવા મળે છે.

*જીવનમાં અચાનક આવી પડેલી આફતનો હસતા મોઢે સામનો કરો.*

પ્રકૃતિ (વર્તણૂક)ની શરૂઆત ગર્ભમાં થાય છે. માતા ગર્ભમાં રહેલા બાળકની હલનચલન અનુભવે છે ("બાળક લાત મારે છે") બે બાળકો કે એનાથી વધારે બાળકોને જન્મ આપનાર માતાએ અનુભવ્યું હોય છે કે ગર્ભમાં રહેલા અલગ અલગ બાળકની હલનચલન (પ્રકૃતિ વર્તણૂક) ઝડપ અલગ અલગ હોય છે. (વધારે કે ઓછી)

જન્મ્યા બાદ પણ ખાવામાં, સુવામાં, હાથપગની હલનચલનની ક્રિયામાં બે શિશુઓ સરખા નથી હોતા. અલગ જ હોય છે.

બાહ્ય વાતાવરણ કે ઉછેરની અસર થાય એ પહેલાં જ શિશુઓની પ્રકૃતિ અલગ અલગ હોય છે. જે સાબિત કરે છે કે પ્રકૃતિ અનુવાંશિક હોય છે.

(ક) અલગ અલગ પરિસ્થિતિમાં તથા લાંબા સમય બાદ પણ પ્રકૃતિ એ જ રહે છે. શિશુની/વ્યક્તિની આ ખાસિયત હોય છે. પ્રકૃતિની વ્યક્તિની વિશિષ્ટતા હોય છે વર્તણૂક. આ વિશિષ્ટ લાક્ષણિકતા પરથી વ્યક્તિ ઘણી વખત ઓળખાય છે.

- **અલગ અલગ પ્રકારની પ્રકૃતિ :**

શિશુઓમાં અલગ અલગ પ્રકારની પ્રકૃતિ જોવા મળે છે. ઘણા શિશુઓ અશાંત હોય છે, ધીમા અવાજથી અસ્વસ્થ થઈ જાય છે, ખાવામાં, સુવામાં અનિયમિત હોય છે. જ્યારે અન્ય શિશુઓ શાંત હોય છે, ખાવામાં તથા સુવામાં નિયમિત હોય છે. ઘણા શિશુઓ નવી વ્યક્તિ કે અજાણી વ્યક્તિ જોડે ઝડપથી હળીમળી જાય છે જ્યારે અન્ય શિશુઓ જલ્દીથી ભળી શકતા નથી તથા અલિપ્ત રહે છે. ઘણા શિશુઓ સક્રિય (active) હોય છે જ્યારે બીજા નિસ્તેજ હોય છે. ઉર્જાનું પ્રમાણ અલગ હોય છે. અમુક શિશુઓ યોગ્ય પ્રતિક્રિયા આપે છે જ્યારે બીજા શિશુઓ પ્રતિક્રિયા આપવામાં વિલંબ કરે છે. નવી જગ્યામાં એડજસ્ટ થઈ શકતા નથી.

- **પ્રકૃતિના ૯ ઘટકો :**

થોમસ અને ચેસે પ્રકૃતિના ૯ ઘટકોનું વર્ણન કર્યું છે. સંશોધન કાર્ય દ્વારા તથા પોતે જાતે કરેલા શિશુઓના નિરીક્ષણો દ્વારા આ ૯ ઘટકોનું વર્ણન કર્યું છે.

(૧) ઉર્જાનું પ્રમાણ : હલનચલન તથા શારીરિક ક્રિયાશીલતા

(૨) શારીરિક ક્રિયાઓ : શારીરિક ક્રિયાઓની નિયમિતતા – ઊંઘવું, જાગવું, ભૂખ, સંડાસ, પેશાબની ક્રિયા

(૩) અનુકૂળ થવું : બદલાયેલી પરિસ્થિતિ કે સંજોગોને કેટલી ઝડપથી અનુકૂળ થવું.

(૪) અજાણ/નવી વ્યક્તિ પ્રત્યે પ્રતિક્રિયા : નવી વ્યક્તિ, અજાણ વ્યક્તિ, અપરીચિત પરિસ્થિતિ પ્રત્યે શરૂઆતનો પ્રતિભાવ/પ્રતિક્રિયા.

(૫) ભાવનાત્મકતા : ખલેલ પહોંચાડનારી પરિસ્થિતિ પ્રત્યે પ્રતિક્રિયા (ઘોંઘાટ, ઊંચું ઉષ્ણતામાન, ગીરદી, ખરબચડી જમીન વગેરે)

(૬) પ્રતિક્રિયાની તીવ્રતા : કેટલી તીવ્રતાથી હકારાત્મક કે નકારાત્મક સંજોગો/પરિસ્થિતિનો પ્રતિભાવ આપે છે.

(૭) ધ્યાન બીજે જવું : ઓચિંતી ખલેલ પહોંચાડનારી પરિસ્થિતિ પ્રત્યે કેટલું ઝડપથી ધ્યાન ખેંચાય છે.

(૮) મુડ/મિજાજ : આનંદદાયક અને ખુશીનો મિજાજ (Positive mood) વિરુદ્ધ નિરાશ, હતાશ, દુઃખી મિજાજ (negative mood) તથા બંને મિજાજનું પ્રમાણ

(૯) ધ્યાન કેન્દ્રિત રાખવાની ક્ષમતા : અઘરી/મુશ્કેલ પ્રવૃત્તિમાં કેટલો સમય ધ્યાન પરોવી શકાય.

ઉપરોક્ત ૯ ઘટકો પરથી પ્રકૃતિનું વર્ગીકરણ કરાય છે.

સમજવા જેવી તથા ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે એક પ્રકારની શિશુની પ્રકૃતિ બીજા શિશુની બીજી પ્રકારની પ્રકૃતિથી ચડિયાતી કે ઉતરતી છે એવું નથી હોતું.

પ્રકૃતિ વિશેની સમજ તથા જાણકારી ખૂબ અગત્યની છે. પ્રકૃતિ પરથી આપણને સમજ પડે છે કે બધા બાળકો તરફ માતા-પિતાનો વ્યવહાર એક સરખો ન કરાય. માતા-પિતા તથા વડીલો પોતાની પ્રતિક્રિયામાં બાળકની પ્રકૃતિ પ્રમાણે ફેરફાર કરે. જેને લીધે બાળકના વ્યક્તિત્વ (Personality)નું યોગ્ય ઘડતર થઈ શકે.

- **વ્યક્તિત્વ (Personality) :**

(૧) બાળક પ્રકૃતિ (temperament) સાથે જન્મે છે. પ્રકૃતિ અનુવાંશિક છે. પિતાના શુક્રકણ (sperms) તથા માતાના બીજ (ovum) દ્વારા બાળકને જીન્સ તથા કોમોઝોમ્સ મળે છે.

(૨) માનસિક ઉછેર દ્વારા બાળકના વ્યક્તિત્વનું ઘડતર થાય છે.

(૩) બાળપણ તથા કિશોરાઅવસ્થા અને પુખ્તવયના સ્વ-અનુભવ દ્વારા વ્યક્તિત્વનો વિકાસ થાય છે.

આમ વ્યક્તિત્વ એટલે પ્રકૃતિ + માનસિક ઉછેર + સ્વ અનુભવ

શિશુની પ્રકૃતિ (વર્તણૂક)ની અસર માતા-પિતા તથા વડીલો પર કેવી થાય છે તથા માતા-પિતા, વડીલોએ પોતાનામાં શું ફેરફારો કરવા જોઈએ જેથી બાળકનો યોગ્ય માનસિક ઉછેર થાય તથા એના વ્યક્તિત્વનું ઘડતર થાય એ વિશેની જાણકારી આવતા લેખમાં મેળવીશું.

*(ક્રમશઃ)*

*મનોસ્મૃતિ પોલીક્લિનિક, 'પ્રભુકૃપા',*
*એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલની અને હોટલ*
*રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.*
*ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

# વંધ્યત્વની સારવાર અને અગમચેતીનાં પગલાં

• ડૉ. રમણ પટેલ •

અગાઉના અંકમાં આપણે વંધ્યત્વની સારવારના જોખમી ઓવેરિયન હાઈપર સ્ટિમ્યુલેશન સિન્ડ્રોમ વિશે વાત કરી હતી. વંધ્યત્વની સારવાર કરાવતા દર્દીને તેના લીધે શું તકલીફ થવાની શક્યતા છે, તે જાણ્યા બાદ હવે ઓવેરિયન હાઈપર સ્ટિમ્યુલેશન સિન્ડ્રોમ એટલે કે OHSSની તકલીફ ન થાય તે માટે અગમચેતીનાં કયાં પગલાં લઈ શકાય, તે વિશે થોડું વિગતમાં જાણી લઈએ...

★ જે દર્દીમાં અગાઉની સારવાર વખતે OHSS થયો હોય તે દર્દીને ફરીથી આ તકલીફ થવાની શક્યતા રહે છે.

★ આવા દર્દીમાં ખાસ કરીને PCOS (પોલી સિસ્ટિક ઓવેરિઅન સિન્ડ્રોમ) ધરાવતા દર્દીનું ઓવેરિઅન ડ્રિલિંગ કરીને આગળ વધવું જોઈએ.

★ એક્ટિવ સારવાર શરૂ કરતા પહેલાં મેટફોર્મિન અને માયોઆર્યોનોસિટોલ જેવી દવાઓ જોખમ ઘટાડવામાં મદદરૂપ થાય છે.

★ અંતસ્ત્રાવનાં જે ઈંજેક્શનો ફોલીકલ બનાવવા માટે વપરાય છે તે ઓછા ડોઝમાં શરૂ કરવાં જોઈએ.

★ પિટ્યુટરીને કંટ્રોલ કરવા માટે એન્ટાગોનિસ્ટ પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ.

★ સ્ત્રીબીજ પાકટ કરવા માટે ઓછા ડોઝમાં HCGનું ઈંજેક્શન આપવું જોઈએ અથવા તો એગોનિસ્ટ ઈંજેક્શનથી પણ આ અસર ઉપજાવી શકાય.

★ જો IVFની સારવારમાં IVM એટલે ઈન્વીટ્રોમેચ્યુરેશન પદ્ધતિનો ઉપયોગ થાય તો OHSS થવાની સંભાવના સંપૂર્ણ નહિંવત થઈ જાય છે.

★ જો ગર્ભ મૂકવાનો પ્રસંગ આવે તો એક જ ગર્ભ અને એ પણ બ્લાસ્ટોસીસ્ટના રૂપમાં મૂકી શકાય.

★ આ ઉપરાંત પણ સ્ત્રીબીજ પાકટ થવાનું ઈંજેક્શન મોડું આપીને અને ગોનાડોટ્રોફિનનાં ઈંજેક્શન બંધ કરીને કોસ્ટિંગ નામે ઓળખાતી સારવાર વિચારી શકાય.

★ જ્યારે સ્ત્રીબીજ ઉપાડવાનું થાય ત્યારે બધા જ ફોલીકલમાંથી પ્રવાહી ખેંચી લેવું જોઈએ.

★ ગર્ભ મૂક્યા પછી પ્રોજેસ્ટિરોન નામના અંતઃસ્ત્રાવથી જો ગર્ભાવસ્થા થાય તો તેને ટેકો આપવો જોઈએ.

★ અને છતાં પણ OHSS થવાની ગંભીરતા વધારે જણાય તો Freeze all cycle કરી શકાય, જેમાં બધા જ ગર્ભ શીતાવસ્થામાં મૂકી દેવામાં આવે છે અને ભવિષ્યમાં ગર્ભાશયનું પડ તૈયાર કરીને ગર્ભ ટ્રાન્સફર કરી શકાય.

★ આ ઉપરાંત ડોપામીનની દવાઓ, આલ્બ્યુમીનનાં ઈંજેક્શન અને એરોમેટેજ ઈન્હીબીટરની ગોળીઓ તથા એન્ટાગોનિસ્ટ ઈંજેક્શન પણ આપી શકાય. દર્દીને કબજિયાત ન થાય, ઉધરસ ન થાય, વજન ન ઊંચકે, સંબંધ ન રાખે જેવી પાયાની બાબતોનું ધ્યાન રાખવું પડે છે.

★ જો દર્દીને સામાન્યથી મધ્યમ કક્ષાનો OHSS જણાય તો ઘરે રાખીને જ સારવાર કરી શકાય છે, પરંતુ જો વધારે ગંભીર પ્રકારનો OHSS થાય તો હોસ્પિટલમાં દાખલ થવું પડે છે અને આ દર્દીને કેટલીક વાર ICUમાં પણ દાખલ કરવા પડે છે અને સારવારમાં ડોક્ટરની ટીમની જરૂર પડે છે.

★ કેટલીક વાર આવી તકલીફ દર્દીના પેટમાં, ફેફસાંમાં કે હૃદયાવરણમાં ભરાયેલું પાણી સોનોગ્રાફીના માર્ગદર્શન હેઠળ ખેંચવું પડે છે અને કોઈક વાર લેપ્રોસ્કોપી કે પેટ ખોલીને મોટું થયેલું અંડાશય કે જેનું ટ્રોર્ઝન થાય તેને સુધારવાની પણ જરૂર પડે છે.

*dr.ramanpatel@yahoo.com*
*(આઈવીએફ સ્પેશિયાલિસ્ટ, સનફ્લાવર હોસ્પિટલ, અમદાવાદ)*

## દોઢ ટિકિટ

હરિયાણાની એસ.ટી. બસમાં એક છોકરો એની મા સાથે જઈ રહ્યો હતો. કન્ડક્ટર પાસે એણે દોઢ ટિકિટ માંગી. ‘‘આધી મેરી ઓર એક મેરી માં કી.’’

કન્ડક્ટર : ‘‘તેરી મૂછ આ રી હૈ. ઈબ આધી નહી પૂરી ટિકટ લગેગી.’’

છોકરો : ‘‘ફેર મેરી પુરી દે દે, ઔર માં કી આધી... ક્યુંકિ માં કે મૂછ કો ની આરી!’’

"ROLEX" Brand

**Rushabh**
STEEL CENTRE
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
**Tel. : 2242 2072, 3393 7310 • Fax : (022) 3008 0072**
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

# લોહીનું દબાણ

• મુકુંદ મહેતા •

આપણા ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદમાં માનવીને પરેશાન કરનારા અનેક રોગોમાં મુખ્યત્વે જાડાપણું (ઑબેસિટી), બ્લડ પ્રેશર (લોહીનું દબાણ), ડાયાબિટીસ અને હાર્ટ ઍટેકથી પીડાતા અનેક લોકો છે. હવે આ રોગો થાય છે વ્યક્તિની ખરાબ 'જીવનશૈલી'થી એ પણ બધાને ખબર છે. જીવનશૈલી બદલવી જોઈએ. એ પણ ખબર છે કે કસરત કરવી જોઈએ, ટેન્શન ઓછું કરવું જોઈએ, શરીરને નુકસાન થાય તેવા તત્ત્વો ખોરાકમાં ના લેવા જોઈએ. પણ આમાનું કશું કરી શકતો નથી. એ થોડો પ્રારબ્ધવાદી થઈ ગયો છે. જે થવાનું હશે તે થશે. આવા લોકો માટે વૈજ્ઞાનિકોએ શોધખોળો કરી હાર્ટ ઍટેક અને બી.પી. માટે નીચેની થોડી વાનગીનો ઉપયોગ ખોરાકમાં કરવાનું જણાવેલ છે જેથી તમારું બી.પી. કાબૂમાં રહે અને હાર્ટ ઍટેક આવવામાં પણ વાર લાગે, ના પણ આવે.

**૧. દ્રાક્ષ :** એ લીલી હોય કે કાળી પણ દ્રાક્ષની છાલમાં અને બી માં "રીઝર્વેટોલ" નામનો પદાર્થ છે. આ પાવરફુલ એન્ટી ઓક્સિડન્ટ છે જે તમારું બી.પી. કાબૂમાં રાખે છે. સંશોધકોએ શોધી કાઢ્યું છે કે બીવાળી દ્રાક્ષ રોજ ૧૦૦થી ૧૫૦ ગ્રામ છાલ સાથે (રસ નહીં) ખાઓ તો એક મહિનામાં બી.પી.નું રીડિંગ ૨૦ જેટલું ઓછું થશે અને ચાર મહિનામાં નોર્મલ થઈ જશે. દ્રાક્ષથી તમારા હાર્ટની કામગીરી પણ સરસ થશે કારણ તેમાં પોટેશિયમ છે જેથી તમે ખોરાકમાં લીધેલા સોડિયમનું બેલેન્સ જળવાય છે. ઉપરાંત દ્રાક્ષમાં રહેલ નેચરલ અને એન્ટી ઓક્સિડન્ટ રીઝર્વેટોલ હૃદયને ચેપ લાગતાં બચાવે છે. બારે મહિના કાળી દ્રાક્ષ ના મળે તો તેને બદલે સૂકી કાળી દ્રાક્ષ બીવાળી રોજ ૧૨ દાણા રાત્રે પલાળી સવારે બી સાથે ખાઓ તો પણ આ જ ફાયદો થશે. બજારમાં દ્રાક્ષના બીનો પાવડર મળે છે તે રોજ એક ચમચી બે વખત લેશો તો એ જ ફાયદો થશે.

**૨. કાકડી :** રોજ ૧૦૦થી ૧૫૦ ગ્રામ લીલી તાજી કાકડી ખાઓ. તેમાં પોટેશિયમ, મેગ્નેશિયમ અને ફાઈબર છે. મેગ્નેશિયમને કારણે બી.પી.નું રીડિંગ ૬૦થી ૭૦ ટકા ઓછું થાય છે. સ્ત્રીઓને તરત (૧ મહિનામાં) ફાયદો થાય છે. કાકડીમાં 'એન્થોસાઈનીન' છે. આને લીધે પણ બી.પી. ઓછું થાય છે. એન્થોસાઈનીન પાવરફુલ એન્ટી ઓક્સિડન્ટ છે જેને કારણે હૃદયને ચેપ લાગતો નથી.

**૩. અળસી :** અળસીમાં ફાઈબર છે. લીગ્નેન નામનો એન્ટી ઓક્સિડન્ટ છે અને ઓમેગા-૨ અને ઓમેગા-૬ ફેટી એસિડ છે. ફાઈબરને કારણે પેટ સાફ રહે છે. પેટના પ્રોબ્લેમ - ગેસ - એસીડીટી - ઉબકા - ઉલટી - દુઃખાવો — થતા નથી. લીગ્નેનને કારણે છ માસમાં બી.પી. ૧૪૦/૯૦માંથી ૧૨૦/૮૦ થાય છે. ઓમેગા-૩ અને ઓમેગા-૬ ફેટી એસિડને કારણે હૃદયનું રક્ષણ થાય છે.

**૪. ફાલસા - બોર - જાંબુ - રાયણ - બ્લુબેરી :** બ્લુબેરી આપણે ત્યાં થતા નથી. સીઝનમાં મળતા ફાલસાનો બીયા સાથે રોજ ૧૦૦ ગ્રામ અથવા ૧૫૦ ગ્રામ બોર / જાંબુ / રાયણ ખાવાથી બી.પી. ઓછું આવે છે, હાર્ટ મજબૂત થાય છે. દરેકમાં ફાઈબર મળે છે. પેટ સાફ રહે છે. ઘણા વિટામિન મિનરલ્સ મળે છે.

**૫. દૂધ - દહીં - છાશ - પનીર :** દૂધ એક જ એવો પદાર્થ છે કે જે પ્રાણીજ હોવા છતાં શાકાહારી લોકો નિરાંતે લે છે. જો ના લેતા હો તો રોજ ૫૦૦ મી.લી. આજથી લેવાનું શરૂ કરો. ક્રીમ કાઢીને લેજો. ચા-કોફી-છાસ અને પનીર તરીકે પણ લેવાય. દૂધમાં આયર્ન અને વિટામિન-સી સિવાય શરીરને ઉપયોગી ઘણા પદાર્થો છે. બી.પી. ઓછું કરવામાં અને હૃદયના કાર્યને મદદ કરે છે. દૂધની મલાઈ - માખણ - ચીઝ - માવો અને તેમાંથી બનાવેલ ગળી મીઠાઈઓ ના ખવાય તે યાદ રાખો.

**સૂચના :**

૧. ઉપરના પાંચ પદાર્થો એક સાથે ના લેશો. ગમે તે એકનો પ્રયોગ કરશો.

૨. બી.પી.ની ગોળી તાત્કાલિક બંધ ના કરશો. જેમ જેમ બી.પી. ઓછું થાય તેમ ઓછી કરશો.

૩. બી.પી. થવાનું કારણ તમારું વજન એટલે બી.એમ.આઈ. ૩૦ કે તેની ઉપર છે. વજન ઓછું કરવા અને એને લીધે બી.પી. ઓછું કરવા કસરત કરવી પડશે. કસરત ના કરતા હો તો ફક્ત ચાલવાની કે લાફિંગ ક્લબમાં જઈ કસરત કરશો તો વજન ઓછું થશે અને ધીરે ધીરે બી.પી. પણ ઓછું થશે.

*સ્વૈચ્છિક સંસ્થાઓના ઘણા વડાઓ લોકશાહી અને લોકમતના દાવા કરે છે, પણ તેમણે યોજેલી મીટિંગમાં હાજરી આપનાર જાણે છે કે નિર્ણય પહેલેથી નક્કી હોય છે. મીટિંગ તો કેવળ લોકશાહીના નામે મત્તા મરાવવા માટે બોલાવાય છે.*

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

સમાજની ક્ષિતિજો

નર-નારીના સંબંધો અને લગ્નસંસ્થા : પ્રકરણ-૧૪

# માતા તથા સંતાનનો સંબંધ

• સ્વામિ શ્રી સચ્ચિદાનંદજી •

માતા થતાં પહેલાં તેને શાસ્ત્રીય અથવા અશાસ્ત્રીય રીતે પત્ની થવું જરૂરી છે. એટલે તેનામાં પત્ની અને માતા એમ બન્નેનાં તત્ત્વો સમાવેલાં છે. પત્ની થવા માટે તેનામાં સમર્પણ-ભાવ ભર્યો છે. જે સમર્પણ નથી કરી શકતી તે માતા પણ નથી થઈ શકતી. કદાચ થાય તો તે જબરદસ્તીથી, વિના મને થયેલી હોય છે. માતા થવા માટે જ સ્ત્રીમાં ઋતુકાળની વ્યવસ્થા કુદરતે કરી છે - જેમ કોઈ મોટરકારના એન્જિનમાં ટાઈમિંગ પટ્ટા હોય છે. અર્થાત્ આ અહીં આવે એટલે પેલું અહીં આવવું જ જોઈએ. જો એ ટાઈમિંગમાં જરા જેટલો પણ ફરક પડે તો વ્યવસ્થા તૂટી જાય. એન્જિન બંધ પડી જાય અથવા તૂટી પણ જાય. તેમ જ અમુક ઉંમરે પહોંચતાં જ સ્ત્રીમાં રજોદર્શન થવા લાગે. રજોદર્શન થાય એટલું જ નહિ, તેની સાથે જ પ્રબળ કામેચ્છાના આવેગો પણ શરૂ થાય. આ આવેગો જ તેને પત્ની થવાની અને પછી માતા થવાની ફરજ પાડે છે. આવું જ પુરુષને પણ ટાઈમિંગ પ્રમાણે આવેગો આવે છે. પ્રચંડ આવેગો તેને પત્નીની જરૂરિયાત જણાવે છે અને પિતા બનાવે છે. જો આ આવેગો જ ન હોત તો પતિ-પત્ની થવાનાં કારણ જ ન હોત. એટલું જ નહિ નર-નારી વચ્ચેની લાગણીઓ-પ્રેમ પણ ન હોત. તો દુનિયા કેવી હોત તેની કલ્પના પણ કરી શકાય નહિ.

જે લોકો આવા આવેગોનું દમન કરવાનો ઉપદેશ આપે છે, તે માર્ગ ભૂલેલા છે. તે યુવાનોને ગુમરાહ કરે છે. ખરેખર તો આવેગો મર્દાનગીની નિશાની છે, તે હોવા જ જોઈએ. હા, તેને બેફામ ન બનાવાય તે જરૂરી છે. પણ તેને એક સંયમમાર્ગ દ્વારા નિયંત્રિત કરાય તો તે કલ્યાણકારી થઈ શકે છે. અનિયંત્રિત પવનની આંધી મહાવિનાશ વેરી શકે છે, પણ એ જ પવનને નિયંત્રિત કર્યો હોય તો પવનચક્કી દ્વારા વીજળી ઉત્પન્ન કરી શકાય છે. પવન જ ન હોય તો પવનચક્કી પણ ન હોય, તો ઊર્જા પણ ન હોય. આવી જ રીતે કુદરતી આવેગોને નિયંત્રિત કરવા માટે પતિ-પત્નીનો સંબંધ કલ્યાણકારી છે. આવા સંબંધ વિનાનો એકાકી પુરુષ કે એકાકી સ્ત્રી ભારે દબાણમાં જીવન જીવે છે. જો તમે છીંકને જબરદસ્તીથી રોકો તો બીમાર પડો. જો તમે કુદરતી હાજત એટલે કે મળમૂત્રના ત્યાગને રોકો તો પણ બીમાર પડો. આવી જ રીતે જો તમે સતત કામના આવેગોને રોકો તો એક તો દબાણમાં રહો અને જે વસ્તુ રોકી રોકાય નહિ તેને રોકવાનાં ફાંફાં મારીને અંતે હારી જાવ અને માંદલા જેવું જીવન જીવતા થઈ જાવ.

લોકોમાં એક મહાભ્રમ ફેલાવાયો છે કે અવરોધાયેલું શુક્ર ઊર્ધ્વગામી થઈ આખા શરીરમાં પ્રસરી જાય છે. શું મળ-મૂત્રને અવરોધવાથી તેનું ઊર્ધ્વીકરણ થાય છે? ના. અને માનો કે મળમૂત્રનું ઊર્ધ્વીકરણ થઈને આખા શરીરમાં શોષાઈ જાય તો શું થાય? શરીર દુર્ગંધમય થઈ જાય. તેનું વિસર્જન એ જ કલ્યાણકારી કુદરતી વ્યવસ્થા છે. આવી જ રીતે કુદરતે શુક્ર માટે કુદરતી વ્યવસ્થા કરી છે. તેને યથાયોગ્ય રીતે સ્વીકારવામાં આવે તો પ્રશ્નો ઉકેલાય છે. તેને હઠપૂર્વક સતત અવરોધવામાં આવે તો શારીરિક, માનસિક, બૌદ્ધિક વગેરે અનેક પ્રશ્નો ઊભા થાય છે. એટલે કુદરતે એક ટાઈમિંગ વ્યવસ્થા બન્નેના શરીરમાં મૂકી છે. ધર્મ અને સમાજે તેને નિયંત્રિત કરવા પતિ-પત્નીના સંબંધ માટે લગ્નસંસ્થા બાંધી છે. બન્નેના આવેગો અને બન્નેની એક નિશ્ચિત ગતિશક્તિ કેન્દ્ર તરફ સીમિત થઈ જાય તો પેલી પવનચક્કીની માફક ઊર્જા ઉત્પન્ન કરતાં થાય. હા, જો નિશ્ચિત કેન્દ્ર વિના બેફામ રીતે વહેવા દેવાય તો વિનાશ પણ વેરી શકે છે.

માતા બનવા માટે કુદરતે માદાને ગર્ભાશય આપ્યું છે, જે સ્ત્રીને પુરુષથી જુદી પાડે છે. આ ગર્ભાશય પ્રતિ અઠ્ઠાવીસમા દિવસે નવી સૃષ્ટિના સર્જન માટે એક નાનો સરખો કણ આપે છે. વરસાદનું સ્વાતિ નક્ષત્રનું બિંદુ છીપના મૂળમાં પડીને જેમ મૂલ્યવાન મોતીનું રૂપ ધારણ કરે છે તેમ આ બિંદુમાં બિંદુ ભળીને એક નવું રૂપ ધારણ કરે છે. આ ગુપ્ત કુદરતી પ્રક્રિયા (સંતાનોત્પત્તિની) જાણતાં પણ થાય અને અજાણતાં પણ થાય. જે સ્ત્રી પહેલાં પતિમય રહેતી હતી તેનું વિચારકેન્દ્ર હવે ગર્ભના આવનારા બાળક તરફ વળી ગયું છે. હવે તે પેલા બાળક તરફ તન્મય થઈ ગઈ છે. આ કુદરતી વ્યવસ્થા તેની માત્ર શારીરિક જ નહિ, માનસિક ભૂમિકા પણ ઘડી રહી છે. તેની લાગણીઓનો પ્રવાહ પતિ તરફ અને બાળક તરફ એમ બે ભાગમાં વહેંચાઈ રહ્યો છે. એમ કહો કે બાળક તરફ વધુ વહી રહ્યો છે તો તે યુક્ત જ હશે. ઘણાં અરમાનો અને મનોરથો પછી તેણે પતિનું વરણ કર્યું હતું. હવે એથી પણ વધુ અરમાનોથી તે બાળકની પ્રતિક્ષા કરી રહી છે. એમ કહો કે તેનું માતૃત્વ ખીલી રહ્યું છે. જો બાળકો મશીનથી થતાં હોત તો કોઈ સ્ત્રીમાં માતૃત્વ ખીલી શક્યું ન હોત. આ નવ મહિનાનો સમય ક્રમે ક્રમે તેને માતા બનવાની માનસિક ભૂમિકા પૂરી પાડી રહ્યો છે. અને અંતે પ્રસૂતિની વેદના સહન કરીને પણ ખિલખિલાટ હસાવનારું પણ રોતું બાળક જન્મે છે. મા, આનંદવિભોર છે. જીવનની સર્વોચ્ચ બીજી સિદ્ધિ તેના પડખામાં છે. માતા ધન્ય ધન્ય થઈ ગઈ છે. પોતાની ખુદની નજરે પતિની અને પરિવારની નજરે તે ઊંચું સ્થાન પ્રાપ્ત કરી ચૂકી છે. સારો પતિ હોવો એ પહેલી પ્રતિષ્ઠા છે અને

*દરિદ્રતા ધન મેળવાથી જતી નથી પણ ધનની તૃષ્ણા છોડવાથી જાય છે.*

સમયસર માતા થવું એ બીજી પ્રતિષ્ઠા છે. આ બે માંથી જેને એક પણ નથી મળ્યું તે પોતાના મનથી અને પરિવારની નજરથી કાંઈક અધૂરાપણું અનુભવે છે. કુદરતની ટાઈમિંગ વ્યવસ્થા જુઓ કે, ગર્ભાશયમાં બાળકની વૃદ્ધિની સાથે સાથે માના સ્તનમાં દૂધ બનવાની પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ છે અને બાળકને જન્મતાંની સાથે જ તેનો ખોરાક - દૂધ તૈયાર થઈ ગયું છે. આ દૂધમાં નથી તો બેક્ટેરિયા કે નથી બીજી કોઈ વિકૃતિ. વિશ્વનું સર્વોચ્ચ દૂધ તો માનું દૂધ જ છે. હવે પ્રશ્ન એ થાય છે કે જેમ પતિ-પત્નીનો સંબંધ હોય છે, તેમ માતા અને સંતાનનો પણ સંબંધ હોય છે, પિતા અને સંતાનનો પણ સંબંધ હોય છે. આ સંબંધ વિશે થોડો વિચાર કરીએ.

માતા અને પુત્રના સંબંધમાં સૌથી મહત્ત્વનો ભાગ કુદરત ભજવે છે. માતૃત્વ પોતે જ એક તપસ્યા છે. પિતાને કોઈ ખાસ તપસ્યા નથી કરવી પડતી, પણ માની તો ગર્ભાધાનથી જ તપસ્યા શરૂ થઈ જાય છે. આવનારા બાળક માટે તેણે પોતાનાં કેટલાંય સુખોનો ત્યાગ કરવો પડે છે. જે તે હસતાં હસતાં રાજીખુશીથી કરે છે. ખાવાપીવા, ઊંઘવા-જાગવાથી માંડીને તેની બધી જ પ્રક્રિયા સ્વકેન્દ્રિત નહિ પણ ગર્ભકેન્દ્રિત બની જાય છે. પરમેશ્વરે જ તેને લાગણીઓથી એટલી બધી ભરી દીધી છે કે તે કપરામાં કપરી તપસ્યા પણ કરવા તૈયાર રહે છે. દેરીએ દેરીએ દીવા કરીને તે બાળક માટે પ્રાર્થના કરે છે. બાળક વિના તે રહી નથી શકતી. પહેલાં તે પતિ વિના રહી શકતી ન હતી. પ્રેમ સતત સાંનિધ્યની ઝંખના કરે છે. જળ વિના જેમ કમળ મુરઝાઈ જાય તેમ પ્રેમી વિના પ્રેમ પણ મુરઝાઈ જાય. હવે તેના ખોળામાં લાલો રમે છે. કોઈ માનો ખોળો ઝૂંટવી લેવો એ મહાપાપ છે. આમ તો પ્રેમાળ પત્નીનો પતિ ઝૂંટવી લેવો તે પણ મહાપાપ જ કહેવાય.

માતા અને બાળકના સંબંધમાં શરૂઆતથી જ પક્ષપાત શરૂ થઈ જાય છે. જો દીકરો જન્મે તો બધાં ખુશ ખુશ, પણ જો દીકરી જન્મે તો બધાના ચહેરા ઊતરી જાય. દુઃખ તો એ વાતનું છે કે આવો ભેદભાવ કરનાર સ્ત્રીઓ જ હોય છે. અહીંથી જ પુરુષ પ્રધાનતા, સ્ત્રીઓના દ્વારા સ્થાપિત કરવામાં આવે છે. જે આગળ જતાં વધુ ને વધુ પ્રબળ થતી જાય છે. ખાવાપીવામાં ભેદ, ભણવામાં ભેદ, પૈસા વાપરવામાં ભેદ — લગભગ બધી જ બાબતોમાં છોકરા-છોકરીઓમાં ભેદ કરવામાં આવે છે. એક સમજ એવી પણ છે કે છોકરી તો પારકું માણસ છે. આપણે શું? ખરેખર તો માતા-પિતાએ આવો ભેદ ન રાખવો જોઈએ. સંસારને બંનેની સરખી જરૂર છે. એકલા છોકરાઓથી સંસાર ન ચાલે, તેમ જ એકલી છોકરીઓથી પણ સંસાર ન ચાલે. બન્નેના સાથ-સહયોગથી સંસાર ચાલે. એટલે ખાસ કરીને માતાએ તો છોકરી સાથે ભેદભાવ કરવાનો ન જ હોય પણ તેમ છતાં, છોકરા કરતાં છોકરીનું રક્ષણ સવિશેષ કરવું જોઈએ. રખડતો છોકરો સારો નહિ, પણ રખડતી છોકરી તો બિલકુલ સારી નહિ. બગડેલો છોકરો કદાચ ફરીથી પોતાનું જીવન પ્રાપ્ત કરી શકે છે, પણ બગડેલી છોકરી ફરી પાછું જીવન પ્રાપ્ત કરી શકતી નથી. એટલે દીકરી ઉપર માતા-પિતાએ ખાસ કરીને માતાએ પૂરતી તકેદારી રાખવી જરૂરી છે.

આ તકેદારી એટલે તેને ધોલ-ધપાટ કરવી એવું નહિ. કડક અને કઠોર વ્યવહારથી તે વધુ દૂર ભાગે છે અને ખોટા હાથોમાં પડી જાય છે, પછી તેને પાછી વાળી શકાતી નથી. તેને સાચવવાનો એક જ સક્ષમ રસ્તો છે કે તેને ભરપૂર પ્રેમ આપવો. હા, ભય સાથેનો પ્રેમ. ભય વિનાનો પ્રેમ તેને માથે ચઢાવી મૂકે છે, જે તેના માટે પણ અનર્થકારી થઈ શકે છે. તેની સાથે નિખાલસતાથી ચર્ચા-વાતો કરવી, તેના ભવિષ્યનું આશ્વાસન મળવું જોઈએ. જેમ કુશળ વ્યાપારી રોજેરોજનો ચોપડો તપાસે તેમ કુશળ મા-બાપ પોતાના દીકરા દીકરીઓની રોજેરોજની પ્રવૃત્તિઓ તપાસતાં રહે. ખાસ કરીને જ્યારે તેઓ યૌવનના ઉંબરે પગ મૂકે ત્યારે તો ઝીણી નજર રાખવી જ જોઈએ. ઘણા સમય સુધી તેના તરફ ધ્યાન જ ન અપાય અને પછી ઓચિંતાની એકદમ બધી તપાસ શરૂ થઈ જાય તો તેથી સંબંધ બગડે છે અને પરસ્પરની દૂરી વધી જાય છે. બને ત્યાં સુધી જમવાનું તો એક જ સાથે રાખવું અને હળવી વાતો કરતાં કરતાં જમવું, જેથી બાળકોનું અંદરનું સ્વરૂપ પ્રગટ થઈ શકે. એટલું યાદ રહે કે જે બાળકો શિક્ષણ-નોકરી વગેરે કારણોસર ઘણાં બહાર ફરે છે અને ઘણાંના સંપર્કમાં આવે છે, તે બહારથી રોગાણુઓ પણ લઈ આવે છે. બહારની દુનિયામાં તેમને સુધારનારા થોડા અને બગાડનારા ઘણા હોય છે, એટલે હળવી વાતો દ્વારા તમે તેમના બેક્ટેરિયાને જાણી સમજી શકો છો. પહેલાં આવા ભયથી સંપર્ક વિના જ ઘરમાં પૂરી રાખતા તેથી તેમનો વિકાસ થઈ શકતો નહિ. મોટી ઉંમર સુધી તે બાઘા જેવાં રહી જતાં, તે હવે શક્ય નથી. હવે બહાર તો નીકળવું જ પડશે, પણ માતા-પિતાએ ખુદ તેમના રક્ષણ માટે તકેદારી પણ રાખવી પડશે. દીકરા-દીકરી બન્નેને પોતપોતાની યોગ્યતા અને ક્ષમતા સાથે ભણવાની બધી સગવડો માતા-પિતાએ કરી આપવી જોઈએ. આ તેમની જવાબદારી છે.

ઉંમરલાયક થતાં જ તેમની ઈચ્છા પ્રમાણે લગ્ન કરી આપવાની જવાબદારી પણ માતા-પિતાની છે. જો ભણતરકાળમાં કદાચ દીકરો કે દીકરી કોઈના પ્રેમમાં પડ્યાં હોય તો, તેમનો પ્રેમ સાચો છે તેની કસોટી કરીને તેમના પ્રેમને સ્વીકારીને રાજીખુશીથી લગ્ન કરી આપવાં હિતાવહ છે. જો બન્નેમાંથી કોઈ પણ એક પક્ષને બીજો પક્ષ પ્રેમના નાટક દ્વારા ફસાવતો હોય તો માતા-પિતાએ પૂરી શક્તિ લગાવીને તેમને બચાવી લેવા પ્રયત્ન કરવો. કારણ કે કેટલાક છોકરાઓ ખાસ કરીને અમુક વર્ગના છોકરાઓ શિક્ષણ-સંસ્થાઓ કે બીજે જ્યાં સંપર્કસ્થળો હોય છે ત્યાં નાદાન છોકરીઓને પ્રેમના બહાને ફસાવવાનું કામ કરતા હોય છે. આવા દુષ્ટોથી પોતાનાં બાળકોને બચાવવાં જરૂરી છે. એવી વ્યવસ્થા કરવી જોઈએ કે માત્ર પોતાનાં જ બાળકો નહિ પણ, બધાનાં બાળકો પણ આવાં અસામાજિક તત્ત્વોથી બચી શકે. આવી જવાબદારી શિક્ષણસંસ્થા ચલાવનારા પદાધિકારીઓની પણ છે. તેમની

*વિપરીત સ્થિતિમાં મનુષ્યનો પ્રભાવ કે પૈસો નહિ, તેનો સ્વભાવ અને સંબંધ કામ આપે છે.*

બાજનજર આવા અસામાજિક આતંકવાદીઓ ઉપર પણ રહેવી જોઈએ અને તેમનો મજબૂત પંજો આવા લુખ્ખાઓની ગરદન ઉપર પણ પડવો જોઈએ, જેથી શિક્ષણસંસ્થાનું વાતાવરણ વિશ્વાસપાત્ર અને સ્વચ્છ રહે. બધા પ્રયત્નો કરવા છતાં પણ હઠીલી - નાદાન છોકરી પાછી વળવા તૈયાર ન જ હોય તો પછી તેને તેના ભાગ્ય ઉપર છોડી દેવી જોઈએ. કદાચ ભવિષ્યમાં કડવા અનુભવો પછી તેની બુદ્ધિ ઠેકાણે આવે, તેને પશ્ચાતાપ થાય અને તે પાછી આવવા માગે તો માતા-પિતા અને પરિવારે ઉદારતાથી તેને સ્વીકારી લેવી જોઈએ અને સમાજે પણ તેને યથાયોગ્ય સ્થાને ગોઠવી દેવી જોઈએ. તેના પ્રત્યે દયા અને ઉદારતા રાખવી જોઈએ. તેની નાદાનીથી તેણે ભરેલું અનિષ્ટકારી પગલું પાછું લેવાની તેને સાચી તક આપવી જોઈએ. મનમાં ઝેરીલો ડંખ રાખીને જીવનભર તેના પ્રત્યે કઠોર થવું ન જોઈએ. "કુપુત્રો જાયેત કવચિદપિ કુમાતા ન ભવતિ" એ સૂક્તિને માતાએ તો હંમેશાં ચરિતાર્થ કરવાની.

ફરીથી કહું છું કે જો તેમનો સાચો પ્રેમ હોય તો બન્નેમાં થોડી ઘણી અસમાનતા હોય તો પણ તેમને સ્વીકારી લેવાનાં. કોઈનો પણ પ્રેમભંગ ન કરવો જોઈએ. પ્રેમ દુર્લભ તત્ત્વ છે. પ્રથમ તો તે પ્રાપ્ત થતું નથી. થાય છે તો તેમાં પૂરા સો ટકા હોતા નથી. સો ટકા એટલે સંપૂર્ણ સમર્પણ અને સંપૂર્ણ પ્રત્યાર્પણ. મોટા ભાગે પ્રેમની સાથે ઘણી ઘણી અપેક્ષાઓ હોય છે. જેટલી અપેક્ષાઓ વધારે તેટલો પ્રેમ ઓછો. જેટલો પ્રેમ ઓછો તેટલો સંબંધ તકલાદી. ભાગ્યે જ કોઈ નસીબદાર દંપતીને સોએ સો ટકા પ્રેમ મળતો હોય છે. આવા પ્રેમને માતા-પિતાએ કોઈ 'ઈગો' ના કારણે કે બીજા કોઈ કારણસર તોડવો ન જોઈએ. પોતાના પ્રેમની માફક બીજાના પ્રેમને પણ સ્વીકારવાની કે વધાવી લેવાની ઉદારતા કેળવવી જોઈએ.

જે છોકરા-છોકરીઓને પરસ્પરમાં સાચો પ્રેમ હોય અને લગ્ન કરવા માગતાં હોય પણ માતા-પિતાની સહમતી ન થતી હોય તો તેમણે માતા-પિતાનું મન જીતવા કેટલોક સમય કુંવારાં રહેવું જોઈએ. તેમની તપસ્યાથી કદાચ માતા-પિતાનું મન પીગળી શકે છે. પણ લાંબા સમય સુધી કુંવારાં રહેવા છતાં પણ જો માતા-પિતા પીગળે નહિ, ઊલટાનું કોઈ બીજી જગ્યાએ લાકડે માંકડું વળગાડવા પ્રયત્ન કરે તો પછી બહેતર છે કે છોકરા-છોકરી તેમની ઉપરવટ જઈને પણ પોતાની મેળે લગ્ન કરી લે. આટલી હિંમત તો હોવી જોઈએ. પણ આવું કરવાથી માતા-પિતા સંબંધ તોડી નાખે તોપણ છોકરા છોકરીઓએ સંબંધ તોડવાનો નહિ. તેમને મનાવવાનો સતત પ્રયત્ન કરતા રહેવું જોઈએ. જુનવાણી વિચારોથી કદાચ માતા-પિતા, છોકરા-છોકરીની પ્રેમસ્થિતિને ન સમજી શક્યાં હોય તો તેમાં જુનવાણી ઘરેડોનો દોષ છે. સારા વ્યવહારથી અંતે તેમના સંબંધને નવું કલ્યાણકારી રૂપ આપી શકાય છે. માતા-પિતાએ પણ કદાચ 'ઈગો' કે જુનવાણી વિચારોથી શરૂઆતમાં કઠોરતા બતાવી હોય તોપણ સમય વીત્યે તે કઠોરતાનો ત્યાગ કરી પોતાનાં બાળકોને અપનાવી લેવાં જોઈએ.

સમાજમાન્ય લગ્ન કરતાં પ્રેમલગ્નને નિભાવવાં ઘણાં કઠિન હોય છે. સમાજમાન્ય લગ્નમાં બન્ને પક્ષનાં વડીલો તથા બન્ને પક્ષના સમાજોનું રક્ષણ અને સાથ તેમ જ હૂંફ રહે છે, જે કપરા સમયમાં બન્નેનું રક્ષણ કરે છે. પણ પ્રેમલગ્નમાં વડીલો કે સમાજ કોઈનો પણ સાથ-સહકાર - રક્ષણ રહેતું નથી, એટલે કપરા સમયમાં બન્નેને સાચવી લેનારું કોઈ હોતું નથી. **પ્રેમલગ્નમાં સૌથી કપરો સમય બન્નેની પરસ્પરની ગેરસમજ અને તેમાંથી ઉત્પન્ન થયેલો વિરોધ હોય છે.** પ્રત્યેક દંપતીને ગેરસમજો દૂર કરનાર તથા વિરોધનું શમન કરનાર એકાદ મધ્યસ્થીની જરૂર હોય જ છે. જો સારું મધ્યસ્થી માણસ મળ્યું તો બન્નેની ગાડીને પાટા ઉપરથી ઊતરવા નહિ દે, પણ જો આવું કોઈ ડાહ્યું-શાણું-હિતકારી માણસ ન મળ્યું તો, અને તેની જગ્યાએ વિખવાદમાં પેટ્રોલ છાંટનારું માણસ મળ્યું તો ગમે તેટલા પ્રેમથી કરેલાં લગ્ન પણ તૂટી જતાં વાર નહિ લાગે. એટલું યાદ રહે કે પ્રેમમાં ભરતી ઓટ આવતી હોય છે. પ્રેમમાં એક સ્થિતિ નથી હોતી, પ્રસંગવશ તેમાં ચઢાવ-ઉતરાવ થયા કરે છે. ડાહ્યાં પતિ-પત્નીઓ પોતપાતાના વ્યવહારથી ભરતી બનાવી રાખે છે, પણ પ્રેમ હોય પણ ડાહ્યાં ન હોય તો પોતાના વ્યવહારથી ઓટ લાવતાં વાર નથી કરતાં. આમ જો સતત ઓટમાં જ જીવવાનું થાય અને કોઈ પણ ભોગે સાથે રહેવું શક્ય ન જ લાગે તો પછી ખેલદિલીથી બન્નેએ હસતાં હસતાં છૂટાં થઈ જવાની તૈયારી પણ રાખવી. સંબંધો ક્યારે બગડે કે ક્યારે વળાંક લે તે કહી શકાય નહિ. સૌથી કપરી સાધના સંબંધોને નિભાવવાની છે. પ્રેમ-સંબંધ ઢીલો થવા લાગે તો તેને ફરી પાછો પુષ્ટ કરવા પ્રયત્નો કરવા, પણ પ્રયત્નો કરવા છતાં પણ તે વધુ ને વધુ ઢીલો થતો જાય તો તે તૂટી જાય તે પહેલાં રાજીખુશીથી છૂટી જવું વધુ હિતકારી છે. ખાસ કરીને બન્નેમાંથી કોઈ એક ત્રીજા પાત્ર સાથે સંબંધ બાંધી બેઠું હોય અને ત્યાંથી પાછું વળવા જ તૈયાર ન હોય તો બેવફાદારીનો બહુ મોટો ધક્કો ઢીલા પડેલા પ્રેમતંતુને તોડી નાખે છે. આવા સમયે હિંમત અને ખેલદિલી બતાવવી જરૂરી છે. આઘાત સહન કરીને પણ છૂટા થવું અને પછી હિંમત - ધીરજ અને આશા સાથે ભવિષ્યમાં નવું જીવન મેળવવાની તૈયારી રાખવી એ હિતાવહ છે.

સંપૂર્ણ સંબંધ બગડી ગયા પછી અને વ્યવહાર તૂટી ગયા પછી પણ "હું છૂટો કે છૂટી થઉં નહિ કે તને છૂટા થવા દઉં નહિ" આવી વેરવૃત્તિ ન રાખવી. વર્ષો સુધી આવાં વેરવૃત્તિવાળાં, નથી તો એકબીજાંને મળતાં કે નથી સાથે રહેતાં, તેમ નથી તો છૂટાં થતાં. આ પરસ્પરની રિબામણી છે. એક પ્રકારની આ નીચતા પણ છે. બધા પ્રામાણિક પ્રયત્નો કર્યા પછી પણ જો સંબંધો સુધરતા જ ન હોય તો પછી બહેતર છે કે એકબીજાને નવા જીવનની તકો આપવા માટે હસતાં હસતાં છૂટાં પડવું.

*ભક્તિ નિકેતન આશ્રમ,*
*પો.બો. નં.-૧૯,*
*પેટલાદ (દંતાલી),*
*જિલ્લો : આણંદ-૩૮૮ ૪૫૦.*

*સંતોષ પોતાની સાથે હૃદયની ઉદારતા અને સમજદારી લાવે છે.*

## શ્રી અનંત તીર્થ ધામ....

(ગુજરાતીમાં)

*પ્રતિષ્ઠા : તા. ૧૩-૮-૧૮૩૪ પુનઃ પ્રતિષ્ઠા : તા. ૧૮-૫-૨૦૦૨*

અનંત જ્ઞાનના સ્વામી, તારૂં સાર્થક અનંત નામ;
નામ સ્મરણ કરતા તારૂં, થાતાં સૌ ઠરીઠામ. (૧)
અનંતનાથ તું ભલો દયાળુ, અનંતોનું છે તું ઉપકારી;
તારા શરણે આવે સંસારી, તેને તું લેતો ઉગારી. (૨)
અનંત તારી અનુપમ આંખો, કોમલ છે કરૂણાકારી;
જેના પ્રત્યે નજર ઠારી, દે જનમ તું સુધારી. (૩)
અનંત તારી વિમલવાણી, છલકાતાં પિયુષ પાણી;
સંતાપોમાં દેતી શાતા, સત્ય શિવ - સુંદર સરવાણી. (૪)
અનંત તારા દિવ્ય દર્શન, મૂલ્યવાન મંગલકારી;
નિરખી નિરખી પાવન થાતાં, ભક્તો સૌ નરનારી. (૫)
અનંત-આતમ-અભિલાષી, તેને શ્રદ્ધાથી લે સ્વીકારી;
તારા ચરણે કરે સમર્પણ, તેની નૈયા દે તું તારી. (૬)
અનંતનાથ દેરાસર છે મુમ્બાપુરીમાં મનમોહનકારી;
નિર્માણ કરી 'દશા' ભક્તોએ, દાખવી દશાઈ ખુમારી. (૭)
સાલ ૧૯૮૦ શ્રાવણ સુદ નોમને, વાર બુધ શુભકારી;
અંચલગચ્છાધિપતિ મુક્તિસૂરીના સાનિધ્યે, પ્રતિષ્ઠા પાવનકારી. (૮)
શાસન સેવક શેઠ નરશી નાથાના હસ્તે, પ્રતિષ્ઠા પ્રાણ પ્યારી;
મુંબઈના આ પ્રથમ દેરાસરે, જ્ઞાતિ પ્રતિષ્ઠા વધારી. (૯)
વડાપિતામહ; નરશી નાથા, જે જ્ઞાતિ શિરોદ્ધારી;
પરમ ભક્ત પ્રભુજી તારા, કિધી ચરણ સેવા ન્યારી. (૧૦)
'દશા' ભક્તોની ભાવભરેલી ભક્તિ તારી, બની ગુણકારી;
મહેર કરી તે નાત તરી, છે નાત સારી સુખીયારી. (૧૧)
નિત - નિત નમતી નાત નાથને, મૂર્તિ તારી મનોહારી;
નૈણા નિરખે હૈડા હરખે, તારા રૂપ છે સોહંકારી. (૧૨)
અનંત ગુણોના ભંડારી, પ્રેમે છો પરોપકારી;
નાનો સેવક યા મોટો ભક્ત, સૌને લે તું સ્વીકારી. (૧૩)
તારા દ્વારે યા દરબારે, આવે પાપી કે પુણ્યશાળી;
સૌ પર ઝરમર અમીધારા, તારી ભલારા ભદ્રંકારી. (૧૪)
અનંત તું છો પુણ્યવંત, શુકનવંત ને શક્તિશાળી;
તારી આશિષ વૃષ્ટિ વર્ષે તે, ભવભવનો ભાગ્યશાળી. (૧૫)
હોઠે અનંત કંઠે અનંત, હૈયું જાતું વારી વારી;
જનમ જનમ તું મળે તો, મારી જિંદગીની બલિહારી. (૧૬)
'ધન્ય! દશેંજી નાત' એ છે, રશ્મિન્‌ની રણકારી;
હર જનમ ચાહું દર્શન તારા, હે પુનિત તીર્થંકારી. (૧૭)
અનંત બ્રહ્માંડે રણકંત, ઝંખે દુનિયા સારી;
'રશ્મિન્' જ્યાં જ્યાં બિરાજો અનંત, ત્યાં વર્તે મંગલકારી. (૧૮)

*'રશ્મિનનો રણકાર : ભાગ-૩'માંથી સાભાર*


# JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

## J. D. LOGISTICS



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O.** : 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

# વાગડ પંથકના સુવઈ ગામમાં, દેવદૂત સમાન બેલડીનો વસવાટ

• અશોક મહેતા – કિશોર મહેશ્વરી •


જેઓએ વાગડ વિસ્તારના રાપર તાલુકાના સુવઈ ગામની મુલાકાત લીધેલ હશે તેઓમાં અચૂક એવી લાગણી ઉત્પન્ન થયેલ હશે કે હા, આ ગામમાં એક દેવદૂતનો વસવાટ રહેવા પામેલ છે. ખરેખર તો માત્ર દેવદૂતનો નહીં પણ દેવદૂત બેલડીનો વસવાટ અહીં રહેવા પામેલ છે. આ બેલડી એટલી પરગજુ છે કે ગામમાં તેમનો કોઈ દુશ્મન હોવો શક્ય જ નથી. કોઈપણ જરૂરિયાતવાળી વ્યક્તિ તેમને ત્યાં મદદની આશાએ પહોંચે તો તે સંપૂર્ણ સંતોષ પામ્યા વગર ત્યાંથી પરત ફરતી પણ નથી.

ગામની સ્થાનિક વસતિ માંડ ૪૫૦-૫૦૦ ઘરની હશે. કુલ ૨૦૦૦ વ્યક્તિનો વસવાટ હશે. સ્થાનિકે આ દેવદૂત દ્વારા એકે એક ઘરનો સર્વે કરાવવામાં આવેલ છે. કોને ત્યાં પોતાનું મકાન છે, પોતાની જમીન છે, જમીન કેટલી છે, ઢોરઢાંખર છે કે નહીં, ઘરમાં પુરુષો કેટલા - સ્ત્રીઓ કેટલી અને બાળકો કેટલા છે, ઘરમાં કમાનાર વ્યક્તિ કેટલી છે, બાળકોનો અભ્યાસક્રમ શું ચાલે છે, ઈલેક્ટ્રોનિક ઉપકરણો એટલે કે રેડિયો, ટી.વી., ફ્રિજ, ટેલિફોન, મોબાઈલ વગેરે પૈકી શું શું છે – જેવી અનેક માહિતી નોંધી લેવામાં આવેલ છે. આ નોંધના આધારે ૫૦૦ ઘરને વિભાજિત કરવામાં આવેલ છે. એ, બી, સી વિભાગ એવા છે કે કદાચ તેમને કોઈ મદદની જરૂરત રહેતી નથી. ડી અને ઈ વિભાગ એવા છે કે તેઓ ગમે તેટલી મહેનત કરે પરંતુ બે પાસા ક્યારે પણ સરભર થતા નથી. દેવદૂતની નજર ડી અને ઈ કેટેગરી પર મંડાયેલી રહે છે અને તેઓને જરૂરિયાત અનુસારની મદદ સમય અને સંજોગો ઊભા થાય ત્યારે કોઈ પણ જાતના હિચકિચાટ વગર પહોંચાડવામાં આવે છે.

દેવદૂત દરેક સમયે આ પરિસ્થિતિ પર પોતાની નજક ટકાવી રાખે છે અને તે પણ હળવા હૈયે – સ્વાભાવિકપણે, દરેક પરિવારને કોઈ પણ જાતની નાનપનો અહેસાસ ન થાય એ રીતે. તેઓશ્રી નિખાલસ અને સરળપણે તેમની જરૂરિયાત સંતોષે છે. અન્ય પક્ષે તેમના ધર્મપત્ની પણ પૂરેપૂરા જીવદયા પ્રેમી છે. સવારે ૫ વાગે ઊઠી જાય. જાતે બાજરાના રોટલા ઘડે. ત્યારબાદ ગામના કૂતરાઓને ખવડાવવા સવારના ૭ વાગે જાતે નીકળી પડે. પક્ષીઓને ચણ નાખે, કિડિયારા પૂરે, પક્ષીઓને પાણી પીવા ઘેર ઘેર કૂંડાઓનું વિતરણ કરે. જીવદયાનું કોઈ પણ બાકી ના રહેવા દે.

આ બેલડી આર્થિક રીતે ખૂબ જ સમર્થ છે. સમર્થ વ્યક્તિને આપણે ગામડામાં વસવાટ કરતી નિહાળી નથી. એ તો કોઈ નજદીકના શહેરમાં કે દૂરના કોઈ મોટા શહેરમાં વસવાટ કરી પોતાના નસીબ અજમાવવા નીકળી પડે. વધુને વધુ સમર્થતા પામવા પ્રયાસ કરે. પરંતુ આ બેલડીને એવો કોઈ મોહ જ નથી. તેમને તો તેમના ગામના લોકો જ વધુ પ્યારા છે. તેમને તો તેમના પંથકના લોકોની સેવા માત્ર કરવાની મહેચ્છા છે અને તેથી જ તો આજે તેમની સુવાસ પંથકના ચારેબાજુના ગામોમાં એકદમ પ્રસરી ચૂકી છે.

જી હા, આપણે વાત કરીએ છીએ આ દેવદૂત બેલડીની એટલે કે શ્રી વાડીલાલ રતનશી સાવલા અને તેમના અર્ધાંગિની શ્રીમતી ઊર્મિલાબેન વાડીલાલ સાવલાની.



**શ્રી વાડીલાલ રતનશી સાવલા**



**શ્રીમતી ઊર્મિલાબેન વાડીલાલ સાવલા**

*શ્વાસ જો શરીરને ટકાવે છે, તો વિશ્વાસ સંબંધને ટકાવે છે.*

શ્રી વાડીલાલભાઈ સાવલા વાગડના આ પંથકમાં અનેકવિધ લોકોપયોગી સેવાકીય પ્રવૃત્તિઓ અને જીવદયાના કાર્યો નિ:સ્વાર્થભાવે અને કોઈપણ પ્રકારના દેખાવા વગર, કોઈપણ પ્રકારના પ્રચાર માધ્યમોમાં આવ્યા વગર, ખૂબ જ ધીરજ અને શાંતિપૂર્વક કરી રહ્યા છે. તેમના ધર્મપત્ની ઉર્મિલાબેન પણ જીવદયાના ક્ષેત્રે અપ્રતિમ કાર્યો કરતા રહ્યા છે.

શ્રી વાડીલાલભાઈમાં સેવાના બીજ રોપાયા તેમના પિતાશ્રી રતનશીભાઈ ભીમશી સાવલાની કરણીમાંથી. તેઓશ્રીનું આ વિસ્તારમાં ખૂબ જ મોટું નામ. તેઓશ્રી ગામના પટેલ કહેવાતા. લોકોને તેમના પ્રત્યે અનહદ લાગણી હતી. તેઓશ્રી દીર્ઘદ્રષ્ટા હતા. વર્ષો અગાઉ તેઓશ્રીએ સુવઈ ખાતે એક ડૅમ બનાવેલ કે જેના કારણે એ ડૅમના વિસ્તારમાં આવતા ખેડૂતોને ખેતી માટે પાણી મળતું રહ્યું. તાજેતરમાં જ નર્મદાના નીરના પધરામણા વાગડની ધરતી પર થયા ત્યારે હવે એ પાણીથી સુવઈનું મધ્યમ કક્ષાનું ડૅમ પણ ભરાશે. આ પાણીનો ઉપયોગ સુવઈ, વણોઈ, ગવરીપર, નારણપર, જેસડા વગેરે ગામના ખેડૂતોના ખેતરમાં પાક લેવા માટે થઈ શકશે. સ્વ. શ્રી રતનશીભાઈની સુઝબુઝના પરિણામો હજુ પણ આ ગામડાંઓને મળતા રહે છે. શ્રી રતનશીભાઈના પ્રયત્નોથી વર્ષો પહેલાં રાપર મથકે આ વિસ્તારની સૌપ્રથમ ખાનગી હોસ્પિટલ – શ્રી રામજી વાલજી સાવલા સુશ્રુષા હોસ્પિટલ શરૂ કરવામાં આવી, જે આ વિસ્તારના લોકો માટે આજે પણ ખૂબ જ આશીર્વાદરૂપ બની રહી છે. પિતાશ્રીના પગલે સ્થાનિકે આ હોસ્પિટલ હાલે શ્રી વાડીલાલભાઈ સંભાળી રહ્યા છે. અહીં ખૂબ જ નજીવા દરે તપાસ અને ઈલાજ કરવામાં આવે છે. જરૂરિયાતમંદ દર્દીઓને વિના મૂલ્યે આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

શ્રી વાડીલાલભાઈના લઘુબંધુ શ્રી વિશનજીભાઈ તથા શ્રી વાડીલાલભાઈના બે સુપુત્રો શ્રી હિતેશભાઈ તેમજ શ્રી ચિરાગભાઈ પોતાના પરિવાર સાથે મુંબઈમાં સ્થાયી થયેલ છે પરંતુ આ લેખના નાયક યુગલ તો સેવાના ભેખ લઈને ૨૦૦૦ની વસતિવાળા ગામમાં શાંત ચિત્તે પોતાનું જીવન વ્યતીત કરે છે અને પોતાના સેવાકીય કાર્યોની જયોત જલતી રાખી, અનેરું દ્દષ્ટાંત પૂરું પાડી રહેલ છે.

સેવાના કાર્યો સારી રીતે થઈ શકે તે માટે તેમણે રતનશી ભીમજી સાવલા ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરેલ છે. સ્થાનિકે આ માટે સેવાકેન્દ્રનું એક મોટું મકાન બનાવેલ છે કે જ્યાંથી અનેકવિધ પ્રવૃત્તિઓનું સંચાલન કરવામાં આવી રહેલ છે.

● **સારા પ્રસંગોમાં ગામમાં મીઠાઈ, કપડાનું વિતરણ :**

દિવાળી, હોળી કે પોતાના પરિવારના લગ્ન પ્રસંગે ગામના દરેક ઘરને આનંદના વાતાવરણમાં સહભાગી રહેવા મીઠાઈના પેકેટનું વિતરણ કરવામાં આવે છે. જેના કારણે સમગ્ર ગામમાં એકાત્મની ભાવના બની રહે છે.

દિવાળી ઉપર ગામના વિવિધ ક્ષેત્રના કર્મચારી ગણ તેમજ પરિવારની સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ દરેકને પ્રોત્સાહિત રાખવા કપડાની જોડી ભેટ આપવામાં આવે છે.

● **ગામની દીકરીના લગ્ન પ્રસંગે રસોડાની કીટ ભેટ સ્વરૂપે :**

ગામના ૫૦૦ ઘરમાંથી કોઈ પણ દીકરીના લગ્ન થાય ત્યારે તેના લગ્ન પ્રસંગે "રતનશી ભીમશી સાવલા પરિવાર" તરફથી રસોડાની સંપૂર્ણ કીટ ભેટ સ્વરૂપે આપવામાં આવે છે.

● **દર મહિને રાશન કીટનું વિતરણ :**

પોતાના સુવઈ ગામ ઉપરાંત આજુબાજુના ગામો ગવરીપર, નારાણપર, ખેંગારપર, વણોઈ અને વાંઢ ગામના ખૂબ જ જરૂરિયાતવાળા પરિવાર કે જે પોતાનું ભરણપોષણ કરવા અસમર્થ છે, તેમજ વિધવા અને વિકલાંગ જેવા અંદાજિત ૫૦ પરિવારોને દર મહિનાની પહેલી તારીખે તેમના ઘેર રાશનકીટ પહોંચાડવામાં આવે છે કે જેમાં ઘઉં, ચોખા, ખાંડ, ગોળ, તેલ વગેરે પ્રકારની જીવન જરૂરિયાતની આઈટમોનો સમાવેશ કરવામાં આવેલ હોય છે.

આ વિસ્તારની વિધવા બહેનો અને વિકલાંગોને સરકારી યોજનાઓનો પૂરેપૂરો લાભ મળી રહે તેમજ વૃધ્ધોને વૃધ્ધ પેન્શન યોજનાનો લાભ મળી રહે તેવા પ્રયત્નો સતતપણે ચાલુ રાખવામાં આવે છે.

● **આરોગ્ય ક્ષેત્ર :**

શ્રી હંસરાજ રતનશી છેડા પરિવારના આર્થિક સહયોગથી શ્રી સુવઈ સોશિયલ ગ્રુપ દ્વારા છેલ્લા ૭ વર્ષથી સુવઈ તથા તેની આજુબાજુના ગામના લોકો માટે મેઘા ફ્રી મેડિકલ કેમ્પ યોજવામાં આવે છે કે જેમાં ફિઝિશિયન, ગાયનેક, ઈ.એન.ટી., આઈ, ડેન્ટલ વગેરે પ્રકારના નિષ્ણાત ડૉક્ટરો દ્વારા બિલકુલ ફ્રી માં નિદાન કરાવવામાં આવે છે અને જરૂરી દવાઓ પૂરી પાડવામાં આવે છે. આ કેમ્પમાં આવેલ દર્દીઓને જરૂરિયાત મુજબ ઑપરેશન પણ ફ્રીમાં કરી આપવામાં આવે છે. જરૂરિયાત જણાય તો દર્દીઓને અમદાવાદ કે મુંબઈ પણ લઈ જઈ તેમની સારવાર કરાવવામાં આવે છે.

આ વિસ્તારના ગરીબ અને જરૂરિયાતમંદ લોકો કેમ્પ સિવાય પણ જ્યારે આરોગ્ય ખર્ચ માટે મુશ્કેલી અનુભવે ત્યારે વાડીલાલભાઈ તેમની પડખે ઊભા જ રહેતા હોય છે.

Gala Agencies
EXCLUSIVE SAREES
Contact Person : CHAITALI K. GALA (M. : 98333 26660)
EXCLUSIVE FANCY KOTA
EXCLUSIVELY
(RETAIL ONLY ON SATURDAY)
11/A, Ground Floor,
Old Hanuman 2nd Cross Lane,
Kalbadevi, MUMBAI-02.
Tel. : 22401195 Fax : 40221195

• **જીવદયા ક્ષેત્ર :**

ગામમાં મુંબઈ મહાજન દ્વારા પાંજરાપોળ ચલાવવામાં આવે છે. સમયાંતરે તેમના પરિવાર દ્વારા સહયોગ અપાતો રહે છે. ઊર્મિલાબેન દરરોજ વહેલી સવારે ઊઠીને પક્ષીઓને ચણ તેમજ કૂતરાઓને પોતે જાતે જઈને રોટલા નાખે છે. દરરોજ ગાયોને પોતાના હાથે ગોળ ખવડાવે છે. તેમના દ્વારા ગામમાં ઘરોઘર પક્ષીઓને પાણી માટેના કૂંડાઓનું વિતરણ કરવામાં આવે છે. તેમજ તેમના દ્વારા રોજ કિડિયારો પૂરવામાં આવે છે. સુવઈ, જેસડા અને ત્રંબૌ ગામ મધ્યે તેમના દ્વારા પાણીની પરબ ચલાવવામાં આવે ચે. વણોઈ, ગવરીપર, સુવઈ મધ્યે પ્રભાતફેરી કરવામાં આવે છે. તેમાંથી એકત્ર થતું ચણ ચબુતરામાં પક્ષીઓ માટે ઉપયોગમાં લેવામાં આવે છે. ઊર્મિલાબેન દ્વારા સમયાંતરે ગામના ગરીબ અને જરૂરતમંદ પરિવારોની ઘરોઘર રૂબરૂ મુલાકાત લઈ તેમના ખબર અંતર પૂછીને જરૂરી મદદ પૂરી પાડવામાં આવે છે. જેમાં કપડાં, રાચરચીલું, વાસણો, ધાબળા, આરોગ્ય વિષયક પ્રાથમિક દવાઓ, મચ્છરદાની વગેરે આપવામાં આવે છે.

• **ધંધાકીય ઉત્તેજન માટે લોન સ્વરૂપે સહાય :**

ગામની કોઈ ઉદ્યમી વ્યક્તિ નાના-મોટા કોઈ રોજગાર શરૂ કરવા માંગતી હોય તો તેને ઉપયોગી થવાના ઉમદા હેતુથી સીવણ મશીન, હાથલારી, કાપડફેરી, ગાય-ભેંસ ખરીદવા, બ્યુટી પાર્લર કીટ, કોમ્પ્યુટર વગેરે ખરીદવા માટે રૂા. ૫,૦૦૦/-થી રૂા. ૫૦,૦૦૦/- સુધીની વગર વ્યાજની લોન આપવામાં આવે છે. કે જે પરત કરવાના હપ્તા લાભાર્થીએ જાતે નક્કી કરીને સૂચવવાના હોય છે અને તેનો વિના આનાકાનીએ સ્વીકાર કરવામાં આવે છે. આ યોજનાનો હેતુ ગામના યુવક - યુવતી જાતે ઉદ્યોગ - ધંધો કરીને પગભર થાય તે પ્રકારની સેવા ભાવનાનો રાખવામાં આવેલ છે.

• **શિક્ષણ તથા કૌશલ્યવર્ધન કાર્ય :**

શિક્ષણનો વ્યાપ વધે તે માટે આ પરિવાર સદાને માટે તત્પર રહે છે. ગામમાં બાલવાટિકા, કુમાર - કન્યા પ્રાથમિક શાળા તેમજ માધ્યમિક શાળા તેમના પ્રયત્નોથી શરૂ કરવામાં આવેલ છે. જરૂરતમંદ તેજસ્વી વિદ્યાર્થી આર્થિક કારણોસર આગળ ભણવાથી વંચિત ના રહી જાય તે માટે તેઓ દ્વારા આર્થિક સહયોગ પણ આપવામાં આવે છે. દર વર્ષે પ્રથમ ત્રણમાં આવનાર વિદ્યાર્થીને સન્માનવામાં આવે છે. આ પરિવાર દ્વારા વિવિધ સ્થળોએ પ્રેરણા પ્રવાસ યોજવામાં આવે છે. એક વખત ગામના વિદ્યાર્થીઓને ગુજરાત વિધાનસભાની કાર્યવાહી નિહાળવા માટે પણ વિનામૂલ્યે ગાંધીનગર લઈ જવામાં આવેલ હતા.

યુવાનોને કારકિર્દી ઘડતર માટે યોગ્ય માર્ગદર્શન અને દિશા મળે તે માટે નિષ્ણાતોને બોલાવીને ગામમાં માર્ગદર્શન સેમિનાર યોજવામાં આવે છે.

• **સંસ્કાર સિંચન :**

ગામમાં સંસ્કારોનું સિંચન થતું રહે તે હેતુથી ભજન મંડળીને પ્રોત્સાહન પૂરું પાડી અવારનવાર ભજનોનું આયોજન કરવામાં આવે છે. સમયાંતરે વ્યસન મુક્તિના કાર્યક્રમો યોજવામાં આવે છે. ગામના જૈન દેરાસર અને છ કોટી સ્થાનકમાં પણ તેઓ સક્રિય રહેતા આવ્યા છે.

• **લાઈબ્રેરી :**

ગામમાં વાંચનની રૂચિ કેળવાય અને સારા વાંચનથી સારા વિચારો આવે અને સારા ઘડતર થાય એ હેતુથી વાંચનની પ્રવૃત્તિને વેગ આપવા અત્યાધુનિક લાઈબ્રેરી કે જેમાં વિવિધ વિષયના ઉપયોગી પુસ્તકો વસાવવામાં આવેલ છે, તે ચલાવવામાં આવે છે. આ લાઈબ્રેરી માટે એક રસપ્રદ બીના એ બની કે જ્યારે શ્રી વાડીલાલભાઈ સાવલાના મહેમાન બનીને આ ગામની મુલાકાતે શ્રી અશોક મહેતા, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર તથા શ્રી ચીમનભાઈ પલણ ગયેલ ત્યારે તેઓ, આ લાઈબ્રેરીની મુલાકાતે ગયેલ. ગામની આ લાઈબ્રેરીની બુક્સનું શ્રી ઘનશ્યામભાઈ ઠક્કરે જયારે ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરેલ ત્યારે તેઓ બોલી ઉઠ્યા કે અહીં જે અલભ્ય પુસ્તકો વસાવવામાં આવેલ છે, તે તેઓએ અમદાવાદની લાઈબ્રેરીઓમાં પણ જોયેલ નથી. શ્રી વાડીલાલભાઈ સાવલાની દૃષ્ટિને ધન્યવાદ આપવા ઘટે!

• **કોમ્પ્યુટર ક્લાસ :**

ટ્રસ્ટ દ્વારા સુવઈ જેવા નાના ગામમાં અત્યાધુનિક કોમ્પ્યુટર ક્લાસ શરૂ કરવામાં આવેલ છે. નિષ્ણાતો દ્વારા કોમ્પ્યુટર તાલીમ માત્ર ટોકન ફી લઈને આપવામાં આવે છે. અહીં આવનાર બાળક - બાળકી કોમ્પ્યુટર વિષેનું પ્રાથમિક જ્ઞાન ખૂબ જ સરળતાથી પ્રાપ્ત કરી શકે છે.

• **સીવણ ક્લાસ :**

ગામની દીકરીઓ અને મહિલાઓ સીવણ ક્લાસના માધ્યમથી સીવણ અંગેની તાલીમ મેળવી પગભર થાય તેવા ઉમદા હેતુથી આ ટ્રસ્ટ દ્વારા વિના મૂલ્યે સીવણ ક્લાસ ચલાવવામાં આવે છે.

• **બ્યુટી પાર્લર ક્લાસીસ :**

બ્યુટી પાર્લરના વર્ગો દ્વારા દીકરીઓને તાલીમ આપી તૈયાર

MILAN® MASALA
K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883
MILAN® MASALA

કરવામાં આવે છે કે જે શીખીને કેટલીક દીકરીઓ હાલમાં આ પ્રકારનું નાનું મોટું કામ કરીને યોગ્ય મહેનતાણું મેળવી લે છે. નોંધનીય બાબત એ છે કે અહીં તાલીમ મેળવેલ દીકરીઓને તાલુકા મથક રાપરમાં પણ અવારનવાર ઓર્ડર મળતા રહે છે કે જેના કારણે તેઓ થોડે ઘણે અંશે આર્થિક ઉપાર્જન કરી શકે છે.

● **છાશ કેન્દ્ર :**

વર્ષોથી આ ગામમાં, ગામના તમામ પરિવારો માટે કોઈ પણ નાતજાત કે ધર્મના ભેદભાવ વગર 'નવીનચંદ્ર રામજી વાલજી સાવલા છાશ કેન્દ્ર' વિના મૂલ્યે ચલાવવામાં આવે છે.

● **અન્ય સેવાઓ :**

સુવઈ ખાતેની 'રામજી વાલજી સાવલા શુશ્રુષા હોસ્પિટલ'માં સ્થાનિક ટ્રસ્ટી તરીકે નિયમિતપણે સેવા આપે છે અને પોતાનો દરરોજનો સારો એવો સમય આ સેવા ખાતે ફાળવે છે. આ વિસ્તારના લોકો માટે આ હોસ્પિટલ ખૂબ જ કિફાયતી દરની સેવા સ્વરૂપે આશિર્વાદરૂપ બની રહી છે. અહીં જરૂરિયાત અનુસાર વિનામૂલ્યે પણ સેવાઓ આપવામાં આવે છે.

ભચાઉ વિસ્તારની વાગડ વેલફેર સોસાયટીની વિખ્યાત હોસ્પિટલના ટ્રસ્ટી તરીકે તેઓ પોતાની અમૂલ્ય સેવાઓ આપી રહ્યા છે.

હાલમાં તેઓ રાપર તાલુકા ખરીદ - વેચાણ સંઘના ચેરમેન તરીકે પોતાની ફરજ બજાવી રહ્યા છે.

નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી વાગડ વિસ્તારના ખેતરોમાં પહોંચે એ રીતે તેઓ સક્રિય કાર્ય કરી રહ્યા છે. આ વિસ્તારના શ્રી પંકજભાઈ મહેતા, શ્રી કેશુભા વાઘેલા વગેરે નામી કાર્યકરો સાથે ખભેખભા મિલાવી તેઓ અનેકવિધ પ્રવૃત્તિઓમાં સંકળાયેલા રહે છે.

મુંબઈ - અમદાવાદ જેવા શહેરોમાં પણ તેઓ અનેકવિધ સેવા પ્રવૃત્તિઓમાં દાન આપી જોડાયેલા રહ્યા છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓમાં તેમનો સહયોગ સદાને માટે સાંપડતો રહેલ છે.

કોઈપણ નાત, જાત કે ધર્મના ભેદભાવ રાખ્યા વગર નિઃસ્વાર્થ અને શુધ્ધ ભાવથી તેમજ કોઈપણ પ્રકારના દેખાડા કે પ્રચાર માધ્યમોમાં આવ્યા વગર શાંત ચિત્તે ખરા અર્થમાં લોકોપયોગી સેવાકીય કાર્ય કરતાં શ્રી વાડીલાલભાઈ સાવલાની સેવાકીય પ્રવૃત્તિઓને લાખ લાખ ધન્યવાદ! તેમના ધર્મપત્ની ઊર્મિલાબેનની સેવાકીય પ્રવૃત્તિઓ પણ તેટલી જ વિખ્યાત છે અને તેઓ પણ તેટલા જ યશના અધિકારી છે!

અગર કચ્છના દરેક ગામના આવી સારસ બેલડી પ્રાપ્ત થઈ શકે તો કોઈ પણ પ્રકારની સરકારી મદદ વગર કચ્છનું દરેક ગામ સેવાની જ્યોતથી દીપી ઊઠે!

શ્રી વાડીલાલભાઈ સાવલાની સારસ બેલડીને ખૂબ ખૂબ ધન્યવાદ. ■


**ફાર ઈસ્ટ**
થાઈલેન્ડ
મલેશિયા
સીંગાપોર
Rs. 39,999/- + $ 999
PP. No Hidden Cost.
11N 11D. Reg. Dept.
REG. DEP.

**થાઈલેન્ડ**
5N - 6D
No Hidden Cost.
All Inclusive
Rs. 19,999/- +
$ 349 PP
REG. DEP.

**ઓસ્ટ્રેલિયા**
ALL INCLUSIVE
Rs. 1,35,555/- + 1999 AUD
ગોલ્ડ કોસ્ટ ● કેઈન્સ ● મેલબર્ન ● સીડની
પ્રસ્થાન : ૧૦ જૂન ● ૧૧ રાત્રી - ૧૨ દિવસ
ભરપૂર સાઈટ સીન ● All Veg. / Jain Meal
જવા - આવવા અને ઈન્ટર્નલ ૩ વિમાન ટિકીટ
સહિત કુલ ૫ વિમાન મુસાફરી.
જૈન દેરાસરો ૩-૪ સ્ટાર હોટલો ● એ.સી. સ્વતંત્ર વાહનો

**મલેશીયા સીંગાપોર**
6N - 7D
Rs. 29,999/- +
$ 799
All Inclusive
REG. DEP.

**Amazing DUBAI**
4N - 5D
Rs. 24,444/- +
$ 499
All Inclusive
REG. DEP.

અમારૂં નમ્ર નિવેદન : ભાવ, સાઈટ સીઈંગ અને સગવડતાઓ....
કોઈની પણ સાથે સરખાવો, ચોક્કસ ચાર જગ્યાએ પૂછો.... પછી જ કરો અમને ફોન

આપણું પોતાનું સ્વતંત્ર રસોડું ● લક્ઝરી વાહનો ● સારૂં એકોમોડેશન ● મીનરલ વોટર

**નાસીક કુંભમેલા**
A.C. / Non A.C. ટેન્ટ
૧૪ જુલાઈથી
રૂા. ૪૪૦૦/- અને વધુ

**કાશ્મીર** Ex. શ્રીનગર
7N ● Rs. 22,222/- થી
માતા વૈષ્ણોદેવી સાથે / સિવાય
● પટ્ટણી ટોપ ● અમૃતસર Ex. જમ્મુ/અમૃતસર
● શ્રીનગર-મુગલ ગાર્ડન ● શંકરાચાર્ય હિલ
● ગુલમર્ગ ● ગંડોલા ● પહેલગામ ● ચંદનવાડી
● સોનામાર્ગ વિ.

**લેહ-લડાખ**
નુબ્રાવેલી ● પેંગગોંગ
Ex. લેહ ● 6N ● Rs. 24,444/- થી
કારગીલ અને શ્રીનગર
રાત્રિ રોકાણ સહિત
Ex. શ્રીનગર
● 9N ● Rs. 33,333/- થી

**મોનસુન કેરાલા**
Ex. કોચીન ● Rs. 18,888/- થી
મુન્નાર ઠેકડી
પેરીયાર ● કોચીન
કન્યાકુમારી - ત્રિવેન્દ્રમ
સાથે પણ ઉપલબ્ધ

યાત્રા-પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલિકાઓના પ્રણેતા
www.tanmantourandtravels.com
tanmantravels@yahoo.co.in
tanmantour@gmail.com
808010708

દરરોજ હેન્ડલીંગ ● ડ્રાયફ્રુટ્સ પેકેટ્સ ● ભરપુર સાઈટ સીઈંગ
મનોરંજન ● પાનવાળા પંડિત ● લોન્ડ્રી ● બાબરની સેવાઓ

કચ્છ

# કચ્છને પીવાના પાણીમાં રાહત

● અશોક મહેતા ●

ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે સુરેન્દ્રનગર જિલ્લાના ઢાંકી ખાતે સ્વર્ણિમ ગુજરાત વોટર ગ્રીડ યોજના અંતર્ગત અંદાજે રૂ. ૨૪૫૭ કરોડની કિંમતે કુલ ૩૬૧ કિ.મી. લંબાઈની ત્રણ પાઈપલાઈપ યોજનાઓની લોકાર્પણ વિધિ તા. ૫-૪-૨૦૧૫ ના રોજ કરેલ હતી. આ ત્રણ બલ્ક પાઈપ લાઈન એટલે ઢાંકીથી નાવડા, ઢાંકીથી માળિયા અને ઢાંકીથી રતનપર એમ કુલ્લે ૩૬૧ કિ.મી. લાંબી પાઈપલાઈન દ્વારા નર્મદા નદીના પીવાના પાણી કચ્છ અને સૌરાષ્ટ્રના ૫૫૮૭ ગામો અને ૧૧૬ શહેરોને દૈનિક ધોરણે ૧૬૫ કરોડ લીટર પાણી પૂરું પાડી શકાશે.

જયાં લગી કચ્છનો સવાલ છે ત્યાં લગી આ અગાઉ ઢાંકીથી માળિયા, બ્રાંચ કેનાલ દ્વારા અને માળિયાથી કચ્છ સુધી ૨૦૦ એમ.એલ.ડી.ની ક્ષમતા ધરાવતી પાઈપ લાઈન દ્વારા સમગ્ર કચ્છના ગામડા તથા શહેરોને પાણી પૂરું પડાતું હતું. ઢાંકીથી માળિયાની કેનાલ તે વિસ્તારના ખેડૂતોની સિંચાઈના પાણી માટે બનાવવામાં આવેલ હતી, પરંતુ જયાં લગી માઈનોર, સબ-માઈનોર વગેરે પ્રકારની કેનાલો બનાવવામાં આવેલ ન હોતાં, તે વિસ્તારના વિવિધ ખેડૂતો આ કેનાલ પર અંદાજિત ૬૦૦ જેટલા ડીઝલ પમ્પ મૂકી આ પાણી પોતાના ખેતરના પાક માટે વપરાશમાં લેતા હતા. પરિણામ સ્વરૂપે કચ્છ તરફની પાઈપ લાઈન માટે વર્ષમાં કેટલાક દિવસો સુધી ૨૦૦ એમએલડી પાણી પૂરું પાડી શકાતું ન હતું. તેથી કચ્છના અનેક ગામો અને શહેરોની જનતાની અપૂરતા પાણી માટે બૂમ રહેતી હતી.

કચ્છ હવે અપૂરતા પીવાના પાણીના પ્રશ્નમાંથી બહાર નીકળી ગયેલ છે અને તેને પ્રથમ સ્વરૂપે ઢાંકીથી માળિયા અને ત્યારબાદ માળિયાથી કચ્છ સુધી પાઈપ લાઈન દ્વારા જ આ પાણી પ્રાપ્ત થઈ શકશે. પરિણામે દૈનિક ધોરણે ૨૦૦ મિલિયન લીટર એટલે કે ૨૦ કરોડ લીટર પાણી સુનિશ્ચિત થઈ શકશે.

શરૂથી જ કચ્છ તરફ પીવાના પાણીની પાઈપ લાઈન ૨૦૦ એમએલડી (દૈનિક ધોરણે ૨૦ કરોડ લીટર) ની રાખવામાં આવેલ હતી કે જેમાંથી ૧૫૦ એમએલડી (૧૫ કરોડ લીટર દૈનિક) કચ્છના ગામડા તથા શહેરોની જનતાને પીવાના પાણી માટે અને ૫૦ એમએલડી (૫ કરોડ લિટર દૈનિક) પાણી ઉદ્યોગોના વપરાશ માટે ફાળવવામાં આવેલ હતા. કચ્છના લોકોને એ શંકા હતી કે માળિયાથી પૂરતા પ્રમાણમાં પાણી પૂરું પાડવામાં આવતું ન હોવાના બહાને પાણી પુરવઠાના અધિકારીઓ ઉદ્યોગોને વધુ પાણી ફાળવી દેતા હતા અને ગામડાની જનતાના પીવાના પાણી પર કાપ મૂકવામાં આવતો હતો. ઢાંકીથી માળિયાની પાઈપ લાઈનનું મુખ્યમંત્રી દ્વારા લોકાર્પણ થતાં હવે ઢાંકીથી કચ્છ સુધી પાઈપ લાઈન દ્વારા જ પૂરતા જથ્થામાં પાણી આવવાનું સુનિશ્ચિત થતાં, પાણી પુરવઠાના અધિકારીઓ આ પ્રકારના બહાના કાઢી શકશે નહીં અને કચ્છની જનતાને પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી મળી રહેશે.

ઢાંકીથી માળિયા સુધીની સિંચાઈની કેનાલના પાણી પર એક તરફ માળિયાના ખેડૂતોની નજર રહેતી હતી અને બીજી તરફ કચ્છની જનતા માટે આ પાણી પીવાના પાણી તરીકે વાપરવાનો પ્રાણપ્રશ્ન હતો. શ્રી પી.કે. લહેરી જયારે નર્મદા નિગમના અધ્યક્ષ પદે બિરાજમાન હતા ત્યારે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના કાર્યકરો સાથેની એક મીટિંગમાં તેઓશ્રીએ જણાવેલ કે ઢાંકી ખાતે નર્મદા નદીના પાણીનો પુરવઠો પૂરતી માત્રામાં હોવાના કારણે અગર ગુજરાત સરકાર દ્વારા ઢાંકીથી માળિયા સુધીની પાણીની પાઈપ લાઈન નાખી દેવામાં આવે તો એક તરફ માળિયાના ખેડૂતો સિંચાઈના પાણી માટે સુનિશ્ચિત થઈ શકે અને અન્ય તરફ કચ્છની જનતાને નક્કી કર્યા મુજબની માત્રામાં પીવાનું પાણી નિયમિતપણે પ્રાપ્ત થઈ શકે. આ હકીકત વર્ષ ૨૦૧૫માં તાદશ્ય થવા પામેલ છે ત્યારે કચ્છની જનતા માટે અનેરો આનંદ બની રહે છે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં,*
*જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

## વંદન - ચંદન

- ★ વંદન ચંદન કરતાં શીતળ છે. ચંદન તો માત્ર કપાળને શીતળ કરશે પરંતુ વંદન તો હૃદયને શીતળ કરશે.
- ★ જરૂરિયાત વધે એટલું દુઃખ વધે, જરૂરિયાતો ઘટે એટલું દુઃખ ઘટે.
- ★ સુખ ભાગ્યે જ ગેરહાજર હોય છે, માત્ર આપણે તેની નોંધ લઈ શકતા નથી.
- ★ જ્યાં જ્યાં નજર નાખીએ ત્યાં ત્યાં નાની મોટી સેવાની તક હાજર હોય જ છે.
- ★ સેવાની તક આપવા માટે પ્રભુનો અને સેવા સ્વીકારનારનો એમ બંનેનો દિલથી આભાર માનવો જોઈએ.
- ★ સુખનો માર્ગ એક જ છે, બીજાને સુખી કરવાનો.
- ★ જ્યારે સેવાનો સુઅવસર પ્રાપ્ત થાય ત્યારે ભગવાન ખુદ તે કરવા માટે વિપુલ શક્તિ આપી જ દે છે.
- ★ બીજાને દુઃખ દેવાનો વિચાર જ મનને કલુષિત કરી દે છે. જ્યારે બીજાને સુખી કરવાનો સંકલ્પ મનને પવિત્ર બનાવે છે.

*માનવ જ્યોત - મુંબઈ*

*ભગવાનની નિષ્કામ ભક્તિ અનેક સિધ્ધિઓથી પણ શ્રેષ્ઠ ફળ આપે છે.*

ગાંધી યુગે ભારત : સ્વાતંત્ર્ય સંગ્રામના સંદર્ભમાં

# કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ : ૧૯૨૧-૧૯૪૮ (પ્રકરણ - ૨)

● આલેખક : કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી ●

કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામના ઉષાકાળ જેવા જોખમી સમયે માભોમની હાકલ સાંભળી સ્વયંભૂ ફરજ ગણી નિષ્કામ ભાવે, નિષ્ઠાપૂર્વક સંગ્રામમાં પોતાની કૌટુંબિક આર્થિક સ્થિતિ સારી હોવા છતાં જોડાયા અને એવા રાજકારણના આટાપાટાને કારણે કચ્છ છોડી જવાના પ્રસંગ હરખથી ભોગવ્યા. સંગ્રામના ઉષાકાળે કચ્છને ગામડે ગામડે દેશ ભક્તિનો નાદ જગાડવામાં તે વિકટ કાળે પ્રવાસો પણ કર્યા અને છેવટ લગી આ સંગ્રામના સહભાગી કાયમ રહ્યા એવા

**સ્વ. શ્રી પ્રાણલાલ સાકરચંદ મહેતા.**

થનગનતી જુવાનીમાં દેશદાઝથી સ્વપ્રેરિત સંગ્રામના ઉષાકાળે જ આ પ્રવૃત્તિમાં જોડાયા હતા. કોંગ્રેસ પ્રવૃત્તિ અને કચ્છમાં રાજકારણની પ્રવૃત્તિથી ગાઢ સંકળાયેલ કચ્છના પ્રવાસો કર્યા હતા - સારા વક્તા હતા - માદક વ્યક્તિત્વથી આકર્ષક બન્યા અને નીડરતાથી ઝુકાવ્યું હતું. તેમાં કચ્છ રાજ્યના ઉચ્ચ સ્થાનમાંથી નારાજગી વહોરવાનો તેના સ્વજનોને જણાતાં કચ્છ છોડી મુંબઈ વસવાટ કર્યો ત્યાં સુધી કચ્છ સેવા સમાજના સને ૧૯૨૪માં ભુજમાં મંત્રી, કચ્છ પ્રજાસંઘના જબ્બર પ્રચારક, મહાત્માજીના સ્વાગત મંડળમાં સક્રિય કાર્યકર તરીકે, મોઢ જ્ઞાતિના તરીકે ભુજમાં માનપત્ર વાંચી આપવાનું તેમને ફાળે હતું. તેમના પત્ની દયાકુંવરબેને મહાત્માજીને ફુલહારથી વધાવ્યા હતા એટલા આ પ્રવૃત્તિથી ઓતપ્રોત હતા અને મુંબઈ વસવાટ પછી પરિષદના કારોબારીના સભ્ય તરીકે કાયમ સક્રિય રહ્યા હતાં. મોટા દીકરા નવિનચંદ્ર તેમની પેઢી મહેતા એન્ડ સન્સનું સંચાલન કરે છે. બીજા પુત્ર મહેન્દ્ર સ્વતંત્ર ફેક્ટરી સંભાળે છે અને નાના ડૉ. સુરેશ મહેતા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં એમ.એસ.ઓર્થોપેડિક નિષ્ણાત માનચાંદ મેળવેલ ડિપાર્ટમેન્ટ હેડ તરીકે ડોક્ટર છે. આમ આ પ્રાણલાલ કચ્છ સ્વાતંત્ર સંગ્રામના ઉષાકાળથી અડીખમ ભેખધારી રહ્યા હતા.

તા. ૧૬-૧૧-૧૯૨૪ના કચ્છના યુવરાજ શ્રી વિજયરાજજીએ "સ્વદેશ"ના પ્રતિનિધિને મુંબઈમાં મુલાકાત આપી હતી. તેમાં ખાદી પહેરવામાં કંઈ ખોટું નથી, પણ તેને રાજકીય ચળવળ સાથે જોડવામાં આવે તે પસંદ નથી એવું વિધાન કર્યું હતું.

આ જ સમયમાં કચ્છમાં શિક્ષણ વધારવાના પ્રયત્નો માટે મુંબઈના વતનપ્રેમીઓ તરફથી ખાસ ચેતના પ્રગટી હતી. શેઠ શૂરજી વલ્લભદાસ દ્વારા "લોહાણા કેળવણી ખાતું" અને શેઠ વેલજી લખમશી નપુ દ્વારા "જન સમાજનું કેળવણી ખાતું" જેવા સંસ્થાગત પ્રયત્નો પણ કચ્છમાં જાગૃતિ લાવવામાં ફાળો આપતા થયા હતા.

આ સમયે મુંબઈમાં પણ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના સહયોગીઓ તરીકે કચ્છીઓ મુખ્ય હતા. શેઠ વેલજી લખમશી નપુ અને શેઠ ઉમર સોબાની બન્ને કચ્છીઓ કોંગ્રેસ મહાસભાના ટિળક સ્વરાજ્ય ફાળાના જવલંત સમયે ખજાનચીઓ હતા.

આ બધાં પરિબળોને કારણે કચ્છના ઉત્કર્ષ માટે એક પ્રતિનિધિ સંસ્થાની જરૂર કચ્છ બહાર અને કચ્છમાં વરતાતી હતી. તેમાં આ કચ્છી પ્રજાસંઘે પોતાના ઉદયકાળમાં કચ્છમાં પ્રજાકીય જાગૃતિની જ્યોત પ્રગટાવી હતી. બેલગામ કોંગ્રેસમાં કચ્છના ડેલીગેટો : (૧) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૨) શ્રી પ્રાણલાલ સાકરચંદ મહેતા તથા (૩) શ્રી જયરામદાસ જેઠાભાઈ પ્રેક્ષક હતા.

આ કારણોસર ૧૯૨૪ના ડિસેમ્બરમાં મહાત્મા ગાંધીના પ્રમુખપણા હેઠળના બેલગામ કોંગ્રેસ અધિવેશન સમયે ત્યાં તા. ૨૭-૧૨-૧૯૨૪ના કચ્છના પ્રતિનિધિઓ અને મુંબઈના વતન પ્રેમીઓ, અને અન્ય કચ્છીઓ મળી ૭૫-૮૦ જેટલી વ્યક્તિઓની મીટિંગ મળી હતી. તેમાં યાકુબ હુસેન, શેઠ વેલજી લખમશી નપુ, શ્રી મણિલાલ કોઠારી સ્થાનિક કચ્છના પ્રતિનિધિઓ વગેરે મળ્યા હતા. આ સભામાં તા. ૧૦-૧-૧૯૨૫ના અરસામાં મુંબઈમાં આ બાબતે મળવા અને શક્ય હોય તો કચ્છના સ્થાનિકે અને મુંબઈમાં બંને સંસ્થાના બદલે એક જ સંસ્થા બને તેવો વિચાર વિનિમય થયો હતો. ગાંધી યુગે પ્રજા જાગૃતિના તબક્કાવાર પ્રગતિનાં મંડાણ શરૂ થયાં.

### ● કચ્છના ઉત્કર્ષ માટે મુંબઈમાં વ્યવસ્થિત પુરુષાર્થનો પ્રારંભ :

તા. ૧૮-૧-૧૯૨૫, રવિવારે મુંબઈના આગેવાન કચ્છીઓ અને "કચ્છ પ્રજા સંઘ"ના પ્રતિનિધિઓની સભા શેઠ હુસેનભાઈ અ. લાલજીના પ્રમુખપણા હેઠળ મળી હતી. તેમાં "કચ્છ પ્રજા સંઘ" ની સ્થાપના થઈ અને કચ્છની સંસ્થા "કચ્છ પ્રજા સંઘ" તેમાં ભળી ગયાનો શુભ પ્રસંગ બન્યો હતો. આ રીતે સંયુક્ત એક જ પ્રજાસંઘ બન્યો. તત્ સમયના મુંબઈના M.L.C. શેઠ પુંજાભાઈ ઠાકરશીની દરખાસ્તથી એક કમિટી રચાઈ હતી. તેમાં સ્થાનિક સભ્યો હતા. આ રીતે મુંબઈમાં કચ્છ અંગે રાજકારણની પ્રથમ સંસ્થા બની. કચ્છ સ્થાનિક પ્રજા સંઘ વતી મંત્રી શ્રી કાંતિપ્રસાદ, શ્રી પ્રાણલાલ, શ્રી લતીફ હાજર રહ્યા હતા.

તેના સભ્યો આ પ્રમાણે હતા.

(૧) શેઠ મહમદભાઈ લાલજી (મુંબઈ), (૨) શેઠ વેલજી લખમશી નપુ, મુંબઈ (કન્વીનર), (૩) પુંજાભાઈ ઠાકરશી (મુંબઈ), (૪) જીવરાજ ગો. નેણશી (મુંબઈ), (૫) શેઠ બી.એન.મહેશરી (મુંબઈ), (૬) શેઠ શામજી હેમરાજ (મુંબઈ), (૭) ડો. પુનશી હી. મહેશરી (મુંબઈ), (૮)

*આપણે બધા "સ્વકેન્દ્રિત" જ હોઈએ છીએ, માત્ર આપણા "પરિઘો" અલગ અલગ હોય છે.*

શ્રી માવજી ગોવિંદજી શેઠ (મુંબઈ), (૯) શેઠ રહેમતુલા મ. ચીનાઈ, (મુંબઈ), (૧૦) નાનાલાલ ડી. ઉપાધ્યાય (મુંબઈ), (૧૧) સાલેમભાઈ કે. બરોડાવાળા, (મુંબઈ), (૧૧) ડો. જાદવજી હંસરાજ (મુંબઈ), (૧૩) શેઠ એમ.પી. લોહાણા (મુંબઈ), (૧૪) શેઠ શિવદાસ ચાંપશી, (મુંબઈ) (૧૫) શેઠ વજીરઅલી બંદેઅલી, (મુંબઈ), (૧૬) શેઠ અહમદ હાજી સીદીક ખત્રી (મુંબઈ), (૧૭) વ્રજલાલ બી. છાયા (મુંબઈ) (૧૮) ગુલાબશંકર સી. ધોળકિયા (મુંબઈ), (૧૯) ડો. મહેતા (મુંબઈ), (૨૦) શિવજી ચત્રભુજ શાહ (મુંબઈ), (૨૧) શેઠ રવજી જગજીવન (મુંબઈ), (૨૨) કાનજી કરમશી માસ્તર (મુંબઈ), (૨૩) શેઠ બંદેઅલી ઈસ્માઈલ (મુંબઈ), (૨૪) શેઠ જમાલભાઈ આદમ (મુંબઈ), (૨૫) શેઠ જીવરામ કલ્યાણ (મુંબઈ), (૨૬) શેઠ વીરજી ગંગારામ મહેશરી (મુંબઈ), (૨૭) મેઘજી હીરજી જંગેઆલી (મુંબઈ), (૨૮) પ્રેમજી લધાભાઈ (મુંબઈ), (૨૯) મેઘજી સોનપાર (મુંબઈ), (૩૦) ડી.ડી.શેઠિયા, (મુંબઈ), (૩૧) નથુભાઈ કુંવરજી (મુંબઈ), (૩૨) કાનજી રવજી (મુંબઈ), (૩૩) ખીમજી મોતીરામ (મુંબઈ), (૩૪) માનસંગ કચરા (ભુજ), (૩૫) ગોકલદાસ ખીમજી (માંડવી), (૩૬) કાંતિપ્રસાદ ચં. અંતાણી (અંજાર), (૩૭) સાકરચંદ પાનાચંદ (ભુજ), (૩૮) અબ્દુલલતીફ ઈબ્રાહીમ (અંજાર), (૩૯) જે.ડી. નાગડા (મુંબઈ), (૪૦) પોપટલાલ મહેતા (અંજાર), (૪૧) જમનાદાસ ગાંધી (અંજાર), (૪૨) મુળજી શૂરજી (અંજાર), (૪૩) પ્રાણલાલ સાકરચંદ મહેતા (ભુજ), (૪૪) જયરામદાસ નયગાંધી (અંજાર), (૪૫) ઘેલાભાઈ હંસરાજ (મુંબઈ), (૪૬) જીવરામ કલ્યાણજી (કોટડા)

પરિષદની સ્થાપના સુધી આ સંસ્થાની પ્રવૃત્તિ મુંબઈમાં અને કચ્છમાં ચાલુ રહી હતી.

કચ્છ પ્રજા સંઘની જનરલ સભા શનિવારે ૨૧-૨-૧૯૨૫ના શેઠ પુંજાભાઈ ઠાકરશી એમ.એલ.એ. મુંબઈ ધારાસભા, - ના પ્રમુખપણા હેઠળ મળી હતી. તેમાં તે વર્ષની કારોબારીના હોદ્દેદારો આ પ્રમાણે ચુંટાયા હતા.

પ્રમુખ : શેઠ અહમદભાઈ હાજી.

મંત્રી : ગોકુળદાસ ખીમજી,

ખજાનચી : શેઠ પુંજાભાઈ ઠાકરશી

સભ્યો : (૧) શેઠ હુસેનભાઈ એ. લાલજી, (૨) ગોકુળદાસ ખીમજી, (૩) અબ્દુલ રહેમાન હાજી અભા, (૪) કાંતિપ્રસાદ અંતાણી, (૫) બી. એન. મહેશરી, (૬) માનસંગ કચરા, (૭) માવજી ગોવિંદજી શેઠ, (૮) ધરમશી ખેંગારજી મહેતા, (૯) જીવરાજ ગોકુળદાસ નેણશી, (૧૦) વ્રજલાલ બી. છાયા, (૧૧) ગુલાબશંકર સી. ધોળકિયા, (૧૨) શીવજી ચાંપશી ઠક્કર, (૧૩) કાનજી કરમશી માસ્તર, (૧૪) શિવજી ચત્રભુજ શાહ, (૧૫) હિરજી શિવજી.

આ રીતે કચ્છમાં જનજાગૃતિનો પ્રારંભ થયો. તેમાં કચ્છ તથા કચ્છ બહારના વતનપ્રેમીઓ સહયોગી બન્યા. તેના પરિણામે જનજાગૃતિના પ્રકાશનોનો વિસ્તાર અને અસર દિનપ્રતિદિન વધતાં ચાલ્યાં.

*સંપાદક : હરેશ ચ. ધોળકિયા*

*(પ્રાપ્ત કર્તા : ઘનશ્યામભાઈ પી. ઠક્કર - અમદાવાદ)*

## વી — ધ પીપલ
### (We – The People)

કેવા અદ્‌ભુત લોકો છીએ આપણે? સાવ નાનામાં નાના માણસથી લઈને દેશના સૌથી ઉપર - ટોચ પર બિરાજમાન બધા જ એમ માને છે કે અમે સૌથી સારા છીએ, અમારામાં એકેય ખામી નથી, જરા સરખી નબળાઈ પણ નથી, એકપણ દુર્ગુણ નથી, અમારી ભૂલ કદી હોઈ જ ન શકે, અમે ક્યારેય કદી ખોટું કરતા જ નથી, અમારી સમજણ ક્યારેય ખોટી હોતી જ નથી, અમે હંમેશાં સાચા જ હોઈએ છીએ.

અમે સારા, અમારા વાણી-વર્તન સારા, અમારા સંસ્કાર સારા, અમારો ધર્મ સારો, ધર્મગુરુઓ વધારે સારા, અમારા ભગવાન સૌથી શક્તિશાળી, અમારી આદતો સારી, અમારા પૂર્વજો સારા, અમારી સંસ્કૃતિ સર્વોત્તમ. અમારામાં ખોટ? અમારામાં ખામી? અસંભવ — અસંભવ.

તમે જો અમારા વિશે ઘસાતું બોલશો કે લખશો, અમારી ભૂલ બતાવશો, અમારો વાંક કાઢશો, અમારી એક પણ બાબત વિશે નબળો અભિપ્રાય આપશો કે ટીકા કરશો, અમારી નાની કે મોટી કોઈ ભૂલ કે ખામી શોધી કાઢશો તો અમને ખોટું લાગશે. અમારી લાગણી દુભાશે. કોઈ અમારા વિશે જરાપણ ઘસાતું લખે કે બોલે, તો અમે અમારી જાત પર સંયમ રાખી શકતા નથી.

અમારા બધા ધર્મોમાં અહિંસાનો ભારે મહિમા છે. પરંતુ જો અમારી લાગણી દુભાય તો અમે અહિંસા પાળી શકતા નથી. ત્યારે અમે અહિંસાને ભૂલીને ગાળાગાળી, મારામારી, તોડફોડ કરીએ છીએ, ધરણા અને રસ્તા રોકો વગેરે પણ કરીએ છીએ. કોઈ કાંઈ બોલ્યું હોય તો તે માફી માંગે એવો આગ્રહ રાખીએ છીએ. અને જો કશું છપાયું હોય તો તેના પર પ્રતિબંધ મૂકવાની માંગણી કરીએ છીએ. સિનેમા, મીડિયા કે ટી.વી.માં પણ અમારું ખરાબ લાગે એવું કશું જ ન આવવું જોઈએ.

ટૂંકમાં અમે સર્વગુણ સંપન્ન છીએ. અમે બધા એટલા બધા સારા છીએ કે અમે સૌ મરીને સીધા સ્વર્ગ - દેવલોકમાં જ જવાના છીએ. અમારી ટીકા કરનારા અને વિરોધ કરનારા બધા નરકમાં જશે.

જોકે અમે અમારા મનમાં બરાબર સમજીએ છીએ કે અમે મહાદંભી છીએ, આળસુ અને કામચોર છીએ, ઘોર મતલબી છીએ, કાયર છીએ, જુઠ્ઠા છીએ, અપ્રામાણિક છીએ, માનસિક ગંદકીથી ભરેલા છીએ. ખુદ ભગવાનને છેતરવામાં પણ નંબર વન છીએ.

પરંતુ આ બધી બાબતો તો છુપાવી રાખવાની ચીજો છે, કોઈને બતાવવાની કે જણાવવાની ચીજો નથી. જ્યાં અમે પોતે જ અમારી તમામ ખામીઓને સંતાડી રાખવા માંગીએ છીએ ત્યારે તમે એ ખોલી બતાવનારા કોણ છો?

અમારી દરેકે દરેક બાબત વિશે હંમેશાં સારું સારું જ બોલો અને સારું સારું જ લખો.

અને બરાબર યાદ રાખો કે અમારે ત્યાં પ્રશ્ન પૂછવાની અને શંકા કરવાની સખત મનાઈ છે.

ખબરદાર જો એવી ગુસ્તાખી કરી છે તો....

સમજી ગયા?

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

# મહાગુજરાતનું આંદોલન અને કચ્છ

• હરેશ ધોળકિયા •

## • આંદોલનનું નિમિત્ત :

બ્રિટિશરોની ગુલામીમાંથી મુક્ત થવા સમગ્ર રાષ્ટ્રે સ્વાતંત્ર્યની ચળવળ ચલાવી. ત્યારે તો ગાંધી - નેહરુ - સરદાર કે સુભાષ જેવા પ્રખર નેતાઓ હોવાથી સમગ્ર રાષ્ટ્રને એક છત્ર નીચે રાખી શકાયું. અલબત્ત, ત્યારે પણ હિંદુ - મુસ્લિમ સંદર્ભમાં મતભેદ અને વિભાજિત માનસ તો હતું જ, પણ અન્ય વિભાજિત તત્ત્વો દબાયેલાં રહ્યાં હતાં અને બધાએ સાથે મળીને સ્વાતંત્ર્ય મેળવ્યું.

પણ સ્વાતંત્ર્ય મળતાં જ જૂનાં વિભાજિત તત્ત્વો ફરી માથું ઊંચકવા લાગ્યાં. ભાષાવાર રાજ્યોની માગણી શરૂ થઈ. તે બાબતે તત્કાલીન સરકારે કમિશનો વગેરે નીમ્યાં. ક્રમશઃ ભાષાવાર રાજ્યો રચાવા લાગ્યાં. તેમાં ૧૯૬૦ માં ગુજરાત રાજ્ય પણ અસ્તિત્વમાં આવ્યું.

પણ તેનાં મૂળિયાં પણ સ્વાતંત્ર્યપ્રાપ્તિ સાથે જ નખાયાં હતાં. ૧૯૪૮માં પ્રથમ વાર ગુજરાતના અલગ રાજ્યની ભલામણ થઈ હતી. ત્યારબાદ ૧૯૫૩માં કેન્દ્ર સરકાર દ્વારા 'ફઝલઅલી પુનઃરચના પંચ' નીમવામાં આવ્યું. તેની સામે પણ મહારાષ્ટ્ર અને ગુજરાત એવાં બે રાજ્યો રચવાની ભલામણ આવી, પણ તેણે આ વિચારને નકાર્યો અને 'બૃહદ મુંબઈ રાજ્ય' ની ભલામણ કરી. મહાગુજરાત રાજ્યની માગણી તેણે ઠુકરાવી દીધી. આ ભલામણનો ગુજરાત કોંગ્રેસ સમિતિએ વિરોધ કર્યો (તા. ૨૫-૧૨-૧૯૫૫ ના), પણ તેને અવગણીને સંસદે છઠ્ઠી જૂન, ૧૯૫૬ ના આ બાબતનો ઠરાવ કર્યો. તેનો ગુજરાતમાં સખત વિરોધ થયો. પણ ત્યારે પણ, શિસ્તના બહાના હેઠળ, ગુજરાત કોંગ્રેસે તે ઠરાવને સંમતિ આપી અને ગુજરાતની પ્રજાનો વિરોધ વહોરી લીધો.

આ વિરોધમાંથી "મહાગુજરાત આંદોલન" નો જન્મ થયો. સાતમી ઓગસ્ટ, ૧૯૫૬ ના દિવસે આંદોલન ચલાવવા માટે પગલાં સમિતિની રચના કરવામાં આવી. તેમાં ત્યારની લૉ કોલેજના વિદ્યાર્થીઓ જોડાયા. અમદાવાદમાં સ્વયંભૂ દેખાવો શરૂ થયા. ત્યારની સરકાર કોંગ્રેસની હતી. તે આ ન જ ચલાવે. એટલે તેના આદેશથી પોલીસે વિદ્યાર્થીઓ સામે ગોળીબાર કર્યો. તેમાં ચાર વિદ્યાર્થીઓ માર્યા ગયા. આઠમી ઓગસ્ટે ફરી દેખાવો થયા. તેમાં ફરી ગોળીબાર થતાં ચાર મોત થયાં અને સો જેટલા આંદોલનકારીઓ ઘવાયા.

આ ઘટનાનો સમગ્ર ગુજરાતમાં ઉગ્ર પડઘો પડ્યો અને વિવિધ શહેરોમાં પણ દેખાવો શરૂ થયા. સરઘસો નીકળવા લાગ્યાં. અમદાવાદમાં તો વધારે ને વધારે લોકો બહાર નીકળવા લાગ્યા. ત્યારે મોરારજી દેસાઈએ પ્રજાના મિજાજને ઓળખવામાં ભૂલ કરી અને પોલીસને તાકીદે આંદોલનને કચડી નાખવાનો આદેશ કર્યો. બીજા કોંગ્રેસી નેતાઓએ પણ લોકો સાથે રહેવાને બદલે કેન્દ્ર સરકાર અને પક્ષ સાથે રહી દ્વિભાષી રાજ્યની પ્રશંસા કરી. નેતાઓના આ મીંઢા વર્તનથી લોકોનો ઉશ્કેરાટ વધતો જ ગયો અને આંદોલનની તીવ્રતા વધવા લાગી.

આ દરમિયાન ૧૯૫૮માં દ્વિભાષી મુંબઈ રાજ્યના મુખ્ય પ્રધાન યશવંતરાવ ચૌહાણે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો કે દ્વિભાષી રાજ્યની રચના પછી બે પ્રજા વચ્ચે એકતા ઊભી થઈ ન હતી. આ વિચાર પણ એક યા બીજી રીતે દોહરાતો રહ્યો. તેને પરિણામે તથા મહાગુજરાત આંદોલનની તીવ્રતા જોયા પછી વડાપ્રધાન જવાહરલાલ નેહરુને પણ સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો અને ૧૯૫૯ ના અંતમાં રાષ્ટ્રીય કોંગ્રેસ સમિતિએ છેવટે બે રાજ્યના વિભાજન માટે સંમતિ આપી. આને આધારે ૧૯૫૯માં સંસદે ફરી બે રાજ્યની રચનાનો ખરડો પસાર કર્યો. ગુજરાત રાજ્ય રચવાની સંમતિ આપી. પરિણામે ૧૯૬૦ની પહેલી મે એ ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. ગાંધી વિચારક શ્રી રવિશંકર મહારાજના વરદ હસ્તે તેનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. તે સાથે જ મહારાષ્ટ્ર પણ અસ્તિત્વમાં આવ્યું. આના પરિણામે મહાગુજરાત આંદોલન સમેટાઈ ગયું.

મહાગુજરાત આંદોલનમાં મુખ્ય ભાગ વિદ્યાર્થીઓએ ભજવ્યો હતો. પછી જનતા પણ તેમાં જોડાઈ હતી. સમગ્ર આંદોલનને ઈન્દુલાલ યાજ્ઞિક, પ્રબોધ રાવળ, હરિપ્રસાદ વ્યાસ, શેઠ રતિલાલ ખુશાલદાસ, હરિહર ખંભોળજા, જયંતિ દલાલ વગેરેએ નેતૃત્વ પૂરું પાડ્યું હતું.

## • આંદોલનમાં કચ્છનો ફાળો :

મહાગુજરાત આંદોલન અમદાવાદમાં શરૂ થયું. તેનો ઝડપી પ્રભાવ તેની આસપાસના વિસ્તારોમાં પડ્યો. સુરત, ભરૂચ, વડોદરા, મહેસાણા વગેરે જિલ્લાઓમાં તેની વીજળી જેવી અસર પડી. ત્યાં પણ સ્વયંભૂ આંદોલનો શરૂ થયાં. દૂરના જિલ્લાઓમાં, ખાસ કરીને સૌરાષ્ટ્રમાં, તુલનાત્મક રીતે તેની ઓછી અસર રહી.

આનું કારણ એ માની શકાય કે ભારત સહિત સમગ્ર ગુજરાતમાં સર્વત્ર કોંગ્રેસ સરકારો જ હતી. અને કોંગ્રેસે તો દ્વિભાષી મુંબઈ રાજ્ય રચનાનો ઠરાવ ચૂપચાપ સ્વીકારી લીધો હતો. એટલે તેના તરફથી તો ટેકો મળવો અસંભવ હતો. જે કોઈ મહત્ત્વના નેતાઓ હતા, તે તો કોંગ્રેસના હતા, જે આ આંદોલનને ટેકો ન જ આપે અને જાતે પણ તેમાં ભાગ ન લે. ગુજરાતમાં હજી વિરોધ પક્ષ ઊભો થયો ન હતો. તેથી આંદોલનનું સુકાન લેનાર નેતાઓ બહુ ઓછા હતા તેથી પ્રસાર ઓછો રહ્યો હશે.

*વિરોધીઓને પણ સન્માન આપતા શીખો.*

પણ અમદાવાદમાં પરિસ્થિતિ જુદી હતી. અહીં તો ઈન્દુલાલ યાજ્ઞિક, પ્રબોધ રાવળ, દિનકર મહેતા, જયંતિ દલાલ જેવા કોંગ્રેસના પ્રખર ટીકાકારો હતા જે નેતૃત્વ સંભાળી શકે તેમ હતા. અને સંભાળ્યું પણ. તો સાથે ત્યાં ગુજરાત યુનિવર્સિટી હોવાથી વિદ્યાર્થીઓનો પૂરો ટેકો મળ્યો. એટલું જ નહીં, પણ હરિહર ખંભોળજા જેવા વિદ્યાર્થી નેતાઓ મળ્યા, જેમણે સ્વસ્થ સંચાલન કરી બતાવ્યું. અન્ય જિલ્લાઓમાં આ બાબતની ગેરહાજરી કામ કરી ગઈ. એટલે જ્યાં પણ આંદોલન થયું, ત્યાં અમદાવાદની નેતાગીરીએ, ખાસ કરીને ઈન્દુચાચાના પ્રભાવે, કામ કરેલ.

કચ્છમાં પણ એમ જ બનેલ. મહદ અંશે કચ્છ શાંત અને નિષ્ક્રિય પ્રદેશ રહ્યો છે. રણ અને દરિયાથી અન્ય પ્રદેશોથી અલગ પડેલ હોવાથી તથા ત્યારે ઝડપી વાહનવ્યવહારના અભાવે બહારના પ્રભાવોની અસર કચ્છમાં ઓછી અનુભવાતી. એટલે સામાન્ય સંયોગોમાં, કચ્છ પણ આ આંદોલનથી અળગું રહ્યું હોત.

પરંતુ ત્યારે કચ્છમાં એક યુવા નેતા આ પ્રભાવ ઝીલવા સક્ષમ બન્યા હતા. તે હતા પ્રાણલાલ શાહ. તરુણાવસ્થાથી તેમણે વિવિધ ચળવળોમાં નેતૃત્વ લીધેલ. તેથી તે જાણીતા બન્યા હતા. ત્યારે કોંગ્રેસ સામે ટક્કર ઝીલી શકે તેવી ક્ષમતા તેમનામાં હતી. અને તે પણ આવા પ્રસંગો શોધતા રહેતા.

તે સમયે તેમનો ઈન્દુચાચા સાથે સંબંધ હતો. તે કચ્છમાં તેમના પ્રતિનિધિ હતા તેમ જ કહી શકાય. એટલે જ્યારે ઈન્દુચાચાએ મહાગુજરાત આંદોલનનું સુકાન સંભાળ્યું, ત્યારે સ્વાભાવિક રીતે પ્રાણલાલ શાહ તેમાં ખેંચાયા અને ઝુકાવી જ દીધું. સ્થાનિકે તો પ્રવૃત્તિઓ કરી જ, પણ રાજ્ય સ્તરે - અમદાવાદમાં - પણ સતત સક્રિય રહ્યા.

મહાગુજરાત આંદોલન દરમ્યાન શહીદ થયેલા યુવાનોના સ્મારક માટે જનતા પરિષદે ભદ્રમાં આવેલ કોંગ્રેસ હાઉસના ટ્રાફિક સર્કલ પર શહીદોની ખાંભી મૂકી. તે મૂકવા ઈન્દુચાચાની આગેવાની હેઠળ દોઢથી બે લાખ લોકોનું વિરાટ સરઘસ ત્યાં ગયું અને ખાંભી ઊભી કરી. તેના પર ફૂલહાર ચડાવ્યાં. પછી વિખેરાઈ ગયા.

આ ખાંભીને રાતોરાત ખસેડી નખાઈ. એટલે તેની સામે સત્યાગ્રહ શરૂ થયો. તે કુલ ૨૬૬ દિવસ ચાલ્યો. પ્રથમ ટુકડીએ ૧૭ ઓગસ્ટ, ૧૯૫૮ના ઈન્દુચાચાની આગેવાની હેઠળ સત્યાગ્રહ શરૂ કર્યો અને ત્યાં જ ધરપકડ વહોરી લીધી. તેનાથી ૨૬૬ મી ટુકડી સુધી કોઈએ જ જામીન કે પૅરોલની અરજી ન કરીને સજા ભોગવી હતી.

આ ૨૬૬ ટુકડીઓમાં પાંચ કચ્છની ટુકડીઓ હતી જેમણે પણ સત્યાગ્રહ કરી સજા ભોગવી હતી. આ ટુકડીઓની યાદી આ પ્રમાણે છે :

★ **તા. ૧૭-૯-૫૮ : ટુકડી નંબર-૩૨ : કચ્છના સભ્યો :**
(૧) શ્રીમતી તારામતી પ્રાણલાલ શાહ, (૨) શ્રીમતી રંભાબહેન મોહનલાલ વરુ, (૩) શ્રીમતી સંતોકબહેન દેવજી રાજપૂત, (૪) શ્રીમતી મુક્તાબહેન હરિશંકર વ્યાસ, (૫) શ્રીમતી ગંગાબહેન નાનાલાલ જોશી, (૬) શ્રીમતી નિર્મળાબહેન નાનાલાલ શાહ, (૭) શ્રીમતી મણિબહેન નવીનચંદ્ર શેઠિયા.

★ **તા. ૧૧-૧૦-૫૮ : ટુકડી-૫૬ : કચ્છના સભ્યો :**
(૧) શ્રી નવીનચંદ્ર શેઠિયા, (૨) શ્રી દાયારામ મૂળશંકર પંડ્યા, (૩) શ્રી મણિલાલ જેઠાભાઈ, (૪) શ્રી પોપટલાલ ભટ્ટ.
આ બધાને ત્રણ અઠવાડિયાંની જેલની સજા થઈ હતી.

★ **તા. ૧-૧૧-૫૮ : ટુકડી-૭૭ : કચ્છના સભ્યો :**
(૧) શ્રી દેવરાજ તેજસિંહ શાહ, (૨) શ્રી ભીમજી કેશવજી, (૩) શ્રી મોહનલાલ પુરુષોત્તમદાસ, (૪) શ્રી જટાશંકર હીરજી ગોર, (૫) શ્રી નાનાલાલ હીરજી જોશી.
આ બધાને દોઢ માસની જેલની સજા થઈ હતી.

★ **તા. ૨૭-૧૨-૫૮ : ટુકડી-૧૩૧ : કચ્છના સભ્ય :**
(૧) શ્રી ભગવાનજી વરુ. બાકીના બધા સૌરાષ્ટ્રના દેખાય છે. તેમને એક માસની જેલની સજા થઈ હતી.

★ **તા. ૨૮-૩-૫૯ : ટુકડી-૨૨૨ : કચ્છના સભ્યો :**
(૧) શ્રી પ્રાણલાલ શાહ, (૨) શ્રી પ્રાણશંકર એસ. મહેતા, (૩) શ્રી રાજેન્દ્ર કૃષ્ણાલાલ વૈદ્ય, (૪) શ્રી મણિલાલ ઠક્કર, (૫) શ્રી ભાઈશંકર ઉપાધ્યાય. આ બધાને એક માસની જેલની સજા થઈ હતી.

આ ઉપરાંત, સુરત જિલ્લાની ટુકડીમાં કચ્છનાં શ્રીમતી મુક્તાબહેન મોતીલાલ મહેતા હતાં. ટુકડી નંબર-૭૨ માં અંજાર-કચ્છના શ્રી શિવજી નારાણજી હતા.

● **સ્થાનિકે :**

આ સાથે સ્થાનિકે પણ શ્રી પ્રાણલાલ શાહે વાતાવરણને જીવંત રાખ્યું હતું. ભુજમાં તો તેમણે વાણિયાવાડ, ભીડ, મહેરઅલી ચોક વગેરે અનેક સ્થળોએ જંગી સભાઓ ભરી હતી. સમગ્ર કચ્છમાંથી તેને સાંભળવા લોકો એકઠા થતા અને સંપૂર્ણ શાંતિથી સાંભળતા. આ ઉપરાંત, માંડવી, નલિયા, ભુજપુર, અંજાર, ગાંધીધામ વગેરે સ્થળોએ પણ તે ઘૂમી વળ્યા હતા અને ત્યાંના સ્થાનિક અગ્રણીઓની સાથે રહી સભાઓ ભરતા.

અમદાવાદમાં જ્યારે શહીદોની ખાંભી મૂકવામાં આવી, ત્યારે શ્રી પ્રાણલાલ શાહે પણ ભુજમાં મહાદેવના નાકા બહાર આવેલ બેન્ડસ્ટેન્ડ પર (આજે ત્યાં રામધૂન છે) ખાંભી રચવાનો જબરો પ્રયાસ કર્યો હતો. પુષ્કળ લોકોની હાજરીમાં તે કરેલ. વહીવટે તેને અટકાવવા પૂરો પ્રયાસ કરેલ, પણ તે આ કામ કરીને જંપ્યા હતા. અલબત્ત, પાછળથી તે ખાંભી હટી ગઈ હતી.

ટૂંકમાં, કચ્છમાં એક માત્ર પ્રાણલાલ

*મનુષ્યની ઈજ્જત ધન વધવાથી નહિ, પણ ધર્મ વધવાથી વધે છે.*

શાહે જ મહાગુજરાત આંદોલનને જીવંત રાખેલ. કોંગ્રેસ અને વહીવટે તેને દબાવવાનો પૂરો પ્રયાસ કરેલ. પણ ફાવેલ નહીં.

- **ત્યારના જાહેર પ્રતિભાવો :**

ત્યારે કચ્છમાં મુખ્યત્વે ત્રણ વર્તમાનપત્રો હતાં : 'કચ્છમિત્ર', 'જયકચ્છ' અને 'જાગૃત કચ્છ'. આમાં 'કચ્છમિત્ર' તો સંપૂર્ણ રીતે કોંગ્રેસના હાથમાં હતું. તેના તંત્રી શ્રી ઝુમખલાલ મહેતા હતા. તે તો આ આંદોલનને ટેકો ન જ આપે. એટલે ત્યારનાં છાપાંઓમાં મોટા ભાગે મૌન દેખાય છે. હા, હકીકતોનું ટૂંકમાં વર્ણન દેખાય છે, પણ તેના ટેકામાં કોઈ જ અભિપ્રાય દેખાતો નથી.

પણ જેવું જાહેર કરવામાં આવ્યું કે ગુજરાત રાજ્ય રચાશે, તો 'કચ્છમિત્ર' માં કચ્છના સંદર્ભમાં તંત્રીલેખો આવવા શરૂ થયા દેખાય છે. જાહેરાત સાથે જ પાંચ લાંબા તંત્રીલેખો આવ્યા છે, જેમાં કચ્છની અપેક્ષાઓ વ્યક્ત કરવામાં આવી છે. તેમાં આવા અભિપ્રાયો જોવા મળે છે :

તા. ૧-૯-૧૯૫૯ના તંત્રીલેખમાં પ્રથમ તો કોંગ્રેસની ટંગડી ઊંચી રાખતાં લખે છે કે "દેશના લોકનાયકોએ હંમેશ આ પ્રશ્ન અંગે ચિંતા સેવી છે. પછી તેમને એવું લાગ્યું છે કે દેશ અને અંધાધૂંધી વચ્ચે આજે જો કોઈ બળ હોય, તો તે કોંગ્રેસ જ છે. અને તેથી ભાષાના વાદ પર એ સંસ્થાને અને એ તાકાતને મહારાષ્ટ્ર કે ગુજરાતમાં નબળી પડવા દેવી જોઈએ નહીં!" કેવો જબરો દંભ! દેશનું ગમે તે થાય, પણ સંસ્થા નબળી પડવી જોઈએ નહીં!

પછી કચ્છની ચિંતા કરતાં આગળ લખે છે આ તંત્રીલેખ : "કચ્છ સામે અત્યારે ત્રણ વિકલ્પો છે. દ્વિભાષી રાજ્યમાં અત્યારે કચ્છ છે એ પરિસ્થિતિ જળવાઈ રહેશે ખરી? જો તેનો જવાબ નકારમાં હોય તો પછી કચ્છ મહાગુજરાતનો એક ભાગ બનશે કે 'ક' વર્ગનું રાજ્ય રહેવાનું પસંદ કરશે? 'ક' વર્ગ નીચે કચ્છે સારી આબાદી મેળવી. લોકોને એ બધું યાદ છે એટલે સ્વાભાવિક રીતે નવી પરિસ્થિતિ સર્જાય તો કચ્છ 'ક' વર્ગનું રાજ્ય બને તો સારું એમ થાય.

"પણ સીમા પંચનો અહેવાલ બહાર પડ્યો એમાં કચ્છને 'ક' વર્ગના રાજ્ય તરીકે રાખવામાં આવ્યું નહીં અને મહાગુજરાતમાં એ મુકાયું. સત્તાવાર અહેવાલ પછી કચ્છને ફરી 'ક' વર્ગની નીચે મૂકવાની પરિસ્થિતિ ઊભી કરવાના સંયોગો છે ખરા?

"અને જો મહાગુજરાત રચાય, તો પછી સ્વાભાવિક રીતે જ કચ્છ મહાગુજરાતનો ભાગ બને તો તે કચ્છની પ્રજાને માન્ય છે ખરું?...આ નિર્ણય દેશહિતને નજર સમક્ષ રાખીને લેવો જોઈએ."

આ પછી તેણે કચ્છની માંગણી દર્શાવતા પાંચ તંત્રીલેખો પણ લખ્યા હતા. પણ મોટા ભાગે તે ચૂપ રહ્યું હતું.

બીજાં બે વર્તમાનપત્રો "જયકચ્છ" અને "જાગૃત કચ્છ' હતાં. ત્યારે 'જયકચ્છ' આંદોલનની તરફેણમાં રહ્યું હતું એમ કહેવાય છે. અને 'જાગૃત કચ્છ' તો પ્રાણલાલ શાહનું જ હોવાથી તેમાં તો તેની તરફેણમાં જ લેખો અને અભિપ્રાયો તથા સમાચારો આવ્યા જ હશે. કમનસીબે ભૂકંપમાં તેના અંકો નષ્ટ થઈ ગયા હોવાથી તેની માહિતી મળી શકી નથી.

જ્યારે ગુજરાતને રચવાની જાહેરાત થઈ, ત્યારે પહેલી સપ્ટેમ્બર, ૧૯૫૯ ના 'કચ્છમિત્ર' માં એક રમૂજી સમાચાર આવ્યા હતા. તેમાં 'ગાંધીધામ ગ્રેઈન એન્ડ સીડ્સ એન્ડ ઓઈલ એસોસિએશને' ગાંધીધામને ગુજરાતનું પાટનગર બનાવવાની માંગણી કરી હતી અને તેનો ઠરાવ પણ પસાર કર્યો હતો. તેવી રીતે શ્રી ભવાનજી અરજણ ખીમજીએ પણ સરકાર પાસે કચ્છના વિકાસ માટે દર વર્ષે બે કરોડ રૂપિયા આપવાની માંગણી કરી હતી.

- **પચાસ વર્ષે....!**

તે વખતે જેમણે આંદોલનમાં ભાગ લીધો હતો તેમાં આજે શ્રીમતી તારામતીબહેન શાહ અને શ્રી રાજેન્દ્રભાઈ વૈદ્ય (ભુજ), શ્રીમતી રંભાબહેન મોહનલાલ વરુ (અંજાર) અને શ્રીમતી મુક્તાબહેન મોતીલાલ વોરા (ભોપાલ) જીવંત છે. બધા જ આઠમા દાયકાની નજીક પહોંચ્યા છે.

આમાંથી શ્રીમતી તારામતીબહેન શાહનો સંપર્ક કરી શકાયો હતો. આભા હોટેલની લોબીમાં બેસી પુત્રો સાથે શાંતિથી શેષ જીવનને માણી રહ્યાં છે. તેમને ત્યારનાં સંસ્મરણો પૂછતાં જવાબ આપ્યો કે હવે તો તેમને તે બાબતે ખાસ સ્મૃતિઓ નથી. પણ હા, એટલું યાદ છે કે અમદાવાદમાં મજા ખૂબ આવી હતી. ત્યાંના લોકોએ તેમનું ખૂબ જ સરસ રીતે સન્માન કર્યું હતું. જોકે ભુજના લોકોએ સન્માન કર્યું હતું કે નહીં તે તેમને યાદ નથી. શરૂઆતની ટુકડીમાં બધી જ બહેનો કેમ હતી તેમ પૂછતાં કહે કે બધાના પતિઓ પ્રાણલાલ શાહના સાથીઓ હતા. એટલે બધાએ તે બધાને જવા કહેલ. બહેનોને પણ આ બહાને બહાર ફરવા જવાની તક મળતી હતી તેથી તૈયાર થઈ ગયેલ. પણ બધી બહેનોએ બહાદુરીપૂર્વક સત્યાગ્રહમાં ભાગ લીધેલ. આજે તે બાબતે શું વિચારે છે એના જવાબમાં તેમણે ઉદાસીનતા બતાવી. "અમને સોંપાયેલ કામ કર્યું" એ જવાબ મળ્યો.

*સંદર્ભ :*

*'જનઆંદોલન : મહાગુજરાત' - હરિહર ખંભોળજા.*
*'કચ્છમિત્ર' ના ત્યારના કેટલાક અંકો.*

*આભાર : શ્રીમતી તારામતી શાહ, શ્રી જુસબ સમા, શ્રી બાબુલાલ ગોર.*

*ન્યુ મિન્ટ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*



મોન્ટુ : બોલ આદિત્ય, જીવતે જીવ કયા ક્રિકેટરને અંજલિ મળી છે?

આદિત્ય : આવો સહેલો સવાલ? જીવતે જીવ અંજલિ મેળવનાર ક્રિકેટર છે સચીન!

*નિ:સ્વાર્થભાવથી કરાયેલું દાન સર્વશ્રેષ્ઠ દાન છે.*

પ્રકીર્ણ

# દિલનું દર્પણ - રોજનીશીની સાખે : (૪)

• માવજી કે. સાવલા •

● **મંગળવાર, તા. ૧-૬-૧૯૯૩**

આજે ગુલાબદાસ બ્રોકરે એમની પુસ્તિકા 'રવીન્દ્રનાથ ટાગોરની નવલકથા ગોરા' (પરિચય ટ્રસ્ટ) ભેટ મોકલી છે. ટાગોરની 'ગોરા' નવલકથા મેં આજથી ચાલીસેક વર્ષ પૂર્વે વાંચેલ. બપોરે આરામ કરવાને બદલે ખૂબ રસપૂર્વક એ પુસ્તિકા વાંચી ગયો. સવારમાં રમણિકભાઈ 'કંકાવટી'નો તાજો અંક આપી ગયા હતા. એ પણ બપોરે આરામના સમય દરમ્યાન વાંચી ગયો. એમાંનો રતિલાલ અનિલ (તંત્રીશ્રી) નો લેખ ભારે હૃદયસ્પર્શી-વેધક. સાચી વેદનામાંથી આવતા શબ્દો મારા હૃદયને કંઈક હચમચાવે-પણ આખરે જાણે કે જીવવા માટે રીઢા થવું પડે છે. ના, રતિલાલભાઈ અને એમના જેવા રીઢા ન થવા છતાં પણ જીવે જ છે અને આખી સ્ત્રીજાતિ પણ. રીઢા થવાનું સ્ત્રીપ્રકૃતિમાં ઓછું જ.

બપોરે આરામના સમયને નકારીને 'યક્ષપ્રશ્ન' કોલમનો હપ્તો પણ લખીને મોકલ્યો. છતાં પણ પોણા કલાક જેટલી ઊંઘ કરીને ૩.૩૦ વાગે દુકાને પહોંચ્યો. ટેબલવર્ક તો મારી રાહ જોતું પડ્યુંજ હોય. ન કરું તોયે કંઈ આકાશ તૂટી પડવાનું નથી અને કરતો રહું છું તો જાણે કે અંત જ નથી.

સાંજે છ-એક વાગે નાનાલાલભાઈ આવ્યા. ગુલાબદાસ બ્રોકરની ટાગોરની 'ગોરા' વિશેની પુસ્તિકા મેં એમને આપી. ગુલાબદાસ બ્રોકર સાથે એમને પણ સારો એવો સંબંધ. નાનાલાલભાઈના ૧૯૬૨માં પ્રગટ થયેલ વાર્તાસંગ્રહના પ્રસ્તાવના લેખક ગુલાબદાસ બ્રોકર. "હવે પુસ્તક લેખનાં અનુવાદકાર્ય બંધ" એવી શેખી કરું છું - એ પણ જાણે કે મારા સૂક્ષ્મ અહંકારનો ભારે મોટો ફુંફાડો છે. રોજ ૪૦ મિનિટની નિત્યક્રમ જેવી લેખન-અનુવાદની પ્રવૃત્તિ બંધ કરી તો પછી આ રોજ દોઢ-બે કલાકનું રોજનીશી લખવાનું વળગણ શા માટે ઊભું કર્યું છે? મિત્રો સાથેનો વાણીવિલાસ પણ જરાયે ઓછો નથી થતો - પત્રવ્યવહારનો પ્રવાહ પણ ચાલતો રહે છે. આ બધું શું છે? હું જાતે જ મારી આસપાસ આવાં બંધનો શા માટે ઊભાં કરતો જાઉં છું? ક્યાંયે કશો અંત નથી દેખાતો - મારે શું કરવું જોઈએ? મૌન મારાથી સહન થશે ખરું? હવે મારે આ મોહનિદ્રામાંથી બહાર આવવું જ જોઈએ.

રાતના અગિયાર થવા આવ્યા છે. હવે થોડાંક જૂનાં ફિલ્મી ગીતો રેડિયો પર સાંભળું. મારી જાતનું રોજનું સરવૈયું માંડવા જેવું, એક ચાર્ટ જેવું ડેઈલી કાર્ડ - લોગબુક જેવું રાખું તો કેમ?

*"તું કહે અગર,*

*જીવનભર મૈં ગીત સુનાતા જાઉં,*

*બિન બજાતા જાઉં..."*

ટોલ્સટોયની વાર્તા 'કેટલી જમીન' યાદ આવી. એક સુખી ગામના સુખી લોકોને જ્યારે પૂછવામાં આવે છે કે તમે આટલા બધા ફાજલ સમયમાં કરો શું છો?

*"વાંસળી વગાડીએ છીએ,*

*ગીતો ગાતા રહીએ છીએ."*

રજનીશે 'નવમાનવનું પ્રાકટ્ય' પુસ્તકમાં પણ કંઈક આવી જ વાત કરી છે.

એક પ્રસંગ નોંધવાનું હજી રહી જાય છે. બપોરે બે-અઢી વાગ્યે લેખન-વાંચન પૂરું કરી સૂવાની તૈયારી કરતો હતો ત્યાં એક પરિચિત સ્વર સંભળાયો. આબેહુબ મારા સદ. પિતાશ્રીનો જ જાણે અવાજ. હું દોડતો બહાર આવ્યો તો જોયું કે મારા સૌથી નાના પુત્ર જયેશનો એ અવાજ હતો. ચાર દિવસ પછી તારીખ ૬-૬-૧૯૯૩ ના મારા પિતાશ્રીના સ્વર્ગવાસને બરાબર એક વર્ષ પૂરું થશે.

● **બુધવાર, તા. ૨-૬-૧૯૯૩**

આજે વહેલી સવારે ૫.૩૦ વાગે જ આંખ ખૂલી ગઈ - ઊંઘ ઊડી ગઈ. હવે તો શ્રુતલેખિકાની સેવાઓ હાથ ઉપર નથી એટલે પત્રો લખવા બેઠો. યવતમાલના આનંદકુમાર આડેને પ્રત્યુત્તર -ઈન્લેન્ડ પત્ર લખ્યો. થાણે કરીમ મુરિયાને પત્ર લખ્યો અને પછી ડો. વીંછીવોરાને પત્ર લખ્યો - પૂરાં ચાર પાનાનો. એમાં એક વાત એ પણ લખી - શરદબાબુના સંદર્ભમાં - કે 'મસીહા હો તો આવારા' શ્રીકૃષ્ણ એવા મસીહા થઈ ગયા. ત્રીજા કોઈ મારી જાણમાં નથી.

નાનાલાલ સાથે નિરીક્ષકમાં લાભશંકર ઠાકરે લખેલ લેખ અંગેની વાત થઈ. સ્મિતા પાટીલ સારાં ફોટોગ્રાફર પણ હતાં. અને એમની તસવીરોના પ્રદર્શનનો અહેવાલ એમાં હતો. નિર્મળ કહે, "અહીં પણ આવાં પ્રદર્શનો - કાર્યક્રમો થવા જોઈએ પણ એવું કોઈ ગ્રુપ નથી." મેં કહ્યું, "ગ્રુપ તો છે પણ એ લોકો કશું કરતા નથી." સહેજે નિર્મળ - નાનાલાલનો પ્રતિપ્રશ્ન આવ્યો- "કોણ - કયું ગ્રુપ?" હસતાં હસતાં મેં કહ્યું, "આપણે ત્રણ તો છીએ ને!"

"do not overexert yourself" નિર્મળના આ શબ્દો કેટલા બધા સાચા હતા. હજી ગયે અઠવાડિયે જ તદ્દન અનૌપચારિક

AMBA SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

અને મારા માત્ર ૮-૧૦ મિત્રો માટે શ્રી બ્રહ્મવેદાંતજી સાથેનું મિલન યોજાયું એ માટેની માત્ર ૨-૪ કલાકની મામૂલી તૈયારીમાં પણ હું કેટલો બધો થાકી ગયો હતો.

નાનાલાલે મને ખાસ hint આપી કે ગુલાબદાસ બ્રોકરને હું પુસ્તિકાની પહોંચનો પત્ર લખું એમાં એમનો (નાનાલાલનો) નામોલ્લેખ ન જ કરું. "નવી link શરૂ થાય!" એમના આવા વલણથી પ્રથમ મને આશ્ચર્ય થયું પણ એમની ગંભીરતા અને પરિપક્વતા જોઈ મને માન થયું. મને આવું કદી આવડ્યું જ નહીં. વાસ્તવમાં તો મારો અહંકાર એમાં કારણભૂત લાગે છે.

દુકાને પહોંચ્યો ત્યાં રજનીકાંત મારુ આવ્યા. રમણિક સોમેશ્વર માટે નિત્યે વિષેનું હિન્દી પુસ્તક આપી ગયા. સાથે એમણે સાંભળેલ 'રાશીદ' ની એક ગઝલ પણ કાગળ પર લખીને એમના આસ્વાદ માટે આપી ગયા.

પાંચેક વાગ્યે વિકટર સાવલા આવ્યા અને મારી પુસ્તિકા 'ગુર્જયેફનો સાધના માર્ગ'ની ખૂબ ખૂબ પ્રશંસા કરવા લાગ્યા. એમણે 'પ્રકરણોની ગોઠવણી એવી છે કે સાધક ક્રમશઃ એક એક પગથિયું આગળ વધી શકે' આવું કંઈક કહ્યું. સાત વર્ષ પહેલાં પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ પ્રગટ થઈ ત્યારે આકરી ટીકાનો પત્ર એમણે મને મુંબઈથી લખ્યો હતો. જો કે પછી બીજા પત્રમાં એમણે એ ટીકા પાછી પણ ખેંચી લીધી હતી. મને પોતાને પણ નવાઈ લાગે છે કે એ પુસ્તિકા લખતી વખતે આવી મુદ્દાસરની સુંદર ગોઠવણી પ્રકરણોની હું કેમ કરી શક્યો હોઈશ. કેટલીક બાબતોનાં કારણો શોધી શકાતાં જ નથી. ઈશ્વરની કૃપા કહું કે નિયતિની એ ઈચ્છા ગણું.

સાંજે રામજીભાઈ ઠક્કર આવ્યા. એમને 'મુસ્લિમ સંતો' પુસ્તક આપ્યું. સોએક મુસ્લિમ સંતોના જીવન વિષયક લેખો અને દરેક લેખને છેડે એ સંતના ઉપદેશનો સારાંશ, એવી એની રચના છે. મૂળ એની પ્રથમ આવૃત્તિ સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય તરફથી પ્રગટ થયેલ અને ત્યારબાદ 'સસ્તું સાહિત્ય' ની પરવાનગીથી સેમ્યુઅલ સ્ટ્રીટ - મુંબઈ ખાતેની એક મુસ્લિમ સંસ્થાએ એ પ્રગટ કર્યું. ધનજીબાપુએ એ પુસ્તકની મને ભલામણ કરેલ અને સાતેક વર્ષ પહેલાં મેં મંગાવેલ. બે દિવસ પહેલાં "બા માટે કંઈક વાંચવા જેવું શોધી રાખજો" એવી રામજીભાઈની ટકોરથી પ્રથમવાર જ આ પુસ્તક મિત્રો સમક્ષ આજે મૂકાયું. એટલામાં તો બકરી ઈદ મુબારક નિમિત્તે નીકળેલા અંજારના મિત્રો અનવરભાઈ, જુસબભાઈ, રમજુભાઈ, અનવરભાઈના ભાઈ ઈસ્માઈલભાઈ વગેરે આવી પહોંચ્યા. આ પુસ્તક જોઈને સૌને સાનંદાશ્ચર્ય જ થયું. આ પુસ્તક વિશે સૌ અનભિજ્ઞ જ હતા અને હવે સૌ એ વાંચવા ઉત્સુક હતા. "આટલાં વર્ષ કેમ તમે વાત ન કરી - હવે ક્યારે આપશો?" એવા એમના ઠપકામાં મેં કહ્યું કે "પુસ્તકની પોતાની પણ એક ઈચ્છા હોય છે કે ક્યારે કોની પાસે જવું."

આઠ વાગવા આવ્યા હતા, ત્યાં જાહ્નવીબહેન અને ભુજનાં એમનાં મોટી બહેનનાં દીકરી - બંને ખાસ મને મળવા આવ્યાં. ગઈ ૨૦ તારીખે છેલ્લી હાજરી ભર્યા બાદ ૧૪ દિવસ પછી જાહ્નવીબહેન મળ્યાં. આવતીકાલે તો તેઓ ભુજ જઈ રહ્યાં છે. જયેશ એમને ઘેર તેડી ગયો. ૮.૩૦ વાગે ઘરે પહોંચ્યો ત્યારે જાહ્નવીબહેન હજી મારી રાહ જોતાં રોકાયાં હતાં. એમના માટેની શુભ કામનાઓનો ઊભરો મારા હૃદયમાં સમાતો જ નહોતો પણ શબ્દો બધા મૌન થઈ ગયા. હે પ્રભુ, એમના પર તું નિરંતર તારી કૃપા વરસાવતો રહે. આ ક્ષણે ખરેખર જો ઈશ્વર સાક્ષાત થઈને મને વરદાન માગવાનું કહે તો બસ આટલા જ શબ્દો મારા હૃદયમાંથી નીકળી રહ્યા છે. આ બધું શું લખવાનું હોય? શા માટે લખવાનું હોય?

રાત્રે ૧૦.૩૦ વાગે T.V. પર એ.આર. કારદારની ફિલ્મ 'દિલે નાદાન' જોઈ. ચીલાચાલુ ફિલ્મ છે. શ્યામા અને તલત મહેમુદ હીરો-હીરોઈન છે. કારદારે સોએક ફિલ્મો બનાવી પણ ૧૯૪૭ ના ભાગલા વખતનાં કોમી તોફાનોમાં એમનો સ્ટુડિયો આગમાં બળી ભસ્મ થયો અને મોટાભાગની ફિલ્મોની પ્રિન્ટ પણ નષ્ટ થઈ. આજે આર્થિક બેહાલીમાં કારદાર જીવી રહ્યા છે અને માથે પહાડ જેટલું ઈન્કમટેક્ષનું લેણું. એ કારદારની ફિલ્મ આજે ઘરમાં આરામથી સૂતાં સૂતાં હું જોઈ-માણી રહ્યો છું. કુદરત કહો, નિયતિ કહો, ઈશ્વર કહો કે કિસ્મત કહો - એ ધારે તો ક્ષણમાં રંકને રાય અને રાયને રંક બનાવી શકે છે અને છતાં પણ મદ મોહમાં અને અભિમાનમાં અંધ બની માણસ બેહોશપણે દોડતો રહે છે - હાંફતો રહે છે. વિકટર સાવલાની 'ગુર્જયેફનો સાધનામાર્ગ' પુસ્તિકા વિશેની વાત પરથી ફરીવાર આજે એવો વિચાર આવ્યો કે ગુર્જયેફ વિશે એક પુસ્તિકા અંગ્રેજીમાં લખું. શા માટે મારે આ અંગ્રેજી પુસ્તક લખવું? ચાલાક મન એનો જવાબ આપે જ શું કરવા?

*(ક્રમશઃ)*

*એન-૪૫, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧.*
*ફોન : (૦૨૮૩૬) ૨૨૧૫૨૬, ૨૨૦૮૭૭*

### ☺ હરિયાણવી સ્પેશિયલ

અમુક જોક્સની હરિયાણવી બોલીમાં મઝા કંઈ ઓર હોય છે.

એક પંજાબી ગામડિયો રાતના અંધારામાં ચાલતો એક કૂવામાં પડી ગયો. અંદરથી "બચાઓ... બચાઓ..." બૂમો પાડવા લાગ્યો.

ત્યાંથી એક હરિયાણવી ગામડિયો પસાર થતો હતો. એણે પૂછ્યું, 'કોણ સે ભાઈ?'

પંજાબી ગામડિયો પંજાબીમાં હોલ્યો, 'અસ્સી હાં....'

હરિયાણવી ગામડિયો : 'ભાઈ, એક દો હોતા તો કા'ડ દેતા. અસ્સીયોં કો કોણ કા'ડેગા? પડ્યા રે' ભીતર....'

તીર્થ પટ
**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**
**જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર**
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કૂલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
**Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761**

પ્રસંગ વિશેષ

# સુખી નિરામય જીવન માટે આહારવિહાર મનોવ્યાપારમાં સંતુલન સાધીએ

• કિરણ ચાંપાનેરી 'સેતુ' - ફ્રીલાન્સ પત્રકાર •

સાતમી એપ્રિલે વિશ્વ આરોગ્ય દિન ઉજવણી પ્રસંગે અમદાવાદમાં સિવિલ હોસ્પિટલમાં વિવિધ આરોગ્યલક્ષી જનહિત કાર્યક્રમોનું લોન્ચિંગ કરતાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે સરસ માર્મિક વાત કરી... 'આપણું લક્ષ્ય રોગ ઉદ્‌ભવે જ નહીં તેવી શ્રેષ્ઠ સ્થિતિ ઊભી કરવાનું હોવું જોઈએ!' ખરેખર આવું શક્ય છે? એક સૈકા પૂર્વે ગાંધીજીએ 'હિંદ સ્વરાજ'માં સમાજમાં ડૉક્ટર અને દવાખાનાની ભૂમિકા અંગે સ્પષ્ટ અણગમો વ્યક્ત કરેલો...

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO) દ્વારા વિશ્વ આરોગ્ય દિનની સ્થાપના કરવામાં આવી અને વૈશ્વિક સ્તરે આ દિવસની ઉજવણી થાય છે. WHO દ્વારા પ્રસ્થાપિત આ દિવસ વૈશ્વિક સ્તરે પ્રસરેલી બીમારીઓને નાબૂદ કરવાની કાર્યવાહીને અમલમાં મૂકવા માટે અને દેશને નિરોગી બનાવવાના કેટલાક દ્રઢ સંકલ્પો લેવા માટેનો છે. "ખેતરમાં અનાજના ઉત્પાદનથી ભોજનની થાળી સુધી ખોરાકને સુરક્ષિત બનાવો" — આ વિષયને ધ્યાનમાં રાખી આ વર્ષે વિશ્વ આરોગ્ય દિન ઉજવાયો. ઉજવણીનો વિષય વિચાર ઘણી બધી ગર્ભિત વાત કરી જાય છે. **સ્વાસ્થ્ય - આરોગ્યનો આધાર આહાર વિહાર અને મનોવ્યાપાર પર રહેલો છે.** ગુજરાતીમાં કહેવત છે — 'અન્ન તેવો ઓડકાર.' આજે આપણે જે અન્ન, કઠોળ, ફળફળાદિ, શાકભાજી ખાઈએ છીએ તેની સાત્વિકતા, શુધ્ધતા કેટલી? જે આહાર આરોગીએ છીએ તે ખરેખર શરીરને પુષ્ટ બનાવે છે? શરીરને આરોગ્યપ્રદ બનાવે છે? વિશ્વમાં અને આપણા દેશમાં ખેત ઉત્પાદન વધારવાની લાહ્યમાં સમજ્યા વગર આડેધડ રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાનો બેસુમાર ઉપયોગ થવા માંડ્યો. ખેત ઉપજ વધી પણ ગુણવત્તા ઘટી. **ખેત ઉપજનો જથ્થો વધ્યો પણ ગુણવત્તા ઘટી!** ગૌમુત્ર - ગોબર આધારિત છાણિયા ખાતરી સજીવ ખેતી વીસરાઈ અને વિષયુક્ત રાસાયણિક ખાતર - દવાવાળી ખેતી અપનાવી. પરિણામે સજીવ ખેત ઉત્પાદનો આપણી ભોજન થાળીમાંથી અદશ્ય થયા અને રાસાયણિક ખાતર - દવાથી પાકેલા અન્ન થાળીમાં પીરસાવા માંડ્યા! ઓછું હતું તે ઉદ્યોગો દ્વારા કેમિકલયુક્ત પાણી નદીઓમાં છોડાવા લાગ્યું. આવા ઝેરી પાણીથી ખેત પાકો લેવાય છે. આ રીતે પાણી પાઈને તૈયાર થયેલા પાકોની સાત્વિકતા કેટલી? અધૂરૂં હતું તે કેરી - કેળા જેવા ફળોને ઝડપથી પકાવવા કેલ્શિયમ કાર્બાઈડ પાવડર અને પ્રવાહી વપરાવા લાગ્યા. કાર્બાઈડથી પકાવેલ ફળો આપણી થાળીમાં આવવા લાગ્યા અને આપણે જાણતા - અજાણતા આરોગીએ છીએ. જેના કારણે કેન્સર જેવા રોગોનું પ્રમાણ વધ્યું. એમાં ભળ્યા જંકફુડ... ચાઈનીઝ ફુડ - જે સ્વાસ્થ્યને કથળાવે છે.

આહારની વાત પછી આવે છે વિહાર. વિહાર એટલે આપણી જીવનશૈલી. સૂવું, ઉઠવું, બેસવું, ચાલવું.... જીવન પધ્ધતિમાં અનિયમિતતા રોગોને આમંત્રણ આપે છે. 'રાત્રે વહેલા જે સૂવે, વહેલા ઊઠે વીર; બળ બુધ્ધિ ને ધન વધે, સુખમાં રહે શરીર' — આ સુભાષિતની પંક્તિઓ વીસરાઈ છે. છેલ્લા બે - અઢી દાયકાથી લોકોના જીવન ધોરણમાં ફેરફારો આવ્યા છે. ચાલવાની ક્રિયા જીવનમાંથી અદશ્ય થઈ રહી છે. વાહનોના ગુલામ થતા જઈએ છીએ. ગામડાંઓમાં પણ ખેતરે આંટો મારવા કે ગાય-ભેંસ પશુ માટે ચારો લેવા મોટર સાઈકલનો ઉપયોગ થવા લાગ્યો... રાત્રે મોડા સૂવાનું અને દિવસ ચડ્યા સુધી - મોડે સુધી સૂતા રહેવાની પધ્ધતિના કારણે સ્વાસ્થ્ય કથળે છે. પરિણામે જીવનશૈલી આધારિત રોગોમાં વધારો થયો છે. મોટા શહેરોમાં લાઈફ સ્ટાઈલ રોગનું પ્રમાણ વધ્યું છે. આ લાઈફ સ્ટાઈલ રોગ હૃદય સાથે જોડાયેલી તમામ બીમારી પર અસર કરે છે. આ રોગ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોના લોકોને અસર કરે છે. પરિણામે હાર્ટ ઍટેક અને ડાયાબિટીસના રોગનું પ્રમાણ વધ્યું છે.

મનોવ્યાપાર એટલે મન દ્વારા વિચારવું! શુધ્ધ સાત્વિક આહાર અને વાતાવરણ, રહનસહન મનને પ્રફુલ્લિત - પલ્લવિત રાખે છે. પરંતુ આજના ભોગદોડભર્યા જીવનમાં પારિવારિક સંબંધોમાં ઓટ આવતી જાય છે. સંયુક્ત કુટુંબ પ્રથા તૂટી રહી છે. કુટુંબના સ્થાને કોમ્પ્યુટર, ઈન્ટરનેટ જેવા ઈલેક્ટ્રોનિક્સ સાધનોએ કબજો જમાવ્યો! પરિણામે મનની પરમ શાંતિ ખોરવાઈ. આના કારણે માનસિક સંતુલન ખોરવાતા મનોરોગ અને હાર્ટ ઍટેકનું પ્રમાણ વધ્યું છે. નિયમિત ધ્યાન - યોગ કરવાથી મનોવ્યાપારને સમતોલ કરી શકાય છે.

આપણા આરોગ્ય અને આપણા શરીર માટે ક્યાં સુધી અવગણના કરતા રહીશું?!! કુદરતે માનવીને પૂરા એકસો વર્ષનું આયુષ્ય આપ્યું છે! આહારવિહાર અને મનોવ્યાપારમાં સંતુલન સાધીને સુખ શાંતિમય નિરામય સો વર્ષ કેમ ન જીવીએ?!! 'રાત્રે વહેલા....' સુભાષિતને પુનઃ આપણા જીવનમાં આચરણ કરતા થઈએ તો? અને 'ન દવા ઉત્તમ દવા'ના સૂત્રને ચરિતાર્થ કરી શકીએ. જરૂર છે માત્ર પહેલ કરવાની. આપણી આદતોમાં પરિવર્તન લાવવાની, સુધારવાની. 'વિશ્વ આરોગ્ય દિન' ઉજવવા પાછળનો હેતુ બસ એટલો જ છે કે લોકોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ આવે અને વ્યક્તિ સ્વાસ્થ્ય સુધરે તો દેશ નિરોગી બને અને દેશ નિરોગી હોય તો સારો સંસાર - વિશ્વ નિરોગી! ફરી એકવાર 'ખેતરમાં અનાજના ઉત્પાદનથી ભોજનની થાળી સુધી : ખોરાકને સુરક્ષિત બનાવો'ના સુત્રને યાદ કરીએ....

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર, સૈજપુર બોઘા,*
*અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

*પ્રેમ, એ સુખી લગ્ન જીવનનો આધારસ્તંભ છે.*



# બાબુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાં ભેરા હી ભા ઉતર્યા સે ટિકિટ તા મહેમદાવાદજી ગેણાં વા અને વડોદરા ઉતર્યા. સે જરા તપાસ ત કર કે મહેમદાવાદ ઉતરે જો ભૂલે વ્યા ક ખોટી ટિકિટ ગણાં વા?

બચુડો : (તપાસ કે નેં ચે) હી ભા કે મહેમદાવાદ જ ઉતરણું વો. પણ અનીંજી બાજુમેં જોકો બાઈ ને બબુડો વઠા વા સે બાઈ બબુડે કે ગજર જો હલવો ખારાયલા મથાકુટ ક્યાંતે ને બબુડો ગજર જો હલવો ખાંઈધો ન વો. તેર બાઈ ચેં તે તું ન ખાઈને ત ગજરજો હલવો હી કાકાકે ખારાય લાઈંધીયાં. પણ બબુડો પણ જીદ્દી વો સે ગજરજો હલવો ન ખાધે સે ન જ ખાધે. અતરે પોય કટાડે ને હી ભા ચ્યાં બાઈ, હાણેં હઈયા નક્કી કયો મુંકે ગજર જો હલવો કેર ખારાઈંધા?.... ગજર જે હલવેલા આંઉ ઉતરે વારો વ્યો મહેમદાવાદ ને હાણે અચે વ્યો વડોદરા... ગજર જો હલવો અન ભા કે મુઠો દેને ને મહેમદાવાદ જે ભધલે વડોદરા અચે વ્યો.

## ખિલજા મ ભલા

ગાઈડ : બહેનો, આ તાજમહેલ છે. તમારે અહીં પાંચ મિનિટ ઊભા રહેવું પડશે. અહીં બીડી પીવાની મનાઈ છે.

બહેનોમાંથીઃ પણ અમે કોઈ બીડી પીતા જ નથી.

ગાઈડ : પણ હું પીઉં છું.

☺ ☺ ☺ ☺ ☺

હસ્તરેખાશાસ્ત્રી : ૩૦ વર્ષની ઉંમર સુધી તમારે ગરીબ અને દુઃખી રહેવાનો યોગ છે.

ગ્રાહક : અને પછી?

હસ્તરેખાશાસ્ત્રી : પછી તમે એનાથી ટેવાઈ ગયા હશો.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : એવું કોણ છે જે સિંહથી જરા પણ ડરતું નથી?

શ્રેય : સાહેબ, એ તો સિંહણ.

☺ ☺ ☺ ☺ ☺

વેપારી : શું મારો ચેક આપને મળી ગયો?

બીજો વેપારી : હા... બે વખત.

વેપારી : કેમ બે વખત?

બીજો વેપારી : એક તો આપના તરફથી અને બીજો બેંક તરફથી – આપના ખાતામાં બેલેન્સ ન હોવાથી બેંકે પરત કરેલ.

☺ ☺ ☺ ☺ ☺

એક કદરૂપી સ્ત્રી : ડૉક્ટર સાહેબ, લોકો મારો ચહેરો જોઈ મોઢું ન બગાડે એવી કોઈ દવા આપો.

ડૉક્ટર : બે લાખ રૂપિયા થશે.

કદરૂપી સ્ત્રી : કોઈ સસ્તો ઉપાય બતાવો ને....

ડૉક્ટર : બસ્સો રૂપિયાનો બુરખો લાવીને પહેરવાનું શરૂ કરો.

☺ ☺ ☺ ☺ ☺

ટ્રાફિક પોલીસ : બાઈક ઉપર ત્રણ સવારી કરવી ગુનો બને છે.

બાઈક ચાલક : એટલે તો આ ત્રીજાને પાછો ઘેર મૂકવા જઈએ છીએ.

☺ ☺ ☺ ☺ ☺

મમ્મી : (છોકરીને) ક્યાં જાય છે?

છોકરી : કોલેજ જાઉં છું.

મમ્મી : ખબર છે, આજે રોઝ ડે છે?

છોકરી : હા, હા, ખબર છે... તું ચિંતા છોડ.

મમ્મી : ચિંતાવાળી...? જેટલા મળે એટલા ગુલાબ ભેગા કરી લેતી આવજે. ગુલકંદ બનાવવાનો છે.

☺ ☺ ☺ ☺ ☺

મોહનભાઈ : અરે ચંદુભાઈ, તમે બહુ ચાલાક નીકળ્યા... કંકોત્રી પણ ન આપી... આમ એકલા એકલા પરણી આવ્યા?

ચંદુભાઈ : હોય કાંઈ. હું કાંઈ એકલો એકલો પરણી નથી આવ્યો. હું તો સમૂહમાં પરણ્યો છું.

☺ ☺ ☺ ☺ ☺

મમ્મી : કેમ બેટા, સ્કૂલમાંથી આમ થાકેલો થાકેલો આવ્યો?

ચીન્ટુ : હું જૂના જમાનામાં જન્મ્યો હોત તો સારું થાત.

મમ્મી : કેમ એવું કહે છે?

ચીન્ટુ : આટલો બધો ઇતિહાસ તો ન ભણવો પડત!!


☺ ☺ ☺ ☺ ☺

કનુભાઈ : બેંકવાળાને તમે એવું તે શું કહ્યું કે બેંકવાળો એના બધા કાગળ લઈને પાછું જોયા વિના જતો રહ્યો.

ભાનુભાઈ : બેંકવાળો એની નવી સ્કીમ લઈને મને સમજાવવા આવ્યો હતો અને કહેતો હતો કે તમે મહિને ૫,૦૦૦/- રૂા. ભરતા રહો તમે રિટાયર થશો ત્યારે એક કરોડ રૂપિયા મળશે. એટલે મેં કહ્યું કે તમે મને હમણાં એક કરોડ રૂપિયા આપી દો, હું રિટાયર થઈશ ત્યાં સુધી ૫,૦૦૦/- રૂા. ભરતો રહીશ. એટલે બેંકવાળો ઊભો થઈને જતો રહ્યો.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*જીવન નાશવંત છે, દરેક ક્ષણને સદ્‌કાર્યોમાં જોડો.*




**'મંગલ મંદિર' માર્ચ-૨૦૧૫ના અંક વિશે પ્રતિભાવ**

★ 'મંગલ મંદિર'ના માસ-૨૦૧૫ના માર્ચ અંકમાં એક તરફ તંત્રીલેખ અને બીજી તરફ મુ. લીલાધરભાઈનો લેખ – બંનેનો સૂર એક જ – જ્ઞાતિ કે પ્રાંતની સંકુચિતતા કયા આધારે?

એમાં પણ આપણે કચ્છીઓ સંકુચિત થઈ જ કેમ શકીએ? વર્ષોથી આપણી રોજીરોટી બહારના પ્રદેશોમાંથી જ મળતી રહી છે. એક જમાનામાં કચ્છની અર્થવ્યવસ્થાને 'મની ઓર્ડર ઈકોનોમિ' કહેવામાં આવતી હતી. કચ્છ એક શાપિત પ્રદેશ ગણાતો હતો. ભારતના દરેક પ્રાંતમાં કચ્છીઓનું સ્થળાંતર વર્ષોથી થતું રહ્યું છે અને આશ્રય મળ્યો છે. બિહાર - ઓરિસ્સામાં તો ગુજરાતી માત્રને 'કચ્છી બાબુ' કહેવામાં આવતા હતા. જ્યાં પહોંચતા ૪-૫ દિવસ (બર્મા - હાલ મ્યાનમાર) ૮થી ૧૫ દિવસ સ્ટીમર કે વહાણમાં (આફ્રિકા) લાગતા હતા ત્યાં પણ હજારો કચ્છીઓ પહોંચ્યા હતા. આજે કચ્છીઓ સારી દુનિયામાં વસે છે, સારી કમાણી કરે છે અને કુટુંબ, વતન અને દેશને સમૃધ્ધ કરે છે.

તેઓ બંનેના વિચારોને થોડા આગળ વધારીએ તો ભારતીય તરીકે પણ આપણે ભારતીયો વિદેશીઓના પણ કેટલા ઋણી છીએ!

આજે આપણે રેલવે, મોટરકાર, વિમાનોમાં સફર કરીએ છીએ. વીજળીના પ્રકાશ ઉપરાંત તેનાથી ચાલતા અનેકવિધ ઉપકરણો - એ.સી., કોમ્પ્યુટર, લેપટોપ, ટેબ્લેટ, મોબાઈલ, ટી.વી. જ્યારે મ્યુઝીક સિસ્ટમમાં કેસેટ (હવે જૂની થઈ ગઈ), CD, DVD, MP-3, સાઉન્ડ સિસ્ટમ વગેરે અનેકવિધ સાધનો પ્રેમથી વાપરીએ છીએ. આ બધા કોણે શોધ્યા? લગભગ બધી શોધ યુરોપ, અમેરિકા અને જાપાનમાં થઈ છે. આ માટે વિદેશી વૈજ્ઞાનિકોએ પોતાના જીવનના અમૂલ્ય વર્ષો ખર્ચ્યા છે. તેઓનું ઋણ આપણા ઉપર કેટલું? તેઓને આપણે યાદ કરીએ છીએ ખરા?

બીજી તરફ જોઈએ તો ૬૦-૭૦ વર્ષ પહેલાં ભારતીય સ્ત્રી - પુરુષનું સરેરાશ આયુષ્ય – જે ૨૫ અને ૩૫ વર્ષનું હતું તેને ૫૫-૬૫ સુધી પહોંચાડવાનું શ્રેય પણ કોને આપીશું? અનેકવિધ દવાઓ, તબીબી સાધનો, અનેક જાતની સર્જરીની શોધ લગભગ વિદેશી વૈજ્ઞાનિકોએ જ કરી છે.

છેલ્લે કચ્છની વાત કરીએ તો આજે કચ્છનો એક પણ ઉદ્યોગ પરપ્રાંતિય તજજ્ઞો અને પરપ્રાંતિય મજૂરો વગર ચાલી શકે નહિ. એટલે તેઓનો પણ ઋણ સ્વીકાર કરવો રહ્યો!

★ 'મંગલ મંદિર' માસ માર્ચ-૨૦૧૫ના અંકમાં ભાઈશ્રી બાબુલાલ બેડાવાલાની જૈન પાઠશાળાઓના અભ્યાસક્રમમાં જૂની રૂઢિઓની જગ્યાએ સુધારા કરવાની તેમની વાત વિચારણીય છે, પણ સુધારા કેવા અને કઈ જાતના કરવા એ બાબતમાં તેઓ સ્પષ્ટ હોય એમ લાગતું નથી.

મૂળ વાત એ છે કે જૈન પાઠશાળાઓ, ફિરકાઓ અને ગચ્છો અનુસાર ચાલશે ત્યાં સુધી પરિસ્થિતિ સુધરવાની શક્યતા નહિંવત્ રહેવાની. એ સિવાય પણ એ શિક્ષણમાંથી અવૈજ્ઞાનિક બાબતો દૂર કરવામાં નહિ આવે ત્યાં સુધી પણ પરિસ્થિતિ સુધરશે નહિ. બાળકોને અહીં એક વાત કહેવાય અને શાળાઓમાં બીજી, એ રીતે બાળકોને દુવિધામાં મૂકવાનું હવે વાલીઓ પસંદ નહિ કરે.

દાખલામાં તીર્થંકરોના જીવન ચરિત્રોની જ વાત લઈએ. આપણી પાસે પાર્શ્વનાથ પ્રભુ કે મહાવીર પ્રભુના પણ પૂરા અને અધિકૃત જીવન ચરિત્રો નથી. મહાવીર સ્વામિ પરીણિત હતા કે નહિ એમાં પણ એકમત નથી. અને નેમિનાથ પ્રભુના જીવનના અમુક જ પ્રસંગો મળે છે. એવું જ ઋષભદેવ પ્રભુનું છે. બાકીના તીર્થંકરોના ચરિત્રોની બાબતમાં નરી કલ્પનાઓ જ છે.

જૈનોમાં બાળકોના કામનું કથા સાહિત્ય છે, પણ અન્ય વાર્તાઓની જેમ તેને બોધકથાઓ જેટલું જ મહત્ત્વ અપાય, સત્ય કથાઓ જેટલું નહિ.

આ સાથે લેખકશ્રી અભ્યાસક્રમ તૈયાર કરવા માટે શ્વે.મૂ.પૂજક સંઘ તથા તપગચ્છ સંસ્થાની વાત કરે એ સર્વમાન્ય કેમ થાય?

લેખકશ્રીએ જે વિસ્તૃત અભ્યાસક્રમ સૂચવ્યો છે એ બાળકો ઉપરાંત વયસ્કોને પણ આવરી લે એવો તેમનો અભિગમ લાગે છે. જૈન દર્શન કે ન્યાય કે વૈશેષિક જેવા અન્ય ભારતીય દર્શનોના ઉચ્ચ અભ્યાસક્રમો ભારતની જ ઘણી યુનિવર્સિટીઓમાં મળે છે. ઉપરાંત રાજસ્થાનમાં લાડનુ પણ છે જ. એટલે અહીં મારે ૯-૧૦થી ૧૪-૧૫ની વયના બાળકો માટે જ વિચારણા અને સૂચનો કરવાની ઈચ્છા છે.

સૌપ્રથમ તો સામયિક કે પ્રતિક્રમણ ૧૦ વર્ષની આસપાસના બાળકોને પ્રાકૃતમાં જ શા માટે ગોખાવવા? તેઓ સમજી શકે અને તેની પાછળનો ભાવ પણ અનુભવી શકે એવી ભાષામાં સીધો જ અનુવાદ શીખવવામાં કયો વાંધો આવે છે? અલબત્ત, આગળ ઉપર તેઓ ઈચ્છે ત્યારે મૂળ પાઠ શીખી શકે.

દા.ત. આપણા સામાયિકના પાઠમાં લોગસ્સ અને નમોત્થુણંના પાઠ આવે છે. લોગસ્સમાં ૨૪ તીર્થંકર ભગવંતોના નામો સાથે સ્તુતિ અને ત્યારબાદ તેઓના ગુણોનું વર્ણન છે. આજ રીતે નમોત્થુણંના પાઠમાં અરિહંત ભગવંતોના ગુણોનું વિસ્તૃત વર્ણન છે. આના સરસ ભાવવાહી અનુવાદ થઈ શકે. બાળકો એ સમજી પણ શકે અને ભાવ પણ અનુભવી શકે. હાલ તો લઘુમતિને બાદ કરતાં મોટાભાગના વયસ્કો પણ આ પાઠ કોઈ જાતની સમજ વગર કે ભાવ અનુભવ્યા વગર વાંચી જતા હોય છે.

આ સિવાય બાળકોને મહાવીર સ્વામિના ઉપદેશની ખાસ ખાસ બાબતો સરળ ભાષામાં સમજાવી શકાય. સાધુ તથા ગૃહસ્થે પાળવાના

*વિવેક એટલે શું મેળવવા જેવું છે અને શેનાથી છેટા રહેવા જેવું છે તેનું જ્ઞાન.*

વ્રતોની તથા અનેકાંતવાદની સરળ ભાષામાં દૃષ્ટાંતો સહિતની સમજણ અપાય. જૈન દર્શન વૈદિક ધર્મથી અને અન્ય સંપ્રદાય મૂલક ધર્મોથી કઈ રીતે અલગ પડે છે એની સરળ ભાષામાં સમજ આપી શકાય. સાથે સાથે મનોરંજક કથા - સાહિત્ય પણ પીરસી શકાય, પણ એ વાર્તા તરીકે જ. સાથે ૪ તીર્થંકરોના જીવનના ઉપલબ્ધ પ્રસંગો પણ ચમત્કારો કે અવૈજ્ઞાનિક બાબતો દૂર કરીને આપી શકાય.

સવાલ એ છે કે આવો અભ્યાસક્રમ કોણ તૈયાર કરે? દેખીતી રીતે કોઈ એવી જૈન સંસ્થા કે એવા જૈન દર્શનના વિદ્વાનો, જેઓ ફિરકાઓ અને ગચ્છોથી પર હોય એ જ કરી શકે. બીજા કોઈનું કામ નથી. પાઠશાળાઓને જુદા જુદા ફિરકાઓ, ઉપાશ્રયોમાંથી બહાર કાઢીને અલગ જ કરી દેવી જોઈએ અથવા એ સ્પષ્ટ થવું જોઈએ કે ત્યાં માત્ર જૈન શિક્ષણ જ અપાશે, કોઈ ફિરકાનું નહિ.

જૈન સમાજમાં વિદ્વાનો અને વિદૂષીઓની કમી નથી. કોઈ તટસ્થ જૈન સંસ્થા રસ લે તો તેઓની સહાયતાથી કામ થઈ શકે.

ભવિષ્યની આપણી પેઢી કોઈ લેબલ વગરની અને માત્ર જૈન બની રહે એ દિશામાં આપણે ક્યારે વિચારીશું?

*મગનલાલ સંઘવી - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૬૮૭૧૯૨૫*

★

## 'મંગલ મંદિર' પ્રતિભાવની એક શ્રેણી

'મંગલ મંદિર'ના એપ્રિલ અંકમાં શ્રી મુરજીભાઈ ગડાનો પત્ર છપાયો છે. અત્યાર સુધીમાં મેં ઘણીવાર તેમને અંગત પત્રો લખીને મારા મનની શંકાઓ તેમની આગળ રજૂ કરી છે અને મારા તમામ પત્રોનો તેમણે ખૂબ પ્રેમથી ઉત્તર આપીને શંકાઓના સમાધાન દર્શાવેલ છે. એમના લખાણો એટલા તર્કશુધ્ધ હોય છે કે તેમાં અસંમત થવું ખૂબ મુશ્કેલ હોય છે. તેમની દલીલ સામે જુદો અર્થ બતાવતી વળતી દલીલ કરવી એ ભારે અઘરું કામ છે. પણ શિષ્યભાવે મારી વાત અત્રે રજૂ કરું છું.

વૈશેષિક દર્શનના જે સૂત્રો મેં મારા પત્રમાં રજૂ કરેલ છે તે કોઈ મનુષ્યના સંદર્ભમાં નથી. 'ગુરુત્વ' શબ્દ ચોક્કસપણે અભિમાનના અર્થમાં તો જ લઈ શકાય જ્યારે તે કોઈ માણસના સંદર્ભમાં હોય.

પણ અહીં તો વાત એક નિર્જીવ પદાર્થ - તીર વિશે છે. અને નિર્જીવ પદાર્થને માટે 'ગુરુત્વ'નો અર્થ અભિમાન એ બંધબેસતો નથી. વળી કણાદ એ કોઈ ધર્મગુરુ કે ધર્મોપદેશક નથી. આમ શ્રી મુરજીભાઈએ બતાવેલ વ્યાખ્યા મનુષ્ય માટે બરાબર ગણી શકાય પણ નિર્જીવ પદાર્થ માટે બરાબર ન ગણાય. આ જગ્યાએ ગુરુત્વ શબ્દનો અર્થ નિશ્ચિત રીતે ગુરુત્વાકર્ષણ જ કરવો પડે. શિષ્યનો પ્રશ્ન આધ્યાત્મિક અર્થમાં નથી અને ગુરુનો જવાબ પણ આધ્યાત્મિક અર્થમાં નથી. સવાલ જવાબ બંને ભૌતિક અર્થમાં છે. ઉપરાંત વૈશેષિક દર્શન એ દાર્શનિક દર્શન નથી પણ ભૌતિકવાદી દર્શન છે.

ખૂબ અગત્યનો મુદ્દો એ પણ છે કે વિશ્વમાં સર્વપ્રથમવાર કણાદ નામના એક ભૌતિક વિજ્ઞાનીએ જાહેર કરેલ છે કે આ સમગ્ર વિશ્વમાંના તમામ સજીવ - નિર્જીવ પદાર્થો પરમાણુંના - કણના બનેલા છે. મૂળમાં આખીયે વાત પદાર્થ વિજ્ઞાનની છે. મારો હેતુ એ છે કે આપણે પોતાની જાતને સાવ નાપાસ ન ગણી લેવી જોઈએ. જો ખરેખર આપણા પૂર્વજોએ વૈજ્ઞાનિક ક્ષેત્રે કશુંક નોંધપાત્ર પ્રદાન કર્યું હોય તો તેની તટસ્થ અને પૂર્વગ્રહ વગરની નોંધ લેવી જોઈએ. આપણા જ આર્ય ભટ્ટ નામના વૈજ્ઞાનિક અને ઉત્તમ ખગોળશાસ્ત્રીએ ઠેઠ ઇ.સ. ૪૭૬માં જાહેર કરેલું કે પૃથ્વી પોતાની ધરા ઉપર ફરે છે. વાસ્તવિક હકીકતનો ઈન્કાર કેવી રીતે થઈ શકે?

એક મજેદાર વાત લખું? જો કે આ વાતને આ પત્રના મૂળ મુદ્દા સાથે સંબંધ નથી. બધા વૈદિકો 'સામવેદ'થી પરીચિત છે. સામવેદનો અર્થ ગાયન થાય છે. કોઈ સામવેદી પાસેથી સામગાનના મૂળ આરોહ - અવરોહ સાંભળશો તો જેને સંગીતનું જ્ઞાન હશે તે તરત જ કહેશે, કે અરે! આ તો રાગ કિરવાણીના સૂર છે!

પણ થોભો! મુસ્લિમોની બંદગી - અઝાન ધ્યાનથી સાંભળજો. એમાં પણ રાગ કિરવાણીના જ સૂર છે.

હજુ જરા થોભો! ખ્રિસ્તીઓના ચર્ચમાં જે કોરસ ગવાય છે તેના સૂર પણ રાગ કિરવાણીના છે.

હવે જુઓ કે વેદની રચના ઉત્તર ભારતમાં થઈ છે. રાગ કિરવાણી દક્ષિણ ભારતીય રાગ છે. હિંદુ - મુસ્લિમ - ખ્રિસ્તી ત્રણેની પ્રાર્થનામાં રાગ કિરવાણી કેવી રીતે આવ્યો હશે?

નહીં, નહીં. આપણા પૂર્વજોને સાવેસાવ નાપાસ સમજવા જેવા નથી.

હશે ઈશ્વરની કૃપા તો ક્યારેક આપણા મહાન વૈજ્ઞાનિકો (ધર્મગુરુઓ નહીં) એવા આર્ય ભટ્ટ, બ્રહ્મગુપ્ત, વારાહ મિહિર, ભાસ્કરાચાર્ય વિ. વિશે આધાર - પુરાવા સાથે લખવાની ઈચ્છા તો છે.

વૈદિક ગણાતા દર્શનોમાં ૬ દર્શન છે. કપિલનું સાંખ્ય, ગૌતમનું ન્યાય, કણાદનું વૈશેષિક, પતંજલિનું યોગ, જૈમિનીનું મીમાંસા અને શંકરાચાર્યનું વેદાંત.

આ બધામાં એકમાત્ર છેલ્લા વેદાંત દર્શનના આદિ શંકરાચાર્ય સંન્યાસી હતા, ધર્મગુરુ અને ધર્મોપદેશક હતા. બાકીના પાંચ ગૃહસ્થી હતા. પોતાના વિવિધ વિદ્યાના જ્ઞાન અને આચરણના કારણે ઋષિ કહેવાયા. તેઓ ધર્મગુરુ કે ધર્મોપદેશક ન હતા પણ વિદ્યાગુરુ હતા. આજે (કમનસીબે) આપણી પાસે ધર્મગુરુઓ અતિ વિપુલ સંખ્યામાં છે પણ વિદ્યાગુરુઓ અલ્પ છે.

'મંગલ મંદિર'માં કશા રાગ-દ્વેષ વગરનું સૈધ્ધાંતિક આ પ્રકારનું વિચારવલોણું ચાલે તેની ભારે મજા છે.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

***નોંધ : પ્રબુધ્ધ અને સુજ્ઞ વાચકવર્ગ માટે 'મંગલ મંદિર' એક માધ્યમ છે, યોગ્ય પ્લેટફોર્મ છે... તે આનંદ સાથે ગૌરવનો એક વિષય છે.***

*– તંત્રી મંડળ*

*દુઃખ વેઠવાનું નથી, સમજપૂર્વક ભોગવવાનું છે.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## છાત્રો તથા વાલીઓને જરૂરી માર્ગદર્શન માટે શૈક્ષણિક હેલ્પલાઈન : ૯૮૭૯૦ ૬૩૧૦૦

દર વર્ષે ધોરણ-૧૦ અને ૧૨ પાસ કરીને તેમના સ્નાતકની ડિગ્રી હાંસલ કર્યા બાદ ઘણા છાત્રો કચ્છ જિલ્લામાંથી ઉચ્ચ અભ્યાસ અર્થે અમદાવાદ આવતા હોય છે. પરંતુ યોગ્ય અભ્યાસક્રમ, તે અંગેની સ્કૂલ, કોલેજ અથવા તો કોચિંગ વર્ગ માટેની સંસ્થા સંબંધી યોગ્ય માહિતીના અભાવે છાત્રો તેમજ તેમનાં વાલીઓ દ્વિધા અનુભવતા હોય છે. આ સંજોગોમાં તેમને મદદરૂપ થવા અને જરૂરી માર્ગદર્શન આપવાના ઉદ્દેશથી શૈક્ષણિક હેલ્પ લાઈન શરૂ કરવામાં આવી છે. જેનું સંચાલન શ્રી કચ્છી સમાજ - અમદાવાદ હેઠળની શૈક્ષણિક સમિતિના કન્વીનર શ્રી હિમાંશુભાઈ ઠક્કર કરી રહ્યા છે. આ રીતે શૈક્ષણિક ક્ષેત્રના પ્રશ્નોની ચર્ચા, તેના ઉકેલ અને માર્ગદર્શન માટે સવારના ૧૧થી ૭ કલાક દરમ્યાન ફોન નંબર ૯૮૭૯૦ ૬૩૧૦૦ તથા ઈ-મેઈલ : experteducation@gmail.com પર સંપર્ક કરી શકાશે.

## 'કચ્છશ્રુતિ' – અષાઢી બીજ વિશેષાંક

આગામી 'અષાઢી બીજ' એટલે કે કચ્છી નવા વર્ષ નિમિત્તે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મુખપત્ર 'કચ્છશ્રુતિ'નો દળદાર વિશેષાંક પ્રગટ થશે.

અમદાવાદ ખાતે એક જ સંકુલમાં કચ્છી છાત્રોની હોસ્ટેલ તેમજ કચ્છી મહેમાનો માટે અતિથિ ગૃહ નિર્માણ કરવાના ચક્રો શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા ગતિમાન થયા છે. આ સંકુલમાં જ કચ્છ જિલ્લા સંબંધી એક 'સુચના કેન્દ્ર'ની રચના કરવાનું સમાજે નક્કી કર્યું છે. સૂચિત સુચના કેન્દ્રમાં કચ્છમાં સ્થાપિત ઉદ્યોગો, બંદરીય વિકાસ, પ્રાકૃતિક સંશાધનો, વિકાસલક્ષી કચ્છમાં વ્યાપાર - ઉદ્યોગ ક્ષેત્રે ઉપલબ્ધ તકો અને સવલતો, શિક્ષણ, સ્વાસ્થ્ય અને પ્રવાસન ક્ષેત્રે થયેલા વિકાસની વિગત તેમજ કચ્છની વિશિષ્ટ સંસ્કૃતિ આદિની સ્થાપનાના પ્રથમ ચરણ રૂપે ઉપરોક્ત સંદર્ભમાં મહત્ત્વની માહિતી અધિકૃત સ્ત્રોતો પાસેથી એકત્રિત કરવામાં આવશે અને તેનું અનોખું સંકલન કરીને 'કચ્છશ્રુતિ'ના અષાઢી બીજ વિશેષાંકમાં પ્રકાશિત કરવામાં આવશે.

'કચ્છ શ્રુતિ'ના માનદ્ સલાહકાર શ્રી હંસરાજ કંસારાના નેતૃત્વ હેઠળની એક ટીમ આ વિશેષાંક તૈયાર કરશે.

અપેક્ષા છે કે, કચ્છમાં તેમજ અન્યત્ર વસતા કચ્છીઓને શ્રી કચ્છી સમાજ - અમદાવાદની આ વર્ષે હોસ્ટેલ, અતિથિગૃહ તેમજ સુચના કેન્દ્રની સ્વર્ણિમ સોગાદની સાથે અષાઢી બીજ વિશેષાંકની ભેટને પણ 'કચ્છશ્રુતિ'ના પ્રબુધ્ધ વાચકો વહાલથી વધાવશે તેમ સમાજના મંત્રી શ્રી ભરતભાઈ ઓઝાની એક યાદીમાં ઉપરોક્ત બંને વિગત જણાવવામાં આવેલ છે.

## જૈન સમાજને લઘુમતી દરજ્જા સંબંધી વિશેષ વાર્તાલાપ યોજાયો

'જીતો', તેરાપંથ ફોરમ દ્વારા તાજેતરમાં અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક ખાતે જૈન સમાજને લઘુમતી દરજ્જા અન્વયે એક વિશેષ વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે જસ્ટીસ શ્રી એસ.જી. શાહ, વિશેષ અતિથિ તરીકે સાંસદ શ્રી દિલીપ ગાંધી, શ્રી પ્રકાશ સંઘવી, શ્રી સુધીર લોઢા, પ્રોફેસર રતન જૈન ઉપસ્થિત રહ્યા હતા. સાંસદ શ્રી ગાંધીએ જણાવ્યું હતું કે "ગુજરાતમાં પણ જૈનોને લઘુમતીનો દરજ્જો અમલી બને તેના માટે હું સરકારને અનુરોધ કરીશ. મારા મતે લઘુમતિ દરજ્જામાં ખોટું કંઈ જ નથી." જસ્ટીસ શ્રી શાહે એવો મત રજૂ કર્યો હતો કે પહેલા જૈન ધર્મને હિંદુ ધર્મની જ એક શાખા માનવામાં આવતી હતી પરંતુ હવે જૈનોને અલગ ઓળખ મળી છે. લઘુમતી દરજ્જો સ્વીકારવામાં કંઈ જ અપમાનજનક નથી. બંધારણમાં ૬૫ વર્ષ અગાઉ જે નિર્દેશ આપવામાં આવ્યો હતો તેનો અમલ થયો છે. પ્રોફેસર શ્રી જૈને તેમના વક્તવ્યમાં જૈન ધર્મને લઘુમતીનો દરજ્જો મળે નહીં તેના માટે સરકાર દ્વારા કેવા ત્રાગાં કરવામાં આવતા હતા તે વિશે કહ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે, 'જૈન સમાજે તેમને મળેલા લઘુમતી દરજ્જાને હકારાત્મક રીતે લેવો જોઈએ. લઘુમતી દરજ્જાથી આવનારા સમયમાં જૈન સમાજમાં વધુને વધુ યુવાનો આઈ.એ.એસ., આઈ.પી.એસ. જેવાં ટોચના સરકારી અધિકારીઓ બની શકશે. જૈન ધર્મ કોઈ મુશ્કેલી વિના પોતાની શાળા શરૂ કરી શકશે. જ્યાં વિદ્યાર્થીઓને જૈન ધર્મ વિશે જ્ઞાન પણ આપી શકાય. અત્યારના માહોલમાં માતા-પિતાઓએ તેમના બાળકોને કાર નહીં પણ સંસ્કાર આપવાનું લક્ષ્ય રાખવું જોઈએ. બાળકને શરૂઆતથી જૈન ધર્મ વિશે જ્ઞાન - સમજ આપવાથી આ પ્રકારના સંસ્કાર મળી શકે. ગુજરાતમાં પણ જૈન સમાજને લઘુમતીનો દરજ્જો આપવાની વાતનો અમલ કરવામાં આવે તેના માટે મજબૂત રજૂઆત કરવાની જરૂર છે."

'લઘુમતીના દરજ્જાથી જૈન સમાજને થનારા લાભ' વિશે જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનના ઉપક્રમે યોજવામાં આવેલા એક ખાસ વાર્તાલાપમાં ઉપસ્થિત આગેવાનોએ એવો અભિપ્રાય વ્યક્ત

*ચિંતા એ ઉછીની લીધેલી તકલીફો પરનું વ્યાજ છે.*

કર્યો હતો કે જૈન સમાજને આપવામાં આવેલા લઘુમતીના દરજ્જા અંગે અપમાનજનક કંઈ જ નથી. આ સંબંધમાં માત્ર દૃષ્ટિકોણ બદલવાની જરૂર છે.

***અહેવાલ : દિનેશ આર. મહેતા***

## શ્રી યશોવિજયજી જૈન ગુરુકુલ - પાલીતાણા

### ધોરણ-૫થી ૧૨વાળા જૈન છાત્રોને અંગ્રેજી માધ્યમની શાળામાં વિનામૂલ્યે પ્રવેશ

સો વર્ષથી જૈન બાળકોને શિક્ષણ, સંસ્કાર, કેળવણી આપવામાં અગ્રેસર આ સંસ્થા તેની ગૌરવપૂર્ણ શતાબ્દી ઉજવી રહી છે.

આ અપૂર્વ અવસરે તથા આજની જરૂરિયાત અનુસાર આ સંસ્થા દ્વારા જૂન-૨૦૧૫થી શરૂ થઈ રહી છે — ઈંગ્લીશ મીડિયમ શાળા. આ સંસ્થાને પોતાનું ત્રિ-શિખરીય જિનાલય, પાંચ એકરમાં પથરાયેલું વિશાળ છાત્રાલય અને પોતાની ગુજરાતી મીડિયમ શાળા છે. આ સંસ્થામાં જૈન વિદ્યાર્થીઓને ધોરણ-૫ થી ૧૨ માટે શૂન્ય લવાજમથી પ્રવેશ આપવામાં આવશે. ખાવું - પીવું - રહેવું તેમજ શાળાકીય અભ્યાસ બધું જ ફ્રી માં. સંસ્થામાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવાનું ચાલુ છે. સંસ્થામાં દાખલ થવાનું ફોર્મ સંસ્થાની પાલિતાણા / મુંબઈની ઓફિસેથી તેમજ સંસ્થાની વેબસાઈટ : www.gurukulpalitana.org પરથી મળશે. સંસ્થાનું સરનામું : રેલવે સ્ટેશન સામે, પાલિતાણા. ફોન : (૦૨૮૪૮) ૨૫૨૧૬૨.

૩૨/૪, ગુરુકુળ ચેમ્બર, ૧૮૭-૧૮૯ મુંબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન : (૦૨૨) ૨૩૪૪૬૭૯૫, ૨૩૪૪૯૧૫૧ પર સંપર્ક કરી શકાય છે, તેમ સંસ્થાની એક યાદીમાં જણાવાયું છે.

## મહાવીર પ્રભુની ૨૬૧૪મી જન્મ જયંતીની ઉલ્લાસપૂર્વક ઉજવણી થઈ

ચૈત્ર સુદ-૧૩ના દિવસે જૈન ધર્મના ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મ થયો હતો. આ પ્રસંગે ભગવાન મહાવીરના જન્મ કલ્યાણક ઉત્સવની તા. ૨-૪-૨૦૧૫ના રોજ અમદાવાદમાં ભારે ભક્તિભાવ અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. 'જીતો' અમદાવાદ ચેપ્ટર, શાહીબાગ, ગીરધરનગર જૈન સંઘ દ્વારા વરઘોડાનું ખાસ આયોજન થયું હતું. આ સિવાય વિવિધ સ્થળોએ પણ આ પ્રસંગની ઉલ્લાસ અને આસ્થાપૂર્વક ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ભક્તજનો ઉમટી પડ્યા હતા. 'જીતો'ના ઉપક્રમે શહેરના ચારેય મુખ્ય ફિરકાઓના નેજા હેઠળ ભક્તિમય વાતાવરણમાં વિરાટ ભવ્ય યાત્રાનું આયોજન થયું હતું. શહેરના પશ્ચિમ વિસ્તારમાં અન્નપૂર્ણા હોલ પાસેથી યાત્રાનો પ્રારંભ થયો હતો. આ યાત્રામાં જૈનીઝમને સંબંધિત અનેક સુંદર ઝાંખીઓ સજાવટથી થઈ હતી. વીર પ્રભુની ૧૮ ફૂટ ઊંચી પ્રતિમાએ લોકોમાં ખૂબ આકર્ષણ જમાવ્યું હતું. ૧૫ જેટલા દીક્ષાર્થી ભાઈ-બહેન, કલ્પસૂત્ર, આગમ તેમજ પ્રભુ મહાવીરના જીવન સંદેશને ઉજાગર કરતાં આકર્ષણોથી શહેરીજનો અતિ પ્રભાવિત થતા જોવા મળ્યા હતા. આ પ્રસંગે જૈન સમાજના સાધુ-સાધ્વીજીઓ, સમાજના મોભીઓ, અન્ય મહાનુભાવો તેમજ મોટી સંખ્યામાં ભક્તજનોની ઉપસ્થિતિ ધ્યાનાકર્ષક હતી. સાધુ - સાધ્વીજીઓએ તથા આગેવાનોએ જૈન સંપ્રદાયના અનુયાયીઓને ભગવાન મહાવીરે આપેલા અહિંસા, જીવદયા તેમજ વિશ્વ શાંતિના સંદેશાઓને જીવનમાં સાચા અર્થમાં ચરિતાર્થ કરવા અનુરોધ કર્યો હતો. આ સિવાય, કેટલાક જૈન સંઘો દ્વારા જન્મ કલ્યાણક વાંચન દરમ્યાન ત્રિશલા માતાના ૧૪ સ્વપ્ન, ભવ્ય મહાપૂજા, આંગી જેવા અનેક પ્રસંગોની ઉજવણી તેમજ તેને અનુરૂપ કાર્યક્રમો યોજાયા હતા.

***અહેવાલ : દિનેશ આર. મહેતા***

*હમ અકેલે હી ચલે થે, જાની બે મંઝિલ મગર*
*લોગ સાથ આતે ગયે ઔર કારવાં બનતા ગયા.*

## પરસ્પર સેતુરૂપ મહિલા ગ્રુપે રજતજયંતી વર્ષની ઉજવણી કરી

જ્યારે કોઈપણ સમાજના પરિવારજનો કોઈપણ એક પ્રદેશ કે વિસ્તારમાં વસવાટ કરતા હોય ત્યારે સમગ્ર સમાજના પરિવારજનોને એક તાંતણે બાંધી રાખવાનું કામ ખૂબ અગત્યનું બનતું હોય છે. સમાજ સુદ્રઢ ત્યારે બનતું હોય છે.... જ્યારે નાના ગ્રુપ, મંડળ સંયુક્ત રીતે હળીમળીને પરસ્પર એકબીજાને ઓળખતા હોય, સાથે મળીને વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરતા હોય, પરસ્પર આત્મિયતા કેળવવા એકબીજાના સારા-નરસા પ્રસંગોએ સંયુક્ત રીતે ભાગ લેતા હોય...

અમદાવાદમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજના અત્યારના પરિવારજનો પૈકી કેટલાક પરિવારજનો લગભગ ૧૦૦ વર્ષ પૂર્વેથી સ્થાયી થયેલા છે. તેમાંના એક ખાંડવાલા પરિવાર છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ બાબુભાઈ શાહ (ખાંડવાલા)ના જીવનસાથી બન્યા બાદ સ્વાભાવિક રીતે શ્રીમતી છાયાબેન શાહ અમદાવાદમાં સ્થિર થયેલ. લગ્ન પૂર્વે ચેન્નાઈમાં સમાજ અને મહિલા ગ્રુપમાં અગ્ર સ્થાને રહીને સામાજિક પ્રવૃત્તિઓમાં કાર્યરત રહેતા હતા. યુવાવર્ગના તબક્કે જેમના જીવનમાં પ્રેમ અને મિત્રાચારીના રંગો ઘૂંટાયા હોય તેઓ કોઈપણ સ્થળે પોતાના શોખની પ્રવૃત્તિઓ વિના કેવી રીતે બેસી શકે? અમદાવાદમાં આવતાની સાથે જ પોતાના પરિવારના મહિલાજનોનું એક આગવું ગ્રુપ ઊભું કર્યું. મહિલા કોફી-મિટ્સની જેમ બધા સાથે મળીને રમતગમત અને આનંદ કરતા હતા. ધીરે ધીરે તે ગ્રુપની સંખ્યા વધતી ગઈ... આજે તેમના ગ્રુપમાં ૨૫ સભ્યો છે.

*આપણી પીઠ આપણે જોઈ શકતા નથી. એટલે બીજાઓ જે જુએ છે તેનો લાભ લેવામાં ડહાપણ છે.*

જોતજોતામાં ગ્રુપના એકધારા રંગીન ૨૫ વર્ષ પૂરા થયા અને તા. ૧૫-૪-૨૦૧૫ના રોજ રજતજયંતી વર્ષની ભવ્ય રીતે ઉજવણી કરી હતી. નોંધનીય છે કે કોઈપણ ગ્રુપ કે મંડળ માટે ૨૫ જેટલા વર્ષની મંજિલ નાની સૂની ન કહેવાય.

### ગ્રુપની હલચલ તરફ એક નજર :

★ પ્રતિમાસ ગ્રુપના કોઈપણ એક સભ્યને ત્યાં બધા મળતા હોય.

★ અવનવા નાસ્તાની ઉજાણી સાથે સાથે કર્ણાવતી શહેર, સભ્યના પરિવાર, સમાજ અને સમગ્ર રાષ્ટ્રની ગતિવિધિની સૌ ચર્ચા કરીને જાણકારી મેળવે.

★ તેમના ગ્રુપના દરેક સભ્યોના માધ્યમથી સમગ્ર પરિવારજનો પરસ્પર આત્મીયતાના ભાવ સાથે નજીક આવે અને પરિચય કેળવે.

★ તેવા સંજોગોમાં ગ્રુપના સભ્ય પરિવારજનો વચ્ચે સગપણ - લગ્નના સંબંધો બંધાય.

★ સારા-નરસા પ્રસંગે દરેક જણ સંયુક્ત રીતે ઉપસ્થિત રહે અને પ્રસંગને અનુરૂપ કામગીરીમાં મદદકર્તા બને.

★ સાથે મળીને આનંદ પ્રમોદ કરતા હોય.

★ વર્ષમાં ૩-૪ વખત બહારના કોઈ સ્થળે જઈને પિકનિકની મજા માણે.

★ બધા સભ્યોએ રજતજયંતી વર્ષની શાનદાર રીતે ઉજવણી કરી અને તેની યાદગીરીના પ્રતીક રૂપે ટોકન ભેટ અપાઈ.

★ ૨૫ વર્ષ દરમ્યાન સ્નેહમિલન (કિટી પાર્ટી)ના રૂપમાં ઉપરોક્ત મહિલા ગ્રુપ પોતાના સભ્યોના વિવિધ સ્થાનોએ રેકોર્ડ બ્રેક લગભગ ૩૦૦ વખત મળ્યા.

ઉપરોક્ત ગ્રુપના સભ્યો હંમેશાં આનંદ-પ્રમોદ સાથે સંયુક્ત રહે તેવી શુભેચ્છા.

*(ગ્રુપની નોંધના આધારે)*

## સિધ્ધિ હાંસલ કરનારી મહિલાઓને સન્માનિત કરાઈ

આજની ૨૧મી સદીમાં અબળા નારી સબળા બની છે. એજ્યુકેશન અને પોતાની અંદરની ક્રિએટિવિટીને પૂરતો અવકાશ આપનારી સ્ત્રીઓ પુરુષોના આધિપત્યવાળા વિવિધ ક્ષેત્રોમાં મહારથ મેળવી પુરુષ સમોવડી બની છે. ત્યારે ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ (ફિક્કી) દ્વારા ૧૪ મહિલાઓને સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બોલીવુડ અભિનેત્રી જુહી ચાવલા અને બિઝનેસ વુમન સોનલ અંબાણીએ ખાસ હાજરી આપી હતી.

રમતગમત, સાંસ્કૃતિક બાબતો (નાટ્ય, સંગીત, નૃત્ય), બિઝનેસ આંત્રપ્રિન્યોરશીપ, પ્રોફેશન એક્સેલન્સ, હાઈ ફેશન, કલા અને સાહિત્ય, શિક્ષણ, મીડિયા જેવા વિવિધ ક્ષેત્રોમાં અસામાન્ય સિધ્ધિઓ હાંસલ કરનારી મહિલાઓને ઍવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ અંગે ફલો અમદાવાદ ચેપ્ટરના ચેરપર્સન રીતુ જૈન કહે છે કે આ વર્ષે અમે ફલો ઍવોર્ડને એક નવી જ ઊંચાઈએ લઈ જવાનો નિર્ણય કર્યો. જેથી અમે તેને જેની ખૂબ જ પ્રતીક્ષા થાય તેવો આઈકોનિક ઍવોર્ડર બનાવવા પ્રયાસ કર્યો છે. ઍવોર્ડની થીમ 'વિમેન ઑફ ધ ઈન્ફિનીટ પોસિબીલીટીઝ' રાખવામાં આવી હતી. ઍવોર્ડની સાથે ફ્લોટ્સના નામે ઓળખાતી તાંબા - પિત્તળની સુંદર કમળનો આકાર ધરાવતી અને કપરા તથા કાદવવાળા વાતાવરણમાં વિકસતા કમળને પ્રતિકાત્મક રીતે સાકાર કરતી ટ્રોફી પણ એનાયત કરાઈ હતી.

### કઈ મહિલાને કયો ઍવોર્ડ મળ્યો

| | એવોર્ડનું નામ | મહિલાનું નામ |
|---|---|---|
| ૧. | સ્પોર્ટસ આઈકોન ઍવોર્ડ | મધુ બાગરીની |
| ૨. | સ્પોર્ટસ શાઈનિંગ ઍવોર્ડ | આશના શાહ |
| ૩. | સંભવ પ્રાઈડ ઍવોર્ડ | મનીષા લોવે |
| ૪. | પ્રોફેશનાલિઝમ ઍવોર્ડ | પાઈલોટ કરિશ્મા ભલ્લા |
| ૫. | આંત્રપ્રિન્યોરશીપ એક્સલેન્ટ ઍવોર્ડ | ગોરસી પારેખ |
| ૬. | ઈનોવેશન એન્ડ બિઝનેસ ક્રિએટીવીટી ઍવોર્ડ | વંદના રાજ |
| ૭. | એક્સેલન્સ ઈન એજ્યુકેશન ઍવોર્ડ | રેનીતા હાંડા |
| ૮. | એક્સેલન્સ ઇન લીટરેચર ઍવોર્ડ | રક્ષા ભારડિયા |
| ૯. | એક્સેલન્સ ઈન મ્યુઝિક ઍવોર્ડ | અમિતા દલાલ |
| ૧૦. | રાઈઝીંગ ફેશનિસ્ટ ઍવોર્ડ | શિલ્પા ચોક્સી |
| ૧૧. | ડ્રેસ ડિઝાઈનર ઍવોર્ડ | અનુરાધા વકીલ |
| ૧૨. | ગ્રાસરૂપ વિમેન એમ્પાવરમેન્ટ ઍવોર્ડ | સ્નેહલ જલદીપ |
| ૧૩. | મીડિયા એન્ડ કોમ્યુનિકેશન ઍવોર્ડ | આશ્કા ગોરડિયા |
| ૧૪. | વિમેન વેલફેર એન્ડ એમ્પાવરમેન્ટ | અનાર પટેલ |

## મેગેઝીન ક્લબની ત્રીજી વાર્ષિક મીટિંગ

### બાળ ઘડતર થકી વિશ્વશાંતિના માર્ગે ચાલતા અભિયાનને સામયિકોમાં આવરી લેવું જોઈએ...

***– હસમુખભાઈ પટેલ***

મેગેઝીન ક્લબની ત્રીજી વાર્ષિક મીટિંગ તા. ૨૬-૪-૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે નવજીવન પ્રેસના કર્મ કાફેમાં મળી હતી. ક્લબના પ્રમુખ શ્રી પી.કે. લહેરીએ મીટિંગના પ્રમુખસ્થાનેથી જણાવ્યું

*પ્રકાશ ફેલાવવાના બે રસ્તા છે – કાં તો દીવડો બનો કાં દર્પણ બનો.*

હતું કે, આપણા આ મંડળ દ્વારા જ્યાં ખોટું ચાલતું હોય ત્યાં મક્કપણે લડત આપીને પ્રશ્ન, સમસ્યાનો ઉકેલ લાવવાનું ધ્યેય રાખે છે. શરૂઆતમાં રજૂઆત, સમજુતી અને જરૂર પડે કાયદાનો સહારો પણ લેવો. આર.એન.આઈ., પોસ્ટલ ડિપાર્ટમેન્ટ (જી.પી.ઓ.) અને ડાયરેક્ટોરેટ ઑફ ઈન્ફર્મેશન કમિશનર જેવા વિભાગો સમસ્યાના સમાધાન માટેના જ હોવા છતાં સામયિકોને વિવિધ પ્રકારે અડચણો અને મુશ્કેલીઓ ભોગવવી પડે છે. આ અંગે પણ ક્લબ દ્વારા રજૂઆતો થાય છે. માત્ર સમસ્યાઓનું સમાધાન કરવાનું નથી. પરંતુ બીજા પ્રશ્નો પણ ઉકેલવામાં આવે છે. જેવા કે ડી.ટી.પી., પ્રૂફ રીડિંગ, પ્રિન્ટીંગ ટેકનોલોજીમાં ઈ-મેગેઝિન કરવા અંગે પણ ક્લબે વિચાર્યું છે. ઉપરાંત સાંપ્રત સમસ્યાના લેખો જે તે વિષયના તજજ્ઞો પાસે તૈયાર કરાવી જે તે વિષયના મેગેઝિનને આ લેખો મોકલવાની વ્યવસ્થા ઊભી થવી જોઈએ.

બાળકોમાં બાળપણથી જ જીવનમૂલ્યોનું ઘડતર થાય અને બાળકોમાં આક્રમકતા ઘટાડવા તેમજ આત્મહત્યા અટકાવવાનો વિચાર અભિયાન ચલાવતા આ બેઠકના મુખ્ય મહેમાન એવા આઈ.પી.એસ. પોલીસ અધિકારીશ્રી હસમુખભાઈ પટેલે “બાળ ઘડતર થકી વિશ્વશાંતિ”ના અભિયાનની વાત કરતા જણાવ્યું કે બાળકના ઘડતરમાં મા-બાપ અને શિક્ષકો આગવી ભૂમિકા અદા કરતા હોય છે. બાળકોમાં શું તકલીફ છે? તેની ખબર શિક્ષક, આચાર્ય કે માતા-પિતાને હોતી નથી, પડતી નથી. તેથી બાળકોને સજા - શિક્ષા કરવામાં આવે છે. બાળપણમાં મેળવેલા સંસ્કારો બાળકો મોટા થઈને સમાજને પાછા આપે છે. ધર્મનિરપેક્ષતાવાળા વાતાવરણમાં ઉછરેલ બાળક મોટપણે ધર્મનિરપેક્ષ સંસ્કારોનું વાતાવરણ સર્જન કરે છે. તેમણે ગાંધીજીના બાળપણમાંના પ્રસંગો ટાંકતા જણાવ્યું કે બચપણમાં રંભાએ આપેલ રામનામનું રટણ ગાંધીજીના સમગ્ર જીવન સાથે વણાયેલ રહ્યું. રામરાજ્યનું તેમનું સ્વપ્ન અને અંતિમ શબ્દ ‘હે રામ!’ કઠોર ઉપવાસી માતા, ચોરી કબુલાત ટાણે પિતાજીની આંખમાંથી સરી પડતા અશ્રુબિંદુઓ, સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર નાટકે ગાંધીજીને સત્યપથ પર ચાલનાર નીડર, અહિંસક, અસહકાર આંદોલનના પૂજારી બનાવ્યા. અબ્દુલ કલામે પણ બાળપણથી જ અવકાશ વિજ્ઞાની બનવાનું સ્વપ્ન જોયું હતું. તેમ બાળકોને પણ સ્વપ્ન જોવા માટે જાગૃત કરવા જોઈએ. મનુભાઈ પંચોળી ‘દર્શક’એ તો બાળકોને વિશ્વશાંતિની ગુરૂચાવી લેખાવ્યા છે.

બાળકો આત્મહત્યાના પ્રયાસો કરે છે. બાળકો પણ આત્મહત્યા અંગે વિચારે છે. બાળ આત્મહત્યા અટકાવવા અભિયાન ચલાવવું જોઈએ. બાળકોમાં શું તકલીફ છે? તેની ખબર માતા-પિતા, શિક્ષક કે આચાર્યને હોતી નથી. તેથી બાળકોને સજા કરવામાં આવે છે. આજે બાળકો માટે દેશમાં કાઉન્સેલરોની ખૂબ જ જરૂર છે. સરકારના કુટુંબ સહાય કેન્દ્રો પર લાઈનો લાગે છે ત્યારે ખબર પડે છે કે કાયદાની આંટીઘૂંટીમાં પડવું કોઈને ગમતું નથી. પરંતુ આપમેળે સમજુતિથી નીવેડો આવે તે જરૂરી છે. બાળ ઘડતરના આ અભિયાનમાં વધુને વધુ સ્વયંસેવકો જોડાય તે માટે તેમણે અપીલ કરી વિચારોના પ્રચાર-પ્રસાર માટે ચાલતા મેગેઝિનોનો આભાર માન્યો હતો.

નવજીવન પ્રેસના મેનેજિંગ ટ્રસ્ટી અને નવજીવનનો અક્ષરદેહના તંત્રીશ્રી વિવેક દેસાઈએ કર્મ કાફે અને સત્ય આર્ટ ગેલેરીના વિચાર અંગે જણાવ્યું કે, નવજીવનનું નામ તો ખૂબ જાણીતું છે પરંતુ લોકો નવજીવનને જુએ, અહીં પ્રેસમાં આવે, પુસ્તકો ખરીદે, ઘણા મોંઘા પુસ્તકો છે જે લોકો ખરીદી શકતા નથી તો અહીં બેસીને તેનો અભ્યાસ કરી શકે તેવા ઉદ્દેશથી નવી યુવાપેઢીને ગાંધીજીના વિચારમૂલ્યો તરફ આકર્ષવા માટેના એક પ્રયાસ રૂપે આ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. ગાંધીજીએ યુવાનો અને લોકો વચ્ચે સેતુ બનવાનું કામ કર્યું છે. શનિવાર અને રવિવારે કાફેમાં ગાંધી થાળી જમાડવામાં આવે છે. બાકી મંગળવારથી શુક્રવાર આખો દિવસ અભ્યાસ કરનાર માટે ચા-નાસ્તાની પણ વ્યવસ્થા ગોઠવી છે. મ્યુઝિયમમાં ગાંધીજી જે પ્રિન્ટીંગ મશીનથી હરિજન અને નવજીવન છાપતા હતા તેમજ મહાદેવભાઈ દેસાઈ જેના પર ટાઈપ કરતા હતા તે ટાઈપરાઈટર મશીન મુકાયા છે. લોકો જ્યારે જોવા આવે છે અને ગદ્‌ગદિત થઈને મશીનને દંડવત્ પ્રણામ કરે છે ત્યારે તે જોઈને આ પ્રયાસ કર્યાનો સંતોષ થાય છે. જાગૃત જનના તંત્રી શ્રી અશોક દામાણી બાળધનને ભારતનું ભવિષ્ય માનીને બાળકના ઘડતર માટે વિવિધ શાળાઓમાં જઈને ગાંધીજીના જીવન પ્રેરક પ્રસંગોનું વર્ણન કરતા હોય છે.

સરદાર જ્યોતના તંત્રી અને મેગેઝિન ક્લબના મંત્રી ભીમજીભાઈ નાકરાણીએ પ્રાસંગિક અને આવકાર ઉદ્‌બોધન કરતા જણાવ્યું કે, સામયિકોએ સમાજની અંદર ઘટતી ઘણી સારી ઘટનાઓ છે તે પોઝિટિવ ન્યુઝ લોકો સુધી પહોંચાડવા જોઈએ. મેગેઝિનના પોસ્ટિંગના પ્રશ્નો, રજિસ્ટ્રેશનના પ્રશ્નો અને મેગેઝિનના થપ્પાઓ રેલવે સ્ટેશન ઉપર જ પડી રહે છે એટલે કે શોર્ટિંગના પ્રશ્નો અંગે જણાવી મેગેઝિન ક્લબ જે પ્રયત્ન કરી રહ્યું છે તેની ચર્ચા કરી હતી અને સૌ સભ્યોને આવકાર્યા હતા.

સામયિકોને ડી.ટી.પી. અને પ્રુફ રીડિંગની પડતી મુશ્કેલીઓ અંગે જણાવી ક્લબના ઉપપ્રમુખ અને ‘મંગલ મંદિર’ના તંત્રીશ્રી અશોકભાઈ મહેતાએ જણાવ્યું કે સમાજ ઘડતરની વાત મુખ્ય છે અને તે વાત તો આપણા મેગેઝિન દ્વારા ફેલાવી જોઈએ. સાચી માહિતી જનતા સુધી પહોંચવી જોઈએ.

***અહેવાલ : કિરણ ચાંપાનેરી ‘સેતુ’, ડૉ. કિશોર સાધુ***

**તપ કરે તે તપસ્વી પણ તપ કર્યા પછી લપસી પડે તે લપસ્વી. લપસ્વીઓ સમાજમાં ઠેરઠેર જોવા મળે છે....**

*– અજ્ઞાત*

***અજ્ઞાની માણસ, જે ન સમજાય તેના હંમેશાં વખાણ કરતો હોય છે.***

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

★ **ચીનમાં છત્રી :** ચીનમાં છત્રી દુઃખ અને પરાજયનું પ્રતીક મનાય છે. એટલે કોઈને ભૂલથી છત્રી ભેટ આપવામાં આવે, તે મોટો અવિવેક ગણાય છે. ***(ચિત્રલેખા, તા. ૧૬-૩-૨૦૧૫)***

★ **'ગુગલ' કંપનીમાં બકરા :** વિશ્વની સૌથી મોટી ઈન્ટરનેટ કંપની 'ગુગલે' પોતાને ત્યાં ૨૦૦ બકરાઓને નોકરીએ રાખ્યા છે! આ બકરાઓનું કામ ગુગલ કેમ્પસમાં ઊગેલા ઘાસને સફાચટ કરવાનું છે. ***(સાધના, તા. ૭-૩-૨૦૧૫)***

★ **ચીનમાં બળજબરી :** ચીનની સરકારે તેમના જિનજિયાંગ પ્રાંતમાં મોટી સંખ્યામાં મસ્જિદોના ઈમામોને જાહેર માર્ગો પર ઉતારી બળજબરીપૂર્વક નૃત્ય - ડાન્સ કરાવ્યો. એટલું જ નહીં પણ તેમની પાસે જાહેરમાં શપથ લેવડાવ્યા કે તેઓ મુસ્લિમ બાળકોને ધર્મનું શિક્ષણ આપવાને બદલે એવું શીખવશે કે દુવા કરવાથી આત્માને દુઃખ થાય છે. આ ઘટનાના પ્રત્યાઘાતરૂપે પાકિસ્તાનના કટ્ટરવાદી મુસ્લિમોએ (ચીનમાં તો તેઓ કશું કરી શકે નહીં) ૬ હિંદુઓની હત્યા કરી! ***(સાધના, તા. ૧૪-૩-૨૦૧૫)***

★ **ઈજીપ્તમાં આંતરિક સુરક્ષા અર્થે :** ઈજીપ્ત સરકારના ધાર્મિક બાબતોના મંત્રાલયે દેશની આંતરિક સુરક્ષા અર્થે પડકારરૂપ બનેલી ત્યાંની ૨૭૦૦૦ જેટલી મસ્જિદોને બંધ કરી દેવાનો હુકમ કર્યો છે. ***(સાધના, તા. ૧૪-૩-૨૦૧૫)***

★ **સેલફોન જેવા ઉપકરણોથી બહેરાશ :** વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) એ લોકોને પોતાના સેલફોન સહિતના ઑડિયો ઉપકરણોનો ઉપયોગ ઓછો કરવા અનુરોધ કરેલ છે. એના વધારે ઉપયોગથી બહેરાપણું આવવાનો ખતરો છે. ***(સાધના, તા. ૧૪-૩-૨૦૧૫)***

★ **બાંગ્લાદેશમાં સરસ્વતી પૂજા :** ઈસ્લામિક રીપબ્લિક ઑફ બાંગ્લાદેશની સંસદમાં તા. ૨૫-૧-૨૦૧૫ના રોજ સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિપૂર્વક સરસ્વતી પૂજા કરવામાં આવી હતી. ***(સાધના, તા. ૨૧-૩-૨૦૧૫)***

★ **ગર્ભસ્થ બાળકને ઇમોશનલ - અનુભવ :** અમેરિકાની હાર્વર્ડ મેડિકલ સ્કૂલના રિસર્ચરોનું કહેવું છે કે ગર્ભસ્થ બાળક સાથે વાતો કરવી, પેટ પર હાથ ફેરવી તેને ગીતો ગાઈને સંભળાવવા વગેરે કરવાથી બાળકના વિકસી રહેલા બ્રેઈનને ખૂબ ફાયદો થાય છે. ગર્ભમાંના બાળક સાથે આવો ઈમોશનલ સંબંધના અનુભવના કારણે તેઓ જનમતાંની સાથે જ અમુક પ્રકારના શબ્દો અને ચેષ્ટાઓને ઓળખવા લાગે છે. ***(સાધના, તા. ૨૧-૩-૨૦૧૫)***

★ **ક્ષુલ્લક બાબતે પતિની પોતાની પત્ની સામે અરજી :** ૨૦ વર્ષના લગ્નજીવન બાદ પત્ની દર પંદર દિવસે ખીચડી બનાવે છે એ કારણસર છૂટાછેડા માંગનાર પતિને મુંબઈની ફેમિલી કોર્ટે ના પાડીને આવી ક્ષુલ્લક બાબતે અરજી કરનાર પતિ, રૂા. પચ્ચીસ હજાર તેની પત્નીને આપે એવો હુકમ કર્યો. ***(વિવેકપંથી, માર્ચ ૨૦૧૫)***

★ **મિલોના કામદારોની લેણી રકમ બાબત :** વર્ષોથી અમદાવાદની બંધ પડેલી ૧૮ મિલોના ૪૬,૧૯૪ કામદારોને રૂા. ૨૮૫.૮૫ કરોડ આજ દિવસ સુધી ચૂકવાયા નથી. ***(ગુજરાત ટુડે, તા. ૨૬-૨-૨૦૧૫)***

★ **દિલ્હીમાં જાતીય અપરાધોની સંખ્યા :** દિલ્હી હાઈકોર્ટના અનુરોધથી દિલ્હી પોલીસે કરેલા સર્વેમાં જણાયું કે જાન્યુઆરીથી સપ્ટેમ્બર ૨૦૧૪ના નવ મહિનાના ગાળામાં પોલીસ સમક્ષ જાતીય અપરાધોની ૨૨૭૬ ફરિયાદો આવી. એમાંથી ૧૩૭૫ (૬૦ ટકા) દુષ્કર્મની ઘટના ઘરની અંદર બની હતી. ૩૯૨ ઘટનાઓમાં નજીકના સગાંઓ સંડોવાયેલા હતા. કુલ ઘટનાઓમાંથી માત્ર ૨૨ ટકામાં બહારના અજાણ્યા લોકો સંડોવાયેલા હતા. યાદ રહે કે આ તો માત્ર પોલીસ ચોપડે નોંધાયેલી ઘટનાઓના આંકડા છે. ખરેખર ન નોંધાયેલી ઘટનાઓ આનાથી અનેકગણી વધારે હોવાનો સંભવ છે. ***(નયા માર્ગ, તા. ૧૬-૩-૨૦૧૫)***

★ **સૌંદર્ય પ્રસાધનો વાપરવા સામે ચેતવણી :** UNO (યુનો)ની WHO સંસ્થાએ ઉજળાપણા માટે વપરાતા ક્રીમ, સાબુ, લોશન, શેમ્પુ જેવા સૌંદર્ય પ્રસાધનો સામે ચેતવણી આપતાં જણાવેલ છે કે આ સાધનોમાં પારો (મરક્યુરી) વપરાય છે, જે માનવ આરોગ્ય માટે જોખમી છે. એનાથી કિડનીને નુકસાન પહોંચે છે. ***(નયા માર્ગ, તા. ૧૬-૩-૨૦૧૫)***

*વ્યક્તિ એ ક્યારે પણ વિચારે છે કે પ્રકૃતિએ એને બોલવા માટે કેમ એક જીભ આપી છે અને સાંભળવા માટે બે કાન. સમજદારની વ્યાખ્યા એ છે કે તે એક શબ્દ બોલે અને બે શબ્દ સાંભળે.*

Prakash®
**PRAKASH METAL CRAFT PVT. LTD.**
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
MFG. ST. STEEL UTENSILS

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)*

★ **ATM કાર્ડ સાથે અપહરણ :**

જો તમારૂં ATM કાર્ડ સાથે અપહરણ થઈ જાય તો અપહરણ કરનારનો વિરોધ ન કરશો. અપહરણ કરનારની ઈચ્છાનુસાર ATM કાર્ડ ATM મશીનમાં નાંખો.

તમારો પાસવર્ડ જ્યારે મશીનમાં નાખો ત્યારે તે પાસવર્ડ ઊલટો નાખો. જેમકે તમારો પાસવર્ડ ૧-૨-૩-૪ હોય તો તેના બદલે ૪-૩-૨-૧ એન્ટર કરો.

આવું કરવાથી ATM મશીનની સિસ્ટમ સમજી જશે કે તમે મુશ્કેલીમાં છો. પૈસા અડધા જ નીકળશે. કાર્ડ ATM મશીનમાં ફસાઈ જશે. ATM મશીન નજદીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરી દેશે અને ATM દરવાજો ઓટોમેટીક બંધ થઈ જશે. તમો અપહરણ કરનારથી સુરક્ષિત થઈ જશો.

ATM મશીનમાં પહેલેથી જ સુરક્ષા માટે આ મિકેનિઝમ છે. પણ ઘણાં ઓછા લોકોને તેની જાણકારી છે.

★ **માત્ર ૧૯ જ દિવસનો મહિનો :**

ઈ.સ. ૧૭૫૨માં ઈંગ્લેન્ડે રોમન જુલિયન કેલેન્ડરમાંથી ગ્રેગોરિયન પંચાંગ અપનાવ્યું. રોમન જુલિયન કેલેન્ડર ગ્રેગોરિયન પંચાંગથી ૧૧ દિવસ લાંબું હતું. તેથી ઈંગ્લેન્ડના રાજાએ ફરમાન કર્યું કે સપ્ટેમ્બર ૧૭૫૨ના માસમાંથી ૧૧ દિવસ કાઢી નાખો. તેથી સપ્ટેમ્બર માસમાં ૨જી તારીખ પછી ૧૪ તારીખ મૂકીને ૧૧ દિવસ ઓછા કરવામાં આવ્યા. ૧૧ દિવસ ઓછા હોવા છતાં દરેકને પૂરા મહિનાનો પગાર આપવામાં આવ્યો હતો. તેથી લોકો આ રજા માટે કહેવા લાગ્યા "પેઈડ લીવ વોઝ બોર્ન હેઈલ ધી કિંગ." રોમન જુલિયન પંચાંગમાં પહેલો મહિનો એપ્રિલ મહિનો હતો અને ગ્રેગોરિયન પંચાંગમાં પહેલો મહિનો જાન્યુઆરી મહિનો હતો. તેથી લોકો નવું વરસ એપ્રિલ મહિનામાં ઉજવતા હતા. આથી રાજાએ ફરમાન - રોયલ ડીક્ટમ કાઢીને હુકમ કર્યો કે જે એપ્રિલને નવા વરસ તરીકે ઉજવશે તેને 'ફૂલ' (મૂર્ખ)નું લેબલ લગાડવામાં આવશે અને ત્યારથી એપ્રિલ માસની પહેલી તારીખથી 'APRIL FOOL DAY' શરૂ થયું.

★ **અંગ્રેજી સંખ્યાનું અવનવું :**

- ૧ થી ૯૯ સુધીના સ્પેલિંગમાં ક્યાંય a, b, c, d આલ્ફાબેટનો ઉપયોગ થતો નથી.
- 'd'નો ઉપયોગ પહેલીવાર Hundred – 100 માં થાય છે.
- ૧ થી ૯૯૯ સુધી ક્યાંય પણ સ્પેલિંગમાં 'a, b, c' નો ઉપયોગ નથી થતો.
- A નો પ્રથમવાર પ્રયોગ THOUSAND માં થાય છે.
- ૧ થી ૯૯૯ ૯૯૯ ૯૯૯ સુધી સ્પેલિંગમાં ક્યાંય 'b, c' નો ઉપયોગ થતો નથી.
- 'b'નો પહેલીવાર ઉપયોગ 'BILLION' - સો કરોડમાં થાય છે.
- 'c'નો ઉપયોગ ઇંગ્લીશ કાઉન્ટિંગમાં ક્યાંય પણ થતો નથી.

★ **શૂન્યનું મહત્ત્વ**

૧ની પાછળ શૂન્ય ઉમેરતાં બનતી સંખ્યાઓ :

| | |
|---|---|
| ૧૦ | દસ |
| ૧૦૦ | સો |
| ૧,૦૦૦ | હજાર |
| ૧૦,૦૦૦ | દસ હજાર |
| ૧,૦૦,૦૦૦ | લાખ |
| ૧૦,૦૦,૦૦૦ | દસ લાખ |
| ૧,૦૦,૦૦,૦૦૦ | કરોડ |
| ૧૦,૦૦,૦૦,૦૦૦ | દસ કરોડ |
| ૧,૦૦,૦૦,૦૦,૦૦૦ | અબજ |
| ૧૦,૦૦,૦૦,૦૦,૦૦૦ | દસ અબજ |
| ૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ | ખર્વ |
| ૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ | નિખર્વ |
| ૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ | પદમ |
| ૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ | મહાપદમ |
| ૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ | શંકુ |
| ૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ | જબાધિ શંકુ |
| ૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ | અંત્ય |
| ૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ | મંધ્ય |
| ૧ ઓગણીસ સૂન્ય | પરાર્ધ |
| ૧ વીસ શૂન્ય | મહાપરાર્ધ |
| ૧ એકવીસ શૂન્ય | ધુન |
| ૧ બાવીસ શૂન્ય | મહાધુન |
| ૧ ત્રેવીસ શૂન્ય | અક્ષોહિની |
| ૧ ચોવીસ શૂન્ય | મહા અક્ષોહિની |

★ **જે પૂજામાં પ્રેમ ન હોય એ પૂજા નથી. માત્ર વિધિવિધાન છે...** – *મોરારીબાપુ*

★ **એક મિનિટમાં જિંદગી બદલાતી નથી, પરંતુ એક મિનિટ વિચારીને લેવામાં આવેલો નિર્ણય સમગ્ર જીવન બદલી શકે છે.**

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

## NanoNine™ શબ્દ રમત-૧૦૫

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ■ | ૬ | | ■ |
| ૭ | ■ | ■ | ૮ | | ૯ | ■ | ૧૦ | ૧૧ | | ■ | ૧૨ |
| ૧૩ | ૧૪ | ૧૫ | | ■ | ૧૬ | ૧૭ | | | ■ | ૧૮ | |
| ■ | ૧૯ | | ■ | ૨૦ | | | ■ | ૨૧ | ૨૨ | | ■ |
| ૨૩ | ■ | ૨૪ | ૨૫ | ■ | | ■ | ૨૬ | ■ | ૨૭ | | ૨૮ |
| ૨૯ | | ■ | ૩૦ | ૩૧ | ■ | ૩૨ | | ૩૩ | | ■ | |
| | ■ | ૩૪ | | | | ■ | ૩૫ | | ■ | ૩૬ | |
| ૩૭ | ૩૮ | | ■ | | ■ | ૩૯ | ■ | ૪૦ | ૪૧ | ■ | |
| ■ | ૪૨ | | ૪૩ | ■ | ૪૪ | | | ■ | ૪૫ | ૪૬ | ■ |
| ૪૭ | | ■ | ૪૮ | ૪૯ | | | ■ | ૫૦ | | | ૫૧ |
| | ■ | ૫૨ | | | ■ | ૫૩ | ૫૪ | | ■ | ■ | |
| ■ | ૫૫ | | ■ | ૫૬ | | ■ | ૫૭ | | | | ■ |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૧-૫-૨૦૧૫)*

### આડી ચાવીઓ

૧. કેરીનો રસ (૪)
૨. ______ ગયા ને લીસોટા રહ્યા (૨)
૬. ઈતની ______ હમેં દેના દાતા (૨)
૮. દમવું, પીડવું તે (૩)
૧૦. રૂપાનું (૩)
૧૩. પારકું, સંબંધી નહીં એવું (૪)
૧૬. વનમાં રહેવું તે (૪)
૧૮. ______ પેટ કા સવાલ (૨)
૧૯. શરીર, દેહ (૨)
૨૦. ઘાટ, આકૃતિ (૩)
૨૧. કૂદકો, છલાંગ (૩)
૨૪. ચા ______ રકાબીમાં પીવાય (૨)
૨૭. પાકો રસ્તો (૩)
૨૯. નાશ પામેલું, પાયમાલ (૨)
૩૦. એક વિદેશી દારૂ (૨)
૩૨. કારીગરી, કસબ (૪)
૩૪. આવક, પેદાશ (ફા) (૪)
૩૫. પરવાનગી (૨)
૩૬. દીકરી ને ______ દોરે ત્યાં જાય (૨)
૩૭. શહેર (૩)
૪૦. પીડા, ઉપાધિ (૨)
૪૨. લખેલું ભૂંસવા માટેનો પદાર્થ (૩)
૪૪. ઊનું, ઉષ્ણ (૩)
૪૫. રાજન, રાજા (૨)
૪૭. નવ ______ના નમસ્કાર (૨)
૪૮. સુરક્ષિત (૪)
૫૦. ભેંસ આગળ ______ (૪)
૫૨. સત્તા, અધિકાર (૩)
૫૩. કેડ, કટિ (ફા.) (૩)
૫૫. આવ્યા છો તો ______ને જજો (૨)
૫૬. ______ તે સૌને ગમે (૨)
૫૭. હેતુ, આશય (૪)

### ઊભી ચાવીઓ

૨. દાંત (૩)
૩. કસમ, સોગંદ (૨)
૫. તમા, દરકાર (૩)
૬. સો, ૧૦૦ (૨)
૭. પિત્તા (૨)
૯. જૈનોનો એક પવિત્ર મંત્ર (૪)
૧૧. એક ધાતુ (૩)
૧૨. કોઈની ______ કોઈના માથે (૨)
૧૪. લીન, આસક્ત (૨)
૧૫. સીતાના પિતા (૩)
૧૭. સંતોષી ______ સદા સુખી (૨)
૧૮. ______ તોડ પહેલવાન (૩)
૨૨. લસતું હોય એમ (૩)
૨૩. કેસર (૪)
૨૫. ઉત્તમ (૩)
૨૬. કબૂલાત, ઠરાવ (૩)
૨૮. લશ્કરી તાલીમ, પરેડ (૪)
૩૧. હિંમતે મર્દા તો ______ ખુદા (૩)
૩૩. તાકાત, હિંમત (૩)
૩૪. અરબસ્તાનનો વતની (૩)
૩૮. ખપ, સ્વાર્થ (૩)
૩૯. વિક્રમ સંવતનો પહેલો મહિનો (૪)
૪૧. ફૂલમાંની રજ (૩)
૪૩. રીત, રિવાજ (૩)
૪૪. કમ ખાના, ______ ખાના, નમ જાના (૨)
૪૬. એક ધાન્ય (૨)
૪૭. ઉડતી વાત, અફવા (૨)
૪૯. લાડ લડાવવા તે (૩)
૫૦. ______ હમકો જાન સે પ્યારા હૈ (૩)
૫૧. અનુમાન, કલ્પના (૨)
૫૨. અમૃત (૨)
૫૪. બાળભાષામાં ખાવાનું (૨)

### ☺ સંસ્કારી વહુ

લગ્નના મંડપમાં કન્યાને સતત નીચું ઝુકાવીને બે હાથ જોડીને બેઠેલી જોતાં એક માજી બોલી ઊઠ્યા : 'વહુ કેટલી સુશીલ અને સંસ્કારી છે! ક્યારની નજરો નીચે રાખીને બેઠી છે. એક કલાકમાં એકવાર પણ ઊંચે જોયું નથી...!'

પાછળથી અવાજ આવ્યો : 'માજી, કન્યા વૉટ્સ-ઍપ પર ઓનલાઈન છે.'

*આપણને સજા કરવાનું મન થાય ત્યારે દેવો આપણી પ્રાર્થના સાંભળે છે.*

## NanoNine™ શબ્દ રમત-૧૦૪નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધી | | ના | ખુ | શ | | ન | | ના | મ | ના | |
| ર | મ | | શ | ર | | મ | દા | ર | | ક | દ |
| જ | ગ | ત | | ત | પ | ન | | | શ | | યા |
| | જ | ન | મ | | રી | | ર | ળ | ત | ર | |
| મ | | ય | મ | લ | | પ | દ | | મા | | જા |
| ત | મા | | ત | પ | ખી | ર | | | ન | ય | ન |
| લ | ગ | ન | | | ચ | બ | રા | ક | | દા | વ |
| બી | | વ | | ના | ડી | | મ | થ | ક | | ર |
| | ગ | ની | મ | ત | | જા | | ન | મા | જ | |
| રા | | ત | | | રો | ન | ક | | ન | ર | મ |
| વ | પા | | મા | લી | શ | | લા | ત | | ઠ | ગ |
| | પ | ત | ન | | ન | | પી | પ | ળી | | ન |

***માસ માર્ચ-૨૦૧૫ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૦૩ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ***

૧. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૨. હસમુખ દામજી દેઢિયા - અડાલજ
૩. સરોજ અનુપ ચંદુરા - સુરત
૪. શાંતિલાલ વ. શાહ - અમદાવાદ
૫. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ
૬. ચંદ્રાબેન એમ. શાહ - ભટ્ઠા, અમદાવાદ
૭. ચંદ્રાબેન એમ. મહેન્દ્ર - સેટેલાઈટ, અમદાવાદ
૮. વર્ષા આર. પારેખ - અમદાવાદ
૯. સ્મિતા શાહ - અમદાવાદ
૧૦. ભાનુ જે. શાહ - અમદાવાદ
૧૧. અલકા એ. શાહ - અમદાવાદ
૧૨. દીપા પરીખ - અમદાવાદ
૧૩. નવીન લાલચંદ સંઘવી - અમદાવાદ
૧૪. અજિત મ. મહેતા - અમદાવાદ
૧૫. ઝરણા હેમાંગ પારેખ - અમદાવાદ
૧૬. ધર્મિષ્ઠા એમ. શાહ - અમદાવાદ
૧૭. ગીતા વિનોદ મહેતા - અમદાવાદ
૧૮. કિશોર જે. શાહ - અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં ત્રણ વિજેતાના નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી છે.*

૧. શાંતિલાલ વ. શાહ - અમદાવાદ
૨. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ
૩. ભાનુબેન જે. શાહ - અમદાવાદ

***માર્ચ-૨૦૧૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૫૯ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ***

૧. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ
૨. સ્મિતા શાહ - અમદાવાદ
૩. ચંદ્રા મહેન્દ્ર શાહ - અમદાવાદ
૪. ઉષ્મા શાહ - અમદાવાદ
૫. રમેશ ઉમરશી સાવલા - અમદાવાદ
૬. ચંદ્રકાંત બી. મૈશેરી - અમદાવાદ
૭. નીલય દેવેશ દંડ - અમદાવાદ
૮. ઝરણા હેમાંગ પારેખ - અમદાવાદ
૯. અલકા શાહ - અમદાવાદ
૧૦. ગીતા વિનોદ મહેતા - અમદાવાદ
૧૧. દીપા પરીખ - અમદાવાદ
૧૨. જ્યોતિ લક્ષ્મીચંદ શાહ - અમદાવાદ
૧૩. આર્ના નૈનેષ વોરા - અમદાવાદ
૧૪. રેખા ભૂપેશ મહેતા - અમદાવાદ
૧૫. નીલીમા મુકુંદ શાહ - અમદાવાદ
૧૬. સાધના કે. શાહ - મુંબઈ
૧૭. સરોજ અનુપ ચંદુરા - સુરત
૧૮. હેમલતા નીલેશ મહેતા - સુરત
૧૯. જ્યોતિ સુરેશ પારેખ - સિકંદ્રાબાદ
૨૦. તારાચંદ ભવાનજી હેણિયા - હૈદ્રાબાદ
૨૧. સોનલ નરેન્દ્ર પોલડિયા - નાગપુર
૨૨. નગીન હંસરાજ શાહ - નાગપુર
૨૩. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૨૪. ચંદ્રિકા એ. શાહ - રાઉરકેલા
૨૫. હેમલતા હસમુખ દેઢિયા - અડાલજ
૨૬. ઉષા ભરત સંઘવી - ઓરિસ્સા
૨૭. લતા દિનેશ શાહ - પૂના

*ઉપર્યુક્ત જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતા નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી.*

**<u>વિજેતાઓ</u> :**

**(૧) આર્ના નૈનેશ મોમાયા - અમદાવાદ**
**(૨) નીલિમા મુકુંદ શાહ - અમદાવાદ**
**(૩) સોનલ નરેન્દ્ર પોલડિયા - નાગપુર**

*આંકડા જણાવે છે કે ૫૫ ભારતીય અબજપતિ રાષ્ટ્રીય ઉત્પાદનના (જીડીપીના) ૧૭ ટકા પર કાબુ ધરાવે છે, જ્યારે ચીનમાં ૧૧૫ અબજપતિ જીડીપીને માત્ર ૪ ટકા કંટ્રોલ કરે છે.*

## શારીરિક રીતે સુદ્રઢ બનો

*"સુદ્રઢ બનો. ગીતાનો અભ્યાસ કરતાં ફુટબોલ રમવાથી તમે સ્વર્ગથી વધારે નજીક થશો. આ શબ્દો આકરા છે પણ મારે તમને કહેવા પડે છે.*

*જો તમારા બાવડાં અને સ્નાયુઓ જરા વધારે મજબૂત હશે તો તમે ગીતા વધુ સારી રીતે સમજી શકશો."*

***– સ્વામી વિવેકાનંદ***

આપણા દેશમાં સાધુઓ, સંન્યાસીઓ, બાપુઓ, ધર્મગુરુઓ અને ઉપદેશકો આશરે દસેક લાખ જેટલા તો હશે.

જે શબ્દો સ્વામી વિવેકાનંદે કહ્યા છે તે શબ્દો પોતાના શિષ્યોને કે અનુયાયીઓને અથવા ભક્તોને કહેવાની હિંમત ઉપર જણાવેલા ધર્માચાર્યોમાંથી કોઈ એકાદમાં પણ છે ખરી?

જવાબ નિરાશાજનક છે. યુવાવર્ગ શારીરિક અથવા માનસિક રીતે કમજોર કેમ છે?

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

*મોટામાં મોટું મોજું પણ દરિયામાં ઝડપથી ખોવાઈ જાય છે.*

## NanoNine Sudoku

<u>શરતો</u> : (૧) ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ. (૨) ૧થી ૯ના આંકડા 3 X 3 ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

**સુડોકુના જવાબ મોકલનારાઓના નામ માટે જુઓ : પાના નં.-૬૪**

## પથદર્શિકા

★ જરૂરિયાતો તો ભિખારીનીય પૂરી થઈ જાય છે, જયારે ઈચ્છાઓ તો કરોડપતિનીય અધૂરી જ રહે છે.

★ ઈંટ અને ચૂનાથી તો માત્ર મકાન જ ઊભું થાય છે, ઘર તો બને છે સહુ વચ્ચેના સ્નેહ સંબંધોથી.

★ એક કલાકમાં ૫૦ ગાથા ગોખી રાખવી સહેલી છે પણ ૫૦ દિવસ પહેલા કોઈએ દીધેલી ગાળ ભૂલી જવી મુશ્કેલ છે.

★ સાચવવા પડે એ સંબંધો કદી સાચા નથી હોતા અને જો સંબંધો સાચા હોય તો એને સાચવવા નથી પડતા.

★ ઢગલાબંધ અનુકૂળતાઓ આપણી પાસે કદાચ નથી એ વાત જો સાચી છે તો સાથે એ વાત પણ એટલી જ સાચી છે કે ઢગલાબંધ પ્રતિકૂળતાઓ પણ આપણા લમણે ઝીંકાઈ નથી.

★ જીવનમાં એટલી બધી ભૂલો ના કરવી કે પેન્સિલ પહેલા રબ્બર ઘસાઈ જાય.

★ દુ:ખની તાકાત એના અસ્વીકારમાં છે. જ્યાં એનો સ્વીકાર થાય છે ત્યાં એની તાકાત તૂટી જાય છે.

## NanoNine Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૬૧ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૫-૨૦૧૫ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ જુલાઈ-૨૦૧૫ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૦૬૧

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૮ | | |
| ૫ | | | | | ૧ | | ૯ | ૨ |
| | | ૪ | ૨ | | ૩ | | | |
| ૪ | | ૧ | | ૨ | | | | |
| ૩ | | | ૬ | | ૮ | | | ૫ |
| | | | | ૧ | | ૭ | | ૬ |
| | | | ૧ | | ૪ | ૬ | | |
| ૬ | ૨ | | ૫ | | | | | ૪ |
| | | ૮ | | | | | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | ૭ | | | ૫ | | | ૩ |
| | | ૯ | ૧ | ૬ | ૮ | ૫ | | |
| | | ૬ | ૨ | | | | | |
| ૫ | | | | | | | | ૪ |
| | ૮ | | | | | | ૯ | |
| ૯ | | | | | | | | ૨ |
| | | | | | ૧ | ૪ | | |
| | | ૨ | ૫ | ૭ | ૪ | ૩ | | |
| ૧ | | | ૩ | | | ૨ | | ૫ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૭ | | | | ૩ |
| ૮ | ૪ | | ૩ | | | ૨ | | |
| | | | | ૨ | | ૯ | ૧ | |
| ૧ | | ૭ | | | | | ૪ | |
| ૪ | | | ૭ | | ૬ | | | ૮ |
| | ૫ | | | | | ૩ | | ૨ |
| | ૧ | ૩ | | ૮ | | | | |
| | | ૬ | | | ૩ | | ૨ | ૯ |
| ૫ | | | | ૬ | | | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫ | | | ૪ | ૩ | | |
| | | ૩ | | | | | | ૪ |
| | | | | | ૯ | | ૨ | ૮ |
| | | | ૪ | ૩ | | | ૧ | |
| ૯ | | | ૨ | | ૬ | | | ૫ |
| | ૪ | | | ૧ | ૮ | | | |
| ૮ | ૨ | | ૫ | | | | | |
| ૬ | | | | | | ૯ | | |
| | | ૪ | ૭ | | | ૫ | | |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૬૦

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૭ | ૩ | ૨ | ૫ | ૬ | ૯ | ૧ | ૮ |
| ૯ | ૮ | ૫ | ૪ | ૩ | ૧ | ૬ | ૭ | ૨ |
| ૨ | ૧ | ૬ | ૮ | ૯ | ૭ | ૩ | ૫ | ૪ |
| ૮ | ૫ | ૭ | ૩ | ૪ | ૯ | ૧ | ૨ | ૬ |
| ૬ | ૪ | ૧ | ૭ | ૨ | ૮ | ૫ | ૩ | ૯ |
| ૩ | ૯ | ૨ | ૧ | ૬ | ૫ | ૪ | ૮ | ૭ |
| ૧ | ૩ | ૪ | ૯ | ૮ | ૨ | ૭ | ૬ | ૫ |
| ૭ | ૬ | ૮ | ૫ | ૧ | ૪ | ૨ | ૯ | ૩ |
| ૫ | ૨ | ૯ | ૬ | ૭ | ૩ | ૮ | ૪ | ૧ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | ૪ | ૩ | ૮ | ૬ | ૫ | ૧ | ૯ |
| ૧ | ૬ | ૩ | ૯ | ૫ | ૪ | ૨ | ૮ | ૭ |
| ૫ | ૯ | ૮ | ૨ | ૭ | ૧ | ૬ | ૩ | ૪ |
| ૭ | ૩ | ૯ | ૮ | ૪ | ૨ | ૧ | ૫ | ૬ |
| ૪ | ૧ | ૫ | ૬ | ૯ | ૩ | ૭ | ૨ | ૮ |
| ૬ | ૮ | ૨ | ૭ | ૧ | ૫ | ૯ | ૪ | ૩ |
| ૩ | ૪ | ૬ | ૫ | ૨ | ૭ | ૮ | ૯ | ૧ |
| ૯ | ૫ | ૭ | ૧ | ૩ | ૮ | ૪ | ૬ | ૨ |
| ૮ | ૨ | ૧ | ૪ | ૬ | ૯ | ૩ | ૭ | ૫ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | ૭ | ૬ | ૯ | ૧ | ૫ | ૮ | ૪ |
| ૯ | ૮ | ૪ | ૭ | ૫ | ૨ | ૬ | ૩ | ૧ |
| ૫ | ૬ | ૧ | ૮ | ૩ | ૪ | ૭ | ૨ | ૯ |
| ૪ | ૨ | ૬ | ૧ | ૭ | ૫ | ૩ | ૯ | ૮ |
| ૧ | ૯ | ૩ | ૨ | ૬ | ૮ | ૪ | ૭ | ૫ |
| ૮ | ૭ | ૫ | ૩ | ૪ | ૯ | ૧ | ૬ | ૨ |
| ૬ | ૫ | ૯ | ૪ | ૨ | ૭ | ૮ | ૧ | ૩ |
| ૩ | ૧ | ૨ | ૫ | ૮ | ૬ | ૯ | ૪ | ૭ |
| ૭ | ૪ | ૮ | ૯ | ૧ | ૩ | ૨ | ૫ | ૬ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | ૩ | ૪ | ૫ | ૯ | ૬ | ૧ | ૮ |
| ૯ | ૫ | ૧ | ૬ | ૮ | ૩ | ૨ | ૪ | ૭ |
| ૪ | ૮ | ૬ | ૭ | ૧ | ૨ | ૯ | ૫ | ૩ |
| ૮ | ૧ | ૪ | ૫ | ૨ | ૭ | ૩ | ૯ | ૬ |
| ૩ | ૬ | ૭ | ૯ | ૪ | ૧ | ૫ | ૮ | ૨ |
| ૫ | ૨ | ૯ | ૮ | ૩ | ૬ | ૪ | ૭ | ૧ |
| ૬ | ૯ | ૮ | ૩ | ૭ | ૪ | ૧ | ૨ | ૫ |
| ૧ | ૩ | ૫ | ૨ | ૯ | ૮ | ૭ | ૬ | ૪ |
| ૭ | ૪ | ૨ | ૧ | ૬ | ૫ | ૮ | ૩ | ૯ |

Nano 9™
Insulated Stainless Steelware
Mfg by:
Shree Balaji Metal Industries, Vasai
www. ninemetal.com | ninemetal@gmail.com
Ahmedabad Authorised Distributor :- Shahil Marketing - 9426177138
Mumbai Authorised distributor : Vasant Marketing - 9820672501 , K K Associates - 9323404736

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

**એપ્રિલ - ૨૦૧૫ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.**

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

**૧ વર્ષનું લવાજમ**

| | |
|---|---|
| ● વિવેકાનંદ રૂરલ ડેવ. ઈન્સ્ટીટ્યુટ | માંડવી, કચ્છ |
| ● કિરણભાઈ વિજયશંકર ભટ્ટ | અંજાર, કચ્છ |
| ● હિંમતલાલ છગનલાલ શાહ | કોલ્હાપુર (મહારાષ્ટ્ર) |
| ● ભાઈલાલ ખીમજી શાહ | જલના (મહારાષ્ટ્ર) |
| ● મૂકેશભાઈ ટી. બેલાણી | આદિપુર, કચ્છ |
| ● તલકશી લખમશી નંદુ | સાંતાક્રુઝ (ઈસ્ટ), મુંબઈ |
| ● કેતકીબેન મણિલાલ ગાલા | ચેમ્બુર, મુંબઈ |
| ● રાજેશ પોપટલાલ ધરોડ | નડિયાદ |

**૩ વર્ષનું લવાજમ**

| | |
|---|---|
| ● રામજી ખેતશી ચૌધરી | મોટા રતાડિયા, કચ્છ |
| ● રૂપમ મણિલાલ શાહ | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| ● વૈશાલી વયેશ મુનવર | માટુંગા (સી.આર.), મુંબઈ |

**આજીવન**

| | |
|---|---|
| ● વલ્લભજી ભાણજી ગડા | માટુંગા, મુંબઈ |

### રિન્યુ થયેલ લવાજમો

**૧ વર્ષનું લવાજમ**

| | |
|---|---|
| ● હરીશ પદમશી લોડાયા | નાગપુર (મહારાષ્ટ્ર) |
| ● મહેન્દ્ર હંસરાજ મોતા | વાશી, નવી મુંબઈ |
| ● લક્ષ્મીચંદ એમ. મોતા | ડોંબીવલી (ઈસ્ટ), થાણે |
| ● નવીનચંદ્ર જે. મોતા | ડોંબીવલી (વેસ્ટ), થાણે |
| ● તારાચંદ નેણશી મોતા | ભાંડુપ (વેસ્ટ), મુંબઈ |
| ● ધનજી મૂલજી મોતા | ડોંબીવલી (ઈસ્ટ), થાણે |
| ● આનંદજી મૂલજી મોતા | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| ● મહેશ હીરજી મોતા | ડોંબીવલી (ઈસ્ટ), થાણે |
| ● તિલકચંદ હંસરાજ મોતા | ભાંડુપ (વેસ્ટ), મુંબઈ |
| ● જયંતિલાલ મણિલાલ મોતા | ડોંબીવલી (વેસ્ટ), થાણે |
| ● સોમચંદ મૂલજી મોતા | ડોંબીવલી (ઈસ્ટ), થાણે |
| ● ભરત ખેતશી મોતા | ડોંબીવલી (ઈસ્ટ), થાણે |
| ● કિરણ ઠાકરશી મોતા | ભાંડુપ (વેસ્ટ), મુંબઈ |
| ● હરીશ હીરજી મોતા | ડોંબીવલી (ઈસ્ટ), થાણે |
| ● સોમચંદ હંસરાજ મોતા | ડોંબીવલી (ઈસ્ટ), થાણે |
| ● કુંવરજી એમ. મોતા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ● કાંતાબાઈ દામજી મોતા | અંબરનાથ (મહારાષ્ટ્ર) |
| ● દમયંતી રતિલાલ મોતા | રાપર ગઢવારી (કચ્છ) |
| ● ખુશાલ ખેતશી મોતા | ડોંબીવલી (વેસ્ટ), થાણે |
| ● નરેન્દ્ર ઠાકરશી મોતા | બંદર રોડ, થાણે |
| ● સૂર્યકાંત નેણશી મોતા | સાંગલી (મહારાષ્ટ્ર) |
| ● કાંતિલાલ ફોફળિયા | કોઈમ્બતુર |

**૩ વર્ષનું લવાજમ**

| | |
|---|---|
| ● ડૉ. ઊર્મિલા જી. શાહ | એસ.જી. હાઈવે, અમદાવાદ |

**આજીવન**

| | |
|---|---|
| ● લક્ષ્મીકાંત જે. કોઠારી | નાગપુર (મહારાષ્ટ્ર) |
| ● મેઘજી ભાણજી પોલડિયા | નાગપુર (મહારાષ્ટ્ર) |

### નાપાસ થઈશ તો...

બે બહેનપણીઓ વાતચીત કરી રહી હતી...

બીના : આ વખતે પરીક્ષામાં નાપાસ થવાય તો સારું.

મીના : કેમ? આટલો બધો કંટાળો આવી ગયો!

બીના : ના, હું ફર્સ્ટ ક્લાસ પાસ થઈશ તો મારા પપ્પા મને સાયન્સમાં મૂકશે અને સેકન્ડ ક્લાસમાં પાસ થઈશ તો કોમર્સમાં ધકેલશે.

મીના : અને નાપાસ થઈશ તો?

બીના : પરણાવી દેશે.

### આ જગમાં થોડા મળે!

જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી<br>
પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મળે!<br>
લખે લહિયા અનેક, ટેવના પરિણામથી<br>
મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મળે!

*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

Viketa
Electronics
An ISO 9001-2000 COMPANY
MANUFACTURERS OF
ELECTRICAL PANEL BOARDS
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
Phone : 02646-226257 Fax : +91-2646-252759
Mobile : 9824101111, 9824762141
E-mail : viketa53@rediffmail.com

*દીવા પાસે એકલા બેઠા હોઈએ ને પાસે પુસ્તક હોય તેના જેવો આનંદ દુનિયામાં એકેય નથી.*



સંકલન : દિનેશ આર. મહેતા

★ **જૈન મુનિઓને નડતા અકસ્માતો :** કેટલાક સમયથી વિહાર કરી રહેલા જૈન મુનિઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે અને તેઓ ઉપર ગુજરાત સહિત અનેક રાજ્યોમાં ખૂબ જ ઓછા સમયમાં વ્યાપક પ્રમાણમાં ખાસ કરીને ટ્રક દ્વારા જ પ્રાણઘાતક અકસ્માતરૂપી હુમલાઓ થયા છે ત્યારે અકસ્માતો નિવારવા મુખ્યમંત્રી આનંદીબેન પટેલને રાજ્ય સરકારના ગૌસંવર્ધન પ્રધાન તારાચંદભાઈ છેડા, આચાર્ય મહારાજ સાહેબ સાથે તાજેતરમાં મળ્યા હતા. હાઈવે ઉપર થતા અકસ્માતો તથા હુમલાઓ થવા પાછળ અસામાજિક તત્ત્વોનું ષડયંત્ર હોવાની બાબતો ઉભરી આવતી હોવાથી આવા બનાવો નિવારવા એક ખાસ સમિતિ બનાવી તે અંગે તપાસ કરવા અનુરોધ કર્યો હતો તથા વિહાર કરતા જૈન મુનિઓને પોલીસ પેટ્રોલિંગ સુરક્ષા આપવા અને કતલખાના સંપૂર્ણપણે બંધ રાખવા માટે આવેદનપત્ર આપ્યું હતું.

**નર્મદા ટ્રિબ્યુનલ**

*રચના :* તા. ૬-૧૦-૧૯૬૯

*ટ્રિબ્યુનલનો ચુકાદો આવ્યો :* તા. ૭-૧૨-૧૯૭૯

*ચુકાદો :* સંબંધિત ત્રણે રાજ્યોને બંધનકર્તા. ૩૦ વર્ષ બાદ સમીક્ષા, ૩૦ વર્ષ બાદ વાંધાઓ ઉપર વિચારણા. ચુકાદામાં ઘણી બાબતોને આવરી લઈને સર્વગ્રાહી અધ્યયન બાદ....

૧. ડેમની ઊંચાઈ ૪૫૫ ફૂટ એટલે કે ૧૩૮.૬૮ મીટરથી ન વધારવાની અને

૨. ડૂબમાં જતા લોકો, પશુઓ અને વૃક્ષોનું પુનઃવસન કરવા માટેની ફરજ કામના અમલ માટે અમેરિકાના ટેનેસી વેલી ઓથોરિટીના મોડેલ ઉપર સ્વતંત્ર અને સ્વાયત્ત એજન્સીની રચના.

★ **માનવવિકાસ માટે સહિયારો પ્રયાસ :** શિક્ષણનો ઉદ્દેશ માત્ર રોજગારી પૂરતો સીમિત ન રહેવો જોઈએ. જ્ઞાન અને કુશળતાનો ઉપયોગ સમાજના આર્થિક, સામાજિક અને રાજનૈતિક વિકાસ અને પરિવર્તન માટે થવો જોઈએ. આ વિકાસ માટે સૌના સહિયારા પ્રયાસો જરૂરી છે એમ **કચ્છના મહેમાન બનેલા ઉપરાષ્ટ્રપતિ ડૉ. હામીદ અન્સારી**એ તાજેતરમાં કચ્છ યુનિવર્સિટી ખાતે યોજાયેલા પાંચમા પદવીદાન સમારોહમાં જણાવ્યું હતું.

★ **કચ્છના વિકાસની પ્રશંસા :** કચ્છની બે દિવસની મુલાકાતે આવેલા **ઉપરાષ્ટ્રપતિ ડૉ. હામીદ અન્સારી** ભુજોડી ખાતે શ્રુજનમાં હસ્તકલા કારીગરી નિહાળી પ્રભાવિત થયા હતા. કચ્છની જુદી જુદી ૧૨ કોમ દ્વારા થતું સર્જન રોગાનથી માંડી માટીના નમુનાનું રસપૂર્વક નિરીક્ષણ કર્યું હતું. તેમણે કહ્યું હતું કે અહીંના કસબીઓનું સર્જન અદ્‌ભુત છે. તેમણે કહ્યું કે પોતે સમગ્ર ભારતમાં ભ્રમણ કરે છે તેમ વિદેશમાંય ફર્યા છે. પરંતુ આવી કામગીરી કચ્છ પાસે છે.... આ એક બહુમૂલ્ય ખજાનો છે.

★ **એથ્લેટિક્સમાં કચ્છ જિલ્લાને ૧૧ સુવર્ણ :** ગુજરાત સ્ટેટ એથ્લેટિક્સ એસોસિએશન અને સ્પોર્ટ્સ ઓથોરિટી - ગુજરાતના સંયુક્ત ઉપક્રમે દેવગઢ બારિયા ખાતે યોજાયેલી ગુજરાત ઓલિમ્પિક સ્પર્ધામાં **કચ્છના ખેલાડીઓએ ૧૧ સુવર્ણ ચંદ્રક, ૩૦ રજત ચંદ્રક અને ૧૬ કાંસ્ય ચંદ્રક** તાજેતરમાં હાંસલ કર્યા હતા. રાજ્યમાં કચ્છ જિલ્લાનો બીજો ક્રમ રહ્યો હતો.

★ **કચ્છનું તંત્ર એ જમીનો 'શ્રીસરકાર' ન કરી શકે :** કચ્છમાં જેમના નામો પરપ્રાંતીય લાગ્યા એ તમામ ખેડૂત ખાતેદારોના ખાતા કોઈપણ કાનૂની કાર્યવાહી વિના તત્કાલીન કલેક્ટરે સ્થગિત કર્યા અને તે અંગેની નોંધ, હક્કપત્રક મામલતદારો મારફત દાખલ કરી દીધી. બાદમાં શરૂ કરેલી કાનૂની લડાઈમાં અંતે દેશની સર્વોચ્ચ અદાલતે તમામ ખાતા પુનઃ શરૂ કરવા અને આ કામગીરી ક્યારથી શરૂ થઈ તે અંગે ગુજરાત સરકારનું સોગંદનામું માગ્યું હોવાની સ્પષ્ટતા આ દાવાઓ સાથે સંકળાયેલા એડવોકેટ મારફત કરાઈ છે. કચ્છ સ્થિત વકીલ અને નિવૃત્ત મહેસૂલી અધિકારી શશીકાંતભાઈ ઠક્કરની યાદીમાં જણાવ્યા અનુસાર સુપ્રીમ કોર્ટ દ્વારા તમામ ખાતા ડીપ ફ્રિઝ કરી, ફરી સાંભળવાના આદેશ ઉપરાંત ગુજરાત સરકારનું સોગંદનામું પણ સુપ્રીમ કોર્ટે માગ્યું હતું.

★ **કચ્છમાં મોંહે-જો-દડો ફિલ્મનું શૂટિંગ :** ગુજરાતના સરહદી કચ્છ જિલ્લાના મુખ્ય મથક **ભુજ સહિતના સ્થળો પર થઈ રહેલું 'મોંહે-જો-દડો' ફિલ્મનું શૂટિંગ** ભારે મુશ્કેલીથી થઈ રહેલ છે તેવું બોલીવુડ અભિનેતા ઋત્વિક રોશને કહ્યું હતું. પવનથી ઊડતી ધૂળ અને તાપ વચ્ચે શૂટિંગ કરવું કપરું કામ છે. જો કે, શૂટિંગ ગતિ સાથે આગળ વધી રહ્યું હોવાનો ઋત્વિકને આનંદ પણ છે એમ અભિનેતાએ મુંબઈમાં તાજેતરમાં કહ્યું હતું.

★ **સરહદ પર જવાનોને પાણી :** હજારો કિ.મી. લાંબી દેશની દુર્ગમ સીમાઓનું રખોપું કરતાં સીમા સુરક્ષા દળના જવાનોને **પીવાના પાણી માટે ભોગવવી પડતી મુશ્કેલી ચાલુ વર્ષે જ હંમેશ માટે નાબૂદ થઈ જશે** તેવી મહત્ત્વપૂર્ણ જાહેરાત કચ્છની સીમાઓની સુરક્ષા વ્યવસ્થા ચકાસવા પ્રત્યક્ષ આવેલા કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી હરિભાઈ ચૌધરીએ તાજેતરમાં ભુજ ખાતે પત્રકારો

*બીમારી આવ્યા વિના સ્વાસ્થ્યની કિંમત સમજાતી નથી.*

સમક્ષ કરી હતી.

★ **ફતેહગઢથી જેસડા સુધી પાણી :** કચ્છમાં નર્મદાના સિંચાઈના નીરનું તા. ૧૮-૪-૨૦૧૫ના રોજ વાગડમાં આગમન થવાના અવસરને ઐતિહાસિક લેખાતાં નર્મદા નિગમના ગુજરાતના **ડાયરેક્ટર મૂકેશભાઈ ઝવેરીએ** જણાવ્યું હતું કે આ પ્રસંગનું શ્રેય ગુજરાત સરકારને જાય છે. સરકારે જમીન સંપાદનમાં ખેડૂતોને વળતરની ઉદાર નીતિ અપનાવી તેને લીધે જિલ્લામાં સરળતાથી સંપાદન થઈ શક્યું છે. ખેડૂતોને જંત્રીના ભાવ ઉપરાંત ૩૦ ટકા પ્રીમિયમ ચૂકાવાય છે. પરિણામે નર્મદા કેનાલ પસાર થવાની છે એ ૭ તાલુકામાં ૭૦ ટકા જમીન હસ્તગત કરી લેવાઈ છે. સલીમગઢથી છૂટી પડતી કચ્છ શાખા નહેરમાંથી કચ્છ સુધી પાણી વહી શકે એ માટે સતત પ્રયત્નશીલ રહેલા પૂર્વ ધારાસભ્યએ જણાવ્યું કે **નર્મદાના નીરથી કચ્છનું નસીબ સાચા અર્થમાં ચમકી ઊઠશે.** તેમણે એવી પણ માહિતી આપી હતી કે, કચ્છ શાખા નહેરના ૩૭૦ કિ.મી.માંથી ફક્ત ૪૫ કિ.મી.નું જ કામ બાકી છે. બાકી તમામનું ટેન્ડરિંગ થઈ ચૂક્યું છે અને તેના અંતિમ પોઈન્ટ મોડકુવા (માંડવી)થી પણ કેનાલનું કામ શરૂ કરી દેવાયું છે. જેથી સમગ્ર યોજનાની પૂર્ણતામાં બિનજરૂરી વિલંબ ન થાય.

## કચ્છ જિલ્લાને શાખા નહેરથી થનાર લાભો

**(૧) સિંચાઈ :** કચ્છ શાખા નહેરથી ૧૮૨ ગામોને ૧,૧૨,૭૭૮ હેક્ટર (૨,૭૮,૫૬૧ એકર) પિયત વિસ્તારમાં પાણી આપવાનું આયોજન છે (૦.૪૯૬ મિલિયન એકર ફીટ)

**(૨) પીવાનું પાણી :** કચ્છ જિલ્લાના બધા જ ૯૪૮ ગામો તેમજ બધા જ ૧૦ નગરોમાં પીવાનું પાણી પૂરું પાડવાનું આયોજન છે (૦.૦૪૯ મિલનયન એકર ફીટ)

**(૩) ઔદ્યોગિક :** ઔદ્યોગિક ઉપયોગ માટે પાણી પૂરું પાડવાનું આયોજન છે (૦.૦૩૭ મિલિયન એકર ફીટ)

**(૪) વન્ય - પર્યાવરણ જતન :** કચ્છ શાખા નહેર ઘુડખર (જંગલી ગધેડો) અભયારણ્ય, કચ્છ ડેઝર્ટ વાઈલ્ડ લાઈફ સેન્ચુરી તથા પ્રોટેક્ટેડ ફોરેસ્ટ (સુરક્ષિત જંગલ)માંથી પસાર થાય છે. અને આ બધાના પ્રાણીઓની હલનચલન / અવરજવર નહેરની એક તરફથી બીજી તરફ સરળતાથી જઈ શકે તે માટે તેમજ તેમના માટે પીવાના પાણી માટે જરૂરી આયોજન કરવામાં આવ્યું છે.

★ **કચ્છના આંગણે ઉત્સવ :** કચ્છમાં નર્મદા મૈયાની પધરામણી થાય તે માટે રાજ્ય સરકારની સલાહથી તા. ૮-૬-૧૯૯૬ના રોજ મુંબઈમાં ઐતિહાસિક રેલીનું નેતૃત્વ લેનાર અને એ જ સરકારે ધીમું વલણ દાખવતાં ભુજ જ્યુબિલી ગ્રાઉન્ડમાં બળુકો દેખાવ કરી નર્મદાની માંગ બુલંદ બનાવનારા **કચ્છના જાણીતા ઉદ્યોગપતિ અને દાનવીર દામજીભાઈ એન્કરવાલાએ** નર્મદાના નીર કચ્છમાં પહોંચ્યા, એ ક્ષણને ધન્ય ગણાવી એક ઉત્સવ તરીકે નિહાળવા જણાવ્યું હતું.

## કચ્છમાં નર્મદાથી લાભાન્વિત ગામની સંખ્યા

| તાલુકો | લાભિત ગામોની સંખ્યા | પિયત વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|---|
| રાપર | ૪૭ | ૩૮,૫૬૧ |
| ભચાઉ | ૩૩ | ૨૫,૯૩૫ |
| ગાંધીધામ | ૦૮ | ૪,૧૩૪ |
| અંજાર | ૨૪ | ૧૩,૩૬૭ |
| મુંદ્રા | ૩૪ | ૧૮,૨૪૦ |
| માંડવી | ૩૦ | ૧૧,૧૯૮ |
| ભુજ | ૦૬ | ૧,૩૪૩ |
| **કુલ** | **૧૮૨** | **૧,૧૨,૭૭૮** |

★ **મુખ્યમંત્રીના હસ્તે નર્મદા સિંચાઈ માટેની નહેરનું લોકાર્પણ :** કચ્છની સદીઓની પ્યાસ, દાયકાઓની આશ અને મીઠા પાણી માટેનો વલવલાટ બાદ કચ્છનું નર્મદા નીરનું સપનું અંતે સાકાર થયું છે. સિંચાઈ માટેનાં નર્મદાના જળ તા. ૧૮-૪-૨૦૧૫ના રોજ ફતેહગઢથી જેસડા તરફ છોડવામાં આવ્યા ત્યારે વાગડવાસીઓ હર્ષનાદથી ઝુમી ઊઠ્યા હતા. ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે નાની હમીરસર પમ્પિંગ સ્ટેશનથી નર્મદા મૈયાનું અવતરણ કરાવ્યું ત્યારે રોમાંચની લહેર દોડી ગઈ હતી. મુખ્યમંત્રીએ કચ્છનું ભૂતળ ઊંચું હોવાથી ગ્રેવિટીથી પાણી ન આપી શક્યાનું દુ:ખ વ્યક્ત કરવા સાથે ટેકનોલોજીની દેનના ઉપયોગથી અંતે કચ્છનું સપનું સાકાર કરી શકવા બદલ ગર્વની લાગણી વ્યક્ત કરી હતી. દયાપર ખાતે તેમણે ૨૦.૪ કરોડના ખર્ચે પાણી પુરવઠા યોજનાનું ખાતમુહૂર્ત કર્યું હતું. લાંબો સમય વિવાદમાં અટવાયેલી નર્મદા યોજનાનું સપનું આખરે સાકાર થતાં કચ્છમાં અને શરૂઆતમાં વાગડમાં હરિયાળી ક્રાંતિની ઉમ્મીદ જાગી છે.

★ **કચ્છમાં ૫૦૦ કરોડ સમાજસેવામાં :** કંપની ધારા, ૨૦૧૩ મુજબ થયેલા સુધારાઓમાં સામાજિક જવાબદારી નિભાવવાના નિયમો બદલાયા છે અને ઉદ્યોગોએ **સરેરાશ નફાના બે ટકા રકમ** ફાળવવાની રહેશે. જો એ પ્રમાણે ગણતરી કરાય તો કચ્છમાં કાર્યરત ઉદ્યોગો દ્વારા ચાલુ વર્ષે **અંદાજે રૂા. ૪૦૦થી ૫૦૦ કરોડની રકમ** સી.એસ.આર. (કંપની સ્પેશિયલ રિસ્પોન્સિબિલિટી) પ્રવૃત્તિ પાછળ ફાળવાય તેવી ધારણા ફોકિઆની એક બેઠકમાં વ્યક્ત થઈ હતી. આ સાથે **કચ્છ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી ફોરમ** રચવાની પણ જાહેરાત કરવામાં આવી હતી. કચ્છ ઉદ્યોગગૃહોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (ફોકિઆ) દ્વારા તાજેતરમાં યોજાયેલ બેઠકમાં ઉપર મુજબની રજૂઆત કરવામાં આવી હતી.

***(વર્તમાન પત્રો પર આધારિત)***

*સિધ્ધિ હેઠળ અનેક ભૂલો ઢંકાયેલી હોય છે.*

## નારી શક્તિ – ભારતમાં રાજકીય ક્ષેત્રે

ભારતના રાજકારણમાં મહિલાઓ હંમેશાં તેજસ્વી બનીને ઝબકી છે. ભારતના રાજકારણમાં આગળ આવેલી મહિલાઓ પૈકીની ૮૦ ટકાનું પરિવાર રાજકીય પીઠબળવાળું અને પૈસાદાર વર્ગનું હોય છે.

★ **એની બેસન્ટ** : અંગ્રેજોના શાસનમાં સૌપ્રથમ મહિલા રાજકારણી. હકીકતમાં તેઓ ભારતીય ન હતા પરંતુ ૧૯૧૫માં ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના પ્રથમ મહિલા પ્રમુખ હતા.

★ **સરોજીની નાયડુ** : ૧૯૨૫માં ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના પ્રમુખ તરીકે પ્રથમ ભારતીય મહિલા.

★ **વિજ્યાલક્ષ્મી પંડિત** : ૧૯૫૩માં સંયુક્ત રાષ્ટ્ર સંઘની જનરલ એસેમ્બલીના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા.

★ **સુચેતા ક્રિપલાણી** : ૧૯૬૩માં ઉત્તર પ્રદેશના મુખ્યપ્રધાન તરીકે ચૂંટાયા હતા.

★ **ઈન્દિરા ગાંધી** : ૧૯૬૬માં ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન.

★ **પ્રતિભા પાટીલ** : ભારતના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ.

★ **સોનિયા ગાંધી** : રાજકીય પક્ષના અધ્યક્ષા.

★ **મમતા બેનર્જી** : પશ્ચિમ બંગાળમાં ડાબેરીઓના ૩૪ વર્ષના શાસનને એકલે હાથે ઉથલાવનાર.

★ **સુષ્મા સ્વરાજ** : ૨૫ વર્ષે કેબિનેટ મંત્રી બન્યા હતા.

★ **શીલા દીક્ષિત** : દિલ્હીના મુખ્ય પ્રધાન.

★ **જય લલિતા** ★ **માયાવતી**

★ **ઉમા ભારતી** ★ **વસુંધરા રાજે સિંધિયા**

★ **અગાથા સંગમા** ★ **સુપ્રિયા સૂલે**

★ **મીરાં કુમાર** ★ **રાબડી દેવી**

★ **કે.ડી. પુરંદેશ્વરી** ★ **કનીમોઝી**

★ **મહેબુબા મુફ્તી**

★ **છાવી રાજાવત** : ૩૬ વર્ષની, એમ.બી.એ. થયેલ મહિલાએ શહેરની હાઈ-ફાઈ લાઈફ છોડીને પોતાના ગામની સરપંચ થવા આગળ આવેલ. રાજસ્થાનના સોઢા ગામની તે સરપંચ છે તેમજ સંયુક્ત રાષ્ટ્રસંઘની ઈમ્ફો પોવર્ટી વર્લ્ડ કોન્ફરન્સને સંબોધી હતી.

**રાજકારણમાં સિને જગતના ચમકતા ચહેરાની પણ વાત કરી લઈએ**

★ જય લલિતા ★ માયાવતી

★ હેમા માલિની ★ જયા બચ્ચન

★ જયાપ્રદા ★ રેખા

★ સ્મૃતિ ઈરાની ★ નઝમા હેબતુલ્લા

★ હરસીમ્રત કૌર વગેરે વગેરે....

*આ સિવાય, અન્ય કેટલાક નામો હોઈ શકે છે. ઉપર મુજબના નામ એક ઉદાહરણ સ્વરૂપે છે.*

## મહિલાઓ અન્ય વિવિધ ક્ષેત્રે

### ★ સુરેખા યાદવ – ટ્રેન ચાલક :

મહારાષ્ટ્રના સતારા શહેરના એક ખેડૂત પરિવારમાં ૧૯૬૫માં જન્મેલા સુરેખા યાદવ ભારતીય રેલવેના પ્રથમ મહિલા ટ્રેન ચાલક તરીકેનું બિરૂદ ધરાવે છે. ડિપ્લોમા ઈલેક્ટ્રિકલ એન્જિનિયરનો અભ્યાસ કરીને તેમણે રેલવેની પરીક્ષા પાસ કરી હતી. ૬ માસની ટ્રેનિંગ પછી ૧૯૮૯માં રેલવેમાં સહાયક ટ્રેન ચાલક તરીકે નોકરી શરૂ કરી ત્યારે ભારતમાં ટ્રેન ચાલક સહાયકની નોકરી કરનાર તેઓ પ્રથમ મહિલા હતા. ૧૬ એપ્રિલ, ૨૦૦૦ના રોજ લેડીઝ સ્પેશિયલ લોકલ ટ્રેન ચલાવી ત્યારે ટ્રેન ચાલક તરીકે સુરેખા પ્રથમ ભારતીય મહિલા જ નહીં, પણ પ્રથમ એશિયન મહિલા પણ બની ગયા હતા. તેમના આ કામથી પ્રેરણા લઈને બીજી ઘણી મહિલાઓ હવે આ ક્ષેત્રમાં ઝંપલાવી રહી છે.

### ★ ઉર્વશી ભૂટાલિયા - પ્રકાશક :

ઑક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ સાથે કામ કરીને પ્રકાશનની કારકિર્દી શરૂ કરનારા ઉર્વશી ભૂટાલિયાએ ૧૯૮૪માં કાલી ફોર વુમેન શરૂ કર્યું ત્યારે દેશમાં એવી અનોખી પહેલ હતી જેના દ્વારા મહિલા ઉત્થાનને લગતી વાંચન સામગ્રી પ્રકાશિત થવા લાગી હતી. ઉર્વશી દેશના એકમાત્ર એવા પ્રકાશક હતા જેમના દ્વારા પબ્લિશ થતી તમામ વાંચન સામગ્રી મહિલાઓમાં સામાજિક જાગૃતિની અહાલેક જગાવતી હતી. વાંચકો માટે તો એક અવકાશ ઊભો કર્યો જ કર્યો, પણ મહિલા સર્જકોનેય તેમણે વિશાળ તકો આપી. રૅપ - એસિડ ઍટેક - ઑનર કિલિંગ જેવા વિષયો ઉપર તેમણે મહિલા સર્જકો પાસે લખાવ્યું અને તેવી વાંચન સામગ્રી મારફતે જાગૃતિ પણ ફેલાવી.

### ★ અન્ના જ્યોર્જ - આઈ.એ.એસ. :

ભારતના પ્રથમ મહિલા આઈ.એ.એસ. - અન્ના જ્યોર્જ હતા. ૧૯૫૧માં જ્યારે તેઓ ભારતીય પ્રશાસનિક સેવામાં જોડાયા ત્યારે તેમને પણ ખબર નહોતી કે તેઓ એક ઈતિહાસ રચી રહ્યાં છે. અન્નાએ શરૂઆત એ સમયના મદ્રાસ સ્ટેટમાં કરી હતી ત્યારે ત્યાંના મુખ્યમંત્રી તરીકે ચક્રવર્તી રાજગોપાલાચારી હતા. તેમણે તેમની કારકિર્દી દરમ્યાન ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધી એમ બે વડાપ્રધાન સાથે અને અલગ અલગ રાજ્યના ૭ મુખ્યમંત્રીઓ સાથે કામ કર્યું હતું. તેમણે એક વખત સ્વીકાર્યું હતું કે શરૂઆતમાં મહિલા અધિકારી હોવાના કારણે તેમના ઉપર કામનો બધો ભાર રાખવામાં આવતો ન હતો. પણ પછીના વર્ષોમાં તેમની કુશળતા પારખીને ઘણી મહત્ત્વની કામગીરી સોંપાઈ હતી.

### ★ ફાતિમા બેગમ - નિર્માતા દિગ્દર્શક :

અત્યારે તો બોલીવુડમાં અનેક મહિલા નિર્માતા - દિગ્દર્શક છે પણ જ્યારે અભિનેત્રી તરીકે પણ મહિલાઓ માંડ ફિલ્મોમાં કામ કરવા તૈયાર થતી હતી એ સમયે એક મહિલાએ ફિલ્મને દિગ્દર્શિત કરી હતી. એ મહિલાનું નામ હતું : ફાતિમા બેગમ. ફાતિમા બેગમે ૧૯૨૨માં કારકિર્દીની શરૂઆત અરદેસર ઈરાનીની સાઈલન્ટ ફિલ્મ

*જે વ્યક્તિ આત્મવિશ્વાસ ગુમાવી બેસે છે તેને પછી કશું ગુમાવવાનું રહેતું નથી.*

વીર અભિમન્યુથી કરી હતી. નાટકોનું બેકગ્રાઉન્ડ ધરાવતા ફાતિમા બેગમે ૧૯૨૬માં ફાતિમા ફિલ્મ્સ નામે કંપની સ્થાપી હતી અને તેના નેજા હેઠળ બુલબુલ-એ-પરિસ્તાન ફિલ્મનું નિર્માણ કર્યું હતું. એ ફિલ્મમાં પ્રોડ્યુસર અને દિગ્દર્શક એમ બંને જવાબદારી તેમણે ઉપાડી હતી. એ સાથે જ તેઓ ભારતીય સિનેમાના પ્રથમ નિર્માતા - દિગ્દર્શક બની ગયા હતા. ત્યારે જોકે તેમને ય ખબર નહોતી કે તે સિનેમામાં નવી કેડી કંડારી રહ્યા છે.

### ★ સરલા ઠકરાર - પ્રથમ પાઈલટ :

ભારતમાં એક મહિલાએ પાઈલટનું લાઈસન્સ મેળવ્યું હતું અને લાહોરથી કરાંચી વચ્ચે વિમાનનું ઉડ્ડયન કરાવ્યું હતું. એ મહિલા એટલે સરલા ઠકરાર. ૧૬ વર્ષની વયે તેમના લગ્ન એ સમયે ફ્લાઈંગ ફેમિલી તરીકે ઓળખ પામેલા શર્મા પરિવારના પી.ડી. શર્મા સાથે થયા હતા. તેમના પતિના સહકારના કારણે ૨૧ વર્ષની વયે તેઓ પાયલટ બનીને ખાનગી તાલીમ મેળવીને લાઈસન્સ ધારક બની ગયા હતા. બીજા વિશ્વયુદ્ધમાં તેમના પતિનું નિધન થયું હતું. ભાગલા પછી તેઓ દિલ્હી આવી ગયા અને તેમણે પી.પી. ઠકરાર સાથે બીજા લગ્ન કર્યા હતા. ૧૫ માર્ચ, ૨૦૦૯માં તેમનું દિલ્હીમાં જ નિધન થયું હતું.

### ★ સાવિત્રીબાઈ ફૂલે - અધ્યાપક :

સાવિત્રીબાઈ ફૂલે ભારતના પ્રથમ મહિલા અધ્યાપક હોવાની સાથે સાથે પ્રથમ બાલિકા વિદ્યાલયનો પ્રારંભ કરવાનો યશ પણ ખાટી જાય છે. સાવિત્રીબાઈ ભારતના પ્રથમ એવા મહાનાયિકા હતા જેમણે ભારતીય નારીઓને શિક્ષણ મેળવવું જોઈએ એવો મત ભારતના રૂઢિવાદી સમાજ સામે વ્યક્ત કર્યો હતો. ૩ જાન્યુઆરી, ૧૮૩૧ના રોજ જન્મેલા સાવિત્રીબાઈ મરાઠી ભાષાના કવયિત્રી હતા અને સમાજસુધારક પણ હતા. મહારાષ્ટ્રના પ્રખર સમાજ સુધારક જ્યોતિરાવ ફૂલે સાથે તેમના લગ્ન ૧૮૪૦માં થયા હતા. જ્યોતિરાવની પ્રેરણાથી તેમણે સમાજ સુધારણા તરફ ઝંપલાવ્યું હતું. ૧૮૪૮થી તેઓ સક્રિય રીતે કન્યા કેળવણીના કામમાં લાગી ગયા હતા.

### ★ રીટા ફરિયા - વિશ્વ સુંદરી :

રીટા ફરિયા પોવેલનું નામ કદાચ આજે ભલે અજાણ્યું લાગે, પણ ૧૯૬૬માં તેઓ વિશ્વ સુંદરીનું ટાઈટલ જીતનારા પ્રથમ ભારતીય હતા. એટલું જ નહીં, એશિયામાં મિસ વર્લ્ડનો ખિતાબ મેળવનારાં તેઓ પ્રથમ હતાં. મુંબઈમાં જન્મેલાં રીટા ફરિયા એ સમયે ભારતના અલગ અલગ બ્યુટી કોન્ટેસ્ટમાં છવાઈ ગયા હતા અને મિસ ઈન્ડિયાનું ટાઈટલ અંકે કર્યા પછી તેઓ વિશ્વ સુંદરી બન્યા હતા. તેમના નામે એક અનોખો વિશ્વવિક્રમ આજેય બોલે છે. રીટા એકમાત્ર એવી વિશ્વ સુંદરી છે જેમણે એ ખિતાબ મેળવ્યાનાં વર્ષે જ મેડિકલનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. એટલે કે ડૉક્ટર અને વિશ્વ સુંદરીનો સમન્વય થયો હોય એવા એ પ્રથમ અને એકમેવ વ્યક્તિ આજ સુધી બની રહ્યાં છે.

### ★ પ્રતિમા પૂરી - ન્યુઝ રીડર :

દેશના પ્રથમ મહિલા ન્યુઝ રીડરનું નામ સાંભળ્યું છે? ૧૯૫૯ના દૂરદર્શનના આરંભિક દિવસોમાં, એટલે કે સપ્ટેમ્બર માસમાં જ પ્રતિમા પૂરી નામના એક ન્યુઝ રીડરે દૂરદર્શન ઉપર સમાચારોનું પઠન કર્યું હતું. પ્રતિમા પૂરી દેશના પ્રથમ મહિલા ન્યુઝ રીડર જ નહીં, પણ સ્મોલ સ્ક્રીન ઉપર દેખાયેલાં પ્રથમ મહિલા પણ હતા. એ પહેલા પ્રતિમા, સીમલાના ઓલ ઈન્ડિયા રેડિયોમાં કામ કરતા હતા. દૂરદર્શન શરૂ થયું ત્યારે જે કેટલાક લોકોની રેડિયોમાંથી ટેલિવિઝન માટે પસંદગી થઈ હતી તેમાં એક નામ પ્રતિમા પૂરીનું હતું કારણકે તેઓ સુમધુર અવાજ ઉપરાંત ટેલિવિઝનની સ્ક્રીનમાં યોગ્ય લાગે એવી ફેસ વેલ્યુ પણ ધરાવતા હતા. ૨૦૦૭માં તેમનું નિધન થયું હતું.

### ★ ચેતના સિંહા - બેંકર :

હવે તો સરકારે મહિલા સોશિયલ બેંક બનાવી નાખી છે. પણ છેક ૧૯૯૭માં ચેતના સિંહા નામની ખેડૂત મહિલાએ વિમેન બેંકની શરૂઆત કરી હતી. મહારાષ્ટ્રના મેસવાડ જિલ્લાની કેટલીક મહિલાઓ પૈસા ભેગા કરી શકતી હતી, પરંતુ તેને રાખવા માટે કોઈ સલામત જગ્યા તેમની પાસે ન હતી. રિઝર્વ બેંક પાસે જ્યારે સિંહાએ બેંકનો આઈડિયા રજૂ કર્યો ત્યારે પહેલાં તો રિઝર્વ બેંકના અણઘડ સત્તાધીશોએ તેને નકારી કાઢ્યો હતો. પરંતુ સિંહાએ વધારે મહેનત કરીને બેંક શરૂ કરવા માટે પોતે પ્રતિબદ્ધ છે, એવું પ્રસ્થાપિત કરી આપ્યું હતું. પરિણામે રિઝર્વ બેંકે તેમને બેંક સ્થાપવાની છૂટ આપીને પોતાની ભૂલ સુધારી લીધી હતી. એ બેંકમાં અત્યારે ૬૦૦ મહિલા ખાતેદારો છે.

### ★ ફાતિમા બીબી - સુપ્રીમ કોર્ટના જજ :

ભારતમાં વકીલાતના વ્યવસાયમાં જવાનું મહિલાઓ વિચારતી પણ ન હતી ત્યારે ફાતિમા બીબીએ વકીલાતમાં ઝંપલાવ્યું હતું. ૧૯૨૭માં જન્મેલાં ફાતિમા બીબીએ ૧૯૫૦માં વકીલાતનો અભ્યાસ પૂરો કરીને કેરાલાની કોર્ટથી કારકિર્દી શરૂ કરી હતી. દોઢ દશકાની વકીલાત પછી તેઓ અલગ અલગ કોર્ટમાં જજ બન્યા હતા. ૧૯૮૪માં તેઓ હાઈકોર્ટના જજ બન્યા હતા. હાઈકોર્ટના જજ તરીકે તેમની મહત્ત્વની કામગીરીની નોંધ લઈને ૬ ઓક્ટોબર, ૧૯૮૯માં તેઓ સુપ્રીમ કોર્ટના જજ બનાવાયા હતા. એ સાથે જ તેમણે એવો નવો ચીલો ચાતર્યો હતો. તેઓ સુપ્રીમ કોર્ટના પ્રથમ મહિલા જજ હતા. ત્યાર પછી તેમણે તામિલનાડુ સરકારમાં પણ અલગ અલગ બોર્ડમાં મહત્ત્વની જવાબદારી સંભાળી હતી. અત્યારે તેઓ ૮૭ વર્ષના છે.

### ★ સુચેતા કડેઠાણકર - અનોખી સાહસિક :

૨૦૧૧માં સુચેતા કડેઠાણકરે એક અનોખું સાહસ ખેડીને નોંધ લેવડાવી હતી. ઓફિસમાં બેસીને કામ કરતા રહેવાને બદલે તેણે રણ પ્રદેશ ખેડવાનું સાહસ કર્યું. એ માટે પસંદગી ઉતારી ગોબી જેવા સૂકા અને કઠિન રણપ્રદેશ પર! રણ પ્રદેશ તસવીરોમાં જોઈને જેટલો રૂડો લાગે છે એટલો વાસ્તવમાં હોતો નથી. એમાં એક કરતાં અનેક મુશ્કેલીઓ આવે છે. એ મુશ્કેલીઓ સામે લડવાની હામ ૩૩ વર્ષની સુચેતાએ હામ ભેગી કરીને ૧૬૧૬ કિલોમીટરનું અંતર ૬૦ દિવસમાં પાર કર્યું હતું. એ રીતે ગોબી ડેઝર્ટ પાર પાડનારી તે ન કેવળ પ્રથમ ભારતીય મહિલા બની હતી, પરંતુ તેણે પ્રથમ ભારતીય તરીકેનું સન્માન પણ મેળવ્યું હતું. સુચેતા અગાઉ એક પણ ભારતીય સાહસિકને આવી અનોખી સિદ્ધિ મળી નહોતી. ■

*ખુશી બજારમાં તૈયાર મળતી નથી, એ તો આપણી અંદરથી આવે છે.*

# શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ ખાતે

## શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં 'બી-પોઝિટિવ' વાળા દર્દીની ડાયાલિસિસ પ્રોસીજર કરવા વિશેષ યુનિટનું ઉદ્‌ઘાટન થયું



શ્રી અશોકભાઈ રામજી સાવલાનું અભિવાદન....
સમાજના પૂર્વ પ્રમુખશ્રી અને હાલે ટ્રસ્ટી ડૉ. શ્રી ચંદ્રકાંતભાઈ દેઢિયા દ્વારા



મીસીસ પ્રભાબેન કાંતિલાલ સાવલા સાથે
શ્રીમતી પ્રમીલાબેન અશોકભાઈ સાવલા દષ્ટિગોચર થાય છે.



'બી-પોઝિટિવ' દર્દી માટે ડાયાલિસિસની પ્રોસીજર કરવા
વિશેષ વિભાગને ખુલ્લું મૂકતા શ્રી અશોકભાઈ રામજી સાવલા.



'બી-પોઝિટિવ'ના વિશેષ વિભાગમાં ડાયાલિસિસ મશીનનું
ઉદ્‌ઘાટન કરી રહેલ શ્રીમતી પ્રમીલાબેન અશોકભાઈ સાવલા.



મંચસ્થ (ડાબેથી) સંસ્થાના મંત્રી શ્રી કે.આર. શાહ, સંસ્થાના મેને. ટ્રસ્ટી અને પ્રમુખ
શ્રી પ્રતાપભાઈ દંડ, મુખ્ય અતિથિ વિશેષ શ્રી અશોકભાઈ રામજી સાવલા
અને શ્રીમતી પ્રમીલાબેન અશોકભાઈ સાવલા.



'બી-પોઝિટિવ'ના વિશેષ વિભાગના ઉદ્‌ઘાટન સમારંભ વખતે ઉપસ્થિત
સમાજના હોદ્દેદારો, મહાનુભાવો તેમજ પરિવારજનો.



કાર્યક્રમના સમયે સમાજના ટ્રસ્ટીઓ અને
અન્ય મહાનુભાવો





શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતે
શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત વખતે
સમાજના ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ ગઢેચા દર્દી સાથે વાતચીત કરતા નજરે પડે છે



'બી-પોઝિટિવ'ના વિશેષ વિભાગમાં (ડાબેથી) શ્રી કે. આર. શાહ, મીસીસ પ્રભાબેન કાંતિલાલ સાવલા, શ્રીમતી પુષ્પાબેન કાંતિલાલ શાહ,
શ્રીમતી પ્રમીલાબેન અશોકભાઈ સાવલા, શ્રી અશોકભાઈ રામજી સાવલા, શ્રી રૂપેશ કાંતિલાલ સાવલા, શ્રી પ્રતાપભાઈ નારાણજી દંડ




શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ ખાતેના મુખ્ય ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત




## સરનામા ફેરફાર

- **અલ્પેશ ઝુમખલાલ શાહ**
  ૧૦૧, રાજવી ઑરમ, કેશવનગર જૈન દેરાસર સામે,
  સુભાષબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૨૭.
  ફોન : (૦૭૯) ૨૭૫૫૪૯૫૩
  મો. ૯૮૨૫૦ ૧૬૧૯૮
- **રસિકલાલ ખીમજી મહેતા**
  એ-૧, હીરા આનંદ ટાવર, ગોરધનવાડી ચાર રસ્તા,
  કાંકરિયા, અમદાવાદ-૩૮૦ ૦૨૮.
  ફોન : (૦૭૯) ૨૫૩૩૦૪૧૨

## સગપણ

- **શુક્રવાર, તા. ૨૬-૧૨-૨૦૧૪**
  **ચિ. નીલય પ્રફુલ્લ કલ્યાણજી છેડા (નાની ખાખર - અમદાવાદ)**
  **ચિ. રીચા કમલજીતસિંહ ચૌહાણ (અમદાવાદ)**

(નોંધ : ગયા માસના અંકની વિગત સુધારીને અત્રે આપેલ છે.)

## શરણાઈ

- **મંગળવાર, તા. ૨૧-૪-૨૦૧૫**
  **ચિ. મિલન અનિલ હિંમતલાલ શાહ (માંડવી - અમદાવાદ)**
  **ચિ. નિવિતા ભરત ખેતશી ગાંધી (મુંદ્રા - અમદાવાદ)**

## અવસાન

- **રવિવાર, તા. ૨૨-૨-૨૦૧૫**
  **કુ. કિંજલ મિલન પદમશી ગોસર (ઉં.વ.-૧૩) (બાયઠ - અમદાવાદ)**

સદ્‌ગતના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના...

## અભિનંદન

### ઔદ્યોગિક ક્ષેત્રનું ગૌરવ



**શ્રી હેમાંગ રજનીકાંત પારેખ**

વ્યક્તિએ અનોખા બનવું હોય, પ્રગતિ સાધવી હોય તો સૌપ્રથમ એ માટેની પ્રબળ ઈચ્છા જરૂરી છે. ગુડગાંવ સ્થિત 'સ્કોચ' નામની ફર્મ દ્વારા ઔદ્યોગિક ક્ષેત્રે નોંધપાત્ર નિકાસ કરવા બદલ અમદાવાદ ખાતેની જિન કુશલ સેલ્સ કોર્પોરેશનને 'અચિવમેન્ટ' કક્ષાનો જાહેર થયેલ ઍવોર્ડ તેના માલિક શ્રી હેમાંગ રજનીકાંત પારેખને તાજેતરમાં દિલ્હી ખાતે એનાયત થયો હતો. તેમણે વ્યવસાયિક ક્ષેત્રે હાંસલ કરેલી સફળતાના પ્રતીક રૂપે આ ઍવોર્ડ પ્રદાન થતાં અમદાવાદ ઔદ્યોગિક ક્ષેત્રના ગૌરવરૂપ છે.

સિધ્ધિના ઉચ્ચત્તમ શિખર સર કરતા રહો તેવી શુભેચ્છા.

ઉલ્લેખનીય છે કે શ્રી હેમાંગભાઈ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કારોબારીના સભ્ય શ્રી રજનીકાંત ધરમશી પારેખના પુત્ર થાય છે. ■

*જેમના જીવનની પ્રત્યેક રીત પવિત્ર છે એ મહાવીર છે. પવિત્ર એટલે મન, કર્મ અને વચનથી પવિત્ર રહેવાની વાત છે...*
*– મોરારીબાપુ*

## વયસ્ક સમિતિ

### આગામી કાર્યક્રમ

સમિતિ દ્વારા આગામી કાર્યક્રમ બુધવાર, તા. ૩-૬-૨૦૧૫ના રોજ સાંજના ૪.૩૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં મેજીક શો, વીડિયો ક્લીપ અને વિવિધ રમતો રમાડવામાં આવશે. અને અંતે સૌ ભોજન લઈને છૂટા પડીશું. સૌ વડીલોએ સમયસર હાજર રહેવા વિનંતી છે.

***કન્વીનર : રજનીકાંત પારેખ***

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥

**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**

"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

*તમે જે વિચારો, તમે જે કહો અને તમે જે કરો તેમાં જ્યારે સંવાદિતા હોય ત્યારે જે સર્જાય તેનું નામ સુખ.*

# સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સક્રિય વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

## તબીબી સહાય ખાતે

★ તા. ૨૦-૪-૨૦૧૪ના રોજ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર શરૂ કરવામાં આવેલ ત્યારે ગુજરાત રાજયની વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ સ્વ. શ્રી ધીરજલાલભાઈ સ્વરુપચંદભાઈ શાહના ધર્મપત્ની મીસીસ વનીતાબેન શાહ તરફથી ડાયાલિસિસ વિભાગના ૯ પલંગ તથા તેની ઉપરની પથારી (મેટ્રેસ)ની ભેટ આપવામાં આવી હતી. જેની વિગત 'મંગલ મંદિર'ના માસ એપ્રિલ, ૨૦૧૪ના અંકમાં પ્રકાશિત થઈ હતી.

★ તાજેતરમાં ઉપરોક્ત સેન્ટરના એક ભાગરૂપે 'બી-પોઝિટિવ' દર્દીના ડાયાલિસિસ સારવાર અર્થે એક અલાયદો વિશેષ વિભાગ શરૂ કરવામાં આવેલ છે. તેમાં પણ ઉપરોક્ત પરિવાર તરફથી બે વધારાના પલંગ - તેની મેટ્રેસ સાથે સપ્રેમ ભેટ આપવામાં આવેલ છે.

સ્વ. શ્રી ધીરુભાઈ શાહ પરિવારનો — વિશેષ કરીને તેમના પુત્ર શ્રી આશિષભાઈ શાહનો ખાસ આભાર માનીએ છીએ.

★

★ ઉપરોક્ત ડાયાલિસિસ સેન્ટરના એક ભાગરૂપે 'બી-પોઝિટિવ' દર્દીની ડાયાલિસિસ સારવાર અર્થે જે એક અલાયદો વિશેષ વિભાગ શરૂ કરવામાં આવેલ છે... તેના રૂમ, મશીન વગેરેના સૌજન્ય દાતાશ્રી અશોકભાઈ રામજી સાવલા તેમજ શ્રીમતી પ્રમીલાબેન અશોકભાઈ સાવલાનો ખાસ આભાર માનીએ છીએ.

## જલારામ અન્નક્ષેત્ર ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૨,૦૦૦/- | શ્રીમતી તારાબેન મેઘજી ભાણજી પોલડિયા - નાગપુર |
| રૂા. | ૨,૦૦૦/- | શ્રી નવીનચંદ્ર વી. મહેતા - અમદાવાદ |
| રૂા. | ૨,૦૦૦/- | શ્રી અમૃતલાલ જેરામભાઈ ઠક્કર - અમદાવાદ |
| રૂા. | ૧,૫૦૦/- | શ્રી શાંતિલાલ હીરજી સંગોઈ - વલસાડ |
| રૂા. | ૧,૧૦૦- | શ્રીમતી માલતી અરૂણ વિકમ - ચેન્નાઈ |
| રૂા. | ૧,૦૦૧/- | અ.સૌ. ભારતી ચેતન ધરોડ (પત્રી - અમદાવાદ) (પૌત્ર ચિ. સ્પર્શ - ઊર્જા જય ધરોડના જન્મ પ્રસંગ નિમિત્તે) |
| રૂા. | ૧,૦૦૦/- | શ્રીમતી માનવંતીબેન ખેતશી ગાંધી (મુંદ્રા - અમદાવાદ) (પુત્રી ચિ. નિવિતાના લગ્ન પ્રસંગ નિમિત્તે) |
| રૂા. | ૭૦૧/- | શ્રી મિહિરભાઈ ઝવેરી - ભુજ |
| રૂા. | ૭૦૧/- | સ્વ. લતાબેન કિશોર મૂળજી લાલકા - અમદાવાદ |
| રૂા. | ૫૦૦/- | શ્રીમતી પ્રેમીલાબેન હરીશભાઈ મુનવર - અમદાવાદ |

## શૈક્ષણિક સહાય ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૧૦,૦૦૦/- | શ્રી નવીનચંદ્ર વી. મહેતા - અમદાવાદ |

## તબીબી સહાય ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૨૫,૦૦૦/- | એમ્કો ટ્રસ્ટ - અમદાવાદ |
| રૂા. | ૫,૦૦૦/- | ડૉ. બી.બી. જાની - અમદાવાદ |
| રૂા. | ૧,૦૦૧/- | અ.સૌ. ભારતી ચેતન ધરોડ (પત્રી - અમદાવાદ) (પૌત્ર ચિ. સ્પર્શ - ઊર્જા જય ધરોડના જન્મ પ્રસંગ નિમિત્તે) |
| રૂા. | ૮૦૦/- | શ્રી મિહિરભાઈ ઝવેરી - ભુજ |
| રૂા. | ૫૦૧/- | શ્રી રીતેશ કલ્યાણજી ફુરિયા - મુંબઈ |

## વૈયાવચ્ચ ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૧,૦૦૦/- | શ્રી રમેશ ભવાનજી શાહ - લોનાવાલા |
| રૂા. | ૫૦૦/- | શ્રી પ્રફુલ્લ ચુનીલાલ સાલિયા - મુંબઈ |

## સાધર્મિક સહાય ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૫૦૧/- | શ્રી મનીષ વિજય છાડવા - અમદાવાદ |

## ડાયાલિસિસ સેન્ટર ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૬,૧૧૧/- | શ્રીમતી તોરલ આશિષ કારાણી - વડોદરા |
| રૂા. | ૨,૫૦૦/- | શ્રીમતી ભૂમિકા મનોજ શર્મા - અમદાવાદ |

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

*નોંધ : ગત માસના અંકમાં 'સાભાર સ્વીકાર' કોલમમાં માતુશ્રી પાર્વતીબેન સોમચંદ મહેતાના નામની સાથે મોટા આસંબિયાના સ્થાને **આંગિયા મોટા** વાંચવું.*

*આંતરિક ખેંચતાણ એ ભારતના દરેક રાજકીય પક્ષની તસવીર રહી છે. સત્તાના કેન્દ્ર સુધી પહોંચવા માટે જેના ખભે ચડીને મોટા થયા હોઈએ તેના જ પગ ખેંચવા પડે એવી ભારતીય રાજનીતિની ઓળખ છેક મહાભારત કાળથી પ્રચલિત છે. માત્ર રાજકીય બાબતે નહીં પરંતુ ધાર્મિક, શૈક્ષણિક, સેવાકીય કે સામાજિક ક્ષેત્રે પણ આપણને આજ પ્રકારની માનસિકતા જોવા મળશે. જેમના સહકારથી મોટા થયા હોઈએ, તેમના જ પગ કાપી નાખવાની રમત નિહાળીને ખિન્ન થઈ જવાય છે.*

# શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ ખાતે

## શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં 'બી-પોઝિટિવ' વાળા દર્દીની ડાયાલિસિસ પ્રોસીજર કરવા વિશેષ યુનિટનું ઉદ્‌ઘાટન થયું

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં 'બી-પોઝિટિવ' વાળા દર્દીની ડાયાલિસિસ પ્રોસીજર અલગ વિભાગમાં કરવા એક વિશેષ યુનિટનું ઉદ્‌ઘાટન તા. ૪-૪-૨૦૧૫ના રોજ અમદાવાદમાં આવેલ તનિષ્ક પ્રોપર્ટીઝ પ્રા.લિ. અને રેસ મોટર્સ પ્રા.લિ.ના મેનેજિંગ ડાયરેક્ટર અને આ સમાજના હિતેચ્છુ શ્રી અશોકભાઈ રામજી સાવલાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના હોદ્દેદારો, કાર્યકરો, આમંત્રિત મહાનુભાવો સહિત દર્દીઓ તેમજ તેમના સગા-સંબંધીઓ ઉપસ્થિત હતા. આ પ્રકારની પ્રક્રિયા માટે ડાયાલિસિસના વધારાના બે મશીન તેમજ તેને સંબંધિત અન્ય તમામ તબીબી સાધન સામગ્રીઓ ઉપર્કોત વિશેષ યુનિટમાં ઉપલબ્ધ કરવાનું આયોજન થયું છે. ઉદ્‌ઘાટનના દિવસથી જ તે વિભાગમાં ડાયાલિસિસ પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. આ પ્રકારની સગવડતાના કારણે 'બી-પોઝિટિવ' વાળા દર્દીઓની સારવાર અર્થે વપરાતા ડાયાલાઈઝર તેના વપરાશની વેલ્યુ અનુસાર એકથી વધુ વખત પ્રક્રિયામાં વાપરી શકાય છે. પરિણામે 'બી-પોઝિટિવ'વાળા દર્દીઓને નેગેટિવ દર્દીઓની જેમ આર્થિક રીતે રાહત ઊભી થાય છે. આ બધી સગવડતાઓના કારણે 'બી-પોઝિટિવ' વાળા દર્દીઓએ પોતાનો આનંદ વ્યક્ત કરીને સમાજ, તેના હોદ્દેદારો અને કાર્યકર્તાઓનો આભાર માનીને અભિનંદન આપ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપભાઈ નારાણજી દંડે ઉપસ્થિત સૌને આવકારીને ડાયાલિસિસ સેન્ટરનો પ્રારંભ થયો અને ત્યારબાદ ઉપસ્થિત 'બી-પોઝિટિવ' વિશેષ યુનિટના નિર્માણ સંબંધિત વિગતો જણાવેલ હતી. ત્યારબાદ સમારંભના મુખ્ય મહેમાન શ્રી અશોકભાઈ રામજી સાવલાના હસ્તે અલાયદા યુનિટના રૂમ અને ડાયાલિસિસ મશીનનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. પ્રસંગને અનુરૂપ શ્રીમતી પ્રેમિલાબેન અશોકભાઈ સાવલા તેમજ શ્રી અશોકભાઈ રામજી સાવલાએ અનુક્રમે પોતાના ટૂંકા પ્રવચનમાં સમાજની પ્રવૃત્તિઓ અને ખાસ કરીને ડાયાલિસિસ વિભાગ અને તેના માધ્યમથી દર્દીઓને રાહત દરથી કરવામાં આવતી પ્રોસીજરની પ્રશંસા કરી હતી. પોતાના જ જીવન પ્રસંગની વાત કરીને ડાયાલિસિસની અગત્યતા જણાવેલ હતી.

વધુમાં, આ વિશેષ યુનિટ, મશીન વગેરેના ખર્ચ પેટેની તમામ રકમ તેમના તરફથી ડોનેશનરૂપે આપવાની જાહેરાત તેમના તરફથી થતાં ઉપસ્થિત સૌએ તાળીઓથી વધાવીને તેઓશ્રી બંનેનું અભિવાદન કર્યું હતું. સમારંભના અંતે સમાજના મંત્રી શ્રી કે. આર. શાહે આભારવિધિ કરીને દાતાશ્રી તથા ઉપસ્થિત સર્વે મહાનુભાવોનો આભાર માન્યો હતો.

તે ઉપરાંત, આ વિશેષ યુનિટમાં પોતાના તરફથી આર્થિક સહયોગ સાથે તેના બાંધકામનું કામ નિર્ધારીત સમયમાં કરી આપવા બદલ કોન્ટ્રાક્ટર શ્રી અનિલ સથવારાનો ખાસ આભાર માનવામાં આવેલ.

- **HBs Ag શું છે?**

★ તેના લક્ષણો દેખીતી રીતે જોવા મળતા નથી.

★ તે અંગે બ્લડ પરીક્ષણ કરાવ્યા બાદ જ વાઈરસની હાજરીની જાણ થઈ શકે છે.

★ આ પ્રકારનો વાઈરસ ઘણો સંવેદનશીલ - ઉત્તેજક હોય છે. જેના લોહીની ખૂબ જ ઓછી માત્રા પણ બીજી વ્યક્તિને ચેપ લગાડી શકે છે.

★ આ કારણે દર્દીઓએ પ્રત્યેક ત્રણ માસે જરૂરી પરીક્ષણો અવશ્ય કરાવવા પડે છે.

★ હેપેટાઈટિસ 'બી' વાઈરસ વ્યક્તિના લીવર પર સીધી રીતે અસર કરે છે.

★ 'બી' વાઈરસ રીવર્સીબલ હોય છે. અગર કોઈ વ્યક્તિમાં ચેપનો પ્રતિકાર કરવાની ક્ષમતા હોય, તો તે વ્યક્તિના શરીરમાં પ્રવેશેલ વાઈરસ ૪થી ૬ માસમાં નેગેટિવ થઈ શકે છે.

★ 'બી' વાઈરસ માટે પ્રતિકારક વેક્સિન છે. જે ૦, ૧, ૨, ....૬ માસ અને ત્યારબાદ એક વર્ષે બુસ્ટર ડોઝ તરીકે લઈ શકાય છે.

- **H.C.V. :**

★ ઉપર મુજબ એચ.સી.વી.ના પણ લક્ષણો દેખીતી રીતે હોતા નથી. તેની અસર લીવર પર ગંભીર રીતે થઈ શકે છે. જરૂરી પરીક્ષણો કર્યા બાદ જ જાણી શકાય છે તેમજ પ્રતિ ત્રણ માસે પરીક્ષણો કરાવવા ફરજિયાત હોય છે.

★ 'સી' વાઈરસ નોન-રીવર્સીબલ રોગ છે. એક વખત લોહીમાં ઈન્ફેક્શનની અસર થતાં, તે વ્યક્તિ કેરિયર (રોગના જંતુવાહક) ગણાય છે. તેના પ્રતિકારક રૂપે કોઈ વેક્સિન નથી. આ વાઈરસવાળા બ્લડનો અન્ય બ્લડ સાથે સંપર્ક થવાથી, એક વ્યક્તિ માટે વપરાયેલા નીડલ, ઈન્જેક્શન, બીજી વ્યક્તિ માટે વાપરવાથી.

*જે ક્ષમા કરે છે તે તેમ કરી બીજાને સુધારે છે.*

**• ડાયાલિસિસ સેન્ટરની પૂર્વભૂમિકા :**

★ ડાયાલિસિસના મુખ્ય સેન્ટરનું ઉદ્‌ઘાટન તા. ૨૦-૪-૨૦૧૪ના રોજ કરવામાં આવ્યું હતું.

★ ઉદ્‌ઘાટન બાદ તા. ૨૬-૪-૨૦૧૪ના રોજ પ્રથમ એક જ દર્દીની ડાયાલિસિસ પ્રોસીજર કરવામાં આવેલ. ત્યારબાદ ઉત્તરોત્તર સંખ્યા વધતાં અત્યાર સુધી આ સેન્ટરમાં ૩૦૦૦થી વધુ ડાયાલિસિસ પ્રોસીજર કરવામાં આવી છે.

★ ડાયાલિસિસના આધુનિક સગવડથી સજ્જ કુલ ૯ મશીન, એક ડાયાલાઈઝર વોશિંગ મશીન તેમજ આર.ઓ. પ્લાન્ટ સાથે તા. ૨૬-૪-૨૦૧૪થી પ્રક્રિયાનો પ્રારંભ કરીને કાર્યવંત થયેલ.

★ ડાયાલિસિસ દર્દીઓની ફાઈલ અને તે સંબંધી પ્રક્રિયા ત્રણ નેફ્રોલોજિસ્ટ ડોક્ટર, ત્રણ ટેકનિશિયન અને એક એટેન્ડન્ટ નિયમિતપણે સંભાળી રહ્યા છે.

★ કિડની, ડાયાલિસિસ પ્રક્રિયા અને તેની ટેકનિકલ વિગત દર્શાવતા મોટી સાઈઝના પોસ્ટર્સ સેટરમાં ઉપલબ્ધ કરવામાં આવ્યા છે.

★ ડાયાલિસિસના મુખ્ય સેન્ટરના ઉદ્‌ઘાટનના અવસરે તેનાં પ્રત્યેક મશીન, કાયમી તિથિ અને પ્રત્યેક દિવસના ખર્ચ પેટે કેટલાક દાતાશ્રીઓ તરફથી સૌજન્ય પ્રાપ્ત થયું હતું.

★ કુલ ૭૫ દર્દીઓ પૈકી ૫૮ જેટલા દર્દીઓની હાલે નિયમિત રીતે ડાયાલિસિસ સારવાર થઈ રહી છે, જેની વિગત નીચે મુજબ છે :

| | |
|---|---|
| પુરુષ : ૩૫ | દર્દીઓમાં સૌથી વધુ વય : ૭૩ વર્ષ |
| મહિલા : ૨૩ | દર્દીઓમાં સૌથી ઓછી વય : ૨૦ વર્ષ |

**વય પ્રમાણે પૃથક્કરણ :**

| *વય* | *દર્દીની સંખ્યા* | *વય* | *દર્દીની સંખ્યા* |
|---|---|---|---|
| ૧૧-૨૦ | ૦૧ | ૫૧-૬૦ | ૧૫ |
| ૨૧-૩૦ | ૧૩ | ૬૧-૭૦ | ૧૩ |
| ૩૧-૪૦ | ૦૯ | ૭૧-૮૦ | ૦૨ |
| ૪૧-૫૦ | ૦૫ | | |

નીચે જણાવેલ વિસ્તારમાંથી દર્દીઓ ઉપરોક્ત સેન્ટરમાં સારવાર અર્થે આવે છે : શાહીબાગ, વસ્ત્રાપુર, ગાંધીનગર, નવા વાડજ, નરોડા, નિકોલ, ક્રિષ્નાનગર, વસ્ત્રાલ, બાપુનગર, રખિયાલ, કાલુપુર, મીરઝાપુર, રાણીપ, ઍરપોર્ટ રોડ, વગેરે.

***તા. ૨૦-૪-૨૦૧૫ના રોજ આ ડાયાલિસિસ સેન્ટરને એક વર્ષ પૂર્ણ થયેલ છે.***

***અહેવાલ : દિનેશ આર. મહેતા***

***(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં. ૭૧-૭૨)***

## સાભાર સ્વીકાર

***નીચે મુજબના દાતાશ્રીઓએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં દર્દીઓને અપાતી રાહતમાં મદદરૂપ થવા તિથિઓ લખાવેલ છે. જેનો આ સંસ્થા સાભાર સ્વીકાર કરે છે.***

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી જાદવજી લાલજી શાહ (ઍંકરવાલા) | (કુંદરોડી - મુંબઈ) | રૂા. ૫,૫૫,૦૦૦/- |
| ૨. | શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા | (રવા - મુંબઈ) | રૂા. ૨,૨૨,૦૦૦/- |
| ૩. | શ્રી નરેશ લક્ષ્મીચંદ સોની | (વાંકુ - મુંબઈ) | રૂા. ૨,૨૨,૦૦૦/- |
| ૪. | શ્રી વલ્લભજી ભાણજી ગડા | (બાડા - મુંબઈ) | રૂા. ૨,૨૨,૦૦૦/- |
| ૫. | શ્રી બુધ્ધિચંદ હીરજી મારુ (શેમારૂ) | (હાલાપર - મુંબઈ) | રૂા. ૨,૨૨,૦૦૦/- |
| ૬. | શ્રીમતી મંજુલાબેન મણિલાલ વોરા | (મુંદ્રા - મુંબઈ) | રૂા. ૨,૨૨,૦૦૦/- |
| ૭. | શ્રી પ્રતાપ ચાંપશી લોડાયા | (તેરા - મુંબઈ) | રૂા. ૧,૧૧,૦૦૦/- |
| ૮. | શ્રી જયેશભાઈ ભાગચંદભાઈ જૈન | (કોઠારા - મુંબઈ) | રૂા. ૧,૧૧,૦૦૦/- |
| ૯. | શ્રી તિલેશ શાંતિલાલ મૈશેરી | (લાલા - મુંબઈ) | રૂા. ૧,૧૧,૦૦૦/- |
| ૧૦. | શ્રી નરોત્તમ વેલજી મહેતા | (મુંદ્રા - મુંબઈ) | રૂા. ૧,૧૧,૦૦૦/- |
| ૧૧. | શ્રી નરેન્દ્રભાઈ પ્રીતમલાલ શાહ | (માંડવી - મુંબઈ) | રૂા. ૧,૧૧,૦૦૦/- |
| ૧૨. | શ્રી રાકેશભાઈ કાંતિલાલ પટેલ | (પલાંસર - મહેસાણા - અમદાવાદ) | રૂા. ૧,૧૧,૦૦૦/- |

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વૃક્ષ ઉછેર યોજનામાં શ્રી બિપીનભાઈ કાનજી જૈન (નાની ખાખર - મુંબઈ) તરફથી રૂા. ૧,૨૫,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પચ્ચીસ હજાર પૂરા)નું અનુદાન મળેલ છે. સંસ્થા તેનો સાભાર સ્વીકાર કરે છે.

*ક્રોધ જેવી હાનિકારક વસ્તુ નથી અને ક્ષમા જેવી ગુણકારક બાબત નથી.*

# અમદાવાદ ખાતેના ડાયાલિસિસ સેન્ટર સંબંધી મુંબઈ મુલાકાતનો એક અહેવાલ

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ, મંત્રી શ્રી કે.આર. શાહ તથા પૂર્વપ્રમુખ ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા ૪ દિવસ – તા. ૭-૪-૨૦૧૫થી તા. ૧૦-૪-૨૦૧૫ સુધી શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ ખાતે ડાયાલિસિસ સેન્ટરમાં કરવામાં આવતી ડાયાલિસિસ સારવારના ચાર્જિસમાં દર્દીઓને વધારે રાહત આપવા માટેની તિથિઓ સંબંધી દાતાઓને રૂબરૂ મળવા મુંબઈ ગયા હતા, જેનો અહેવાલ નીચે મુજબ છે.*

- **તા. ૭-૪-૨૦૧૫**

★ સૌપ્રથમ શ્રીમતી મંજુલાબેન મણિલાલ વોરા (મુંદ્રાવાળા)ને મળ્યા હતા. તેઓએ ૧ તિથિ લખાવેલ હતી.

તે પછી શ્રી વલ્લભજી ભાણજી ગડાને મળ્યા. તેઓએ ૨ તિથિઓ લખાવેલ હતી.

ત્યાંથી શ્રી ચંપક ધનજી હરિયાની શુભેચ્છા મુલાકાત લીધેલ હતી. ત્યારબાદ નવનીત પબ્લિકેશન્સમાં શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી ડુંગરશીભાઈ ગાલા તથા શ્રી સુનિલભાઈ ગાલાની શુભેચ્છા મુલાકાત લીધેલ હતી.

ત્યાંથી શ્રી બુધ્ધિચંદભાઈ મારૂ (શેમારૂ)ને મળ્યા. તેઓએ ૨ તિથિઓ લખાવેલ હતી.

છેલ્લે શ્રી રસિકભાઈ નાનજી શાહની મુલાકાત લીધેલ હતી. તિથિ માટે વિચાર કરીને તેઓશ્રી ૨/૪ દિવસમાં જણાવશે તેમ કહ્યું હતું.

- **તા. ૮-૪-૨૦૧૫**

★ સવારનાં સીધા દહીંસર નવનીત હોસ્પિટલની મુલાકાત લીધેલ હતી અને તેઓના અલગ અલગ સ્થળે ચાલતા મેડિકલ સેન્ટરોની મુલાકાત લીધેલ હતી. ખાસ કરીને ત્યાંના ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત લીધેલ હતી અને તેને સંબંધિત સંપૂર્ણ વિગતો જાણી હતી. ત્યાં શ્રીમતી ફાલ્ગુનીબેન તથા મયૂર ગાલાએ અમને બધી વિગતો સમજાવેલ હતી.

ત્યાંથી શ્રી પારસભાઈ બાબરિયા સાથે બોરીવલીમાં અતિથિ ગૃહ લાયક એક જગ્યા જોવા ગયા હતા. જ્યાં પૂનમ બિલ્ડર્સના આર્કિટેક્ટ શ્રી હાટે સાહેબ, તેમના સુપુત્ર બિલ્ડર શ્રી પ્રાજ્ય નવલકર અને રાવે નવલકર તથા તેમના ભાગીદાર શ્રી સુનિલ મંત્રીને મળ્યા હતા. જગ્યા તથા તેના પ્લાન જોયા પછી નીચે મુજબની ચોખવટ કરવામાં આવી હતી : (૧) આપણે અતિથિ ગૃહ કરવા માંગીએ છીએ. તેથી મ્યુનિ.ના નિયમ મુજબ એ કોમર્શિયલ ગણાય જ્યારે પ્લાન રેસિડેન્ટના પાસ થયેલ છે. (૨) અમારી અત્યાર સુધી સમજ એવી હતી કે ગ્રાઉન્ડથી કરીને ટોપ સુધી સંપૂર્ણ બિલ્ડિંગના પ્લોટ એરિયા સાથે કબજો અમારો રહેશે. જ્યારે એમના કહેવા મુજબ ગ્રાઉન્ડ ઉપર ટેનન્ટ્સની દુકાનો થશે તથા બીજા માળે બિલ્ડર એક હોટલ બનાવવાના છે. તેની ઉપર બીજા ૧૮ માળ બનાવવાના છે. તેમાંથી તેઓ આપણને ૮થી ૧૦ માળ જ આપી શકે. આવવા જવા માટેની સીડી તથા લિફ્ટ બધા જ ની સહિયારી વપરાશે. એની સામે આપણે એમને સૂચન કર્યું હતું કે જેટલા પણ આપણને આપે તેની અલગથી એન્ટ્રી હોવી જોઈએ. જે તેઓએ જણાવેલ કે શક્ય નથી. (૩) તેવી રીતે પ્રતિ ચોરસ ફૂટના ભાવ સંબંધી વાતચીત થયેલ. પરંતુ તે અંગે આખરી નિર્ણય થયેલ નહીં. (૪) તેઓએ પેમેન્ટ ટર્મ્સમાં ૫૦ ટકા કે તેટલી રકમ બાનાખત વખતે આપવાની વાત કરેલ હતી. બાકીની રકમ માટે આપણે બેસીને નક્કી કરીએ તે પ્રમાણે હપ્તેથી ચૂકવવા માટેની વાત કરેલ હતી. તે સામે આપણી સ્પષ્ટ વાત હતી કે બાનાખત વખતે ટોકન રકમ જ આપવામાં આવશે અને જેમ જેમ બાંધકામ આગળ વધશે તેમ તેમ નક્કી કર્યા પ્રમાણે રકમ હપ્તાવાર ચૂકવી શકાય.

ઉપરોક્ત ચર્ચા વિચારણા બાદ તેઓએ આપણી દરખાસ્ત ઉપર વિચાર કરીને ૮/૧૦ દિવસમાં જવાબ આપશે તેમ જણાવેલ હતું.

- **તા. ૯-૪-૨૦૧૫**

★ સવારે સીધા શ્રી લહેરીનભાઈ ખોનાને ત્યાં ગયા હતા. તેઓએ એક તિથિ માટે અન્ય સાથે વાતચીત કરીને જણાવશે તેમ કહેલ હતું. ત્યાંથી શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીની શુભેચ્છા મુલાકાત લીધેલ.

ત્યારબાદ શ્રી સુંદરજીભાઈ ગડાની શુભેચ્છા મુલાકાતે ગયા હતા. ત્યાંથી નીકળી શ્રી વલ્લભજી ભાણજી ગડાની ઓફિસમાં તેઓના ભાગીદાર શ્રી પ્રતાપ ચાંપશી લોડાયાને મળ્યા હતા. તેઓએ ૧ તિથિ લખાવેલ હતી. ત્યાંથી શ્રી ચેતનભાઈ મોતા (ટુર્સ એન્ડ ટ્રાવેલ્સવાળા)ને મળવા ગયા હતા. પરંતુ તેઓ બહાર ગયા હોવાથી મુલાકાત થઈ શકી નહીં. ત્યાંથી શ્રી ચીમનભાઈ મોતાની શુભેચ્છા મુલાકાત લીધેલ હતી.

છેલ્લે શ્રી જયેશભાઈ જૈનને મળવા ગયા હતા. તેઓએ ૧ તિથિ લખાવેલ હતી.

- **તા. ૧૦-૪-૨૦૧૫**

★ સવારે ૯.૩૦ વાગે શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસિયાની મુલાકાત લીધેલ હતી. તેઓએ ૨ તિથિઓ આપેલ હતી. ત્યાંથી શ્રી કેશવજીભાઈ છાડવાની શુભેચ્છા મુલાકાત લીધી

*ફરિયાદી ચિત્ત, હરિને પામવામાં અડચણરૂપ બને છે.*

હતી. ત્યાંથી શ્રી નરેન્દ્ર પ્રીતમલાલ શાહને મળવા ગયા હતા. તેઓએ ૧ તિથિ લખાવેલ હતી.

ત્યાંથી શ્રી પીયૂષભાઈ વિશનજી લખમશી સાવલાને મળવા ગયા હતા. તેઓ ૨/૪ દિવસમાં જવાબ આપશે તેમ જણાવેલ હતું. તેઓની સાથે જ શ્રી જાદવજીભાઈ એન્કરવાલાને મળ્યા હતા. તેઓએ ૫ તિથિઓ લખાવેલ હતી. ત્યાંથી નીકળીને શ્રી કલ્પરાજભાઈ ધરમશીને મળવા ગયા હતા. તેઓએ ખૂબ જ સારો આવકાર આપેલ હતો. તેઓનાં પિતાશ્રી રાયચંદભાઈ ધરમશી આપણા દાતાઓ પૈકી એક છે. અત્યાર સુધી તેઓએ આપેલ સહકાર અંગે તેઓને વાકેફ કરવામાં આવ્યા હતા. મુરબ્બી શ્રી રાયચંદભાઈએ આદરેલા સેવા કાર્યો તેમના દુઃખદ અવસાન બાદ આગળ ધપાવવાની જરૂરી વ્યવસ્થા થતાં તેમના પરિવારજનો આપણો સંપર્ક કરશે તેમ જણાવેલ હતું.

છેલ્લે મુંબઈ ફોર્ટ સ્થિત ઓફિસમાં શ્રી ચંદ્રકાંતભાઈ નરશી દેઢિયાની મુલાકાત લેવામાં આવી હતી. ડાયાલિસિસ સેન્ટર અને તિથિ અંગે તેઓશ્રીને બધી માહિતી આપી હતી.

***કે. આર. શાહ***

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# વિચારોના વૃંદાવનમાં

સૌરાષ્ટ્રમાં તાજેતરમાં કંપારી છૂટે તેવી કેટલીક ઘટનાઓ બની ગઈ. (૧) સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા ખાતે મેલડી માતાના નામે એક મહિલાએ પોતાના પતિને મારી નાખ્યો. (૨) જામનગરના ધૂનડા ગામે ૧૮ વર્ષના જેસંગનું ગળું એના જ બાપ નાગજીએ કાપી નાખ્યું. નાગજી કમળપૂજા કરવા માગતો હતો. પૂજાવિધિના એક ભાગ સ્વરૂપે તેની હત્યા કર્યા પછી ઘણા સમય સુધી તેનો બાપ ત્યાં જ બેસી રહ્યો. એને એમ હતું કે દૈવી ચમત્કારથી હમણાં તેનો દીકરો ફરી સજીવન થશે. પરંતુ એવું કંઈ થયું નહીં. (૩) હળવદ તાલુકાના સાપકડા ગામે વશરામ નામના માણસે નવ વર્ષની પુત્રી રંજનાની હત્યા કરીને ખોડિયાર માતાના ચરણે ધરી દીધી. (૪) વઢવાણ પાસે મેલડી માતાના મંદિરે એક બાપે માસુમ ફૂલ જેવા ત્રણ સંતાનોનો બલિ ધરી દીધો અને પછી પોતે આપઘાત કરી લીધો. **માતાજીને રીઝવવા કે એનો કોપ શમાવવા માટે આ બધું થયું હતું.**

ધર્મ અને શ્રધ્ધા તો માણસને મૃદુ, કોમળ, કરુણામય અને દયાળુ બનાવે. એને બદલે અહીં તો માણસ અત્યંત ક્રૂર અને ઘાતકી બની જાય છે. ધર્મને નામે આટલી હદે બર્બરતા આચરી શકાય એ તથ્ય જ દર્શાવે છે કે **ધર્મ કે ધાર્મિક શ્રધ્ધા બહુ ઝડપથી અંધશ્રધ્ધા અને અસહિષ્ણુતામાં ફેરવાઈ જાય છે** અને પરિણામે માણસ તદ્દન અધાર્મિક કહી શકાય એવું આચરણ કરી બેસે છે.

આપણી ગરીબી અને પછાતપણાનાં અનેક કારણો છે. એમાં કામચોરી છે, આળસ છે, ભ્રષ્ટાચાર છે. પણ સાથે સાથે આ અંધશ્રધ્ધા પણ છે. વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુનો અભાવ પણ છે. આપણે આપણો મોટાભાગનો કિંમતી સમય ધાર્મિક ક્રિયાકાંડો, કથાઓ, યજ્ઞો, ઓચ્છવો અને મહોત્સવોમાં વેડફી દઈએ છીએ. પછી નક્કર કામ માટે અને દેશના નવનિર્માણ માટેનો સમય ક્યાંથી બચે? સૌરાષ્ટ્રમાં હમણાં એક મોટો યજ્ઞ યોજાઈ ગયો. જેની પાછળ કરોડો રૂપિયા ખર્ચાયા. દિવસો સુધી તૈયારીઓ થઈ. ચાર-પાંચ દિવસ તો શાળા - કોલેજો બંધ રહી. રસ્તાઓ બંધ થઈ ગયા. અંતે ફળશ્રુતિ શું? એ યજ્ઞના થોડા સમય પછી જ આ માનવ બલિદાનોની ઘટના બની ગઈ.

માણસ આ પૃથ્વી પર લાખો વર્ષોથી વસવાટ કરે છે. પણ આજનો સભ્ય અને સુસંસ્કૃત મનુષ્ય તો એ માંડ પાંચ હજાર વર્ષ પહેલાં બન્યો. એ પહેલાં તો એ જંગલોમાં ફરતો, ગુફાઓમાં પડ્યો રહેતો, ટોળીઓ લઈને શિકાર કરતો અને બીજા પશુ - પક્ષીની જેમ જીવતો રહેતો. ત્યારે એની પાસે ભાષા નહોતી, ધર્મ નહોતો, ધર્મગ્રંથો નહોતા. ભાષા નહોતી માટે જ્યોતિષના નિયમો પણ નહોતા. આમ લાખો વર્ષ માણસ ધર્મ વિના, ભાષા વિના, ગ્રહોની જાણકારી વિના જીવ્યો છે. એ બધા માણસો નરકમાં ગયા હશે એમ માની લેવાની જરૂર નથી. એ પછી માણસે ભાષા વિકસાવી. જ્ઞાન-વિજ્ઞાનનો વિકાસ થયો, ધર્મગ્રંથો રચાયા, માણસ સામાજિક બન્યો. કુટુંબપ્રથા વિકસી. લગ્નનો રિવાજ આવ્યો. આ બધું માણસે પોતાની સગવડ માટે, આનંદ માટે વિકસાવ્યું. પશુ પંખીઓમાં જીવ છે પણ ત્યાં લગ્ન નથી, ધર્મ નથી, નોકરી ધંધા નથી. માણસે પણ આ બધું હમણાં જ ઊભું કર્યું છે. **આ બધી રચના કુદરતી નથી, માણસે ઊભી કરેલી છે.**

એક બાજુ માણસ સુધર્યો અને વિજ્ઞાન દ્વારા પ્રગતિ સાધી. જ્યારે અન્ય તરફ તે ગંદકી અને પછાતપણામાં સબડે છે. **એક બાજુ ઈચ્છિત બાળક માટે સાધુબાવાઓ પાસે લોકો જાય છે અને બીજી બાજુ મોટી હોસ્પિટલો અને સોનોગ્રાફીની પ્રયોગશાળાઓ ઊભી થાય છે.** આ વિરોધાભાસી પ્રવાહમાં આપણે જીવીએ છીએ.

વિજ્ઞાનની અદ્ભુત પ્રગતિ એક જ વાત ઉપર ભાર મૂકે છે કે મનુષ્ય, સૃષ્ટિનાં રહસ્યોને પ્રચંડ પુરુષાર્થથી ઉકેલી શકે છે. વિજ્ઞાનના નિયમોમાં જો અને તો કે અપવાદ હોતો નથી. હાઈડ્રોજન અને ઑક્સિજન ભેગા કરો તો પાણી જ થાય, દૂધ ન થાય. જમીન પર ગોલેક્સની ટીકડીનો ભૂકો નાખીને ઉપર પાણીવાળા પગે ચાલો એટલે કંકુ પગલા પડે! ઢોંગી સાધુબાવાઓ આવા કહેવાતા ચમત્કારોથી ભોળા લોકોને છેતરી જાય છે.

***(યાસીન દલાલના લેખમાંથી)***

*સાચો સમાજ સેવક સમાજનું ભલું પહેલાં વિચારે છે.*

# તબીબી સેવા સમિતિ

## બોન મિનરલ ડેન્સિટી (BMD) કેમ્પમાં ૧૬૦ વ્યક્તિઓએ લાભ લેતાં આયોજન સફળ થયું

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની તબીબી સેવા સમિતિ દ્વારા ટોરેન્ટ ફાર્માસ્યૂટિકલ્સ લિ.ના સહયોગથી વ્યક્તિના હાડકાંની ઘનતા માપવા માટે બૉન મિનરલ ડેન્સિટી (BMD)ના નિઃશુલ્ક કેમ્પનું આયોજન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે તા. ૨૧-૪-૨૦૧૫ના રોજ કરવામાં આવ્યું હતું. રજિસ્ટ્રેશન કરાવનાર સવારના ૮.૩૦ વાગ્યાથી આવવાના શરૂ થઈ ગયા હતા. દરેક વ્યક્તિનું બી.એમ.ડી. તેના મશીનના માધ્યમથી માપીને તેનો વિગતવાર રિપોર્ટ તેમજ વ્યક્તિને લેવાની જરૂરી મેડિસિનની નોંધ સાથે તેમને આપવામાં આવેલ.

આપણો દેખાવ અને શારીરિક સુદ્રઢતા હાડકાંને કારણે છે. હાડકાં નબળા પડે તો શરીર પણ નબળું પડવા લાગે. સહેજ ઠોકર વાગતાં ફ્રેક્ચર થઈ જાય. તે સંધાતા લાંબો સમય લાગે. દર્દીની પરેશાની વધતી જાય. હાડકાં નબળા પડતાં આ રોગને ઓસ્ટિઓપોરોસિસ તરીકે ઓળખવામાં આવે છે. કેલ્શિયમની ઊણપના કારણે તે થાય છે કારણકે હાડકાંનું મુખ્ય બંધારણ કેલ્શિયમ છે. વ્યક્તિને દરરોજ ૧૨૦૦થી ૧૫૦૦ એમ.જી. કેલ્શિયમની જરૂરિયાત રહે છે. જે રોજિંદા આહારમાંથી દૂધ અને દૂધની બનાવટોમાંથી પૂરતા પ્રમાણમાં મળી રહે છે.

આજે શરીરને પાતળું બનાવવા અને વજન ઘટાડવાની ઘેલછા એટલી વધી ગઈ છે કે ખાવાપીવાનું છોડીને ડાયેટિંગ કરીને વજન ઘટાડવાના અખતરા થાય છે. કસરતનો તદ્દન અભાવ હોય છે. આ બધા કારણે કેલ્શિયમ અને પ્રોટીન જેવાં જરૂરી તત્ત્વો શરીરમાંથી ઓછા થતા હોય છે. આ પ્રકારની ઉણપના કારણે મણકાનો ઘસારો કે કરોડરજ્જુનું ફ્રેક્ચર પણ થતું હોય છે. બૉન સ્કેનર દ્વારા બૉન મિરલ ડેન્સિટી માપવાથી આ પ્રકારના રોગની જાણકારી મેળવી શકાય છે. આ રોગમાં પણ હોમિયોપેથી ઔષધો અસરકારક થઈ શકે છે. અગર વારંવાર ફ્રેક્ચર થતું હોય ત્યારે ફેરમફોસ, સીમફાઈટમ, કેલ્કેરિયા ફોસ જેવી દવાઓ અસરકારક છે. જ્યારે હાડકાં પોચા થવાના કારણે હાડકામાં ઘસારો થતો હોય ત્યારે મેડોરિનમ, કેલ્કેરિયા-કાળે, બ્રાયોનિયા જેવા ઔષધો ઘસારો ઓછો કરવામાં મદદરૂપ નીવડે છે. તે સિવાય, ઓરમમેટાલિકમ જેવી દવા શરીરમાં કેલ્શિયમ વધારીને હાડકાં મજબૂત બનાવે છે.

કેમ્પમાં ઓસ્ટિયોપોરોસિસ તથા શરીરમાં કેલ્શિયમની ઉણપ, જરૂરત, ખોરાક વગેરે સંબંધી ચાર્ટસ દ્વારા લોકોને વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. સંસ્થાના મેડિકલ સેન્ટરના ફિઝિશિયન ડૉ. નીતુબેન પરીખે બી.એમ.ડી. વિશે રસપ્રદ જાણકારી આપી હતી. બીજા તબક્કામાં ઓર્થોપેડિક વિભાગના ડૉ. રાજેશ પરીખે હાડકામાં કેલ્શિયમની ઉણપથી કયા પ્રકારની તકલીફો થઈ શકે અને હાડકાને પોલા બનતા અટકાવવા શું કરવું જોઈએ વગેરે બાબતે ઉપસ્થિત સમુદાયને ખૂબ જ ઉપયોગી માહિતી, માર્ગદર્શન સાથે તેવી સ્થિતિને નિવારવાના ઉપાયો સૂચવ્યા હતા. કેમ્પના વિષયાનુસાર પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ આપવામાં આવ્યા હતા.

★ કેમ્પમાં કુલ ૧૬૦ વ્યક્તિઓએ હાડકાની ઘનતા મપાવીને તે સંબંધી રિપોર્ટ પ્રાપ્ત કર્યા હતા.
★ ૧૬૦ પૈકી ૫૦ વ્યક્તિઓમાં નોર્મલ સ્થિતિ હતી.
★ ૫૫ વ્યક્તિઓમાં ઓસ્ટોપોનિયા જણાયેલ.
★ અન્ય ૫૫ વ્યક્તિઓને ઓસ્ટિયોપોરોસિસ (કેલ્શિયમની માત્રા ખૂબ જ અલ્પ તથા પોલા હાડકાં) પરીક્ષણ દરમ્યાન જણાયેલ.
★ પરીક્ષણ બાદ અમુક વ્યક્તિઓએ મેડિકલ સેન્ટરમાં હાડકાંના વિભાગમાં જરૂરી કન્સલ્ટેશન કરાવેલ હતું.

કેમ્પ દરમ્યાન મેડિકલ સેન્ટરના સ્ટાફ સભ્યોએ પ્રશંસનીય કામગીરી બજાવેલ હતી. આ અવસરે સર્વશ્રી અશ્વિનભાઈ સાવલા, કે.ડી. શાહ, રમણિકભાઈ ગોસર, દિનેશ આર. મહેતા, દિનેશભાઈ શાહ વગેરે હાજરી આપી હતી.

***કન્વીનર : તબીબી સેવા સમિતિ***

## ભારત અને અમેરિકા – સાર્વભૌમતા બંને દેશોના બંધારણ અને મૂળ હાર્દ

| અમેરિકા | ભારત |
|---|---|
| • દેશનું બંધારણ ૧૭મી સપ્ટેમ્બર, ૧૭૮૭ના અમલી બન્યું. | • દેશનું બંધારણ ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ના અમલી બન્યું. |
| • રાજ્ય અને દેશ બંનેના અલગ નાગરિક્ત્વ છે. | • રાજ્યો અને દેશ બંનેમાં એક જ નાગરિક્ત્વ છે. |
| • દેશ અને રાજ્યના અલગ બંધારણ છે. | • દેશ અને રાજ્યનું એક જ બંધારણ છે. |
| • રાજ્યોને પોતાના કાયદા ઘડવાની સત્તા છે. | • સંસદને જ કાયદા ઘડવાની સત્તા છે. |
| • કેન્દ્ર પાસે આવી સત્તા નથી. | • કેન્દ્રને નવા રાજ્યો સર્જવાની સત્તા છે. |
| • કેન્દ્ર સાથે રાજ્યો કરારથી જોડાયેલા છે. | • રાજ્યોની ઓળખ બદલવાની સત્તા કેન્દ્ર પાસે છે. |
| • બંધારણીય સુધારા માટે લોકમત લેવો ફરજિયાત છે. | • બંધારણીય સુધારા માટે લોકમત નથી લેવાતો. સંસદને સત્તા છે. |

## શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિના ઉપક્રમે
## કરિયર ગાઈડન્સ અને પર્સનાલિટી ડેવલપમેન્ટ : એક જોરદાર વર્કશોપ યોજાઈ

આ વર્કશોપમાં કંઈ જોર જ નહોતું.... કારણ... એ જોરવાળો નહીં પણ બહુ જોરદાર હતો. હા, ૬ એપ્રિલથી ૧૨ એપ્રિલ, ૨૦૧૫ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા આયોજિત, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજાયેલ કરિયર ગાઈડન્સ અને પર્સનાલિટી ડેવલપમેન્ટ વર્કશોપની આ વાત છે — દરરોજ સવારે ૮ વાગે ૧૮ કચ્છી અને ૨૩ નોન કચ્છી છોકરા અને છોકરીઓ આવે અને સાંજે ૮ વાગે ઘરે જાય. હવે સવાલ એ થાય કે એ બધા ૧૦માં ધોરણના વિદ્યાર્થીઓ આટલો બધો ટાઈમ કરતા શું હશે? સાચે જ, સવાલ તર્કવાળો છે અને એનો જવાબ તો એના કરતાં પણ વધારે તર્કથી મજબૂત છે. જે વાત તમે આ લખેલ વિગત વાંચશો તો સમજી જશો.

સૌ પહેલા તો આ વર્કશોપના હેતુ પર એક નજર નાખીએ. આ વર્કશોપ મૂળ ચાર બાબતોને ધ્યાનમાં રાખીને યોજવામાં આવ્યો હતો.

- **કરિયર ગાઈડન્સ :** જેમાં અલગ અલગ વિષયના નિષ્ણાત પ્રોફેસર કે પ્રિન્સિપાલ અને પ્રેક્ટિસનર આવે અને ૧૦માં ધોરણના વિદ્યાર્થીઓને - જે તે કરિયરની વાતો કરે.
- **એજ્યુકેશન કેમ્પસ વિઝિટ :** અહીં વિદ્યાર્થીઓએ અમદાવાદની બહુ જ ખ્યાતનામ સંસ્થાઓની મુલાકાત લેવાની હતી.
- **વિકાસયુક્ત એક્ટિવિટી :** વિદ્યાર્થીઓનો વિકાસ થાય એવી એક્ટિવિટી પણ સામેલ હતી અને
- **સિધ્ધિ હાંસલ પર્સનાલિટી સાથે મુલાકાત :** વિવિધ ક્ષેત્રની જાણીતી કે હમણાં જે કોઈ ક્ષેત્રમાં સિધ્ધિ હાંસલ કરી હોય તેવી પર્સનાલિટી સાથે મુલાકાત કરવી.

આવા ચોક્કસ હેતુથી શરૂ કરેલો આ વર્કશોપ સ્ટુડન્ટ્સ માટે એક યાદગાર વર્કશોપ નહીં પણ લાઈફનો એક યાદગાર પ્રસંગ બની ગયો. પ્રોગ્રામનું ઉદ્‌ઘાટન કરવા માટે ૫ વર્ષની નમ્યા આ પ્રોગ્રામમાં ચીફ ગેસ્ટ તરીકે હતી. (જેની લાઈફમાં ૬ એપ્રિલ, એ એની સ્કૂલનો પહેલો દિવસ હતો અને એજ દિવસે એ ચીફ ગેસ્ટ બની હતી.) નમ્યાએ બધા વિદ્યાર્થીઓને તિલક અને એક ગુલાબ આપ્યું હતું અને પછી પ્રો. જયરાજ પંડ્યાએ - આ વર્કશોપના સંચાલકે - આ વર્કશોપ શું છે અને શા માટે આપણે અહીં ભેગા થયા છીએ? તેના પર પહેલો સેશન લીધો હતો. ત્યારબાદ ૭ દિવસમાં અલગ અલગ વિષયના નિષ્ણાતોએ આવીને વાત કરી. જેમાં ફિઝિકલ ફિટનેસ, કરિયર ઇન આર્ટસ, કોમર્સ, સાયન્સ એ ગ્રુપ અને બી ગ્રુપ, ફાર્મસી, એન.ડી.એ., હોટલ મેનેજમેન્ટ, રેડિયો જોકી (આર.જે.), ફિલ્મ મેકિંગ વગેરે વિષયો પર લગભગ ૩૦ જેટલા અલગ અલગ વક્તાઓ આવીને વાત કરી ગયા. જે આ વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ હતો.

વર્કશોપના દિવસો દરમ્યાન નીચે પ્રમાણેના નિષ્ણાતો દ્વારા વિવિધ વિષયો પર રસપ્રદ વ્યાખ્યાનો આપવામાં આવ્યા હતા. વર્કશોપમાં ભાગ લેનાર દરેક છાત્રો તેમનાથી ખૂબ જ પ્રભાવિત થયા હતા.

| | NAME | DESIGNATION | TOPIC |
|---|---|---|---|
| 1. | DR. MUKUND MEHTA | DOCTOR | LAUGHING THERAPY |
| 2. | PROF. RAMESH KATARIA | PROFESSOR - SCIENCE | CAREER IN SCIENCE |
| 3. | DR. YOGENDRA VYAS | WRITER | STORY TELLING |
| 4. | NISHITH SHAH | PHOTOGRAPHER | BASICS OF PHOTOGRAPHY |
| 5. | NAMRATA SHETH | NUTRITIONIST | FITNESS |
| 6. | JVALANT VORA | PROFESSOR - CHEMISTRY | CAREER IN SCIENCE |
| 7. | PROF. JAYRAJ PANDYA | PROFESSOR | PERSONALITY DEVELOPMENT |
| 8. | H. C. SARDAR | PROFESSOR - COMMERCE | CAREER IN COMMERCE |
| 9. | DR. PRAMOD VERMA | RETD. PROF. - ECONOMICS - IIM, A'BAD | INTRODUCTION TO WORLD CLASS UNIVERSITIES |
| 10. | PARUL PARMAR | BADMINTON PLAYER - ACHIEVER | BADMINTOR |

*જેની પાસે ધૈર્ય છે તે મહેનતથી ગભરાતો નથી, સફળતા તેની દાસી છે.*

| | | | |
|---|---|---|---|
| 11. | NAMRATA SHETH | NUTRITIONIST | EXERCISE AND FITNESS |
| 12. | HEETA KAKU | STUDENT | HOW TO GAIN KNOWLEDGE – INFO ON VARIOUS WEBSITES |
| 13. | SANDEEP SHROFF | M.D. - M.D. KNOWLEDGE ACADEMY | PROFESSIONAL COURSES - COMMERCE |
| 14. | RAJU BAROT | THEATRE ARTIST | THEATRE |
| 15. | JAYA SHARMA | PROFESSOR - HOTEL MANAGEMENT | HOTEL MANAGEMENT AND TABLE MANNERS |
| 16. | RIKIN SHAH | PROFESSOR - FINE ARTS | FINE ARTS - CREATIVE ACTIVITY |
| 17. | CHAITALI CHINUBHAI | PROFESSOR - N.I.D. | LEGAL PROFESSION |
| 18. | PROF. ANURADHA GAJJAR | PROFESSOR - PHARMACY CHANGA UNIVERSITY | PHARMACY |
| 19. | SHASHWAT SHAH | ANIMATION MOVIE MAKER | ANIMATION |
| 20. | RUSHIRAJ MORI | NDA PASS OUT | INDIAN DEFENCE FORCES |
| 21. | PRANAV JOSHIPURA | PROFESSOR - GANDHINAGAR MAHILA COLLEGE | ENGLISH MOVIES AND STORIES |
| 22. | DR. M.P. BHATT | TRAINER AT 108 SERVICES | FIRST AID |
| 23. | DR. B. J. SHAH | PROFESSOR - L.D. COLLEGE | TYPES OF ENGINEERING BRANCHES |
| 24. | ABHISHEK JAIN | GUJARATI FILM MAKER | JOURNEY OF FILM MAKING |
| 25. | ANISH CHINUBHAI | PROFESSOR - PDPU | HOW TO GATHER ONLINE INFORMATION |
| 26. | AJAY UMAT | CHIEF EDITOR, NAVGUJARAT SAMAY | CAREER IN PRINT MEDIA |
| 27. | DEVANSHI SHAH | BOARD TOPPER | CAREER IN MEDICAL |
| 28. | VASHISTH THAKKAR | RJ, RADIO MIRCHI | CAREER IN RADIO |
| 29. | HAREN SHAH | M.D. - PEACH COMPUTERS | CAREER IN COMPUTER I.T. |
| 30. | RAKESH BOTHRA | MD. - BOTHRA CLASSES | HOW TO PREPARE FOR JEE AND JEE ADVANCED |
| 31. | HARISH KAKWANI | ALL INDIA RADIO | CAREER IN ELECTRONIC MEDIA |
| 32. | SIRALI MEHTA | PRIN. S.L.U. ARTS & COMM. COLLEGE | CAREER IN ARTS. |

વિદ્યાર્થીઓએ જે સંસ્થાની મુલાકાત લીધી તેમાં EDI, NID, MICA, CEPT, નવજીવન પ્રેસ અને દૂરદર્શનનો સમાવેશ થાય છે. જ્યાં તેમણે આ બધી સંસ્થાના atmosphere નો અનુભવ કર્યો. ત્યાં ચાલતા પ્રોગ્રામ, તેમાં એડમિશન લેવા માટેની તૈયારીની વિગત મેળવી. આ સંસ્થાઓની મુલાકાતનો હેતુ વિદ્યાર્થીઓ ભારતની સર્વોત્તમ સંસ્થા જુએ અને તેના વિશે વિચાર કરતાં થાય તે હતો.

થિયેટર ગેમ્સ, એકદમ સીધી સાદી વસ્તુઓમાંથી નવસર્જન કેવી રીતે થાય કે પછી પ્લાસ્ટિક ખુરશીઓની ડિઝાઈન બનાવવાની પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓએ પોતાની અંદર રહેલી રચનાત્મકતા બહાર લાવવાના સુંદર પ્રયાસ કર્યા હતા. આ ઉપરાંત ઘણી પર્સનાલિટી જેમ કે બેડમિન્ટન ચેમ્પિયન શ્રી પારૂલ પરમાર, કેવી રીતે જઈશ અને 'બે યાર' ફિલ્મ મેકર શ્રી અભિષેક જૈન, સાયન્સ બોર્ડ ટોપર શ્રી દેવાંશી શાહ સાથેનો વિદ્યાર્થીઓનો વાર્તાલાપ પણ વિદ્યાર્થીઓના જીવન માટે માર્ગદર્શક બન્યો.

- **તા. ૧૨-૪-૨૦૧૫ એટલે સફળ વર્કશોપનો સમાપન દિવસ... વર્કશોપના નિષ્કર્ષ તરફ એક નજર કરીએ....**

★ વર્કશોપના સપ્તાહ દરમ્યાન છાત્રોના કરિયર ગાઈડન્સ અને પર્સનાલિટી ડેવલપમેન્ટ સંબંધી જે કોઈ પ્રવૃત્તિઓ, વ્યાખ્યાન, અન્ય સંસ્થાઓની મુલાકાત વગેરે કાર્યક્રમો દ્વારા છાત્રોએ શું પ્રાપ્ત કર્યું?

★ છાત્રોની શૈક્ષણિક કારકિર્દીના ક્ષેત્રે આ વર્કશોપ ક્યાં, કેવી રીતે, કેટલી માત્રામાં ફાયદાકારક થઈ?

★ આ મુદ્દાઓના છાત્રોએ પોતાના વિવિધ પ્રકારના અનુભવ જણાવ્યા હતા. દરેક છાત્રોએ પોતાના પ્રતિભાવમાં કહ્યું હતું કે આ

*લગભગ તમામ ચીજવસ્તુ ઘટેલી કિંમતે ખરીદી શકાય છે પણ સંતોષ ઘટેલી કિંમતે મળતો નથી.*

વર્કશોપ દરેક માટે સફળ નહીં પરંતુ જોરદાર રીતે ખૂબ સફળ રહી. વિવિધ વિષયો બાબતે ખૂબ અનુભવ્યું, ઘણું જાણવા મળ્યું, કારકિર્દી અને પર્સનાલિટી ડેવલપમેન્ટના ક્ષેત્રે છાત્રોને અમૂલ્ય ખજાનો મળ્યો છે.... આ પ્રકારના આયોજન માટે દરેકે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો તેમજ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિના દરેક સભ્યોનો ખાસ આભાર માન્યો હતો.

★ વર્કશોપના વિષયાનુસાર વીડિયો ક્લીપના કેટલાક અંશ પડદા પર બતાવવામાં આવ્યા હતા.

★ ભાગ લેનાર કેટલાક છાત્રો દ્વારા સ્ટેજ પર ખૂબ જ સુંદર રીતે મનોરંજન કાર્યક્રમ પણ રજૂ થયેલ.

★ વાલીઓની ઉમળકાભેર પ્રતિપુષ્ટિ (feedback)

★ કેટલાક પ્રતિભાશાળી છાત્રોએ પોતાના અભ્યાસ, રમતગમત અને અન્ય પ્રવૃત્તિઓ વગેરે ક્ષેત્રે વિશિષ્ટ દેખાવ બદલ હાંસલ કરેલા મેડલ, સર્ટિફિકેટનું એક અનોખું પ્રદર્શન પણ કાર્યક્રમના સ્થળે જોવા મળેલ.

★ ભવિષ્યમાં યોજાનાર વર્કશોપ માટે વાલીઓની સહર્ષ સંમતિ.

★ વર્કશોપના સુંદર સંચાલન માટે પ્રો. જયરાજ પંડ્યાનો ખાસ આભાર માનવામાં આવેલ.

★ વર્કશોપની મુક્તકંઠે પ્રશંસા થઈ.

ઉપરોક્ત વર્કશોપના સમાપન કાર્યક્રમમાં સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ, માનદ્ મંત્રી શ્રી કે.આર. શાહ સહિત અન્ય ટ્રસ્ટીઓ, કારોબારી સમિતિના સભ્યો તેમજ છાત્રોના વાલીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી પ્રતાપભાઈ દંડે આ પ્રકારના વર્કશોપનું આયોજન કરવાની ભૂમિકા સમજાવીને છાત્રોને તેનો સર્વાંગી રીતે લાભ લેવાનું તેમજ કેળવણીની ઉચ્ચ ડિગ્રીઓ પ્રાપ્ત કરવા તરફ ભાર મૂક્યો હતો. તેમણે વધુમાં કહ્યું કે પોતાની અનોખી પ્રતિભા દ્વારા જીવન કારકિર્દી બનાવીને પોતાના પરિવાર તેમજ સમાજને હંમેશાં ઉપયોગી થવાનો ધ્યેય રાખશો. શ્રી કે.આર. શાહે જણાવ્યું હતું કે, વિવિધ પ્રકારના હેતુલક્ષી વર્કશોપ, સેમિનાર અથવા કાર્યક્રમો થશે તો સમાજ સંપૂર્ણ રીતે આર્થિક મદદ કરશે.

વાતનો સારાંશ એટલો કે પહેલીવાર વર્ષ ૨૦૧૪માં શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા શરૂ થયેલ આ ૩ દિવસનો પ્રયોગ આ વર્ષે ૭ દિવસમાં ખરેખર મેઘધનુષના રંગની જેમ ખીલ્યો હતો તેમાં બેમત નથી. આને માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ અને તેના કર્મચારીઓ અને સંસ્થાની થિંક ટેંક – હીરેનભાઈ, પ્રદીપભાઈ, દેવેનભાઈ, રશ્મિબેન, હાસ્યલતાબેનના પ્રયત્નો તથા પ્રો. જયરાજ પંડ્યાનું આયોજન સાચે જ અસરકારક રહ્યું એમ કહી શકાય.

*(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં.-૮૯)* *કન્વીનર : શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ*

## ગાંધીજીને સવાલ.... ખૂબસૂરત સ્ત્રી કોણ?

**એકવાર સરોજિની નાયડુ ગાંધીજી પાસે બેઠા હતા ત્યારે તેમણે ગાંધીજીને પૂછ્યું : 'બાપુ, તમે જિંદગીમાં જોયેલી તમામ સ્ત્રીઓમાં સૌથી ખૂબસૂરત સ્ત્રી કોણ?' બાપુએ ક્ષણના પણ વિલંબ વગર જવાબ આપ્યો : 'કસ્તૂરબા.'**

**સરોજિની થોડા નિરાશ થયા. એમના મનમાં હતું કે બાપુ મારું નામ આપશે.**

**બે દિવસ પછી સરોજિની કસ્તૂરબા પાસે કંઈ કામ લઈને બેઠા હતા ત્યારે તેમણે બાને વાત કરી કે બાપુને મેં પૂછ્યું હતું કે તેમણે જોયેલી સ્ત્રીઓમાં સૌથી ખૂબસૂરત સ્ત્રી કોણ? તો બાપુએ તો તમારું નામ આપ્યું.**

**કસ્તૂરબા ધીમેથી બોલ્યા : 'બાપુ કદી ખોટું ન બોલે.'**

*વિનોદ ભટ્ટના કોઈ લેખમાંથી*


## તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વૉકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. બેક રેસ્ટ | રૂા. ૨/- |

નોંધ : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

***કે. આર. શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## માર્ચ / એપ્રિલ - ૨૦૧૫

- **તા. ૨૪-૩-૨૦૧૫**

★ સવારના ૧૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી હિતેશભાઈ છાડવા તથા શ્રી અનિલભાઈ સથવારાએ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતે રીનોવેટ થયેલ રૂમ નં.-૩૨૦ તથા ૩૨૧નું નિરીક્ષણ કરી, અન્ય શક્ય સુધારા વધારા અંગે ચર્ચા વિચારણા કરી નોંધ તૈયાર કરી હતી. હવે પછી જે રૂમોનું રીનોવેશન હાથ ધરાય ત્યારે આ સુધારા વધારા અમલમાં લાવવા તેવું નક્કી કરવામાં આવ્યું હતું. ડાયાલિસિસ પોઝિટિવ 'બી' વોર્ડ માટેના રીનોવેશનનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

- **તા. ૨૨-૩-૧૫ તથા તા. ૨૯-૩-૧૫**

★ શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિની બેઠક મળેલ હતી. જેમાં કન્વીનર શ્રી હીરેન શાહ, શ્રી પ્રદીપ મહેતા, શ્રીમતી હાસ્યલતાબેન મહેતા, શ્રી દેવેન છેડા અને શ્રી જયરાજભાઈ પંડ્યા હાજર રહ્યા હતા. તા. ૬-૪-૨૦૧૫થી તા. ૧૨-૪-૨૦૧૫ના ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાના વર્કશોપ વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તે સિવાય સ્પીકર તથા ફિલ્ડની સાઈટ વિઝિટ અંગે ચર્ચા વિચારણા કરી ફાઈનલ પ્રોગ્રામ નક્કી કરવામાં આવેલ અને તે પ્રમાણેના સાહિત્ય છપાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

- **તા. ૧-૪-૨૦૧૫**

★ શ્રી કચ્છી જૈન ભવન ખાતે સર્વશ્રી પ્રતાપ નારાણજી દંડ, કે. આર. શાહ, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા તથા શ્રી અશોકભાઈ મહેતાએ મુંબઈ અતિથિ ગૃહની હાલની પરિસ્થિતિ અંગે તથા આગળની કાર્યવાહી કરવા મુંબઈનો પ્રોગ્રામ નક્કી કરવા માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તે મુજબ તા. ૬-૪-૨૦૧૫ના રોજ મુંબઈ જવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

- **તા. ૨-૪-૨૦૧૫**

★ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે સર્વશ્રી પ્રતાપ નારાણજી દંડ, દિનેશ રતિલાલ મહેતા તથા દીપ દંડે ડાયાલિસિસના 'બી પોઝિટિવ' રૂમના ઉદ્‌ઘાટન અંગે ચર્ચા વિચારણા કરી જરૂરી ગોઠવણ નક્કી કરેલ હતી.

- **તા. ૩-૪-૨૦૧૫**

★ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સર્વશ્રી પ્રતાપ નારાણજી દંડ, કે. આર. શાહ તથા ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ શાહીબાગ ખાતેના બી પોઝિટિવ વોર્ડના ઉદ્‌ઘાટન અંગે ચર્ચા વિચારણા કરી કાર્યક્રમને ફાઈનલ રૂપ આપેલ હતું.

- **તા. ૪-૪-૨૦૧૫**

★ સવારના ૯.૩૦ કલાકે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે બી પોઝિટિવ ડાયાલિસિસ વોર્ડનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમાજનાં ટ્રસ્ટમંડળ, કારોબારી સભ્યો, કાર્યકર્તાઓ, પરિવારજનો તથા સમાજના અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રતાપ નારાણજી દંડનાં આવકાર પ્રવચનથી થયેલ હતી. ત્યારબાદ શ્રી અશોકભાઈ રામજી સાવલા તથા શ્રીમતી પ્રેમીલાબેન અશોકભાઈ સાવલાના વરદ્ હસ્તે ડાયાલિસિસના બી પોઝિટિવ રૂમનું ઉદ્‌ઘાટન તથા ડાયાલિસિસ મશીનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. સંસ્થાના માનદ્ મંત્રી શ્રી કે. આર. શાહે આભારવિધિ કરી હતી. અલ્પાહાર બાદ સૌ છૂટા પડ્યા હતા.

- **તા. ૪-૪-૨૦૧૫**

★ સવારના ૧૦.૩૦ વાગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળના સભ્યોએ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે રીનોવેટ થયેલા રૂમ નં.-૩૨૦ તથા ૩૨૧ની મુલાકાત લીધેલ હતી અને રીનોવેશનના કામ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ શ્રી કચ્છી વિશ્રામ ગૃહના એ.સી. ડાઈનિંગ હોલમાં ટ્રસ્ટ મંડળની બેઠક મળેલ હતી.

- **તા. ૬-૪-૨૦૧૫**

★ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સંસ્થાનાં પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ, માનદ્ મંત્રી શ્રી કે.આર. શાહ તથા પૂર્વપ્રમુખ ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા મળ્યા હતા. તા. ૭-૪-૨૦૧૫થી તા. ૧૦-૪-૨૦૧૫ સુધી મુંબઈના ૪ દિવસનાં પ્રોગ્રામને આખરી ઑપ આપેલ. તે મુજબ મુંબઈ સ્થિત મહાનુભાવો સાથે ફોન સંપર્ક કરી યોગ્ય સમય નક્કી કરવામાં આવેલ.

- **તા. ૭-૪-૨૦૧૫**

★ મુંબઈમાં શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે. આર. શાહ, ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, શ્રીમતી મંજુલાબેન મણિલાલ વોરા, શ્રી વલ્લભજી ભાણજી ગડા, શ્રી ચંપકભાઈ હરિયા, નવનીત પબ્લિકેશન્સના શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી ડુંગરશીભાઈ ગાલા તથા શ્રી સુનિલભાઈ ગાલાની મુલાકાત લીધેલ હતી તથા ડાયાલિસિસ સેન્ટર અંગે ચર્ચા વિચારણા કરી ડાયાલિસિસના ખર્ચમાં અપાતી રાહત અંગેની તિથિ યોજના અંગે માહિતગાર કર્યા હતા.

બપોર બાદ શ્રી બુધ્ધિચંદભાઈ મારૂ (શેમારુવાળા) તથા શ્રી રસિકભાઈ નાનજી શાહની મુલાકાત લેવામાં આવી હતી.

- **તા. ૮-૪-૨૦૧૫**

★ સવારનાં ૧૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા તથા મુંબઈ અતિથિ ગૃહના બિલ્ડના પ્રતિનિધિ શ્રી પારસભાઈ બાબરિયાએ દહીંસરમાં નવનીત હાઈટેક હોસ્પિટલ તથા શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન માનવ કલ્યાણ કેન્દ્ર સંચાલિત 'પ્રિન્સ હેલ્થ સેન્ટર'ની મુલાકાત લીધેલ હતી. શ્રી નેમજીભાઈ ગંગરની ગેરહાજરીમાં શ્રી મયૂરભાઈ ગાલા તથા શ્રીમતી ફાલ્ગુનીબહેને સંપૂર્ણ હોસ્પિટલ તથા તેના વિભાગોની માહિતી આપીને

વિચાર વિનિમય કર્યો હતો.

★ બપોરના ૧૨.૦૦ વાગે બોરીવલીમાં મુંબઈ અતિથિગૃહ સ્થાપવા માટેની એક જગ્યા જોવા માટે ગયા હતા. તે સંબંધમાં શ્રી પ્રતાપ નારાણજી દંડ, ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, શ્રી પારસભાઈ બાબરિયા, આર્કિટેક્ટ શ્રી હાટે સાહેબ તથા બિલ્ડર્સનાં ભાગીદારો તથા દલાલ સાથેની એક સંયુક્ત મીટિંગમાં જરૂરી ચર્ચા વિચારણા કરી હતી. આ તબક્કે ઘણી બાબતોનાં ખુલાસાઓ બાકી હોવાથી થોડા સમય બાદ ફરી મળવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

★ સાંજે ૪.૦૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી પારસભાઈ બાબરિયાએ મુંબઈ અતિથિ ગૃહની કાર્યવાહી અંગે ચર્ચા વિચારણા કરી હતી. શ્રી પારસભાઈનું કહેવું હતું કે તેઓ હવે SRA સાથે સમજાવટથી CC મેળવવા પ્રયત્નો કરે છે. તેથી આપણે હજુ થોડા વધારે દિવસો રાહ જોવી જોઈએ. ત્યારબાદ આગળનો કાર્યક્રમ વિચારશું.

● **તા. ૯-૪-૨૦૧૫**

★ સવારના ૧૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાએ પવઈ ખાતે શ્રી લહેરીન ખોનાની મુલાકાત લીધેલ હતી તથા ડાયાલિસિસ સેન્ટરની તિથિ અંગે ચર્ચા વિચારણા કરેલ હતી. ત્યારબાદ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીની શુભેચ્છા મુલાકાત લઈ વિચારોની આપ-લે કરી હતી.

સવારના ૧૨ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ તથા ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાએ શ્રી સુંદરજીભાઈ ગડા, શ્રી વલ્લભજી ભાણજી ગડા તથા શ્રી પ્રતાપ ચાંપશી લોડાયાની મુલુંડમાં તેઓની ઓફિસમાં મુલાકાત લીધેલ હતી તથા ડાયાલિસિસ સેન્ટરની તિથિ યોજના અંગે વાતચીત કરેલ હતી.

સાંજે શ્રી ચીમનભાઈ મોતાની મુલાકાત લેવામાં આવી હતી. ત્યારબાદ શ્રી ચેતનભાઈ મોતાની ઓફિસે ગયા હતા પણ તેઓને મળી શક્યા ન હતા. ત્યારબાદ શ્રી જયેશભાઈ જૈનની મુલાકાત લીધેલ હતી અને તેઓ સાથે ડાયાલિસિસની તિથિ યોજના અંગે વાતચીત કરેલ હતી. સમગ્ર દિવસ દરમ્યાન સૌ મહાનુભાવો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો.

● **તા. ૧૦-૪-૨૦૧૫**

★ સવારના ૯.૩૦ કલાકે શ્રી કિરીટભાઈ લાપસિયાની મુલાકાત લીધેલ હતી. ત્યારબાદ ચેમ્બુરમાં જ શ્રી કેશવજીભાઈ છાડવા સાથે મુલાકાત કરી હતી.

બપોરના ૧૨ વાગે શ્રી નરેન્દ્રભાઈ પ્રીતમલાલ શાહની પરેલ સ્થિત ઓફિસમાં મુલાકાત લેવામાં આવી હતી. ત્યાંથી ૧ વાગે શ્રી પીયૂષભાઈ વિશનજી સાવલા તથા શ્રી જાદવજીભાઈ શાહ (એન્કરવાલા)ની મુલાકાત લીધેલ હતી. બધા જ મહાનુભાવોએ ખૂબ જ સારો પ્રતિસાદ આપેલ હતો. ત્યાંથી વરલી ખાતે મુરબ્બી શ્રી રાયચંદભાઈ ધરમશીની ઓફિસે તેઓનાં સુપુત્રોને મળવા ગયા હતા. શ્રી રાયચંદભાઈના દુઃખદ અવસાન બદલ સંસ્થા તરફથી દિલસોજી વ્યક્ત કરવામાં આવી હતી.

● **તા. ૧૧-૪-૨૦૧૫**

★ સવારના ૧૧ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી દિનેશ રતિલાલ મહેતા તથા શ્રી દીપ દંડે ડાયાલિસિસ સેન્ટરના બી પોઝિટિવ વોર્ડની મુલાકાત લીધેલ હતી અને રૂમમાં ડાયાલિસિસની સારવાર શરૂ કરવા સંબંધી ચર્ચા વિચારણા કરેલ. ડાયાલિસિસ સેન્ટરમાં બી પોઝિટિવ માટે બનાવેલા પાર્ટીશન કાઢીને ભવનના કાઉન્ટર ઉપર લગાડવા માટે ચર્ચા વિચારણા કરવામાં આવેલ. બી પોઝિટિવ રૂમમાં સુધારા વધારા કરવા તેમજ કાઉન્ટર પર પાર્ટીશન લગાડવા અંગે સંબંધિત વ્યક્તિઓને જરૂરી સુચનાઓ આપવામાં આવેલ.

● **તા. ૧૫-૪-૨૦૧૫**

★ સાંજના શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રીનોવેશન સમિતિની મીટિંગ મળેલ હતી. જેમાં સર્વશ્રી પ્રતાપ નારાણજી દંડ, આશિષ મહેતા, પીયૂષ પારેખ, હિતેશભાઈ છાડવા તથા અનિલ સથવારા હાજર રહ્યા હતા. અત્યાર સુધી રીનોવેશનના થયેલ કામ તથા તેના ખર્ચ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તે ઉપરાંતના રીનોવેશન કામકાજ અંગે ટ્રસ્ટ મંડળમાં રજૂઆત કરીને ફરીથી જરૂરી મંજૂરી મેળવવાનું નક્કી થયું હતું. બાકીના રીનોવેશન કામકાજ અંગે ચર્ચા વિચારણા થઈ હતી.

● **તા. ૧૧-૪-૨૦૧૫**

★ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી કે.આર. શાહ ફેસનિયસ કંપનીના શ્રી રોનક ગૂર્જર તથા એન્જિનિયર શ્રી અરૂપ ચૌધરી સાથે એક ડાયાલિસિસ મશીન ખરીદી કરવા માટે મીટિંગ કરી હતી અને તેઓને ડાયાલિસિસના એક મશીનનનો ઓર્ડર આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ■


## કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

**નીચે જણાવેલ સ્થળે મ્યુઝિયમ નિહાળવા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ છે. આ મ્યુઝિયમની મુલાકાતથી અમદાવાદમાં રહીને કચ્છ - દર્શનની એક ઝલક જોઈ શકશો. દેશ-વિદેશથી આવતા આપના કોઈપણ મહેમાનો સાથે આપ આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેશો.**

***મ્યુઝિયમ જોવા માટે કોઈ એન્ટ્રી ફી નથી.***

***સ્થળ :*** શ્રી કચ્છી વિશ્રામગૃહ, અરિહંતનગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ.

***ફોન સંપર્ક :*** (૦૭૯) ૨૨૮૮૪૫૪૭ ● ***સમય :*** સવારે ૧૦થી ૨ અને સાંજે ૫ થી ૭.


*દુન્યવી કાર્યો કરવાની સાથે ભક્તિને જીવનમાં વણો.*

## ઊડતી નજરે....

**માસ માર્ચ-૨૦૧૫ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ...........** | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | ૧૨,૫૯૧ |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ.......... ૪૫૮ | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .......... ૯૭ | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) .......... ૨૨ | |
| | ● | સોનોગ્રાફી .......... ૧૧૯૭ | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) .......... ૩૧ | |
| | ● | બોડી ચેક-અપ .......... ૫૧૫ | |
| | ● | અન્ય ..........૧૦,૨૭૧ | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... ૮૨૭ | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ......... ૩,૫૯૮ | ૪,૪૨૫ |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... ૨,૩૪૦ | |
| | ● | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... ૫,૯૧૬ | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... ૩૯૦ | |
| | ● | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ .......... ૧,૩૨૪ | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ.. ૪૧૯ | ૧૦,૩૮૯ |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... ૪૮૮ | ૪૮૮ |
| | | માસ માર્ચ - ૨૦૧૫ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .......... | ૨૭,૮૯૩ |

## મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**

*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# વાર્ષિક ઊડતી નજરે.... (વર્ષ ૨૦૧૪-૨૦૧૫)

## એપ્રિલ-૨૦૧૪ થી માર્ચ-૨૦૧૫ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| | એપ્રિલ ૨૦૧૪ | મે ૨૦૧૪ | જૂન ૨૦૧૪ | જુલાઈ ૨૦૧૪ | ઓગસ્ટ ૨૦૧૪ | સપ્ટે. ૨૦૧૪ | ઓક્ટો. ૨૦૧૪ | નવેમ્બર ૨૦૧૪ | ડિસેમ્બર ૨૦૧૪ | જાન્યુ. ૨૦૧૫ | ફેબ્રુ. ૨૦૧૫ | માર્ચ ૨૦૧૫ | વર્ષ દરમિયાન કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ. (અ) શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર | | | | | | | | | | | | | |
| ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ | ૫૧૦ | ૫૩૪ | ૫૯૪ | ૫૩૩ | ૩૨૯ | ૪૩૮ | ૪૧૦ | ૪૯૩ | ૪૬૦ | ૪૭૩ | ૪૮૧ | ૪૫૮ | ૫૭૧૩ |
| ● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો | ૬૭ | ૭૮ | ૬૯ | ૬૯ | ૩૩ | ૪૮ | ૫૨ | ૭૪ | ૭૭ | ૪૯ | ૭૪ | ૯૭ | ૭૮૭ |
| ● મોતિયા - આંખના ઓપરેશન (સાપ્તાહિક બે દિવસ) | ૩૦ | ૧૩ | ૧૩ | ૦૬ | ૧૭ | ૧૧ | ૦૯ | ૨૮ | ૩૦ | ૦૮ | ૨૪ | ૨૨ | ૨૧૧ |
| ● સોનોગ્રાફી | ૯૯૬ | ૧૧૦૪ | ૧૧૪૧ | ૧૧૫૭ | ૯૮૨ | ૧૧૧૦ | ૮૦૧ | ૧૧૧૬ | ૧૦૨૪ | ૯૦૫ | ૧૦૧૦ | ૧૧૯૭ | ૧૨૫૪૩ |
| ● ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટરની ભલામણથી) | ૪૨ | ૩૫ | ૪૧ | ૩૨ | ૨૬ | ૩૫ | ૨૭ | ૨૨ | ૩૩ | ૨૧ | ૧૭ | ૩૧ | ૩૬૨ |
| ● બોડી ચેક-અપ | ૪૧૮ | ૪૦૪ | ૪૪૫ | ૪૭૩ | ૩૩૯ | ૩૮૧ | ૩૦૫ | ૪૪૧ | ૩૮૮ | ૩૨૭ | ૪૨૦ | ૫૧૫ | ૪૮૫૬ |
| ● અન્ય | ૧૦૧૩૭ | ૧૦૦૦૮ | ૧૦૦૭૧ | ૧૦૪૪૪ | ૯૪૧૧ | ૧૦૬૨૯ | ૮૬૦૭ | ૧૦૦૬૫ | ૯૨૫૦ | ૮૫૫૬ | ૧૦૦૯૩ | ૧૦૨૭૧ | ૧૧૭૫૪૨ |
| મેડિકલ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ | ૧૨૨૦૦ | ૧૨૧૭૬ | ૧૨૩૭૪ | ૧૨૭૧૪ | ૧૧૧૩૭ | ૧૨૬૫૨ | ૧૦૨૧૧ | ૧૨૨૩૯ | ૧૧૨૬૨ | ૧૦૩૩૯ | ૧૨૧૧૯ | ૧૨૫૯૧ | ૧૪૨૦૧૪ |
| (બ) માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી. | | | | | | | | | | | | | |
| ● સેવા ભવનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ | ૮૫૨ | ૯૫૩ | ૮૭૪ | ૯૫૧ | ૭૦૫ | ૯૪૧ | ૯૩૩ | ૧૦૪૦ | ૯૪૮ | ૮૦૫ | ૬૪૪ | ૮૨૭ | **૧૦૪૭૩** |
| ● ભવનની કેન્ટીનમા લાભ લેનાર કુલ વ્યક્તિઓ | ૩૬૭૪ | ૩૨૪૯ | ૨૯૮૧ | ૩૭૬૪ | ૩૫૬૦ | ૩૬૪૦ | ૩૭૨૦ | ૩૭૨૨ | ૩૪૯૧ | ૩૫૦૨ | ૩૬૩૮ | ૩૫૯૮ | **૪૨૫૩૯** |
| ૨. જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ | | | | | | | | | | | | | |
| ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ | ૧૮૫૯ | ૨૩૩૨ | ૨૫૬૦ | ૨૧૯૩ | ૨૪૦૯ | ૨૫૫૮ | ૨૦૨૫ | ૨૬૬૧ | ૨૧૪૦ | ૨૯૬૨ | ૧૫૮૪ | ૨૩૪૦ | **૨૭૬૨૩** |
| ● કેન્ટીનમાં લાભ લેનાર વ્યક્તિઓ | ૫૬૪૯ | ૭૬૦૯ | ૫૬૪૦ | ૫૧૬૦ | ૫૪૧૬ | ૫૭૪૦ | ૫૪૬૫ | ૫૩૯૩ | ૫૬૫૫ | ૫૨૪૦ | ૫૮૧૯ | ૫૯૧૬ | **૬૮૭૦૨** |
| ● જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ | ૪૫૬ | ૪૭૦ | ૪૫૨ | ૪૬૭ | ૩૯૩ | ૮૪૬ | ૧૬૪૪ | ૧૫૩૭ | ૪૭૨ | ૩૬૦ | ૪૦૫ | ૩૯૦ | **૭૮૯૨** |
| ● કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ | ૧૯૩૧ | ૨૦૮૯ | ૧૮૯૩ | ૭૦૦ | ૭૫૪ | ૯૫૮ | ૧૬૫૨ | ૧૬૯૭ | ૧૩૩૩ | ૧૭૫૬ | ૧૩૧૧ | ૧૩૨૪ | **૧૭૩૯૮** |
| ● શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ | ૦૫ | ૫૭ | ૧૧૬ | ૧૬૮ | ૧૯૬ | ૨૦૫ | ૨૫૮ | ૩૨૩ | ૪૧૫ | ૪૧૬ | ૩૮૭ | ૪૧૯ | **૨૯૬૫** |
| ૪. માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર. કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૪૮૧ | ૫૪૦ | ૫૩૪ | ૫૩૭ | ૩૬૦ | ૬૦૭ | ૫૩૪ | ૫૪૧ | ૫૫૧ | ૬૦૧ | ૫૧૮ | ૪૮૮ | **૬૨૯૨** |
| **વર્ષ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિઓ** | **૨૭૧૦૭** | **૨૯૪૭૫** | **૨૭૪૨૪** | **૨૬૬૫૪** | **૨૪૯૩૦** | **૨૮૧૪૭** | **૨૬૪૪૨** | **૨૯૧૫૩** | **૨૬૨૬૭** | **૨૫૯૮૧** | **૨૬૪૨૫** | **૨૭૮૯૩** | **૩૨૫૮૯૮** |

*નોંધ :* અત્રે નોંધનીય છે કે શાહીબાગ ખાતેના ડાયાલિસિસ સેન્ટરનું ઉદ્‌ઘાટન ૨૦ એપ્રિલ, ૨૦૧૪ના રોજ થયેથી કાર્યરત થયેલ.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## શ્રી બિપીનચંદ્ર કાનજી રવજી (નાની ખાખરવાલા) કેળવણી સહાય ફંડ

### શૈક્ષણિક લોન અરજી

ક્રમ
(કાર્યાલયના ઉપયોગ માટે)

પ્રતિ,
શૈક્ષણિક સહાય સમિતિ,
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.

ભાઈ શ્રી,

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે હું સમાજનો સભ્ય છું અને મારા પાલ્ય ચિ. ______________ ______________ ના ચાલુ અભ્યાસ માટે આ વર્ષે રૂા. ______________ અંકે રૂા. ______________ ની શૈક્ષણિક લોનની જરૂર છે જે મંજૂર કરવા વિનંતી છે.

વિગતવાર માહિતી નીચે મુજબ છે :

અરજી કરનાર વાલીનું પૂરું નામ : ______________
(નામ) (પિતા/પતિ) (દાદા/સસરા) (અટક)

પત્ર વહેવારનું પૂરું સરનામું : ______________

______________ **PIN :** ______________ ફોન : ______________

કચ્છમાં ગામ ______________ તાલુકો ______________ વ્યવસાય ______________

કુટુંબના બધા સભ્યોની મળીને કુલ આવક રૂા. ______________ અંકે રૂપિયા ______________

પાલ્યનું પૂરું નામ ______________
(નામ) (પિતા) (દાદા) (અટક)

અભ્યાસનું ધોરણ ______________ જ્યાં અભ્યાસ કરતા હોય તે શાળા / કોલેજનું નામ ______________

અને પૂરું સરનામું ______________

______________

અન્ય સ્થળેથી મળતી શૈક્ષણિક સહાય - લોન ઈત્યાદિ રકમ રૂા. ______________ અંકે રૂપિયા ______________

**બાળક/વિધાર્થીના એકલાના અથવા વાલી સાથેના સંયુક્ત બેંક ખાતાની વિગત :**

બેંકનું નામ : ______________ બ્રાંચ : ______________

ખાતા નં. ______________

**(P.T.O.)**

• CUT FROM HERE •

*સફળતાનો સ્વાદ માણવો હોય તો મહેનત કરવી પડે.*

**આ અરજી સાથે નીચેની બાબત જોડવી :**

૧. ઉત્તીર્ણ કરેલ છેલ્લી પરીક્ષાની માર્કશીટની અધિકૃત નકલ.
૨. શાળા - કોલેજમાં ફી ભર્યાની રસીદની અધિકૃત નકલ.
૩. જે બાબત માટે શૈક્ષણિક લોનની માંગણી કરી છે તેના ખર્ચ આધાર કે પુરાવાની અધિકૃત નકલો વગેરે.

**સ્થળ** : ____________________ **વાલીની સહી** : ______________________________

**તારીખ** : ____________________ **વાલીનું નામ** : ______________________________

**નોંધ** : **૧. અધૂરી વિગતોવાળી કે ખર્ચના આધાર કે પુરાવા બીડેલ ન હોય તેવી અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.**

૨. જે જે હેતુ માટે શૈક્ષણિક લોનની જરૂર છે તેના વાર્ષિક ખર્ચ, જોઈતી સહાયની રકમ આ ફોર્મની પાછળ આપેલ જગ્યામાં વિગતવાર દર્શાવવી. વિગતો વધુ હોય તો વધારાના પાના સાથે જોડવા.

૩. સંસ્થા વખતોવખતની જોગવાઈ અને ઉપલબ્ધ ફંડ અનુસાર વિદ્યાર્થીને શૈક્ષણિક લોન મંજૂર કરશે.

૪. લોનની રકમ ચેકથી વિદ્યાર્થીના નામે આપવામાં આવશે. જેથી તેમના નામનો બેંક એકાઉન્ટ વાલી ખોલાવે તે જરૂરી છે.

૫. આ અરજી બીડાણ સાથે તા. ૩૦-૬-૨૦૧૫ સુધીમાં નીચેના સરનામે મોકલવી : **શૈક્ષણિક સહાય સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, નેતાજી માર્ગ, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.**
સમય મર્યાદા બાદ મળેલ અરજી પર વિચારણા થશે નહીં.

**૬. આથી હું ખાતરી આપું છું કે મારો પાલ્ય કમાતો થાય તેના એક વરસ પછી આ રકમ સમાજને હપ્તાથી પરત કરશે.**

## • વાલીઓએ નીચેની દરેક બાબત વિગતવાર ભરવી •

| ક્રમ | લોનની બાબત | વાર્ષિક ખર્ચ રૂા. | જોઈતી લોન રૂા. |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

*ધર્મને આચરણ સાથે જોડશો તો જ એ સાર્થક થશે.*



## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિના ઉપક્રમે કરિયર ગાઈડન્સ અને પર્સનાલિટી ડેવલપમેન્ટ : એક જોરદાર વર્કશોપ યોજાઈ

(તા. ૬-૪-૨૦૧૫થી તા. ૧૨-૪-૨૦૧૫)



## અમદાવાદની જિન કુશલ સેલ્સ કોર્પોરેશનને “અચીવમેન્ટ એવૉર્ડ એનાયત”




એચિવમેન્ટ એવોર્ડ આપતાં શ્રી નિર્મલ બંસલ અને એવોર્ડ મેળવનાર જિન કુશલના માલિક શ્રી હેમાંગ રજનીકાંત પારેખ અને શ્રીમતી ઝરણા હેમાંગ પારેખ.

### શ્રી હેમાંગ રજનીકાંત પારેખને અભિનંદન

ગુડગાંવ સ્થિત ‘સ્કોચ’ (Skoch) ઉદ્યોગ-ધંધાના વિકાસ માટે જરૂરી માર્ગદર્શન આપનાર એક ફર્મ છે. તેના દ્વારા પ્રાયોજિત ઔદ્યોગિક ક્ષેત્રના વિવિધ એવૉર્ડની શ્રેણીમાં **અમદાવાદની જિન કુશલ સેલ્સ કોર્પોરેશન**ને વિશ્વનાં સંખ્યાબંધ દેશોમાં પોતાની ઈન્ડસ્ટ્રી દ્વારા ઉત્પાદિત પ્રોડક્ટ્સના નોંધપાત્ર જથ્થાની નિકાસ કરવા બદલ ‘અચીવમેન્ટ’ કક્ષાનો એક એવૉર્ડ તાજેતરમાં જાહેર થયેલ હતો. સંસ્થા દ્વારા દિલ્હી ખાતે આયોજિત એવૉર્ડ વિતરણ સમારંભમાં દેશના નામાંકિત ઉદ્યોગપતિઓ, રાજકીય હસ્તીઓ અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઉપરોક્ત કોર્પોરેશનના માલિક **શ્રી હેમાંગ રજનીકાંત પારેખ**ને આ વિશિષ્ટ એવૉર્ડ શ્રી બંસલના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. જિન કુશલ સેલ્સ કોર્પોરેશનની મુખ્ય પ્રોડક્ટ્સમાં હાઈડ્રોલિક સિલિન્ડર ઉપરાંત રેડિયેશનના પાર્ટસ, સોલ્વોનેટ કોઈલ અને અર્થ મૂવિંગના વિવિધ પાર્ટસ સામેલ છે.

વ્યક્તિ પોતે જ પોતાના પ્રયાસથી, સાધનોથી, સાધનાથી અને મનની એકાગ્રતાથી પોતાનો વિકાસ કરી શકે છે, તે વસ્તુ શ્રી હેમાંગભાઈએ સાબિત કરી બતાવેલ છે.

‘સ્કોચ’ ૧૯૯૭થી કાર્યરત છે. જે ઔદ્યોગિક યુનિટો પોતાના દેશમાં વિદેશી હુંડિયામણનું ભંડોળ વધારતા હોય, તેને પ્રોત્સાહન આપવાના એકમાત્ર ઉદ્દેશથી પ્રતિવર્ષ ઔદ્યોગિક ક્ષેત્રના વિવિધ એવૉર્ડ આ ફર્મ દ્વારા જાહેર થતા હોય છે.

ઉલ્લેખનીય છે કે શ્રી હેમાંગભાઈ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કારોબારીના સભ્ય તેમજ સક્રિય કાર્યકર **શ્રી રજનીકાંત ધરમશી પારેખના પુત્ર થાય છે.**

શ્રી હેમાંગભાઈને ખૂબ ખૂબ અભિનંદન તથા ભવિષ્યમાં તેઓ ઉન્નતિના ઊંચા શિખરો સર કરે તેવી શુભેચ્છા.







# GILL & CO. PVT. LTD.

**IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT**

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

**Registered Office :** NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

**: BRANCHES :**

**ADONI / AHMEDABAD / AMRAVATI**
**BHATINDA / NEW DELHI / UJJAIN**


ચાલો પાનવા..... પધારો ૐકારપૂરમ્ તીર્થ ...... ચાલો પાનવા
ભવ્યાતિભવ્ય અંજનશલાકા - પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ
વિરમગામ-શંખેશ્વરના મુખ્ય માર્ગ ઉપર આવેલ
તીર્થ પ્રેરક તથા માર્ગદર્શક મંત્રયુગપરિવર્તક
પ.પૂ. સંતશ્રી ૐઋષિ પ્રિતેશભાઈ
મહોત્સવ પ્રારંભ
વિ. સંવત ૨૦૭૧
વૈશાખ વદ-૬
રવિવાર
તા. ૧૦-૫-૨૦૧૫
પ્રભુ અંજન વિધિ
વિ. સંવત ૨૦૭૧
વૈશાખ વદ-૧૨
શુક્રવાર
તા. ૧૫-૫-૨૦૧૫
પ્રભુ પ્રતિષ્ઠા
વિ.સં. ૨૦૭૧
વૈશાખ વદ-૧૩
શનિવાર
તા. ૧૬-૫-૨૦૧૫
kalash kuber
a week-end villa plotting scheme
Site Address : at Panva Village
Viramgam-Shankheshwar Highway, Shankheshwar
Entrance Gate
Club House
karma INFRASTRUCTURE
Office : 310, Nalanda Enclave, Opp. Sudama Resort, Nr. V.S.Hospital, Pritam Nagar, Ahmedabad-380007
Ph. :+91 79 2657 4467/68 M.:+91 98790 48757, 93770 63000
E-mail : info@karmainfrastructure.com | Web : www.karmainfrastructure.com


BHARAT B. GALA
NAVINCHANDRA D. DEDHIA
SRE
Raju
ENTERPRISE
RE - ROLLING / S. S. PATTA - PATTI
179 & 323, Unit-2, G.V.M.M., Odhav, Ahmedabad - 382 415.
Telefax : 2290 0896, 2290 0300 Mob. : 93270 05460, 98257 33710


Since 1958
Leading. Innovating. Growing.
Winner of Excellence Awards
CEAT 2010 & 2011
CFBP - 2011
Apollo CV - 2012
ISO 9001 : 2008
V-Trans offers unmatched service edge to all its customers
Our Divisions
V-Trans
Reliable Hard Freight Transport
V-Xpress
Timebound Multimodal Express Cargo Service
V-Logis
Warehousing & Inventory Management
• Specialized in swift, safe movement of parcels from a small 10 kg parcel to bulk sundry, Full truck Loads, ODC and Projects at most cost effective rates
• Expertise in multi point door pickup and door delivery
• Next Day Delivery Service on select 25 routes and scheduled dispatches to major locations
• Geographical presence across India at 400 locations in 26 states - further expanding
• Unique V-Trans advantages: Full transit insurance, centralized Customer Service Cell with Toll Free Nos. Specialized Key Accounts Management for multi location servicing, fully computerized operations, all logistic solutions under one roof
Corporate Office : V-Trans (India) Limited
5-A, Navre Apartments, S. V. Marg, Sion (West),Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com
V-Trans Toll Free no. : 1800-220-180
V-Xpress Toll Free no. : 1800-220-240

ROMAN
GROUP

Give Your Society The Best!













Pest Control

Water Purifier

Water Proofing

Building Facilities

Silicon Acrylic Paint

Water Treatment Plant

Rain Water Harvesting

Solar Water Heating Systems

Tank And Ringwell Cleaning

Property Redevelopment And solutions

Landscaping And Play Equipment For Gardens

Roman Group of Companies
Sant Villa, Road No. 2, Juhu Scheme, Vile Parle (W), Mumbai - 400056
Tel: +91 22 6152 2400 / 6692 6166 / 67 / 68
Email Id: info@romangroup.in
www.romangroup.in

"Mangal Mandir" - "Regd. under Postal Registration No. GAMC-315/2015-2017 Valid upto 31st December, 2017 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month."
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

A World Class Exterior & Interior Acrylic Paints




*You Can't Buy Better Even At Higher Price !*

**INDOCEM (INDIA) PVT. LTD.**
**(An ISO 9001: 2000 Certified Company)**

**Ahmedabad** : 27541226, 27544161, 25743401, Fax : 079-27544199, **Bangalore** : 080-26758800, 26758028, **Baroda** : 0265-2412446, 2434041, **Bhopal** : 0755-2556785, **Bhuj** : 02832-223290, 250959, **Goa** : 0832-2752582, **Hubli** : 0836-2251415, **Hyderabad** : 040-24740401, 55598874, **Mangalore** : 0824-2410320, 4252325, **Mumbai** : 022-26858636, 26858639, **Nasik** : 0253-2511247, **Pune** : 020-26110951, **Rajkot** : 0281-2222766, **Surat** : 0261-2543332,